मूलदेवकहा – सिरि सिरिवालकहा

(પ્રસ્તાવના, અનુવાદ તથા ટિપ્પણ સાથે)

પ્રા. કા. મ. પટેલ એમ. એ. (પ્રાકૃત — પાલી)
(સ્વામી મધુસૂદનાનંદ સરસ્વતી પ્રાઈઝમેન–
બનારસ હિંદુ યુનિવર્સિટી)
શ્રી એન્ડ શ્રીમતી પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણ.
પ્રા. વ્ર. મો. શાહ એમ. એ.

મુખ્ય વિક્રેતા
રાવલ બુક સ્ટૉલ,
બજાર રોડ, પાટણ. (ઉ. ગુ.)

: પ્રકાશક તથા સંપાદક :

કા. મં. પટેલ
પાલેજવાળા બિલ્ડીંગ,
શાંતિનાથની પોળ, પાટણ.

પ્ર. મો. શાહ
૮, દીપક નગર,
અમદાવાદ — ૭

પ્રથમ સંસ્કરણ
જુન, ૧૯૭૧

કિંમત રૂા. ૬-૦૦

મુખ્ય વિક્રેતા
રાવલ બુક સ્ટોલ,
બજાર રોડ, પાટણ. (ઉ. ગુ.)

મુદ્રક

મોહનલાલ છગનલાલ પટેલ
પટેલ પ્રિન્ટીંગ પ્રેસ,
પાટણ.

પ્રહલાદ પી. ખમાર
વિનોદ પ્રિન્ટરી,
પાટણ.



નિવેદન

આ વર્ષે ગુજરાત યુનિવર્સિટીના પ્રિ. યુનિ. આર્ટ્સના પ્રાકૃત (અર્ધમાગધી) વિષયના પાઠ્યપુસ્તકો તરીકે मूलदेवकहा અને सिरि सिरिवालकहा નિયત થયાં છે. આ પુસ્તકો સુલભ્ય નહીં હોવાથી તથા આજની પરિસ્થિતિમાં બીજા કોઈ આનું પ્રકાશન કરવા તૈયાર ન હોવાથી અમારે સંપાદન—પ્રકાશન વિદ્યાર્થીઓના હિતમાં કંઈક ઉતાવળમાં કરવું પડ્યું છે. આ પ્રકાશનને વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને બને તેટલું ઉપયોગી બનાવવા અમે બનતો પ્રયત્ન કર્યો છે અને અમને આશા છે કે તેમને આનાથી જરૂર સહાય થશે.

પ્રકાશનની ઉતાવળને કારણે થોડીક ભૂલો રહી જવા પામી છે. ધ્યાનમાં આવેલી કેટલીક ભૂલો પુસ્તકને અંતે શુદ્ધિપત્રકમાં આપવામાં આવી છે તે જોઈ લેવા વાચકોને વિનંતિ.

કા. મ. પટેલ

પ્ર. મો. શાહ

અનુક્રમ

(૧) **मूलदेवकहा** — પ્રસ્તાવના ૧—૩૧

૧. કથાસાર ૧—૫

૨. વ્યાખ્યા સાહિત્ય અને પ્રસ્તુત કથાનો આધાર ૬—૯

૩. મનુષ્ય ભવની દુર્લભતા ઉપરનાં અન્ય દૃષ્ટાન્ત ૧૦—૧૪

૪. 'મૂલદેવકથા' નામની અન્ય કથાઓ ૧૫—૧૭

૫. પાત્રાલેખન ૧૮—૨૧

૬. ભાષા—શૈલી ૨૨—૨૩

૭. તત્કાલીન સમાજ ૨૪—૨૬

૮. '**मूलदेवकहा**' ના કર્તા ૨૭—૩૧

(૨) **सिरि सिरिवालकहा**—પ્રસ્તાવના ૩૨—૭૬

૧. કથાસાર : કાવ્યનો મધ્યવર્તી વિચાર ૩૨—૩૯

૨. નવપદનું માહાત્મ્ય ૪૦—૪૧

૩. કાવ્યનું શીર્ષક ૪૨—૪૩

૪. પાત્રાલેખન ૪૩—૪૯

૫. તત્કાલીન સમાજ ૫૦—૫૨

૬. ભાષા—શૈલી ૫૩—૫૫

૭. શ્રીપાળ ચરિત્ર—સાહિત્ય ૫૬—૬૨

૮. '**सिरि सिरिवालकहा**' નો ઉદ્દેશ ૬૩—૬૫

૯. કથાસાહિત્ય ૬૬—૭૨

૧૦. '**सिरि सिरिवालकहा**' ના કર્તા ૭૩—૭૬

(૩) **मूलदेवकहा** — મૂળ ૧—૨૦

,, અનુવાદ ૨૧—૩૭

,, ટિપ્પણ ૩૮—૫૨

(૪) **सिरि सिरिवालकहा** — મૂળ ૧—૧૬

,, અનુવાદ ૧૭—૩૩

,, ટિપ્પણ ૩૪—૭૨

મૂલદેવકથા

કથાસાર

કલાવિદ, નિપુણ, ચતુર તથા રૂપ, લાવણ્ય અને તારુણ્યથી શોભતો મૂલદેવ નામે એક રાજકુમાર ઉજ્જૈનીમાં રખડુ જીવન ગાળતો હતો. તે અનેક વિદ્યાઓ અને મંત્ર-તંત્રનો જાણકાર હતો. વેશપરિવર્તન કરીને તથા મુખમાં રાખેલી ગોળીના પ્રભાવથી ઠીંગુજી બનીને વિવિધ પ્રકારના કૌતુકથી તેણે લોકોને ખુશ કરી દીધા અને એ રીતે નગરમાં પ્રસિદ્ધિ પામ્યો.

તે નગરીની દેવદત્તા નામે એક રૂપગર્વિતા ગણિકાને ગાંધર્વગીતના પ્રયોગથી પોતાની તરફ આકૃષ્ટ કરી તેનું અભિમાન ઉતારવામાં મૂલદેવ સફળ બન્યો. વિશિષ્ટજનોએ ગણિકાથી દૂર રહેવું જોઈએ એમ માનતો હોવા છતાં ગણિકાએ મોકલેલી ખૂંધી દાસીના આગ્રહને વશ થઈને તે તેને ત્યાં ગયો. રસ્તામાં તેણે વિદ્યાપ્રયોગથી દાસીની ખૂંધ દૂર કરીને પોતાની વિદ્યાનો પ્રભાવ બતાવ્યો. દેવદત્તાને તે વામનજીમાં કોઈ ચમત્કારી પુરુષનાં દર્શન થયાં. તેણે તેનું ઉમળકાથી સ્વાગત કર્યું. તેટલામાં ત્યાં આવી ચડેલા એક સામાન્ય વીણાવાદક પર પ્રશંસાનાં પુષ્પ વેરતી દેવદત્તાને તે વીણામાં રહેલી ખામી બતાવીને પ્રસન્ન કરી દીધી. ત્યારબાદ અંગમર્દન કરીને પોતાની કલાસૂઝનો પરિચય કરાવ્યો અને છેવટે દેવદત્તાની વિનંતિથી તેણે મુખમાંથી ગોળી કાઢી લઈને પોતાનું અસલ રૂપ ધારણ કર્યું. કોઈપણ પુરુષને ન ઇચ્છતી દેવદત્તા, તેની કામદેવ જેવી રૂપકાંતિથી મોહ પામી અને પોતાના સ્નેહનો સ્વીકાર કરવાની મૂલદેવને વિનંતિ કરી.

એકવાર દેવદત્તાએ રાજા સમક્ષ નૃત્ય કર્યું. મૂલદેવે પડહવાદક તરીકે સાથ આપ્યો. રાજાએ ખુશ થઈ તેને વરદાન આપ્યું, જે તેણે થાપણ તરીકે રાખી મૂક્યું. દેવદત્તા હવે માત્ર ગણિકા ન હતી, પણ

મૂલદેવની પ્રેયસી હતી. તેણે પોતાના પ્રિયતમને જુગારના વ્યસનનો ત્યાગ કરવા અનેક રીતે સમજાવ્યો, પણ મૂલદેવ તે છોડી શક્યો નહિ.

મૂલદેવ ગુણસંપન્ન હોવા છતાં નિર્ધન હતો. ગણિકાને ત્યાં તો ધનની પૂજા થાય છે; ગુણની નહિ. પણ દેવદત્તા આમાં અપવાદ હતી. તે ગુણાનુરાગિણી હતી. મૂલદેવ તરફ તેને ગાઢ અનુરાગ હતો. છતાં ધનને કારણે તેને ત્યાં આવતા અચલ નામે એક ધનિક વ્યાપારીનું સ્વાગત કરવું પડતું. સંઘર્ષ થવાના ભયથી મૂલદેવ દેવદત્તાને ત્યાં કામ સિવાય જવાનું ટાળવા લાગ્યો. એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકે નહીં. એક સ્ત્રી બે પુરુષોને ખુશ રાખી શકે નહીં. એથી દેવદત્તાની માતાએ નિર્ધન મૂલદેવને ત્યજી દેવાની સલાહ આપી. બાહ્યાચારથી ગણિકા હોવા છતાં અંતરથી તે મૂલદેવને ચાહતી હતી. સાચી પ્રેમિકાનું હૃદય ધનલોલુપ માતાની આવી સલાહ કેવી રીતે સ્વીકારી શકે? દેવદત્તાની માતાએ તેને અનેક દૃષ્ટાંતોથી મૂલદેવ નકામો છે એમ ઠસાવવા પ્રયત્ન કર્યો. પણ દેવદત્તાએ માતાની વાત ન સ્વીકારી.

પોતાની પસંદગી યોગ્ય વ્યકિત પર ઊતરી છે એમ સિદ્ધ કરવા દેવદત્તાએ અચલ અને મૂલદેવને પોતાને ખાવા શેરડીની ભેટ મોકલવા જણાવ્યું. અચલને ધનનો મદ હતો પણ તે કલાસૂઝ વગરનો અને અરસિક હતો. દેવદત્તા કે તેના કુટુંબ માટે કેટલી શેરડી જોઈએ તેનો વિચાર કર્યા સિવાય તેણે ગાડું ભરીને શેરડી મોકલી આપી; જ્યારે મૂલદેવે શેરડી મોકલવામાં પોતાની રસિકતાનો પરિચય કરાવ્યો. શેરડીનો એક સાંઠો છોલી, તેના ટુકડા કરી, તેમાં ચાતુર્જાતના ચૂર્ણ અને કપૂરનો વાસ પૂર્યો. ખાવાની સગવડ રહે તે રીતે દરેક ટુકડા પર નાની સળી ખોસી અને નવા કટોરામાં ભરી તે કટોરો દેવદત્તાને મોકલી આપ્યો. દેવદત્તાએ માતાને અચલ અને મૂલદેવની રસવૃત્તિ અને કલાદષ્ટિનો ભેદ બતાવ્યો અને મૂલદેવના ગુણોની પ્રશંસા કરી પણ જેણે પ્રેમિકા તરીકે પ્રેમ આપ્યો નથી કે પ્રેમ પામી નથી તે અન્યના પ્રેમને ક્યાંથી

સમજી શકે ? ધનલોલુપ માતા દેવદત્તાના સ્નેહની કદર ન કરી શકી. તેને તો તેમાં મૂલદેવ તરફનો મોહ દેખાયો અને કોઈપણ રીતે તેને ભગાડી મૂકવાનો દઢ નિશ્ચય કર્યો. આ માટે તેણે અચલને હાથમાં લીધો. અચલ માટે તો ભાવતું હતું અને વૈદ્યે કહ્યા જેવી વાત થઈ. મૂલદેવને ભગાડવામાં પોતાનો ઉદ્દેશ સિદ્ધ થવાનો હતો. યોજના પ્રમાણે અચલે બહારગામ જવાની જાહેરાત કરી.

અચલ બહારગામ ગયો છે એમ માની મૂલદેવ દેવદત્તાને ત્યાં ગયો. આ સમચાર મળતાં અચલ આયુધ લઈ પોતાના માણસો સાથે પહોંચી ગયો. અચલને આવતો જોઈને સંઘર્ષ ટાળવા દેવદત્તાએ મૂલદેવને પલંગ નીચે સંતાઈ જવા વિનંતી કરી. પણ અચલ તો બધું જાણતો જ હતો. સીધો હુમલો કરવાથી કદાચ દેવદત્તા નારાજ થાય. એટલે મૂલદેવને પરેશાન કરવા, પોતાનું સ્વપ્ન સાચું પાડવાનું બહાનું બતાવી પલંગ પર બેસીને જ ગરમ પાણીથી સ્નાન કરવાનો આગ્રહ રાખ્યો. પોતાની ઉપર ગરમ પાણી પડવા છતાં મૂલદેવ બહાર ન આવ્યો ત્યારે અચલે તેને ખેંચીને બહાર કાઢયો. મૂલદેવ એક વિચક્ષણ રાજપુત્ર હતો. આખી પરિસ્થિતિનો તેને ખ્યાલ આવી જતાં સમયવર્તી ને તેણે તેને જવા દેવા વિનંતિ કરી. કોઈ મહાપુરુષ હોવાની અચલને ખાતરી થતાં તેને છોડી મૂકયો અને વચન માગી લીધું કે તે પણ કમનસીબે આવી સ્થિતિમાં આવી પડે તો તેની સાથે આવો જ વ્યવહાર કરવો.

મૂલદેવે ત્યાંથી નીકળી પરદેશ જવાનું વિચાર્યું આગળ વધતાં મોટું જંગલ આવ્યું. રસ્તામાં તેને સદ્ધડ નામે એક ભાટ—બ્રાહ્મણનો સંગાથ થયો. તેણે પોતાની સાથેનું ભાથું એકલા એકલા ખાઈને બ્રાહ્મણો સ્વાર્થી અને એકલપેટા હોય છે તે સિદ્ધ કરી બતાવ્યું. માર્ગ જુદા પડતાં બન્નેએ એકબીજાનો પરિચય આપ્યો. મૂલદેવે જરૂર પડે તો તેને બેન્નાતટ આવવાનું જણાવ્યું.

પછી મૂલદેવ ગામમાં ભિક્ષા માટે ગયો. આખું ગામ ફરતાં ભિક્ષામાં માત્ર અડદના બાકળા મળ્યા. એક તપસ્વી મુનિનાં દર્શન થતાં તેણે તે બાકળા તેમને વહોરાવી દીધા. આથી મુનિની ઉપાસના કરનાર દેવીએ પ્રસન્ન થઈ મૂલદેવની માગણી પ્રમાણે ગણિકા, દેવદત્તા, હજાર હાથી અને રાજ્યની આકાંક્ષા ફળશે એમ જણાવ્યું. મૂલદેવ બેન્નાતટ પહોંચી એક ધર્મશાળામાં રોકાયો. તેને એક સ્વપ્ન આવ્યું કે સંપૂર્ણ મંડળવાળો તથા નિર્મળ પ્રભાવાળો ચંદ્ર તેના ઉદરમાં પેઠો. બીજા મુસાફરે પણ આવું જ સ્વપ્ન જોયું. સાથી મુસાફરોના જણાવ્યા પ્રમાણે તેને ભિક્ષામાં ઘી—ગોળ ભરેલો મોટો રોટલો મળ્યો. મૂલદેવને સ્વપ્નના આ ફળાદેશથી સંતોષ ન થતાં તેનું રહસ્ય જાણવા સ્વપ્નશાસ્ત્રના જાણકારને ફૂલ — ફળની ભેટ ધરી પ્રસન્ન કર્યા. તેને જોતાં જ તે કોઈ મહાપુરુષ હોવાની ઉપાધ્યાયને ખાતરી થઈ. વળી તે તો ભવિષ્યવેત્તા હતો. તેણે મૂલદેવને મહેમાન તરીકે રાખી પોતાની કન્યા પરણાવી અને સ્વપ્નનું રહસ્ય બતાવ્યું કે સાત દિવસમાં તે રાજા થશે.

બેન્નાતટ નગરીનો રાજા અપુત્ર મરણ પામ્યો હતો. સામંતોમાં રાજગાદી માટેની સ્પર્ધા ટાળવા મંત્રીઓએ રાજા તરીકે યોગ્ય વ્યકિતની શોધ કરવા પાંચ દિવ્યો તૈયાર કરાવ્યાં. તે દ્વારા મૂલદેવની રાજા તરીકે પસંદગી થઈ. તેણે વિક્રમદેવ નામ ધારણ કર્યું. દેવીના પ્રભાવને કારણે સામંતો, મંત્રીઓ, પુરોહિત આદિ તેની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા. ઉજ્જેણીના રાજા વિચારધવલ સાથે તેણે વ્યવહાર બાંધ્યો અને પરસ્પર પ્રીતિથી તેઓ સંકળાયા.

મૂલદેવને પરેશાન કરવાને કારણે દેવદત્તાને અચલ ઉપર તિરસ્કાર છૂટયો. રાજા પાસે જઈને પહેલાં આપેલું વરદાન માગી લીધું અને અચલને પોતાને ત્યાં આવતો અટકાવવા વિનંતી કરી. આખો વૃત્તાન્ત જાણતાં રાજાએ અચલને ઠપકો આપ્યો અને મૂલદેવને શોધી લાવવા આજ્ઞા કરી. અચલ વેપાર અર્થે માલનાં વહાણ ભરી પારસકુલ જવા ઉપડયો.

આ તરફ વિક્રમદેવે (મૂલદેવે) દેવદત્તાની ઈચ્છા હોય તો પોતાને ત્યાં મોકલી આપવા વિચારધવલને એક વિનંતી પત્ર લખ્યો. દેવદત્તાને તો પોતાનું જીવન ધન્ય થતું લાગ્યું. ખૂબ સન્માનપૂર્વક તે બેન્નાતટ આવી પહોંચી. દરમિયાન અચલ પણ કીમતી માલનાં વહાણ ભરી બેન્નાતટ આવ્યો. રાજાને નજરાણું ધરવા ગયો ત્યારે મૂલદેવે તેને ઓળખ્યો. પણ રાજા બનેલ મૂલદેવને તે ન ઓળખી શકયો. તેના માલનું દાણ નક્કી કરવા રાજા પોતે પંચના માણસોને લઈને ગયો. ઉપર ઉપરથી માલ જોઈને રાજાએ તેનું અર્ધું દાણ માફ કર્યું. પણ દાણ બચાવવા અચલે કરેલી યુકિત—પ્રયુકિતઓનો તેને ખ્યાલ આવી ગયો. વજન ઉપરથી, લાત મારવાથી અને વાંસથી વિંધવાથી ચંદન, અગરુ, ધુપ આદિની વચ્ચે સોનું, રૂપુ, મણિ, મોતી વગેરે હોવાની તેને ખાતરી થઈ ગઈ. રાજાએ ગુસ્સે થઈને તેને બાંધીને રાજદરબારમાં હાજર કરવાની સેવકોને આજ્ઞા આપી. ત્યાં દેવદત્તાની હાજરીમાં અચલને આખી પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો અને તેણે રાજા તથા દેવદત્તાની માફી માગી. રાજાએ તેને પહેલાં આપેલું વચન પાળી બતાવ્યું. તેણે અચલને સન્માનપૂર્વક રાખ્યો અને તેનું દાણ માફ કર્યું. વિક્રમદેવના કહેવાથી વિચારધવલ રાજાએ પણ તેને માફ કર્યો.

મૂલદેવ રાજા થયો છે એ જાણી નિર્ઘૃણશર્મા (સદ્ધડ) તેની પાસે આવ્યો. અદષ્ટ સેવા બદલ, (મુસાફરીમાં સાથ આપવા બદલ) રાજાએ તેને બક્ષિસમાં એક ગામ આપ્યું. હવે પેલા મુસાફરે સાંભળ્યું કે પોતાને આવેલા સ્વપ્ન જેવું જ સ્વપ્ન આવવાથી મૂલદેવ રાજા થયો; જ્યારે તેને તો માત્ર ઘી—ગોળ ભરેલો રોટલો મળ્યો હતો. આથી ગોરસ પીને સૂઈ જઈને ફરીથી એવું સ્વપ્ન લાવવાનું વિચાર્યું પણ આવું સ્વપ્ન ફરીથી આવે ખરું ? કદાચ આવું સ્વપ્ન ફરીથી દેખાય પણ ગયેલો મનુષ્ય જન્મ ફરીથી ન જ મળે.

જૈન આગમોનું વ્યાખ્યા સાહિત્ય અને પ્રસ્તુત કથાનો આધાર

જૈન આગમોનું વ્યાખ્યા સાહિત્ય

કથાસાહિત્યના ઈતિહાસના અધ્યયનની દષ્ટિએ જૈન આગમો પરનું સમગ્ર વ્યાખ્યા સાહિત્ય ઉપયોગી અને ખૂબ મહત્ત્વનું છે. પાલિ ત્રિપિટક પર બુદ્ધઘોષ, બુદ્ધદત્ત અને ધમ્મપાલની ટીકાઓ (અઠ્ઠકથાઓ)ની જેમ જૈન આગમોને સંક્ષેપ કે વિસ્તારથી સમજાવવાના ઉદ્દેશ્યથી નિર્યુકિત, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, વિવરણ, વૃત્તિ, દીપિકા, ટબ્બા, વચનિકા આદિ વિપુલ વ્યાખ્યા સાહિત્ય લખાયું છે. આમાં નિર્યુકિત, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓ પ્રાકૃત સાહિત્યના ઈતિહાસની દષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ ચાર સાથે આગમો ઉમેરતાં પંચાંગી આગમ સાહિત્ય કહેવાય છે.

નિર્યુકિતઓ ભાષા, શૈલી અને વિષયની દષ્ટિએ આગમો પછી સૌથી પ્રાચીન છે. વ્યાખ્યાત્મક સાહિત્યમાં નિર્યુકિતઓનું સ્થાન સર્વોપરિ છે. આમાં આગમો પર આર્યા છંદમાં પ્રાકૃત ગાથાઓમાં સંક્ષિપ્ત વિવેચન છે અને વિષયનું પ્રતિપાદન કરવા અનેક કથાનકો, ઉદાહરણો અને દષ્ટાન્તોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. નિર્યુકિતઓ એટલી સંક્ષિપ્ત છે કે ભાષ્યો અને ટીકાઓ સિવાય તે સારી રીતે સમજી શકાતી નથી. આથી ટીકાકારોએ મૂળ આગમોની સાથે સાથે નિર્યુકિતઓ ઉપર પણ ટીકાઓ લખી છે. પરંપરા પ્રમાણે ભદ્રબાહુ નિર્યુકિતઓના કર્તા મનાય છે.

ભાષ્યો પણ પ્રાકૃત ગાથાઓમાં સંક્ષેપમાં રચાયેલાં છે. આમાં અનેક પ્રાચીન અનુશ્રુતિઓ, લૌકિક કથાઓ અને પરંપરાગત જૈન મુનિઓના આચાર—વિચારનું પ્રતિપાદન છે. ભાષ્યોનો સમય ઈ. સ. ચોથી—પાંચમી શતાબ્દી મનાય છે.

ચૂર્ણિઓ ગદ્યમાં છે અને ભાષા સંસ્કૃત—પ્રાકૃત મિશ્રિત છે. ભાષા અને શૈલીની દષ્ટિએ ચૂર્ણિઓની વિશેષતા છે. તે ગદ્યપ્રધાન હોઈ તેમાં કથા સાહિત્યનું એક નવું સ્વરૂપ જોવા મળે છે. દેશવિદેશના રીતરિવાજ, ચોરલૂંટારા, સાર્થવાહ, વ્યાપાર—માર્ગ, ભોજન, વસ્ત્ર, આભૂષણ આદિનું આમાં વર્ણન છે આ ઉપરથી જૈન આચાર્યોની જનસંપર્કવૃત્તિ અને વ્યવહારકુશળતાનો ખ્યાલ આવે છે. લોકકથા અને ભાષાશાસ્ત્રની દષ્ટિએ ચૂર્ણિ સાહિત્ય અત્યન્ત ઉપયોગી છે. જિનદાસ-ગણિ મહત્તર (ઈ. સ. છઠ્ઠી શતાબ્દી) અધિકાંશ ચૂર્ણિઓના કર્તા મનાય છે.

ટીકાઓ મૂળ આગમ ગ્રંથોને સમજવા—સમજાવવા અતિ ઉપયોગી છે. ટીકાઓ સંસ્કૃતમાં વિસ્તારથી લખાઈ છે. પણ કથાઓમાં પ્રાકૃતનો આશ્રય લેવામાં આવ્યો છે. આગમોની અંતિમ વલ્લભી વાચના પહેલાં ટીકાઓ લખાવા લાગી હતી. વિ. સં. ની ત્રીજી શતાબ્દીના આચાર્ય અગસ્ત્યસિંહે દશવૈકાલિક ચૂર્ણિમાં અનેક જગ્યાએ આ પ્રાચીન ટીકાઓનો સંકેત કર્યો છે. આ ઉપરાંત હેમવંત થેરાવલી અનુસાર આર્ય સ્કંદિલના આગ્રહથી ગંધહસ્તીએ બાર અંગો ઉપર વિશેષ વિવરણ લખ્યું હતું. ટીકાકારોમાં યાકિનીસુનુ હરિભદ્રસૂરિ (ઈ. સ. ૭૦૫ થી ૭૭૫) નું નામ ઉલ્લેખનીય છે. હરિભદ્રસૂરિ પછી લગભગ ૧૦૦ વર્ષે થઈ ગયેલા શીલાંકાચાર્યે પણ આચારાંગ અને સૂત્રકૃતાંગ ઉપર ટીકાઓ લખી છે. સંસ્કૃત ટીકાઓમાં પ્રાકૃત કથાઓના ભાગને સુરક્ષિત રાખનારા આચાર્યોમાં વાદિવેતાલ શાંતિસૂરિ, નેમિચંદ્રસૂરિ અને મલયગિરિનાં નામ વિશેષ ઉલ્લેખનીય છે.

આગમોમાં ઉત્તરાધ્યયન સૂત્ર પર સૌથી વધારે ટીકાઓ લખાઈ છે. ૧૧ મી શતાબ્દીના વાદિવેતાલ શાંતિસૂરિ અને નેમિચંદ્રસૂરિની ટીકાઓ ઉપરાંત અભયદેવસૂરિ, દ્રોણાચાર્ય, મલધારી હેમચંદ્રાચાર્ય, ક્ષેમકીર્તિ, લક્ષ્મીવલ્લભ, જયકીર્તિ આદિની ટીકાઓ ઉત્તરાધ્યયનનું મહત્ત્વ અને

તેની લોકપ્રિયતા સૂચવે છે. ઉત્તરાધ્યયન સૂત્ર પરની ટીકાઓમાં મળતી અનેક લોકકથાઓ કથાસાહિત્યના ઈતિહાસની દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે. પ્રસ્તુત મૂલદેવકથા એ નેમિચંદ્રસૂરિની ઉત્તરાધ્યયન સૂત્ર પરની ટીકામાંથી લેવામાં આવી છે.

મૂલદેવકથાનો આધાર ગ્રંથ

'**मूलदेवकहा**' સ્વતંત્ર કૃતિ નથી પણ નેમિચંદ્રસૂરિની ઉત્તરાધ્યયન સૂત્ર પરની સુખબોધા ટીકામાંથી લેવાયેલી કથા છે. સુખબોધા ટીકા શાંતિસૂરિની શિષ્યહિતા ટીકાને આધારે લખાઈ છે; કે જે પાઈયટીકા કે ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિને નામે પણ ઓળખાય છે. આ બન્ને ટીકાઓમાં **बंभदत्तचरियं** અને **अगडदत्तचरियं** જેવી કેટલીક કથાઓની જેમ **मूलदेवकहा** સ્વતંત્ર કૃતિનું સ્થાન પ્રાપ્ત કરે તેવી છે; જો કે આ કથાઓનો મૂળ આધાર તો લોકકથાઓ જ હોઈ શકે. શાંતિસૂરિએ પ્રાકૃતકથાઓ ઉદ્ધૃત કરતાં '**अन्ने भणंति**' જેવા ઉલ્લેખો કર્યા છે. તે પરથી ખ્યાલ આવી શકે છે કે પ્રાચીન કાળથી આ કથાઓની પરંપરા ચાલી આવતી હતી. વળી ઉત્તરાધ્યયન સૂત્ર પરની ટીકાઓનો આધાર એક રીતે ઉત્તરાધ્યયન પરની નિર્યુકિત, ભાષ્ય અને ચૂર્ણિ પણ છે. એટલે આ કથાઓનું મૂળ તો અતિ પ્રાચીન છે એ બાબતમાં શંકા રહેતી નથી.

ઉત્તરાધ્યયન સૂત્રના 'ચતુરંગીય' નામના ત્રીજા અધ્યયનમાં મનુષ્યત્વ, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ એ ચાર અંગોની દુર્લભતા પર ચર્ચા કરવામાં આવી છે. પ્રાણીના જીવનવિકાસ માટે દુર્લભ એવી આ ચાર ભૂમિકાઓ છે. સામાન્ય રીતે જીવો વિવિધ કામનાઓથી મૂઢ બની અનેક સારાં—નરસાં કાર્યો કરે છે. પરિણામે કર્મબંધને લીધે વિભિન્ન યોનિઓમાં ભટકયા કરે છે. અત્યંત દુ:ખ અને વેદના અનુભવતા તેઓ મનુષ્યેતર યોનિઓમાં ભમીને ઘણે લાંબે ગાળે કોઈ વાર શુદ્ધિ પામીને મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે છે. આવું દુર્લભ મનુષ્યત્વ

પ્રાપ્ત કરવા છતાં તપ, ક્ષમા અને અહિંસામાં પ્રવૃત્તિ કરાવનાર સદ્ધર્મનું શ્રાવણ તેમને માટે દુર્લભ છે. સદ્ભાગ્યવશાત્ કદાચ કોઈને ધર્મનું શ્રાવણ પ્રાપ્ત થાય તો પણ તેમાં શ્રદ્ધા થવી અતિ દુર્લભ છે અને કદાચ તેમાંના કોઈને ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય તો પણ તે પ્રમાણે પુરુષાર્થ કરવો એ તેથી પણ મુશ્કેલ છે; કારણ કે મનુષ્યને ઘણી બાબતોમાં શ્રદ્ધા હોય છે, પણ દઢ મનોબળના અભાવમાં તે પ્રમાણે આચરણ કરતો દેખાતો નથી. આ ચાર અંગો પ્રાપ્ત થાય તો જ જીવ કર્મબંધમાંથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

આમ આ અધ્યયનમાં મનુષ્યત્વ પ્રાપ્ત કરી સદ્ધર્મનું શ્રમણ પ્રાપ્ત કરવા અને તેમાં શ્રદ્ધા રાખી, તે પ્રમાણે આચરણ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કોઈપણ પ્રાણીને માટે આ ચાર અંગો અતિ દુર્લભ છે.

ચતુરંગીય અધ્યયનની પ્રથમ ગાથા આ પ્રમાણે છે—

चत्तारि परमङ्गाणि दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ॥

અહીં મનુષ્યજન્મ, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમનું સામર્થ્ય— આ ચાર વસ્તુઓની ગણના કરવામાં આવી છે. આ સંસારમાં જીવોને જે વસ્તુઓ દુર્લભ છે તેમાં સૌથી પહેલું સ્થાન મનુષ્યભવને આપવામાં આવ્યું છે; જે અતિ દુર્લભ છે.

આ ગાથા પરની ટીકામાં ટીકાકારે મનુષ્યભવની દુર્લભતા ઉપર ચોલ્લક, પાશક, ધાન્ય, દ્યૂત, રત્ન, સ્વપ્ન, આદિ દસ દષ્ટાંતો આપ્યાં છે. પ્રસ્તુત મૂલદેવકથા છઠ્ઠા દષ્ટાંત સ્વપ્નની દુર્લભતાનું ઉદાહરણ છે.

મનુષ્યભવની દુર્લભતા ઉપર ટીકાકારે આપેલાં અન્ય દૃષ્ટાન્તો

ઉત્તરાધ્યયન સૂત્રના '**चाउरंगिज्ज**' નામના ત્રીજા અધ્યયનની પહેલી ગાથામાં જે ચાર દુર્લભ વસ્તુઓ ગણાવી છે તેમાં સૌથી પહેલું સ્થાન મનુષ્યભવને આપવામાં આવ્યું છે. નિર્યુક્તિકારે તેમજ ટીકાકારે મનુષ્યભવની દુર્લભતા ઉપર આ દસ દૃષ્ટાંતો કહ્યાં છે (૧) ચોલ્લક, (૨) પાશક, (૩) ધાન્ય, (૪) દ્યૂત, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ અને (૧૦) પરમાણુ. પ્રસ્તુત મૂલદેવકથા એ છઠ્ઠા સ્વપ્નની દુર્લભતાનું દૃષ્ટાન્ત છે. આ બધા દૃષ્ટાન્તો ટૂંકમાં નીચે મુજબ છે.

૧ ચોલ્લક (ભોજન) દૃષ્ટાન્ત

કાંપીલ્યપુરનો રાજકુમાર બ્રહ્મદત્ત તેના પિતાના મૃત્યુ પછી પિતાના મિત્ર દીર્ઘપૃષ્ઠ અને માતા ચુલણીના અનાચારને કારણે રાજ્યનો ત્યાગ કરી તેના મિત્ર વરધાણુ સાથે રખડતો હતો. એકવાર વરધાણુથી જુદા પડી ગયેલા રાજકુમારને એક બ્રાહ્મણે અટવી પાર કરવામાં મદદ કરી. તેથી કુમારે બ્રાહ્મણને વચન આપ્યું કે, "જયારે મને રાજય મળે ત્યારે તમે મારી પાસે આવજો. હું તમને જે માગો તે આપીશ." બ્રહ્મદત્ત પોતાનું રાજ્ય પાછું મેળવી ચક્રવર્તી રાજા થયો, ત્યારે બ્રાહ્મણે પોતાની પત્નીની સલાહ પૂછી કે રાજા પાસે શું માગવું? પત્નીએ વિચાર્યું કે પુરુષને જો સમૃદ્ધિ પ્રાપ્ત થાય તો તે પૂર્વના મિત્ર, સ્ત્રી અને જુના ઘરનો ત્યાગ કરી નવાં કરે છે. તેથી તેણે ભરતક્ષેત્રમાં દરરોજ એક ઘેર ભોજન અને દક્ષિણામાં બે દિનાર માગવાની સલાહ આપી.

બ્રાહ્મણે સૌ પ્રથમ ચક્રવર્તીને ત્યાં એ રીતે ભોજન કરી દક્ષિણા મેળવી. પછી નગર, દેશ અને આખા ભરતક્ષેત્રમાં તે દરેકને ઘેર ભોજન માટે ફરવા લાગ્યો. તેને ફરીથી ચક્રવર્તીને ઘેર ભોજન કરવાનો વખત ક્યારે આવે? આ ભવમાં તો નહીં જ. પણ કદાચ દિવ્ય અનુભાવથી

તેવો વખત આવે, પરન્તુ મનુષ્ય અવતારથી ભ્રષ્ટ થએલો જીવ ફરીથી મનુષ્ય ભવ તો પામી શકે જ નહીં.

૨ પાશક (પાસા) દૃષ્ટાન્ત

ચણક નામે એક બ્રાહ્મણને ત્યાં દાંત સહિત પુત્ર જન્મ્યો. મુનિને બતાવતાં તે રાજા થશે એમ જણાવ્યું. રાજાને પાપ પ્રવૃત્તિ કરવી પડે તેથી નરકે જાય, એવા ડરથી ચણકે તેના દાંત ઘસી નાખ્યા. ફરીથી મુનિને બતાવતાં તેમણે જણાવ્યું કે તે પ્રધાન થશે. બ્રાહ્મણપુત્ર ચાણકય સર્વકળામાં નિપુણ થયો. નિર્ધન હોવાને કારણે સસરાને ત્યાં પોતાની પત્નીનું અપમાન થવાથી તેણે ધન કમાવાનો દઢ નિર્ણય કર્યો. તે પાટલિપુત્ર ગયો. ત્યાં રાજાની દાસીએ તેનું અપમાન કર્યું. તેથી નંદવંશનો ઉચ્છેદ કરવાની તેણે પ્રતિજ્ઞા લીધી.

તે પ્રધાન થવાનો છે એવું મુનિનું વચન યાદ આવતાં કોઈ ભાગ્યવાન પુરુષની શોધમાં નીકળ્યો. ફરતાં ફરતાં એક ગૃહસ્થની પત્નીને ચંદ્રપાન કરવાનો દોહદ પૂર્ણ કરાવી તેનો પુત્ર આઠ વર્ષનો થાય ત્યારે તેને સોંપી દેવાનું તેની પાસેથી વચન લીધું. પછીથી તેણે આ કુમારને અસ્ત્ર—શસ્ત્રમાં નિપુણ બનાવ્યો અને નંદવંશનો ઉચ્છેદ કરી તેને મગધનો રાજા બનાવ્યો.

એકવાર રાજ્યનો ખજાનો ભરવા ચાણકયે નગરના ધનાઢય વેપારીઓને જમવા નોતર્યા. દારૂથી ઉન્મત્ત બનાવી તેણે ધનિકોની સમૃદ્ધિ જાહેર કરાવી અને તેમની પાસેથી ધન લઈ લીધું. એક વાર ચાણકયે દેવીની આરાધના કરી વિજય અપાવનારા પાસા પ્રાપ્ત કર્યા. આ પાસા વડે તેણે અનેક લોકોને હરાવ્યા અને એક એક સોનામહોર મેળવી રાજકોશ ભરી દીધો. કોઈ શકિતશાળી માણસ ચાણકયના આ પાસાને જીતી શકે, પણ પ્રમાદવડે હારી જનાર જીવ ફરીથી મનુષ્યભવ પામી શકે નહીં.

૩ ધાન્ય દૃષ્ટાન્ત

આખા ભરતક્ષેત્રમાં સારી વૃષ્ટિ થવાથી પુષ્કળ ધાન્ય પાક્યું હોય. તે ધાન્યના ઢગલામાં કોઈ વ્યક્તિ એક ખોબો ભરીને સરસવ નાખે અને કોઈ વૃદ્ધાને ધાન્ય તથા સરસવ જુદા કરી આપવાનું કહે. તો તે વૃદ્ધા કોઈ કાળે તેમ કરી શકે, પરન્તુ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી આ મનુષ્ય ભવ પામી શકે નહીં.

૪ દ્યૂત દૃષ્ટાન્ત

રત્નપુરના રાજા શતાયુધનો પુત્ર યુવાન થયો ત્યારે તેણે પિતાને મારી નાખીને રાજગાદી પ્રાપ્ત કરવાનો વિચાર કર્યો. રાજાના જાણવામાં આવતાં તેણે પુત્રને રાજગાદી સોંપી દેવાની તૈયારી બતાવી અને કુમારે તેને દ્યૂતમાં જીતવો એવી શરત મૂકી.

રાજસભાના ૧૦૮ સ્થંભ હતા. દરેક સ્થંભના ૧૦૮ હોસ હતા. ૧૦૮ વાર જીતવાથી એક હોસ જીત્યો ગણાય અને એ રીતે ૧૦૮ સ્તંભ જીતવાથી રાજાને દ્યૂતમાં જીત્યો ગણાય. પણ આમાં કુમાર એક વાર પણ વચ્ચે હારે તો દ્યૂત ફરીથી શરુ થાય. કુમારે વિચાર્યું કે જો દ્યૂતમાં જીતવાથી રાજ્ય મળતું હોય તો પિતાને મારવાનું પાપ શા માટે કરવું ? તે દ્યૂત રમવા લાગ્યો. પણ શરત પ્રમાણે તે સર્વ સ્થંભોને દ્યૂતમાં જીતે એવો સમય ક્યાંથી આવે ? દેવના પ્રભાવથી કુમાર કદાચ તે સર્વ સ્થંભો જીતીને રાજ્ય મેળવે, પણ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્યભવ પામી શકે નહીં.

૫ રત્ન દૃષ્ટાન્ત

ધનદેવ નામે એક વણિક અનેક રત્નોનો સ્વામી હતો. વેપારમાં કમાયેલા ધન વડે પણ તે રત્નો જ ખરીદતો. એકવાર જ્યારે તે પરદેશ ગયો હતો ત્યારે તેના પુત્રોએ પૈસા મેળવવા રત્નો વેચવા કાઢયાં. દેશ—પરદેશના લોકો રત્નો ખરીદીને લઈ ગયા તે સ્વદેશ આવ્યો ત્યારે આ સર્વ હકીકત

જાણીને અત્યન્ત દુઃખી થયો અને બધા રત્નો મેળવીને જ ઘેર આવવાનું કહી પુત્રોને ઘર બહાર કાઢી મૂકયા. છોકરાઓ દેશ—વિદેશમાં રત્નોની શોધ કરવા લાગ્યા, પણ તે શી રીતે મળે? દૈવના પ્રભાવથી કદાચ તે રત્નો પાછાં મેળવી શકાય પણ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્યભવ પામી શકે નહીં.

૬ સ્વપ્ન દૃષ્ટાન્ત : મૂલદેવકથા

૭ ચક્ર દૃષ્ટાન્ત

ઈન્દ્રપુર નગરના રાજા ઈન્દ્રદત્તને અનેક રાણીઓ અને ૨૨ પુત્રો હતા. વધારામાં તેણે મંત્રીની પુત્રી સાથે લગ્ન કર્યું. તેને એક પુત્ર થયો. તેનું નામ સુરેન્દ્રદત્ત પાડવામાં આવ્યું. રાજા આ નવી રાણીને પ્રેમ ન આપી શકવાથી તે પિતાને ત્યાં આવીને રહેવા લાગી. મંત્રીએ કુમારને સર્વ કળાઓમાં નિપુણ બનાવ્યો. પોતાના ૨૨ ભાઈઓ કરતાં તે ધનુર્વિદ્યા આદિ કળાઓમાં આગળ નીકળી ગયો અને રાધાવેધ પણ સહેલાઈથી સાધી શકતો.

મથુરાપુરીના જિતશત્રુ રાજાની નિવૃત્તિ નામની કન્યાએ રાધાવેધ સાધી શકે તેની સાથે લગ્ન કરવાનો સંકલ્પ કર્યો. જિતશત્રુએ આ માટે ઈન્દ્રદત્તના પુત્રોની કસોટી કરી જોઈ. પણ ૨૨ માંથી કોઈ સફળ ન થયો. રાજા પોતાના પુત્રોની અણઆવડતથી નિરાશ થયો. પણ મંત્રીએ તેના ૨૩મા પુત્રની યાદ અપાવી. તે રાધાવેધમાં સફળ થયો અને રાજાને શાંતિ થઈ. ૨૨ પુત્રોએ અભ્યાસ નહીં કર્યો હોવાથી તેઓ રાધાવેધ કરી શકયા નહીં. હવે રાધાવેધ શીખવવાનું શરૂ કરે તો પણ તે તેમને માટે દુર્લભ છે. છતાં દિવ્ય પ્રભાવથી કદાચ રાધાવેધ કરી શકે, પણ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્ય જન્મ પામી શકે નહીં.

૮ ચર્મ દૃષ્ટાન્ત

કોઈ એક જગ્યાએ હજાર યોજનના વિસ્તારવાળું એક સરોવર હતું. સેવાળના કારણે તે ચર્મથી મઢ્યું હોય તેવું લાગતું હતું. તેમાં કોઈ એક કાચબો પોતાના પરિવાર સાથે રહેતો હતો. એકવાર તેની ડોકથી સેવાળમાં છિદ્ર પડ્યું અને તેણે ઊંચે જોયું તો પૂર્ણિમાના ચંદ્રથી અને અસંખ્ય તારાઓથી શોભતું આકાશ જોયું. પોતાના પરિવારને આ શોભા બતાવવા તે ડૂબકી મારીને બોલાવવા ગયો. દરમિયાન વાયુના વેગથી તે છિદ્ર ઢંકાઈ ગયું. કાચબો ઘણા કાળ સુધી સરોવરમાં ભટકયો. પણ તે છિદ્ર હાથ ન લાગ્યું. દૈવયોગે કદાચ તે કાચબો છિદ્રને પામે, પણ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્યભવ પામી શકે નહીં.

૯ યુગ દૃષ્ટાન્ત

અસંખ્યાત યોજનના વિસ્તારવાળો અને અસંખ્યાત દ્વીપોથી ઘેરાયેલો કોઈ મોટો સમુદ્ર હોય તે સમુદ્રની પૂર્વ દિશામાં કોઈ દેવ કૌતુકથી ગાડાનું ધોંસરું નાખે અને પશ્ચિમ દિશામાં તેની ખીલી નાખે, તો તે સમુદ્રમાં ભમતી ભમતી ખીલી શું પોતાની મેળે તે ધોંસરામાં પેસે ? ન જ પેસે. છતાં દૈવયોગે કદાચ ખીલી પોતાની મેળે ધોંસરામાં પેસે, પણ પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્ય ભવ પામી શકે નહીં.

૧૦ પરમાણુ દૃષ્ટાન્ત

કોઈ દેવ પોતાની શકિતથી માણેકના મોટા થાંભલાનું ચૂર્ણ બનાવી એક નળીમાં ભરે. પછી મેરુ પર્વત ઉપર જઈ ફુંક મારીને પરમાણુઓ ઉડાડી દે આ પરમાણુઓ ચારે દિશામાં ફેલાઈ જાય. ત્યારપછી તે પરમાણુઓ એકઠા કરી, હતો તેવો સ્તંભ બનાવવા કોઈ શકિતમાન થાય ? ન જ થાય. એ રીતે પ્રમાદને કારણે મનુષ્ય જન્મ હારી જનાર જીવ ફરીથી મનુષ્ય ભવ પામી શકે નહીં.

'મૂલદેવકથા' નામની અન્ય કથાઓ

પ્રાકૃત જૈનકથા સાહિત્યમાં એકજ સ્વરૂપે કે પાત્રોના અને પ્રસંગોના થોડાક ફેરફાર સાથે જુદાજુદા ગ્રંથોમાં એકજ નામની અનેક કથાઓ મળી આવે છે. પાછળના કથાગ્રંથોમાં મળી આવતી સાદૃશ્ય ધરાવતી આવી કથાઓનું મૂળ, જૈન આગમો, નિર્યુકિતઓ, ભાષ્યો, ચૂર્ણિઓ કે વૃત્તિઓમાં જોવા મળે છે. મૂળદેવકથાના નામ સાથે પણ અનેક કથાઓ મળે છે. આમાંની કેટલીક કથાઓમાં માત્ર નામપૂરતું સામ્ય છે; જયારે કેટલીકમાં વિષય અને શૈલી બન્ને લગભગ એક સરખાં છે. સંસ્કૃતકથા સાહિત્યમાં પણ આ નામની કથા મળે છે.

૧. ગુણાઢયની બૃહત્કથાને આધારે લખાયેલી ક્ષેમેન્દ્રની બૃહત્કથામંજરીના વિષમશીલ પ્રકરણમાં ધૂર્તરાજ મૂલદેવની એક કથા મળે છે. તેમાં એક બ્રાહ્મણકન્યા ગુપ્ત રીતે ગણિકાનું કાર્ય કરતી હોય છે. તે કામીજનોથી કોઈપણ રીતે પોતાની જાતને બચાવી શીલનું રક્ષણ કરે છે. પણ મૂલદેવના સંગમની આકાંક્ષા સેવે છે. એકવાર દ્યૂતમાં હરાવી મૂલદેવને બાંધીને આ બ્રાહ્મણકન્યા તેને પોતની માતા પાસે લઈ જાય છે.

૨. ભોજદેવની શૃંગારમંજરીમાં કથાના નાયક મૂલદેવને સર્વ પાખંડોનો જ્ઞાતા, સકળ કળાકુશળ અને લુચ્ચો કહ્યો છે. સ્ત્રીઓની બાબતમાં શંકાશીલ હોવાને કારણે તે લગ્ન કરતો નથી. સોમદેવ કૃત કથાસરિત્સાગર અને વેતાલપંચવિંશતિકા તેમજ બૃહત્કલ્પભાષ્ય અને નિશીથભાષ્યમાં પણ આવી કથા મળે છે.

૩. આવશ્યકચૂર્ણિમાં મૂલદેવ અને તેના મિત્ર કંડરીકની કથા મળે છે. ઉપદેશપદમાં પણ આ કથા મળે છે. તેમાં ગાડામાં બેસીને પત્ની સાથે જતા પતિને છેતરીને તેની પત્ની સાથે એ મિત્રો ભોગ ભોગવી લે છે.

આ કથાઓમાં મૂલદેવના નામનું સામ્ય છે, વિષયવસ્તુની બાબતમાં કંઈ જ સામ્ય જણાતું નથી. પણ જૈન પ્રાકૃત કથા સાહિત્યના કેટલાક ગ્રંથોમાં મૂલદેવકથા લગભગ એક જ સ્વરૂપે જોવા મળે છે.

જિનેશ્વરસૂરિકૃત કથાકોશ પ્રકરણ, ધર્મદાસગણિકૃત ઉપદેશમાલા, જયસિંહસૂરિકૃત ધર્મોપદેશમાલા–વિવરણ, આમ્રદેવસૂરિકૃત આખ્યાનક-મણિકોશવૃત્તિ, દેવભદ્રસૂરિકૃત કથારત્નકોશ આદિમાં મૂલદેવની કથા સાધુદાનની ફળપ્રાપ્તિના ઉદાહરણ તરીકે કહેવાઇ છે; જ્યારે સુખબોધા ટીકાની પ્રસ્તુત મૂલદેવકથા મનુષ્યભવની દુર્લભતાના દષ્ટાન્ત તરીકે કહેવાઈ છે. આ બધી કથાઓ વિષય અને શૈલીની દષ્ટિએ એક સરખી છે.

ઉપરોકત કથાગ્રંથોમાંના ધર્મોપદેશમાલા–વિવરણની અને કથાકોશ પ્રકરણની કથાઓમાં સામ્ય છે; જ્યારે આખ્યાનકમણિકોશવૃત્તિની અને સુખબોધા ટીકાની મૂલદેવકથામાં સામ્ય છે. ચારે કથાઓમાં દેવદત્તા ગણિકાની મૂલદેવ તરફ આસકિત, મૂલદેવ અને અચલમાંથી મૂલદેવ તરફ પક્ષપાત, તેનો ત્યાગ કરવાની માતાની સલાહ, શેરડીની ભેટ દ્વારા તેમની કલા-દષ્ટિની કસોટી, અચલ દ્વારા મૂલદેવની પરેશાની, મૂલદેવનું પરદેશ જવું, સાધુને દાન આપવું, સધ્ધડનો સંગાથ, સ્વપ્ન, મૂલદેવની રાજ્યપ્રાપ્તિ, દેવદત્તા સાથે તેનું મિલન, રાજ્યનું દાણ છુપાવવા અચલે કરેલી યુકિત, છેવટે તેની દાણમાંથી મુક્તિ અને રાજા (મૂલદેવ) તથા દેવદત્તા દ્વારા સ્વાગત આદિ પ્રસંગો એક સરખા અને એક જેવી જ શૈલીમાં વર્ણવાયા છે.

બધી મૂલદેવકથાઓનું વિષયવસ્તુ એક જેવું જ હોવા છતાં કેટલીક બાબતોમાં તેમાં અંતર પણ છે. ધર્મોપદેશમાલા વિવરણ અને કથાકોશ પ્રકરણમાં મૂલદેવ ધૂર્ત, જુગારી અને સાહસિક ચોર હોય છે; જ્યારે સુખબોધા ટીકા અને આખ્યાનકમણિકોશવૃત્તિની કથાઓમાં મૂલદેવ દેશવટો ભોગવતો રાજકુમાર હોય છે. મૂલદેવ રાજા બન્યા પણ અચલ

તેની પાસે આવે છે. એ મિલનના પ્રસંગમાં પણ કંઈક તફાવત છે. વળી કથાનો અંત ચારે ગ્રંથોમાં એક સરખો નથી. કથાકોશ પ્રકરણની કથા મૂલદેવની રાજ્ય પ્રાપ્તિ સાથે સમાપ્ત થાય છે. સાધુને દાન આપવાથી આ લોકમાં તેના મનોરથો સિદ્ધ થાય છે. આ ગ્રંથમાં બાકીના ત્રણ ગ્રંથોમાં છે તેમ અચલનું વેપાર અર્થે પરદેશ જવું, દાણ છુપાવવા યુક્તિ આચરવી, મૂલદેવ દ્વારા તેનું દાણ માફ થવું આદિ પ્રસંગો નથી. સુખબોધા ટીકા અને આખ્યાનકમણિકોશવૃત્તિમાં કથાનો અંત એક સરખો છે. મૂલદેવ અચલનો અપરાધ માફ કરે છે અને અચલ સ્વદેશ પાછો ફરે છે.

ધર્મોપદેશમાલા વિવરણમાં આ કથા આગળ વધે છે. અચલનો અપરાધ માફ થતાં તે સ્વદેશ પાછો ફરે છે. મૂલદેવની રાજધાનીમાં ચોરીનો ઉપદ્રવ થવાથી તે જાતે ચોરની શોધમાં નીકળે છે. રાત્રે મંડિત નામના એક ચોરનો ભેટો થાય છે. મૂલદેવ મંડિત સાથે ચોરીમાં જોડાય છે અને તેની સાથે તેના નિવાસસ્થાને જાય છે. ત્યાં મંડિત તેનું સ્વાગત કરવાની તેની બહેનને સૂચના આપે છે. પૂર્વયોજના પ્રમાણે છુપા કૂવા પર આસન ગોઠવી પાદપ્રક્ષાલન કરતાં કરતાં તેને તેમાં નાખી દેવાનો હોય છે. પણ મૂલદેવના સ્પર્શથી ખુશ થયેલી ચોરભગિની તેને ચેતવી દે છે. મૂલદેવ નાસી જાય છે. મંડિત તેની પાછળ પડે છે પણ મારવામાં સફળ થતો નથી. અંતે મૂલદેવ મંડિતની બહેન સાથે લગ્ન કરે છે. આમ મૂલદેવ સાધુને દાન આપવાના ફળરૂપે રાજ્ય પ્રાપ્ત કરે છે અને તેની ઈચ્છા મુજબ માત્ર દેવદત્તા જ નહીં, એક અન્ય સુંદરી પણ મેળવી શકે છે.

આમ મૂલદેવ નામે અનેક કથાઓ સંસ્કૃત—પ્રાકૃત કથાસાહિત્યમાં મળે છે. તેમાંની પ્રાકૃત કથાઓ વિષય અને શૈલીની દૃષ્ટિએ લગભગ એક સરખી છે. આ કથાઓમાં કોઈ ખાસ તાત્ત્વિક ભેદ જણાતો નથી.

પાત્રાલેખન

મૂલદેવકથામાં એનું શીર્ષક સૂચવે છે તેમ મૂલદેવ મુખ્ય અને સૌથી મહત્ત્વનું પાત્ર છે. તે કથાનો નાયક છે; જ્યારે દેવદત્તા નાયિકા છે. આ બે સિવાયનાં અન્ય પાત્રો ગૌણ છે; કથામાં તેમનું સ્થાન નામનું જ છે.

મૂલદેવ

મૂલદેવકથાનો નાયક મૂલદેવ રાજકુમાર છે. તેનું વ્યકિતત્વ મોહક છે અને તેના સંપર્કમાં આવતી કોઈપણ વ્યકિત અંજાઈ જાય છે. તે દેખાવડો છે, કલાની સૂઝ ધરાવે છે, દઢવચની અને દઢનિશ્ચયી છે. આમ એ સર્વગુણસંપન્ન રાજપુત્ર છે. સાથે સાથે રાજપુરુષોને સહજ દુર્ગુણોથી પણ તે મુકત નથી. કદાચ જુગારના વ્યસનને કારણે જ તેને દેશવટો ભોગવવો પડયો હોય. રાજપુત્ર અસ્ત્ર—શસ્ત્રનો જાણકાર હોય તે તો સ્વાભાવિક છે, પણ મૂલદેવ તો મંત્ર—તંત્ર, વાદ્યસંગીત, કંઠસંગીત, કથાવાર્તા આદિમાં પણ પ્રાવિણ્ય ધરાવે છે. કથાવાર્તા દ્વારા તેમજ કૌતુકોથી તે ઉજ્જૈનીના લોકોનાં દિલ જીતી લે છે. રૂપપરિવર્તન કરવાની અને અન્યનું રૂપપરિવર્તન કરાવવાની પણ તે ક્ષમતા ધરાવે છે. પોતાની પાસેની તાંત્રિક ગોળી મુખમાં મૂકીને તે વામનરૂપ ધારણ કરે છે અને મંત્ર વિદ્યાથી તે ખૂંધી દાસીની ખૂંધ દૂર કરે છે.

કંઠસંગીત અને વાદ્યસંગીતમાં તો મૂલદેવ એટલો પ્રવીણ છે કે આ બાબતમાં તેની સાથે કોઈ સ્પર્ધા કરી શકતું નથી. કોઈપણ પુરુષથી પ્રભાવિત ન થતી રૂપગર્વિતા દેવદત્તા તેની પ્રતિભાથી અંજાય છે અને તેના ગાંધર્વગીતથી મોહ પામે છે. જોતાં પહેલાં જ માત્ર ગીત સાંભળીને તે તેના પ્રેમમાં પડે છે. વીણાવાદક પર ગણિકા ભલે વારી જાય, પણ મૂલદેવને તેમાં રહેલી ખામીનો ખ્યાલ આવે છે. વીણાના તાર પર લાગેલા વાળનો પણ તેને તેના સૂર પરથી ખ્યાલ આવે છે. વીણા

વગાડે છે ત્યારે હાથિણી પણ પ્રસન્ન થઈ જાય છે. વાદ્યસંગીતમાં તે માત્ર વીણા જ નહીં, પડહ (ઢોલ) પણ વગાડી જાણે છે. તેના સહયોગથી દેવદત્તા રાજાને નૃત્યથી ખુશ કરે છે. દેવદત્તા માટે શેરડી મોકલવામાં પણ તેની કલાસૂઝ અને રસિકતાનો પરિચય મળે છે.

મૂલદેવ માત્ર કલારસિક જ છે એવું નથી, તે એક વિચક્ષણ રાજપુરુષ પણ છે. રાજાએ સામ, દામ, દંડ કે ભેદથી પોતાના શત્રુને જીતવો જોઈએ. મૂલદેવ અચલને જીતવામાં પોતે રાજનીતિજ્ઞ છે એ પુરવાર કરી આપે છે. તે એક સાચો અને દૃઢવચની મિત્ર છે. સદ્ધડ જેવા સ્વાર્થી અને એકલપેટાને પણ મિત્ર માની, પોતે રાજા બનતાં તેને એક ગામ બક્ષિસમાં આપીને મિત્રઋણમાંથી મુક્ત બને છે. અચલે તેને ખૂબ પરેશાન કર્યો હોવા છતાં રાજા બન્યા પછી તેને માફ કરે છે. એટલું જ નહીં પણ આપેલું વચન પાળીને તેનો ઉપકારક બને છે. વ્યસની હોવા છતાં તે ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે. ભિક્ષામાં પ્રાપ્ત થયેલ આહાર મુનિને અર્પણ કરવામાં તે પ્રસન્નતા અને જીવનની ધન્યતા અનુભવે છે. અન્યને ખુશ કરવાની કળા પણ તેને સાધ્ય છે. સ્વપ્નનું રહસ્ય તે માત્ર ફૂલ—ફળની ભેટ ધરીને જાણી લે છે. ફૂલ—ફળ માટે પણ તેને પૈસા ખર્ચવાની જરૂર પડતી નથી. તે એટલો પ્રતિભાસંપન્ન છે કે એક નૈમિત્તિક પણ તેને જોતાં જ પોતાની પુત્રી તેને પરણાવવાનો સંકલ્પ કરે છે. તે એક આદર્શ પ્રેમી છે. રાજપદની પ્રાપ્તિ પછી પણ તે પોતાની પ્રેયસીને ભૂલી જતો નથી. રાજા પોતાની ગણિકા—પ્રેયસીને મેળવવા બીજા રાજાને ચિઠ્ઠી લખે એ અસામાન્ય ગણાય. મૂલદેવ આદર્શ રાજા ભલે ન હોય પણ આદર્શ પ્રેમી તો છે જ.

આમ કથાની શરૂઆતમાં જ મળતા પરિચય પ્રમાણે તે કલારસિક, વિચક્ષણ, કૃતજ્ઞ, દૃઢનિશ્ચયી, દૃઢવચની અને ચતુર રાજકુમાર છે. તે કદરદાન આદર્શ પ્રેમી છે. તેનો રાજા તરીકેનો પરિચય આપણને મળતો નથી. પણ રાજપુરુષનો પરિચય તો મળે જ છે.

દેવદત્તા

દેવદત્તાનો પરિચય એક રૂપગર્વિતા વારવનિતા તરીકેનો મળે છે. પણ તેનો સાચો સ્નેહ કથાને અંતે તેને સામ્રાજ્ઞી બનાવે છે. ધન ખાતર પોતાનો દેહ વેચતી પણ હૃદયને સલામત રાખતી અન્ય ગણિકાઓ કરતાં દેવદત્તા જુદી જ તરી આવે છે. તે રૂપગર્વિતા છે, કળાપારંગત છે, નૃત્યસંગીતમાં અને પુરુષને પ્રસન્ન કરવામાં પ્રવીણ છે.

વેશ્યા જગતની એક વિકૃત વસ્તુ હોય છે. જોવામાં તે મોહક અને કોમળ પણ વાસ્તવમાં હળાહળ ઝેર હોય છે; અપહરણ તેનો વ્યવસાય અને કપટ તેનો સ્વભાવ હોય છે; પાપ તેનું જીવન અને પતન તેનો માર્ગ હોય છે. પણ દેવદત્તા આમાં અપવાદ હોય તેમ લાગે છે. જોવામાં તે મોહક અને કોમળ છે; પણ હળાહળ ઝેર નથી. તે ન તો પૈસાનું અપહરણ કરી શકે છે કે ન પોતાના પ્રિયપાત્રનું. તે કપટી નહીં, પણ સરળ છે; પતન નહીં પણ ઉદ્ધાર તેનો માર્ગ બને છે. 'મૃચ્છકટિક' કે 'ચારૂદત્ત' ની વસંતસેનાની યાદ અપાવે તેવું તેનું વ્યકિતત્વ છે. ગણિકા ધનવાનને જ સેવે પણ કોઈ દરિદ્ર માણસને હૃદય આપે તો તે ગણિકા નથી રહેતી, પણ એક આદર્શ પ્રિયતમાનું સ્થાન પામે છે. પૈસાપાત્ર અચલનો ત્યાગ કરી નિર્ધન પણ ગુણવાન મૂલદેવને સેવતી દેવદત્તાને ગણિકા કોણ કહે ? ગણિકા ધનની પૂજારણ હોય છે, જ્યારે દેવદત્તા ગુણાનુરાગિણી છે. માતાને પ્રસન્ન રાખવા તે અચલનું સ્વાગત તો કરે છે, પણ દિલથી તો મૂલદેવને જ ચાહે છે. આવી ગુણાનુરાગિણી પ્રેમિકા ધનલોલુપ માતાની નિર્ધન મૂલદેવને ત્યજી દેવાની સલાહ ક્યાંથી સ્વીકારે ?

હૃદયથી મૂલદેવને જ ચાહતી હોવા છતાં બાહ્યાચારથી અચલનું પણ તે સ્વાગત કરે છે. તેમાં તેનું સ્ત્રી — સહજ ડરપોકપણું દેખાય છે. માતાને તે સમજાવવા પ્રયત્ન કરે છે પણ તેની સામે બંડ કરી શકતી નથી.

એટલું જ નહીં, પણ પોતાના પ્રિયતમને અચલ પરેશાન કરે છે ત્યારે પણ તેનો વિરોધ કરી શકતી નથી. મૂલદેવ હડધૂત થયા પછી જ રાજાને ફરિયાદ કરવા જવાની તેનામાં હિંમત આવે છે.

દેવદત્તા નૃત્ય—સંગીતમાં પ્રવીણ છે. નૃત્યથી રાજાને પ્રસન્ન કરી વરદાન મેળવે છે. તે કલા પારખુ પણ છે. મૂલદેવના ગીત—સંગીતથી તે તેના તરફ આકર્ષાય છે. દેખાવે ઠીંગુજી હોવા છતાં તેના ગુણોથી આકર્ષાઈ તેને જ પોતાનું સર્વસ્વ માને છે. ગણિકાને ત્યાં જુગારીઓ અને વ્યસનીઓને પ્રોત્સાહન મળતું હોય છે; જ્યારે દેવદત્તા તો પોતાના પ્રિયપાત્રને જુગારના વ્યસનમાંથી મુકત થવા વિનવે છે.

અનેક પુરુષોના સંપર્કમાં આવતી ગણિકા તેમને ઓળખવામાં અને સમજવામાં ચતુર હોય છે. ઠીંગુજી મૂલદેવમાં તેને કોઈ દિવ્ય પુરુષનાં દર્શન થાય છે. વળી શેરડી મોકલવામાં મૂલદેવ પોતાની કલાસૂઝનો પરિચય કરાવશે એવો દૃઢ વિશ્વાસ હોવાને કારણે જ માતા સમક્ષ આવી કસોટીનો પ્રસ્તાવ મૂકે છે.

દેવદત્તા અન્ય ગણિકાની જેમ સૌંદર્યની મૂર્તિમાન દેવી—અને લાવણ્યમયી છે. પણ તે ગણિકા તરીકે ન રહેતાં એક આદર્શ પ્રેયસીનાં દર્શન કરાવે છે.

★

ભાષા-શૈલી

'**मूलदेवकहा**' સ્વતંત્ર કથાગ્રંથ નથી. ઉત્તરાધ્યયન સૂત્રની સુખબોધા ટીકાના એક ભાગરૂપે જ તેનું મહત્ત્વ છે. તે મૂળ વસ્તુની પૂર્તિ અને પ્રશંસા રૂપે છે. મનુષ્યભવ દુર્લભ છે એ સમજાવવા ટીકાકારે આપેલાં અન્ય દૃષ્ટાન્તો જેવું આ એક દૃષ્ટાન્ત છે.

ટીકાની ભાષા જેમ બને તેમ સરળ અને સ્પષ્ટ હોવી જોઈએ અને તો જ તેનો ઉદ્દેશ સિદ્ધ થઈ શકે. એ રીતે સુખબોધા ટીકામાં મળતી બધી કથાઓની પ્રાકૃત ભાષા બહુ સરળ, સ્વાભાવિક અને સુબોધ છે. કેવળ સાહિત્યિક ધોરણે રચાયેલા પ્રાકૃત ગ્રંથોની અપેક્ષાએ આ કથાની ભાષાની સ્વભાવસિદ્ધ નૈસર્ગિકતા માલૂમ પડે છે. આની ભાષાને અર્ધમાગધી નામ આપી શકાય નહીં. આગમોની ભાષા સાથે સામ્ય હોવા છતાં તે અર્ધમાગધી તો નથી જ. હેમચંદ્રાચાર્યે તેમના પ્રાકૃત વ્યાકરણમાં મહારાષ્ટ્રી પ્રાકૃતનાં જે લક્ષણોની ચર્ચા કરી છે તે લક્ષણો ધરાવતી આની ભાષા છે. ભાષા તદ્દન સાદી અને સુમધુર છે. લાંબા સમાસો અને વપરાશમાં ન હોય તેવા શબ્દોનો પ્રયોગ થયો નથી. કોઈ કોઈ જગ્યાએ દેશી શબ્દોનો પ્રયોગ થયો છે, પણ તે ગુજરાતી, મરાઠી અને હિંદી જેવી ભારતીય આર્ય ભાષાઓ સાથે સંબંધ ધરાવે છે.

કથાની શૈલીનું મુખ્ય લક્ષણ સદાગી છે. ટીકામાં સ્થાન પામેલી કોઈપણ કથાની શૈલી એકદમ સરળ હોવી જરૂરી ગણાય. '**मूलदेवकहा**'ની શૈલી પણ સુશ્લિષ્ટ અને પ્રવાહબદ્ધ છે. સમાસબહુલ જટિલ વાક્યોનો ક્યાંય પ્રયોગ નથી. તેમજ અનાવશ્યક અને શબ્દાડંબરદ્યોતક અલંકારોનો ઉપયોગ થયો નથી. સ્પષ્ટાર્થક અને સમુચિત ભાવબોધક નાના નાના વાક્યો દ્વારા ટીકાકારે કથા—વિષય બહુ સારી રીતે વર્ણવ્યો છે. લેખક વિદ્યાના ડોળ કે દંભથી દૂર રહ્યા છે. પરિણામે કથા હૃદયંગમ બની છે. આજ લેખક તેમના

'**महावीरचरियं**' માં પોતાની વિદ્વતા બતાવે છે. તેમાં સાહિત્યિક ગુણ દર્શાવતા સુંદર વર્ણનો, દ્વિઅર્થી શબ્દો અને અલંકારોનો ઉપયોગ જણાય છે. તેમાંનો કેટલોક ભાગ આપણને બાણની કાદમ્બરીની યાદ અપાવે છે.

'**मूलदेवकहा**' મુખ્યત્વે ગદ્યમાં છે. તેમાં જે પદ્યો આવે છે તે સુભાષિત રૂપે જ છે. કેટલાક પદ્યો સંસ્કૃતમાં પણ છે અને એકાદ પદ્ય અપભ્રંશમાં પણ છે. ટીકા ખરી રીતે સરળ હોવી જોઈએ અને જેમ બને તેમ વધુ રસપ્રદ બનવી જોઈએ. લેખકે વર્ણનાત્યક રસને ભોગે ક્યાંય ઉપદેશ આપવા પ્રયત્ન કર્યો નથી.

ટૂંકમાં '**मूलदेवकहा**' ની ભાષા સરળ અને સ્વાભાવિક છે અને શૈલી પ્રવાહી તથા પ્રસાદગુણયુક્ત છે.

★

તત્કાલીન સમાજ

કોઈપણ સાહિત્યિક કૃતિ પોતાના જમાનાનું ચિત્ર રજૂ કર્યા સિવાય રહેતી નથી. સાહિત્યિક કૃતિમાં લેખકના જમાનાનું ચિત્ર કોઈ-વાર સ્પષ્ટ તો કોઈવાર ઝાંખુ પણ વરતાય છે. લેખકનું ધ્યેય તે સમયના સમાજનું ચિત્ર આપવાનું હોતું નથી. છતાં જે વાતાવરણમાં તેનો જન્મ અને ઉછેર થયો હોય તેની અસર તેના વિચારો પર થયા સિવાય રહી શકે નહીં. પરિણામે તેની કોઈપણ કૃતિમાં એક યા બીજી રીતે તે જમાનાની થોડે ઘણે અંશે માહિતી મળે છે.

જૈનાચાર્ય લેખકોનો હેતુ સમાજને માત્ર સાહિત્ય પૂરું પાડવાનો નહીં, પણ કથા સાહિત્ય દ્વારા આમ જનતાને ધર્માભિમુખ કરવાનો રહ્યો છે. તેથી તેમના ધાર્મિક સાહિત્યમાં તે સમયના સમાજનું પ્રતિબિંબ અન્ય સાહિત્યમાં દેખાય છે તેટલે અંશે ન હોઈ શકે. છતાં લેખકનો ઉદ્દેશ ગમે તે હોય પણ તેના વિચારો પ્રદર્શિત કરવામાં સમયની અસર આવ્યા સિવાય રહી શકે નહીં. '**मूलदेवकहा**' એ સુખબોધા ટીકામાંથી લેવાયેલી પ્રાકૃત કથા છે, જેમાં તત્કાલિન સમાજના કેટલાક અંશો નીચે પ્રમાણે જોઈ શકાય છે.

સામાજિક સ્થિતિ

સુખબોધા ટીકા ઈ.સ. ૧૨મી શતાબ્દીમાં (સોલંકી યુગમાં) લખાયેલી છે. તે સમયે લોકો આર્થિક દષ્ટિએ સુખી હોઈ ગીત—સંગીત, નૃત્ય આદિ કળાઓ ગ્રહણ કરવામાં ઉત્સાહી હતા. આવા કલારસિકો પોતાની કલાનું જાહેરમાં પ્રદર્શન કરી લોકોને ખુશ કરી દેતા. કોઈનાથી રંજન ન પામતી દેવદત્તા મૂલદેવના ગાંધર્વ ગીતથી ખુશ થઈ જાય છે અને તેની ઉપર આસકત થાય છે. વીણાવાદક પર પણ તે પ્રશંસાનાં પુષ્પ વેરે છે. મંત્ર—તંત્ર આદિમાં પણ લોકોને વિશ્વાસ હતો. અને આવી સાધનાથી લોકો અંજાઈ જતાં. રાજકુમાર મૂલદેવ મંત્ર—તંત્ર

અને કથાવાર્તાઓથી ખૂબ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. તે મુખમાં ગોળી રાખીને ઠીંગુજીનું રૂપ ધારણ કરે છે. મંત્રથી તે દાસીનાં ખૂંધ પણ મટાડે છે. લોકોને સ્વપ્નશાસ્ત્ર અને નિમિત્તશાસ્ત્રમાં પણ ઘણો વિશ્વાસ હતો. સ્વપ્નશાસ્ત્રના સાચા જાણકાર પંડિતો પણ હતા. સ્વપ્નનું રહસ્ય જાણતો એક પંડિત મૂલદેવને પોતાની પુત્રી પરણાવવાનું નક્કી કરે છે.

સંપન્ન લોકો સુગંધિત પદાર્થોનું સેવન કરતા અને સ્નાન પૂર્વે અંગમર્દન (તેલની માલિશ) કરતા. અંગમર્દન એક વિશેષ કલાસાધના ગણાતી. દેવદત્તા મૂલદેવને સ્નાન કરાવતા પહેલાં અંગમર્દનની વાત કરે છે. અને આ કલા તેને સિદ્ધ છે એમ જાણી ખુશ થાય છે. લોકો જુગારના રસિયા હતા. આ વ્યસનને કારણેજ મૂલદેવને દેશવટો ભોગવવો પડે છે.

ગણિકાઓ નગરની શોભા ગણાતી. રાજા તેમને માનની દૃષ્ટિએ જોતો અને તેમને રાજધાનીમાં રત્ન સમજતો. મુખ્ય નગરમાં પ્રધાન ગણિકાની નિયુક્તિ થતી. પોતાના રૂપ અને લાવણ્યથી ગર્વિષ્ઠ દેવદત્તા ઉજ્જૈની નગરીની પ્રધાન ગણિકા છે. તે સાધારણ પુરુષોથી રંજન પામતી નથી, પણ રાજાને ખુશ કરવા પ્રયત્ન કરે છે. રાજાએ આપેલા વરદાનનો ઉપયોગ કરી તે અચલને શિક્ષા કરાવવામાં પણ સફળ થાય છે; એટલે કે મુખ્ય ગણિકાનો રાજા ઉપર ભારે પ્રભાવ રહેતો.

વણીક લોકો મૂળ ધનની રક્ષા કરતા. સંપન્ન લોકો ગણિકાને એક શોખનું સાધન માનતા. આવા લોકો ધનોપાર્જન માટે ભારે સાહસો પણ ખેડી શકતા. તેઓ દેશાન્તરમાં વ્યાપાર માટે જતા અને વિદેશમાંથી માલ લાવતા. વેપારીઓ રાજ્યકરમાંથી બચવા જાતજાતના ઉપાયો અજમાવતા. આજના સમયમાં લોકો ભેટ—સોગાદો દ્વારા અધિકારીને ખુશ કરી પોતાનું કામ કઢાવી લે છે, તેમ તે સમયે પણ મોટા અધિકારીઓને ભેટ—સોગાદો અને નાનાને લાંચ આપીને દાણચોરી કરવામાં સફળ થતા.

પણ વિચક્ષણ રાજપુરુષો આવી જાળમાં ન ફસાતા. મૂલદેવ (વિક્રમદેવ) ને મણિ—મોતીઓની ભેટ ધરી અચલ ખુશ કરવા પ્રયત્ન કરે છે, પણ તે રાજાની નજરમાંથી બચી શકતો નથી.

રાજકીય સ્થિતિ

મૂલદેવનો આપણને રાજા તરીકેનો પરિચય મળતો નથી; તેમજ કોઈ રાજકીય ઘટના આ કથામાં વર્ણવાઈ નથી. એટલે તેના ઉપરથી રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે નહીં. પણ તે સમયની ઉત્તરાધિકારીની પસંદગીની વિશિષ્ટ પદ્ધતિનો ખ્યાલ આવે છે. ઉત્તરા–ધિકારીનો પ્રશ્ન બહુ જટિલ અને ગંભીર હતો. યથાસંભવ રાજપુત્રોને રાજગાદીનો ઉત્તરાધિકારી બનાવાતો પણ દુર્ભાગ્યવશ પુત્રવિહીન રાજાનું મૃત્યુ થાય તો અન્ય ઉપાયો વિચારવા પડતા. બેન્નાતટના પુત્રવિહીન રાજાનું મૃત્યુ થતાં મંત્રીઓ હાથી, ઘોડો, કળશ, ચામર અને દંડ—આ પાંચ દિવ્ય પદાર્થો લઈને યોગ્ય પુરુષની શોધમાં નીકળે છે. વૃક્ષની છાયામાં બેઠેલા મૂળદેવને જોઈને હાથી ચિત્કાર કરે છે, ઘોડો હણહણે છે, કળશ પાણીથી અભિષેક કરે છે, ચામર તેના મસ્તક ઉપર વીંઝાય છે અને દંડ તેની પાસે જઈને અટકી જાય છે. આ જોઈને મંત્રીઓ જયજયકાર કરે છે. હાથી ઉપર બેસાડી ધામધૂમથી મૂલદેવને લાવવામાં આવે છે અને રાજ્યાભિષેક કરવામાં આવે છે.

★

'मूलदेवकहा' ના કર્તા

'**मूलदेवकहा**' ઉત્તરાધ્યયન સૂત્ર પરની સુખબોધા ટીકામાંથી લેવાયેલી કથા છે. આ ટીકા સૈદ્ધાન્તિક શિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલા નેમિચંદ્રસૂરિએ તેમના ગુરુબંધુ મુનિચંદ્રસૂરિના કહેવાથી અણહિલવાડ પાટણમાં લખી હતી. તેમનું મૂળ અપરનામ દેવેન્દ્રગણિ હતું. આચાર્ય નેમિચંદ્રસૂરિ શ્વેતાંબર પરંપરાના સુવિખ્યાત બૃહદ્ગચ્છના આચાર્ય થઈ ગયા. તેમનો સમય વિક્રમની બારમી શતાબ્દી નિશ્ચિત છે. તેમની નાની મોટી પાંચ રચનાઓમાંની સુખબોધા ટીકા, મહાવીરચરિત્ર અને રત્નચૂડ-ચરિત્રમાં તેમની પરિચાયક પ્રશસ્તિઓ મળે છે. તેમાં રત્નચૂડચરિત્રમાં બાકીની બે કરતાં અધિક માહિતી મળે છે.

પ્રશસ્તિઓમાંથી મળતી માહિતી પ્રમાણે તેમના પૂર્વવતી આચાર્યોનો ક્રમ આ પ્રમાણે છે. ઉદ્યોતનસૂરિના સમકાલીન પાંચ આચાર્યો હતા— યશોદેવસૂરિ, પ્રદ્યુમ્નસૂરિ, માનદેવસૂરિ, દેવસૂરિ અને અજિતદેવસૂરિ. પ્રથમ ચારનાં નામ 'રત્નચૂડચરિત્ર' ની પ્રશસ્તિમાં મળે છે. પાંચમું નામ આખ્યાનકમણિકોશ પરની આમ્રદેવની વૃત્તિ તેમજ આમ્રદેવના શિષ્ય નેમિચંદ્રસૂરિકૃત અનન્તનાથચરિત્રની પ્રશસ્તિમાં મળે છે. આ પાંચે આચાર્યો ઉદ્યોતનસૂરિના સમકાલીન હતા, એમ આગમ પ્રભાકર મુનીશ્રી પુણ્યવિજયજીનું માનવું છે. પાંચમા આચાર્ય અજિતદેવસૂરિના પટ્ટધર આનન્દસૂરિના ત્રણ પટ્ટધર આચાર્યો થઇ ગયા. ૧. આમ્રદેવ ઉપાધ્યાયના શિષ્ય નેમિચંદ્રસૂરિ (સુખબોધા ટીકાના કર્તા), ૨. પ્રદ્યોતન-સૂરિ અને ૩. જિનચંદ્રસૂરિ (આખ્યાનકમણિકોશ વૃત્તિના કર્તા આમ્રદેવસૂરિના ગુરુ). આમ સુખબોધા ટીકા, મહાવીરચરિત્ર અને રત્નચૂડચરિત્રની પ્રશસ્તિઓને આધારે જાણી શકાય છે કે નેમિચંદ્રસૂરિ (દેવેન્દ્રગણિ) ના દિક્ષાગુરુ આમ્રદેવ ઉપાધ્યાય હતા અને આનન્દસૂરીના મુખ્ય પટ્ટધર તરીકે તેમની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ બૃહદ્ગચ્છના પટ્ટધર દેવસૂરિના શિષ્ય નેમિચંદ્રસૂરિના પટ્ટધર, ઉદ્યોતનસૂરિના શિષ્ય આમ્રદેવ

ઉપાધ્યાયના શિષ્ય હતા; જ્યારે અજિતદેવસૂરિના પટ્ટધર આનન્દસૂરિના પટ્ટધર હતા.

નેમિચંદ્રસૂરિએ પોતાના કોઇ શિષ્યનો ઉલ્લેખ કર્યો નથી. એટલે એ બાબતમાં વિશેષ કંઈ જાણી શકાતું નથી. રત્નચૂડચરિત્રની પ્રશસ્તિમાં તેની પ્રથમ પ્રતિના લેખક તરીકે પ્રદ્યુમ્નસૂરિના ધર્મપૌત્ર યશોદેવગણિનું નામ મળે છે. આ યશોદેવગણિ આમ્રદેવના ત્રીજા શિષ્ય હતા. તેમણે ઉતરાધ્યયનવૃત્તિ (સુખબોધા ટીકા) ની પ્રતિલિપિ કરવામાં સહાયરૂપ થનારા સર્વદેવગણિનો ઉલ્લેખ કર્યો છે. પણ આ સર્વદેવગણિ નેમિચંદ્રસૂરિના શિષ્ય હતા એમ માનવા કોઈ આધાર નથી. ઉત્તરાધ્યયન-સૂત્રવૃત્તિ અને મહાવીરચરિત્રની પ્રશસ્તિમાં તેમણે તેમના મોટા ગુરુભાઈ મુનિચંદ્રસૂરિનો ઉલ્લેખ કર્યો છે.

નેમિચંદ્રસૂરિએ નીચે પ્રમાણે પાંચ ગ્રંથોની રચના કરી છે.

૧ **सुखबोधा** (ઉત્તરાધ્યયનસૂત્રવૃત્તિ)

વિ.સ. ૧૧૨૯માં નેમિચંદ્રસૂરિએ અણહિલવાડ પાટણમાં તેમના ગુરુબંધુ મુનિચંદ્રસૂરિના કહેવાથી આ ટીકા લખી હતી. અંતિમ ગાથામાં લેખકે પોતાનું નામ દેવેન્દ્રગણિ આપ્યું છે. પ્રશસ્તિમાં દેવેન્દ્રગણિ અને નેમિચંદ્રસૂરિ એવાં બન્ને નામ મળે છે. સંભવત: આચાર્યપદ મળ્યા પછી નવી લખાતી પ્રતિઓમાં તેમણે પોતાનું નામ નેમિચંદ્રસૂરિ લખાવ્યું હોય અથવા તેમના શિષ્યોએ ભકિતવશ આમ કર્યું હોય. આ ટીકા વાદિવેતાલ તરીકે ઓળખાતા અને થારાપદ્ર ગચ્છના શાંતિસૂરિની ઉત્તરાદયયનસૂત્ર પરની ‘ શિષ્યહિતા ’ અથવા ઉત્તરાધ્યયનસૂત્ર બૃહદ્વૃત્તિ નામની ટીકાને આધારે લખાઈ છે પ્રશસ્તિમાં લેખકે આ વાતનો સ્વીકાર કર્યો છે. ડૉ. જેકોબીને મતે પણ નેમિચંદ્રસૂરિની ટીકા શિષ્યહિતા ટીકાને આધારે છે. આ બન્ને ટીકાઓ સંસ્કૃતમાં લખાઈ છે. પણ તેમાં આવતી કથાઓ પ્રાકૃતમાં છે. તેમાં મળતી પ્રાકૃત કથાઓ પ્રાકૃત કથા સાહિત્યમાં ખૂબ મહત્ત્વની છે.

સુખબોધાની શ્લોક સંખ્યા ૧૨૦૦૦ છે અને પ્રકાશિત થઈ છે. અખિલ ભારતીય શ્વેતાંબર સ્થાનકવાસી જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ, રાજકોટથી ઈ. સ. ૧૯૧૯માં હિન્દી — ગુજરાતી અનુવાદ સહિત એક સંસ્કરણ પણ બહાર પડયું છે.

૨ आख्यानकमणिकोश

પ્રાકૃતભાષામાં મૂળ ગ્રંથની રચના માત્ર બાવન ગાથાઓમાં છે. તેમાં ૧૪૬ આખ્યાનકોનો નિર્દેશ કર્યો છે. આમાં આવતી કથાઓ અન્યકથાગ્રંથોમાં બીજી રીતે પ્રસિદ્ધ હતી. આ કથાઓ ટૂંકમાં હોઈ આ આખ્યાનકો કંઠસ્થ કરવામાં સરળતા રહે છે. આની રચના તેમણે ગણિપદની પ્રાપ્તિ પહેલાં કરેલી. તેથી અંતિમગાથામાં ગ્રંથકારનું નામ **देविंद** લખ્યું છે.

બૃહદ્ગચ્છના જિનચંદ્રસૂરિના શિષ્ય આમ્રદેવસૂરિએ ઈ.સ. ૧૧૩૪માં આની ઉપર વૃત્તિ લખી છે. તેમાં ૪૧ અધિકાર છે અને ૧૪૬ આખ્યાનકો આપવામાં આવ્યાં છે. મૂળ અને ટીકા બન્ને પ્રાકૃતમાં છે. આ પ્રાકૃત કથાઓનો કોશ છે અને પ્રાકૃત કથા સાહિત્યનો એક અમૂલ્ય નિધિ છે.

૩ रयणचूडचरियं

ગણિપદની પ્રાપ્તિ પછી નેમિચંદ્રસૂરીએ '**नायाधम्मकहा**' માં સૂચિત દેવપૂજા આદિના ફળના દષ્ટાંતરૂપે પ્રાકૃતમાં આ કથા લખી છે. ઉત્તરાધ્યયનસૂત્રની વૃત્તિની જેમ આની હસ્તપ્રતોમાં પણ દેવેન્દ્રગણિ અને નેમિચંદ્રસૂરિ એ બન્ને નામોનો ઉલ્લેખ મળે છે.

આ કથા કંડિલપદનિવેશમાં આરંભાઈ અને ચડ્ડાવલીમાં પૂરી થઈ હતી. શ્રી ગૌતમ ગણધર શ્રેણિક રાજાને આ કથા કહી સંભળાવે છે. **रयचूडचरियं** માં લેખકે પોતાની ગુરુ પરંપરા દેવસૂરિથી લઈ ઉદ્યોતનસૂરિ દ્વિતીય સુધી બતાવી છે. પોતે ઉદ્યોતનસૂરિના શિષ્ય ઉપાધ્યાય આમ્રદેવના શિષ્ય હતા.

પ્રાકૃતમાં લખાયેલ આ કથામાં સંસ્કૃતનો પ્રભાવ છે અને તે અનેક સુકિતઓનો ભંડાર છે. લેખકે અનેક સ્થળે ઘણું સ્વાભાવિક ચિત્ર રજૂ કર્યું છે. રત્નચૂડનું ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ભ્રમણ, તેના વિચિત્ર અનુભવો, અનેક સુંદરીઓ સાથેના વિવાહ, તેણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ આદિનું વર્ણન ઘણું રોચક છે. અંતમાં તે રાજધાનીમાં પાછો ફરે છે અને મુનિનો ઉપદેશ સાંભળી ધાર્મિક જીવન વ્યતીત કરે છે.

નેમિચંદ્રસૂરિના ગુરુ ભાઈ જિનચંદ્રસૂરિના શિષ્ય આમ્રદેવસૂરિએ આની ઉપર વૃત્તિ લખી છે.

૪ महावीरचरियं

આ ગ્રંથમાં નેમિચંદ્રસૂરિએ ગદ્ય—પદ્યાત્મક પ્રાકૃત ભાષામાં ભગવાન મહાવીરનું ચરિત્ર પરંપરાને આધારે પણ પોતાની વિશિષ્ટ શૈલીમાં લખ્યું છે. આના છેલ્લા બે શ્લોક પરથી માહિતી મળે છે કે નેમિચંદ્રસૂરિએ અણહિલવાડ પાટણમાં કર્ણ રાજાના રાજ્યકાળ દરમિયાન દોહટ્ટિ શેઠે કરાયેલી વસ્તીમાં રહી વિ. સં. ૧૧૪૧ માં આની રચના કરી હતી.

આગમ પ્રભાકર મુનિશ્રી, પુણ્યવિજયજીના ગુરુ મુનીશ્રી ચતુરવિજયજીએ '**महावीरचरियं**' નું સંપાદન કર્યું છે અને તે આત્માનંદસભા, ભાવનગરથી પ્રકાશિત થયેલ છે.

૫ आत्मबोधकुलक

પ્રાકૃતમાં આર્યા છંદમાં લખાયેલી **आत्मबोधकुलक** કે **धर्मोपदेशकुलक** ૨૨ ગાથાની એક ટૂંકી ધાર્મિક કૃતિ છે. આ કૃતિ વિ.સ. ૧૧૨૯ પહેલાં લખેલી છે. તેથી **आख्यानकमणिकोश** ની જેમ આમાં પણ અંતિમ ગાથામાં **देविंद** પદ મળે છે.

आख्यानकमणिकोश ના વૃત્તિકાર આમ્રદેવસૂરિએ પોતાની પ્રશસ્તિમાં તથા આત્રદેવસૂરિના શિષ્ય નેમિચંદ્રસૂરિએ પોતાના

अनन्तनाथचरित्र ની પ્રશસ્તિમાં આ નેમિચંદ્રસૂરિના અન્યગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. પણ **आत्मबोघकुलक** નો ઉલ્લેખ કર્યો નથી. સંભવ છે કે તેમને આટલી નાની કૃતિ ઉલ્લેખ કરવા યોગ્ય ન લાગી હોય. પણ **आख्यानकमणिकोश** અને **आत्मबोघकुलक** ની અંતિમ-ગાથાઓના ઉતરાર્ધ જોતાં આ બન્નેના કર્તા એક જ છે એમ ચોક્કસ લાગે.

આ ઉપરાંત અન્ય કોઈ ગ્રંથની તેમણે રચના કરી નથી. આ પાંચમાંની બીજી અને પાંચમીની રચના ગણિપદની પ્રાપ્તિ પહેલાં મુનિ અવસ્થામાં (વિ. સં. ૧૧૨૯ પહેલાં) થઈ છે. ઉત્તરાધ્યયનસૂત્રવૃત્તિ અને રત્નચૂડચરિત્રની રચના ગણિપદની પ્રાપ્તિ પછી અને મહાવીરચરિત્રની રચના આચાર્યપદની પ્રાપ્તિ પછી થઈ છે.

प्रवचनसारोद्धार ના કર્તા નેમિચંદ્રસૂરિના ગુરુનું નામ પણ આમ્રદેવ હતું. તેને આધારે આચાર્યશ્રી આનંદસાગરજીએ **प्रवचन—सारोद्धार** ની પ્રસ્તાવનામાં આ નેમિચંદ્રસૂરિને (સુખબોધાના કર્તા) તેના કર્તા માન્યા છે. પણ અહીં આચાર્યશ્રી ની ભૂલ થતી લાગે છે. **सुखबोधा** ના કર્તા નેમિચંદ્રસૂરિ અને **प्रवचनसारोद्धार** ના કર્તા નેમિચંદ્રસૂરિ બન્ને ભિન્ન છે. પ્રથમના દાદાગુરુનું નામ ઉદ્યોતનસૂરિ હતું; જ્યારે દ્વિતીયના દાદાગુરુનું નામ જિનચંદ્ર હતું. વળી પ્રથમ નેમિચંદ્ર બૃહદ્‌ગચ્છના હતા; જ્યારે દ્વિતીયના ગચ્છનું નામ સ્પષ્ટ રીતે જણાવ્યું નથી. જુદા જુદા સમયમાં નેમિચંદ્રસૂરિ નામના અનેક આચાર્યો થઈ ગયા છે. પણ આપણા લેખક તેમના બૃહદ્‌ગચ્છથી સહેલાઈથી ઓળખી શકાય છે, તેમનું બીજું નામ દેવેન્દ્રગણિ હતું અને સૈદ્ધાન્તિક શિરોમણિ તરીકે ઓળખાયા છે.

★

શ્રી શ્રીપાળકથા

કથાસાર

'**सिरिसिरिवालकहा**' એ શ્રી શ્રીપાળના પરાક્રમ અને તેની સિદ્ધિઓને આવરી લેતું કથાકાવ્ય છે. સિદ્ધચક્રના મહિમાદર્શન માટે આ કાવ્યની રચના કરવામાં આવી છે. કાવ્યની પ્રથમ ગાથામાં જ કવિએ પોતાનો ઉદ્દેશ્ય જણાવ્યો છે અને ૨૩ મી ગાથામાં નવપદની ગણના કરવામાં આવી છે. ત્યાર પછીની નવ ગાથાઓમાં આ નવપદોની સમજૂતી આપવામાં આવી છે. ગાથા ૧૯૧—૧૯૫ માં નવપદની પ્રશંસા કરવામાં આવી છે. ત્યાર બાદ તેની આરાધનાની યોગ્ય વિધિ બતાવવામાં આવી છે. જે નવપદોની આરાધના કરે છે, તે સુખી થાય છે; અને અવગણના કરે છે તે દુ:ખી થાય છે. એ વાત શ્રી શ્રીપાળના ચરિત્ર પરથી સ્પષ્ટ થાય છે.

આ કથાકાવ્યમાં ૧૩૪૨ ગાથાઓ છે. તેમાંની ૧—૧૫૪ સુધીની ગાથાઓમાં રાજા પ્રજાપાલનું વૃત્તાન્ત અને તેની બન્ને પુત્રીઓના લગ્નની વાત આવી જાય છે. શ્રી શ્રીપાળનું પૂર્વજીવન, તેનું કુષ્ટરોગમાં સપડાવું, તેમાંથી મુક્ત થવા શ્રીપાળ અને મયણાએ નવપદની કરેલી આરાધના, કુષ્ટરોગમાંથી મુક્ત થયા પછી શ્રીપાળે કરેલાં સાહસિક કાર્યો વગેરેનો અહેવાલ પછીની ગાથાઓમાંથી મળે છે. કાવ્યને સમજવા આખી કથાનો સારાંશ જાણવો આવશ્યક છે. તેથી આખી કથાનો ટૂંકસાર ક્રમપૂર્વક અહીં આપવામાં આવ્યો છે.

શ્રીપાળ અંગદેશમાં ચંપા નગરના સિંહરથ રાજાનો પુત્ર હતો. તેને બાળક મૂકીને જ તેના પિતા નિર્વાણ પામેલા. તેની માતા કમલપ્રભા કોંકણના રાજાની નાની બહેન થતી હતી. શ્રીપાલ તેમનો એકનો એક પુત્ર હોઈ તેમની રાજ્યલક્ષ્મીનો તારણહાર હતો અને તેથી તેનું નામ શ્રીપાલ (લક્ષ્મીનું પાલન કરનાર) પાડવામાં આવ્યું. સિંહરથ રાજાના

મૃત્યુ પછી તેના વફાદાર મંત્રી મતિસાગરે રાજ્યનો વહીવટ સંભાળ્યો. થોડા વખત પછી તેના કાકા અજિતસેને કાવતરું યોજ્યું. રાજ્યવહીવટમાં તડ પાડી અને ગાદી પચાવી પાડી. તે રાજકુંવરને મારી નાંખવા ચાહતો હતો. પરન્તુ પ્રધાને રાણીને યોગ્ય સમયે ચેતવી અને શ્રીપાલને લઈને ભાગી જવાની સલાહ આપી. કમલપ્રભા કુમારને લઈને રાત્રીના પાછલા ભાગમાં, કોઈને પણ ગંધ ન આવે તે રીતે, નાસી છૂટી. રસ્તામાં તેને કુષ્ઠ રોગીઓના ટોળામાં જોડાવું પડયું. દયા અને મમતાથી તે પતિયાઓએ તેમને અજિતસેનના સૈનિકોથી બચાવ્યા. પરન્તુ કર્મદોષથી તે શ્રીપાલ કુષ્ઠરોગમાં ફસાયો. તેને પડોશીની દેખભાળ નીચે મૂકીને કમલપ્રભા સમર્થ વૈદ્યની શોધમાં કોસાંબી ગઈ. તે દરમિયાન તે પતિયાઓએ તે કુંવરને ફરીથી જોયો અને પોતાના વડા તરીકે સ્વીકાર્યો. રાણીને તો યાત્રાએ ગયેલા વૈદ્યની પ્રતીક્ષા કરતાં લાંબો સમય કોસાંબીમાં રહેવું પડયું.

માળવામાં ઉજ્જૈની નામે સુંદર નગર હતું. નામ અને ગુણ પ્રમાણે ત્યાં પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાણીઓ હતી. તે પૈકી એકનું નામ સૌભાગ્યસુંદરી અને બીજીનુ નામ રૂપસુંદરી હતું. પ્રથમ શૈવમતમાં શ્રાદ્ધાળુ હતી, તો બીજી જૈન મતાનુયાયી હતી. સૌભાગ્યસુંદરીને સુરસુંદરી નામે; જ્યારે રૂપસુંદરી ને મયણાસુંદરી નામે પુત્રી હતી. તેમને બન્નેને અનુક્રમે શૈવ ધર્મગુરુ શિવભૂતિ અને જૈન સુરિ સુબુદ્ધિને શિક્ષણ માટે સોંપવામાં આવી. બન્ને વિવિધ કળાઓ શીખી અને પોતપોતાના ધર્મમાં વિદુષી બની. ધીમે ધીમે તેમણે યુવાનીમાં પગરણ માંડયાં.

એક વખત રાજા પ્રજાપાલે તેમને બન્નેને દરબારમાં બોલાવી અને તેમની શકિતનો કયાસ કાઢવા માટે શ્લોકનું એક ચરણ આપ્યું કે જેનાં બાકીનાં ત્રણ ચરણ ઉમેરી સમસ્યાપૂર્તિ કરવાની હતી. પોતપોતાની માન્યતા અને સ્વભાવ પ્રમાણે તેમણે બન્નેએ સમસ્યા ઉકેલી.

સુરસુંદરીએ પોતાના સુખ માટે રાજાની ખુશામત કરી, જ્યારે મયણાસુંદરીએ પોતાના કર્મોને જ ચડતી પડતી માટે જવાબદાર ગણ્યાં. રાજા પ્રજાપાળ મયણાસુંદરી ઉપર ખૂબ ગુસ્સે થયો અને તેના વિચારો બદલાવવા પ્રયત્નો કર્યા. પરંતુ તેણે દાદ ન જ આપી. તેથી રાજાએ પોતાની કૃપા દર્શાવવા સુરસુંદરીનો તેના મનપસંદ સુંદર રાજકુંવર સાથે વિવાહ કર્યો, જ્યારે મયણાને, જો તે પોતાના સુખ માટે પિતાની શકિતને નહીં સ્વીકારે, તો ખરાબ ફળ ભોગવવું પડશે એવી ધમકી આપી. પણ મયણાને તો પોતાના કર્મોમાં જ વિશ્વાસ હતો.

આજ સમયે પેલા કોઢીઆઓએ ઉમ્બર નામથી ઓળખાતા પોતાના નાયક શ્રીપાલને લઈને ઉજ્જૈની નગરીમાં પ્રવેશ કર્યો અને પોતાના નાયક માટે ભેટ તરીકે કન્યાની માગણી કરી. રાજાએ દ્વેષથી મયણાને તે ઉમ્બર રાણા સાથે પરણાવવાનો વિચાર કર્યો. ઉમ્બરે આવી સુંદર કુંવરીની જિંદગી ન બગાડવાનું જણાવ્યું. તે મયણા સાથે લગ્ન કરવાની આનાકાની કરતો હતો, તેટલામાં એક અજ્ઞાંકિત પુત્રી તરીકે મયણાએ તેને પોતાના પતિ તરીકે સ્વીકાર્યો.

મયણા અને શ્રીપાળ ભકિતપૂર્વક મુનિના દર્શને ગયાં. મુનિએ નવ આમ્બિલ અને નવપદની આરાધના કરવાની સૂચના આપી. તે પ્રમાણે કરતાં ઉંબર સંપૂર્ણપણે રોગમુકત થયો અને તેનું શરીર સુવર્ણમય કાન્તિવાળું થયું. મયણાના હર્ષની કોઈ સીમા ન રહી. કમળપ્રભાને આ વાતની જાણ થતાં તે ઉજ્જૈની પાછી આવી. ત્રણે સુખપૂર્વક રહેવા લાગ્યાં.

આ સમય દરમિયાન મયણાસુંદરીની માતા રૂપસુંદરી રાજા પર ગુસ્સે થઇ પોતાના ભાઈ પાસે ચાલી ગઈ. એકવાર તેણે મયણા, તેના પતિ તથા એની સાસુને દેરાસરમાં જોયાં. આથી તેને તેના ચારિત્ર પર વહેમ પડયો; કારણ કે તેને ખબર જ ન હતી કે ઉમ્બર કુષ્ઠ રોગમાંથી મુકત થયો હતો. મયણાને આનો ખ્યાલ આવી ગયો અને

તેણે આખીય વાત બહુ સંતોષકારક રીતે કહી બતાવી. પછી તે બધાં તેના ભાઈના પ્રાસાદે ગયાં. રૂપસુંદરીના પૂછવાથી કમળપ્રભાએ પોતાની વીતકકથા કહી સંભળાવી અને પોતાના કુટુંબનો પરિચય કરાવ્યો. આથી રૂપસુંદરી આવો સુંદર અને શૂરવીર રાજપુત્ર જમાઈ તરીકે મળ્યો જાણી ઘણી ખુશ થઈ.

એક દિવસ જ્યારે રાજા પ્રજાપાળ ત્યાંથી પસાર થતો હતો, ત્યારે તેણે ઊંચે જોયું, તો બારીમાં મયણા અને રાજકુમાર બેઠેલાં નજરે પડયાં. તે પોતે ઉંબરની રોગમુક્તિ વિષે કંઈ જાણતો ન હતો. તેથી તેને મનમાં ઘણો વિષાદ થયો. પરન્તુ તેના સાળા પુણ્યપાળે તેને બધી હકીકત કહી સંભળાવી. આ સમયે રાજાને પોતાની ક્રૂરતાનો પસ્તાવો થયો અને પુત્રી સમક્ષ પોતાની દિલગીરી જાહેર કરી તેની માફી માગી. મયણાસુંદરીએ તો જાહેર કર્યું કે તેમાં તેના પિતાનો દોષ ન હતો, પરન્તુ પોતાના પૂર્વકર્મનો દોષ હતો. સુખની જેમ દુ:ખની બાબતમાં પણ માતાપિતા તો નિમિત્ત માત્ર જ હતાં. પછી રાજા પુત્રી તથા જમાઈને સરઘસાકારે પોતાના મહેલમાં લઈ ગયો.

એક દિવસ શ્રીપાળ ઘોડે બેસી ફરવા જતો હતો ત્યારે કોઈએ કહ્યું કે, રાજાનો જમાઈ જાય છે. શ્રીપાળે વિચાર કર્યો, " જે પોતાના ગુણથી ઓળખાય તે ઉત્તમ પુરુષ, પિતાના ગુણથી ઓળખાય તે મધ્યમ, મામાને કારણે મશહૂર થાય તે અધમ અને સસરાના નામથી જે ખ્યાતિ પામે તે અધમાધમ ગણાય. માટે મારે સસરાના ગામમાં રહેવું ન જોઈએ. પરદેશ જઈ ધન કમાઈશ અને રાજ્ય પાછું મેળવીશ. " તે પોતાની પત્ની અને માતાની રજા લઈ પરદેશ જવા નીકળ્યો.

શ્રીપાળ ગામ, નગર અને નદીનાળાં પાર કરતો કરતો એક પર્વત પાસે પહોંચ્યો. ત્યાં જંગલમાં એક માણસ વિદ્યાની સાધના કરતો હતો. તેને એક સહાયકની જરૂર હતી શ્રીપાળ ત્યાં રોકાયો. વિદ્યાની સિદ્ધિ પછી તે સાધકે શ્રીપાળને બે વિદ્યાઓ આપી. એક વિદ્યાના પ્રભાવથી

માણસ પાણીમાં ન ડૂબે અને બીજીના પ્રભાવથી કોઈ હથિયારથી માણસ ઘાયલ ન થાય. શ્રીપાળ આ બન્ને વિદ્યાઓ લઈ આગળ વધ્યો અને ભરુચ પહોંચ્યો. ત્યાં ધવલ નામે એક મોટો વ્યાપારી પાંચસો વહાણ સાથે વિદેશ જવા ઉપડવાની તૈયારીમાં હતો. દેશ—વિદેશમાં પરિભ્રમણ કરવાની શ્રીપાળની ઈચ્છા હતી. તેથી તેણે દર માસે એક સોનામહોર ભાડું આપવાનું સ્વીકારી તેની સાથે જવાનું નક્કી કર્યું.

આગળ જતાં બર્બરકોટ નામે બંદર આવ્યું. ત્યાં સર્વ કાફલો રોકાયો. રાજ્યને દાણ આપવાનો ઈન્કાર કરતાં રાજાના સિપાઈઓએ ધવલ શેઠને પકડીને એક ઝાડની ડાળીએ ઊંધે માથે લટકાવ્યો. શ્રીપાળથી આ સહન ન થતાં તેણે લશ્કરનો સામનો કર્યો અને ધવલ શેઠને છોડાવ્યો. પોતાનું જીવન બચી જતાં ધવલ શેઠે ખુશ થઈ શ્રીપાળને અર્ધાં વહાણ ભેટ આપ્યાં. બર્બરકોટના રાજાને શ્રીપાળના આ પરાક્રમના સમાચાર મળતાં તેનો સત્કાર કર્યો અને પોતાની કન્યા તેને પરણાવી.

બર્બરકોટથી તેઓ રત્નદ્વીપ તરફ આગળ વધ્યા રત્નદ્વીપ પહોંચી ધવલ શેઠ તેનાં તથા શ્રીપાળનાં વહાણ વેચવામાં અને નવો માલ ખરીદવામાં રોકાયો; જ્યારે શ્રીપાળ તે પ્રદેશમાં ચારે બાજુએ ફરવા લાગ્યો. નગરની બાજુમાં એક પર્વત હતો. પર્વત પર એક મંદિર હતું. આ મંદિરનો દરવાજો બંધ થઈ ગયો હતો અને કોઈનાથી ખુલતો ન હતો. જેનાથી દરવાજો ખૂલે તેને પોતાની કન્યા પરણાવવાનો ત્યાંના રાજાએ નિર્ણય કર્યો હતો. શ્રીપાળથી આ દરવાજો ખૂલી ગયો. રાજાએ પોતાની પુત્રી શ્રીપાળ સાથે પરણાવી.

ધવલ શેઠે પોતાનો તથા શ્રીપાળનો માલ વેચ્યો અને નવો માલ ખરીદી વહાણ ભરી સ્વદેશ આવવા નીકળ્યા. શ્રીપાળ પોતાની બન્ને પત્નીઓ સાથે વહાણના અગ્ર ભાગ પર બેઠો હતો. ખાલી હાથે આવેલા શ્રીપાળને મોટી સંપત્તિ અને બબ્બે સુંદરીઓનો સ્વામી થયેલો જોઈને ધવલ શેઠને તેની ઈર્ષા થવા લાગી. તેણે શ્રીપાળને દરિયામાં

ધક્કો માર્યો. જલતરણી વિદ્યાના પ્રતાપે તે તરતો તરતો કોંકણને કિનારે પહોંચ્યો. ખૂબ થાકી જવાથી કિનારા પરના ચંપાના એક વૃક્ષ નીચે બેઠો.

કોંકણ દેશના રાજાની કન્યા માટે તેના પતિ તરીકે અમુક ચોક્કસ દિવસે સમુદ્ર કિનારે એક પ્રતાપી પુરુષ મળશે એવું જ્યોતિષીનું કથન હતું. સિપાઈઓ શ્રીપાળને રાજમહેલે લઈ ગયા. રાજાએ પોતાની કન્યા પરણાવી.

શ્રીપાળને સમુદ્રમાં ધક્કો મારી ધવલે તેની બન્ને પત્નીઓનું શીલ લૂંટવા પ્રયત્ન કર્યો, પણ તેમાં સફળ ન થઈ શક્યો. ધવલ શેઠનું વહાણ પણ કોંકણ દેશને કિનારે પહોંચ્યું. ભેટ—સોગાદ લઈ રાજાને મળવા ગયો. ત્યાં શ્રીપાળને જોઈને તેને આશ્ચર્ય થયું. તેને જીવતો જોઈને બીજી કોઈ યુક્તિ વિચારવાનું નક્કી કર્યું. શ્રીપાળ હલકા કુળનો છે, એવું સિદ્ધ કરવા પ્રપંચ રચ્યો. પરંન્તુ છેવટે પાપનો ઘડો ફૂટી ગયો. રાજાએ ધવલને પ્રાણદંડની શિક્ષા કરી. ધવલ પોતાનો આશ્રયદાતા હોઈ શ્રીપાળે તેને છોડાવ્યો અને પોતાને ત્યાં લાવી મહેમાન તરીકે રાખ્યો. શ્રીપાળે ધવલ શેઠ પર મોટો ઉપકાર કર્યો. પણ ધવલ શેઠના દિલમાં ઝેર ભરેલું હતું. તે તો શ્રીપાળને દુશ્મન માનતો હતો. એક પાલનૂ ઘો લાવી તે શ્રીપાળના મહેલમાં ચઢયો. પણ આખરે તે પ્રપંચીને તેના કર્મોનો બદલો મળ્યો. તેના જીવનનો કરુણ અંત આવ્યો.

આમ શ્રીપાળને બર્બરકોટ, રત્નદ્વીપ અને કોંકણના રાજાઓની કન્યાઓ લગ્નમાં મળી. આગળ જતાં એકને વીણા વગાડીને જીતી લીધી, એકને સ્વયંવરમાં જીતી, એકને દોહાની પૂર્તિ કરીને જીતી, એકને ઝેરી સાપથી બચાવીને જીતી અને એકને રાધાવેધ સાધીને જીતી. આમ પરદેશમાં આઠ કન્યાઓ પ્રાપ્ત કરી તથા ખૂબ ધન કમાઈને મોટી સેના સાથે તે ઉજ્જૈની પહોંચ્યો અને પોતાના કુટુંબ સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો. ત્યાં એકવાર નાટકમંડળી આવી. બધા પાત્રો પોતપોતાનો

પાઠ બરાબર ભજવતાં હતાં, પણ એક નટી અસ્વસ્થ હતી. આ નટી બીજું કોઈ નહીં પણ રાજા પ્રજાપાલની પુત્રી સુરસુંદરી હતી. લગ્ન પછી પોતાના દેશમાં જતાં રસ્તામાં જંગલમાં ડાકૂઓએ તેના પતિને મારી નાખ્યો અને સુરસુંદરીને પકડીને વેચી દીધી. રાજા પ્રજાપાલને આપ-કમાઈ અને બાપકમાઈની કસોટી થઈ ગઈ.

શ્રીપાળે પોતાનું રાજ્ય પાછું મેળવવા મોટી સેના એકઠી કરી. રાજ્ય પરત કરવાની શ્રીપાળની વિનંતિ અજિતસેને ઠુકરાવી દેતાં બન્ને વચ્ચે ભારે યુદ્ધ થયું. અજિતસેન હાર્યો. શ્રીપાળે તેને માફ કરી રાજ્યમાં મોટો હોદ્દો આપ્યો. વખત જતાં અજિતસેનને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લઈ લીધી.

આમ નવપદની શ્રદ્ધાપૂર્વક આરાધના કરવાથી શ્રીપાળ સર્વ દુઃખોમાંથી મુકત થયો અને પોતાની રિદ્ધિ—સિદ્ધિ પ્રાપ્ત કરી. સાચા દિલથી નવપદની આરાધના કરનાર શ્રીપાળ જેવા મહાપુરુષોને ધન્ય છે.

કાવ્યનો મધ્યવર્તી વિચાર

'**सिरिसिरिवालकहा**' એ એક કથાકાવ્ય છે. શ્રીપાળ રાજાની સિદ્ધિઓ અને તેના સાહસોને આવરી લેતું આ કાવ્ય નવપદની આરાધનાથી થતા લાભની ચર્ચા કરે છે. દરેક ધર્મમાં આવી વાર્તાઓ પ્રચાર માટે જ લખાય છે. સમજવામાં મુશ્કેલ એવા સૈદ્ધાન્તિક ગ્રંથો કરતાં આવી વાર્તાઓ વધુ લોકપ્રિય બને છે; કારણકે તે ગ્રંથોમાં તો માત્ર સિદ્ધાન્તની જ વાત હોય છે, જ્યારે આવી વાર્તાઓમાં ધર્મના સિદ્ધાન્તો સમજાવવા મહાપુરુષના જીવનનો વૃત્તાન્ત સુંદર અને રસપ્રદ શૈલીમાં રજુ કરવામાં આવ્યો હોય છે.

મુખ્યત્વે સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવા આ કથાકાવ્ય લખાયું છે. સાથે સાથે અન્ય ધાર્મિક સિદ્ધાન્તો પણ લેખક જુદા જુદા પાત્રો

અને તેમના સંવોદો દ્વારા રજુ કરે છે. લેખક પહેલી ગાથામાં આ કાવ્ય લખવામાં તેમનો હેતુ સ્પષ્ટ જણાવે છે.

अरिहाइनवपयाइं झाइत्ता हिअयकमलमज्झम्मि ।
सिरिसिद्धचक्कमाहप्पमुत्तमं किं पि जंपेमि ॥

(૧) આયંબિલ તપ અને ચિત્તની નિર્મળ વૃત્તિ અથવા ભાવ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે; કારણ કે દાન, શીલ, તપ, અને ભાવ એ ચતુર્વિધ ધર્મમાં ભાવ સૌથી વધારે મહત્ત્વનો છે. ભાવ એટલે ચિત્તની શુદ્ધિ, ભાવ વગર દાન સિદ્ધિનું સાધન ન બની શકે. શીલ પણ ભાવ વગર નિષ્ફળ જાય છે. ભાવ વિના તપ પણ ભવના વિસ્તારનું કારણ બને છે. ભાવ ચિત્તનો વિષય છે એટલે તેના નિયમન માટે ધ્યાનની જરૂર છે. આમ છેવટે ધ્યાનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

(૨) કર્મસિદ્ધાન્ત પણ તેટલી જ સ્પષ્ટતાથી રજુ કરવામાં આવ્યો છે. મયણા પોતાના સુખદુ:ખ માટે માતાપિતાને નહીં પણ પોતાના કર્મોને જવાબદાર ગણે છે. લગ્ન જેવી બાબતમાં પણ કર્મોને લીધે જ સંબંધ નિશ્ચિત થયેલો હોય છે. રાજા શ્રીપાળ પોતાને જે રોગ થયો છે તે માટે પોતાના પૂર્વકર્મને જ જવાબદાર ગણે છે, અને મયણા સાથે લગ્ન કરી બીજા દુષ્કૃત્યો આચરવા તૈયાર નથી.

(૩) આ કાવ્યમાં કર્મ સિદ્ધાન્તની ચર્ચા છે. પણ લેખકનો મુખ્ય હેતુ તો સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવાનો જ છે. મયણા કુષ્ઠરોગથી પીડાતા શ્રીપાળ સાથે લગ્ન કરે છે અને તેને પોતાના કર્મના આશીર્વાદરૂપ માને છે. શ્રદ્ધાપૂર્વક નવપદની આરાધનાથી તે પોતાના પતિને રોગમુક્ત કરે છે. પિતાની પણ દઢ પ્રીતિ થાય છે. પતિનું રાજ્ય પાછું મળે છે. આમ અંતે સુખનું સામ્રાજ્ય વ્યાપે છે. આ સુખનું મુખ્ય કારણ નવપદની આરાધના છે. આ રીતે શ્રીપાળના દૃષ્ટાંતથી કવિ સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવામાં સફળ થયા છે. કાવ્યનું કેન્દ્ર નવપદ છે અને એ કેન્દ્ર ઉપર પાત્રોનું આલેખન થયું છે.

નવપદનું માહાત્મ્ય

જૈન ધર્મ માને છે કે મનુષ્યમાત્રને આપબળે સર્વ કર્મનો ક્ષય થવાથી મુક્તિ મળે છે. એ માટે ચિત્તની શુદ્ધિ જરૂરી છે. ચિત્ત–શુદ્ધિ માટે વીતરાગી આત્માની ઉપાસનાની જરૂર છે. સમગ્ર દુઃખોના કારક રાગદ્વેષને દૂર કરવા સારું રાગદ્વેષ રહિત પરમાત્માનું અવલંબન લેવું પરમ ઉપયોગી અને આવશ્યક છે. દેવ, ગુરુ અને ધર્મ એ રાગદ્વેષરહિત પરમાત્માની નજીક લઈ જાય છે અને તેથી આ ત્રણથી બનતા નવપદ કે સિદ્ધચક્રની જૈનો આરાધના કરે છે. પંચ પરમેષ્ઠી (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ) તથા ચતુર્વિધ ધર્મ (સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ) થી બનતા નવપદનું ચૈત્ર અને આસો માસમાં જૈનો આરાધના કરે છે. પંચપરમેષ્ઠી એ જૈન ધર્મના જુદા જુદા સિદ્ધાન્તો—જીવવિચાર, કર્મસિદ્ધાંત, સ્યાદ્વાદ, વગેરેના પ્રવર્તક અને પ્રચારક ગણાય છે. યોગ્ય રીતે સમજીને તેમની આરાધના કરવાથી જીવની મુકિત થાય છે. તેથી આત્મકલ્યાણ માટે માણસે ધાર્મિકવિધિ પ્રમાણે આયંબિલ ઉપવાસ કરીને નિર્મળ મનથી નવપદની આરાધના કરવી જરૂરી છે. આમ કરવાથી કોઈ પણ જાતના રોગ ન થાય, થયા હોય તો તેમાથી મુક્ત થવાય અને બીજી કોઈ આપત્તિ પણ ન આવે. આ છે નવપદનું માહાત્મ્ય.

આ નવપદની આરાધના એટલે દેવ, ગુરુ અને ધર્મ (એ ત્રણ તત્ત્વને)ને સાચા સ્વરૂપમાં ઓળખવા. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાદયાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ નવપદ છે. આ નવપદનું સિદ્ધચક્ર બને છે. અરિહંત અને સિદ્ધ એ ભકિત અથવા દેવના પ્રતીક છે. અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ પોતાના સ્વચ્છ અન્તઃકરણમાં યથાર્થરૂપે કલ્પીને એના માનસિક સાનિધ્યમાં આવવાથી માણસને

પ્રેરણા અને બળ મળે છે. સાનિધ્યથી ચિત્તનો ભાવ વધે છે અને શુધ્ધિકરણ થાય છે. તેથી માણસનું મોહાવરણ હટતું જાય છે.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ગુરુ અથવા જ્ઞાનના પ્રતીક છે. દેવત્વને પ્રકટાવવું એ માણસનો આદર્શ છે. ગુરુ આ આદર્શની ઓળખાણ કરાવે છે, વીતરાગ શું એ સમજાવે છે અને એ સ્થિતિએ પહોંચવા માટે સંસારી જીવોએ કયો માર્ગ આચરવા જેવો છે, એ યોગ્ય રીતે બતાવે છે.

જ્ઞાન દર્શન, ચારિત્ર અને તપ એ ચતુર્વિધ ધર્મ છે, એટલે એ ધર્મ અથવા કર્મના પ્રતીક છે. અશુદ્ધ દશા દૂર કરી શુદ્ધ દશા જે માર્ગે પામી શકાય તે માર્ગનું નામ ધર્મ છે. ધર્મ એટલે કર્તવ્ય માર્ગે ચાલવું (Religious duty) તે, અર્થાત્ વિકાસગામી કર્તવ્યસાધના.

આમ નવપદ એટલે દેવ, ગુરુ અને ધર્મ. દેવ ગુરુ અને ધર્મ એટલે જ્ઞાન, ભકિત અને કર્મ. વીતરાગ વિષેનું અને આત્મકલ્યાણ સાધવાનું સાચું જ્ઞાન હોવું તે જ્ઞાન, તેનું શરણ સ્વીકારી વીતરાગે બતાવેલા સન્માર્ગના પૂજક બનવું તે દર્શન અથવા ભકિત. સન્માર્ગ ઉપર ચાલવું તે કર્મ.

ટૂંકમાં દેવ, ગુરુ અને ધર્મથી બનતા નવપદના સહારાથી જીવ આત્મકલ્યાણ સાધી શકે છે. નવપદ અથવા સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવું એ **'सिरिसिरिवालकहा'** નો મુખ્ય વિષય છે. શ્રીપાળનું વૃત્તાન્ત નહીં, પણ નવપદની આરાધનાથી શ્રીપાળનું રોગ મુકત થવું તે મહત્ત્વનું છે. શ્રીપાળ કુષ્ઠ રોગમાંથી મુકત થાય છે એમ બતાવી કવિએ પ્રથમ ગાથામાં દર્શાવ્યા પ્રમાણે સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવ્યું છે. ગૌતમ સ્વામીએ ગાથા ૧૬ થી ૨૯ માં બતાવ્યું છે કે જગતનાં દુઃખ દૂર કરવા નવપદની આરાધના એ જ એક સાચો ઉપાય છે. તે જૈનધર્મનો મુખ્ય સાર છે.

કાવ્યનું શીર્ષક

કોઈ પણ કૃતિ માટે તેનું શીર્ષક ઘણું મહત્ત્વનું છે. તેની સામગ્રીને અનુરૂપ અને આકર્ષક શીર્ષક વાચકનું ધ્યાન ખેંચી શકે છે. એ શીર્ષક જોઈને જ તે કૃતિ વાંચવા સહુ પ્રેરાય છે. '**सिरिसिरिवाल कहा**' શીર્ષક પણ કંઈક ધ્યાન ખેંચે તેવું છે. આ કાવ્યનો હેતુ સિદ્ધચક્રનો મહિમા બતાવવાનો છે. તેથી તેને '**सिद्धचक्कमाहप्प**' પણ કહી શકાય. કાવ્યમાં શ્રીપાળનું જીવન ચોક્કસ મળે છે, પરંતુ તેનું જીવન સિદ્ધચક્રના માહાત્મ્યના માત્ર દૃષ્ટાંતરૂપે છે. કવિ પહેલી ગાથામાં એમ જણાવતા નથી કે તે '**सिरिसिरिवालकहा**' લખે છે; પરન્તુ તે તો '**सिद्धचक्क**'ના માહાત્મ્ય વિષે જ કહે છે. આ રીતે જોઈએ તો '**सिद्धचक्कमाहप्प**' કંઈક યોગ્ય શીર્ષક લાગે છે. પરન્તુ પાત્રને આધારે નામકરણ કરવાથી શીર્ષક વધારે આકર્ષક લાગે અને સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવા શ્રીપાળની કથાનો આશરો લેવાયો છે. વળી જે શીર્ષક ઉપરથી કૃતિની સામગ્રીનો ખ્યાલ ન આવે તે શીર્ષક યોગ્ય ન ગણાય. આ રીતે જોતાં પાત્રને મહત્ત્વ આપવામાં કવિએ ઔચિત્ય દાખવ્યું છે.

પણ જો પાત્રને મહત્ત્વ આપવું હોય તો '**सिरिसिरिवालकहा**' કરતાં '**मयणासुंदरीकहा**' શીર્ષક વધારે યોગ્ય લાગે; કારણ કે સિદ્ધ-ચક્રની આરાધના કરનાર તો મયણા છે અને સિદ્ધચક્રની આરાધનાથી શ્રીપાળનો કુષ્ઠરોગ દૂર થાય છે. દિગંબરોમાં પણ આ કથા '**मयणा-सुंदरीकहा**' તરીકે જાણીતી છે. એજ વસ્તુ અને એ જ નામધારી નાટક પંજાબમાં ભજવાયેલું છે. આપણા ગુજરાતના કવિરાજ અને નાટ્યાચાર્ય શ્રી ડાહ્યાભાઈ ધોળશાજીએ આ જ વસ્તુ લઈને વીણાવેલીનું નાટક બનાવેલું અને ભજવેલું છે. છતાં આવું શીર્ષક ન આપવામાં આપણા કવિએ ઔચિત્ય દાખવ્યું છે. મયણા સુંદરી મહાન છે, પણ તે એક ભારતીય આર્યનારી છે. રૂપ, સત્યપ્રિયતા, વિવેક, વિનય, શીલ

માધુર્ય, સ્વાર્થત્યાગ વગેરે ગુણોથી તે શોભે છે. પરંતુ ભારતીય નારીને મન તો પતિ મહાન છે; તે પતિમાં જ સમાઈ જાય છે. પતિથી આગવું વ્યકિતત્ત્વ તેને હોતું નથી. પતિની મહાનતા એ જ તેની મહાનતા છે. મહાન લાગતી મયણાસુંદરી શ્રીપાળને લીધે જ મહાન છે. આ રીતે જોતાં આ શીર્ષક યોગ્ય જ ગણાય.

પાત્રાલેખન

'सिरिसिरिवालकहा' એક ધર્મકથા છે અને કથાની પરિપૂર્તિ માટે દષ્ટાંતરૂપે પાત્રોનો વિકાસ થયો છે. તેની પાત્રસૃષ્ટિ વૈવિધ્યભરી છે. રાજમહેલ અને તેની સાથે સંકળાયેલ વ્યકિતવિશેષો—રાજારાણી, સાધુઓ અને નીચલા થરમાંથી લીધેલા રોગીઓને કવિએ પાત્રો તરીકે પસંદ કર્યાં છે.

રાજા શ્રીપાળ

'सिरिसिरिवालकहा' માં શ્રીપાળ શરૂઆતમાં આપણી સમક્ષ કુષ્ઠરોગી તરીકે આવે છે. તે કુષ્ઠરોગીઓનો નેતા છે. તેના સાથીદારોને તેની તરફ ખૂબ મમતા તથા માન છે. તેઓ તેને પોતાનો રાજા માને છે અને ખૂબ માનપાન અને ઠાઠમાઠથી રાખે છે. તેમને તેના તરફ ખૂબ ભકિતભાવ છે. શ્રીપાળ ખૂબ સમજુ અને શાણો છે. તેને કર્મવાદમાં અથાગ શ્રદ્ધા છે. પોતાના કર્મદોષથી જ તેને કુષ્ઠરોગ થયો છે એમ સ્પષ્ટપણે માને છે. તેથી મયણાસુંદરી જેવી રાજપુત્રી સાથે લગ્ન કરી તેનું જીવન બરબાદ કરવાની તે પોતાની અનિચ્છા દર્શાવે છે.

" एगमहं पुव्वकयं कम्मं भुंजेमि परिसमणज्जं ।
अवरं च कहमिमीए, जम्मं बोलेमि जाणंतो ॥ "

ક્રોધથી અંધ બનીને વિવેક ગુમાવનાર રાજાને ફરજનું ભાન કરાવવા તે પ્રયત્ન કરે છે.

" तेणुत्तं नो जुत्तं नरवर ! वुत्तंपि तुज्झ इय वयणं ।
को कणयरयणमालं बंधइ कागस्स कंठम्मि ? "॥

તેની અનિચ્છા છતાં રાજાની વૃત્તિ જાણીને મયણાસુંદરી તેનો હાથ પકડી સ્વીકાર કરે છે. ત્યાર પછી તે મયણાસુંદરી સાથે વિધિપૂર્વક સિદ્ધચક્રની આરાધના કરે છે અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે. મયણાસુંદરી સાથે તે પ્રેમાળ અને વફાદાર પતિ બનીને સુખપૂર્વક ઉજ્જૈની નગરીમાં રહે છે. તે શત્રુ તથા મિત્રો પ્રત્યે સમદર્શી તથા સમવ્યવહારી છે. તેને મન આવું સમદર્શીપણું જ એ મુખ્યજીવન છે અને તેનાં ભૌતિક સુખનાં—ભોગ ઉપભોગનાં, જે રાજયવૈભવનાં સાધનો સાંપડયાં છે, તેને તે ગૌણજીવન સમજે છે.

શ્રીપાળ સાહસિક અને પ્રામાણિક યુવાન છે, તે એટલો સ્વમાની છે કે સસરાના નામથી ઓળખાવા પોતે તૈયાર નથી. અનેક સાહસિક કાર્યો કરી તે સ્ત્રી—રત્નો પ્રાપ્ત કરે છે. તે કૃતજ્ઞ છે. વિશ્વાસઘાતનો સ્વપ્ને પણ તેને વિચાર આવતો નથી. ધવલ શેઠની દુષ્ટતા સિદ્ધ થવા છતાં મિત્ર ઋણમાંથી મુકત થવા અનેકવાર તેને મદદ કરે છે. આમ શ્રીપાળ કર્તવ્યપરાયણ, પ્રામાણિક, કૃતજ્ઞ અને સાહસિક રાજપુત્ર છે.

કમળપ્રભા અને રૂપસુંદરીના વાર્તાલાપથી શ્રીપાળનું પૂર્વવૃત્તાન્ત જણાય છે. અંગદેશમાં આવેલી ચંપા નગરીના સિંહરથ રાજાનો તે પુત્ર હતો. તેની માતા કમળપ્રભા કોંકણના રાજાની નાની બહેન હતી. શ્રીપાળ તેમનો એકનો એક પુત્ર હોઈ તેમની રાજયલક્ષ્મીનો તારણહાર હતો અને તેથી તેનું નામ શ્રીપાળ—લક્ષ્મીનું પાલન કરનાર—રાખવામાં આવ્યું. બાળરાજા હોવા છતાં તેની આજ્ઞા સર્વત્ર સ્વીકારાય છે. **जं बालस्स वि सिरिपालनामरन्नो पवित्तआ आणा ।** પરંતુ રાજગાદી એ ફૂલોની શય્યા નહીં, પણ કાંટાનો તાજ છે. રાજયલોભને માટે ભાઈ ભાઈ તરીકેનો સંબંધ નથી રાખતો કે પુત્ર પિતા તરફની ભકિત નથી રાખી શકતો. શ્રીપાળના નસીબમાં પણ રાજસુખ ન હતું. તેના કાકા અજિતસેન સરદારોમાં ફાટફૂટ પડાવે છે અને વફાદાર

મંત્રી તથા રાજકુમારના ખૂનનું કાવતરું યોજે છે. મંત્રીને સમયસર આની ગંધ આવી જાય છે. તેથી શ્રીપાળનું જીવન બચી જાય છે.

રાજા પ્રજાપાલ

રાજા પ્રજાપાલ ક્રૂર લાગે છે, પણ તે તેનું સ્વમાન ઘવાય છે ત્યારે જ. બાકી તેનું કુટુંબવાત્સલ્ય, પરિજનો ઉપરનો સ્નેહ, રાણીઓ તરફનો અથાગ પ્રેમ, પુત્રીઓના શોખ પૂરા પાડવાની ઉદારતા અને તેમની ઉપરની મમતા, આપણી નજર સમક્ષ તરવરે છે. મયણાસુંદરી અને સુરસુંદરીને રાજસભામાં બોલાવી તેમની બુદ્ધિપરીક્ષા નિમિત્તે સમસ્યાપદ આપે છે; તેમાં તેનું પ્રેમાળ પિતૃહૃદય અને યોગ્ય કેળવણી આપવાની ભાવના સ્પષ્ટ દેખાય છે. મયણાની વાત સાચી હોવા છતાં પુત્રીઓ માટે હરપળે દરકાર કરનાર પિતાને પોતાની પુત્રી તેના સુખ માટે પિતાને નહીં, પણ કર્મોને જ જવાબદાર ગણે અને દલીલબાજીમાં ઊતરી રાજાની ઉપેક્ષા કરે ત્યારે સ્વાભાવિક છે કે તે અસંતુષ્ટ થાય અને ગુસ્સે થઈ જાય. પ્રજાપાલ રાજા આખરે તો માનવી છે. હુકમ કરવા ટેવાયેલ રાજાની પોતાની પુત્રી જ અવગણના કરે છે એમ તેને લાગે, ત્યારે સ્વાભાવિક છે કે તેનો રોષ ભભૂકી ઊઠે. તે એક માનવી છે અને એક માનવ તરીકે તેનામાં મદ અને માન એ બે અવગુણો નષ્ટ ન થયા હોય તે સમજી શકાય તેવી વાત છે.

રાજા મયણાને પોતાની દુશ્મન ગણે છે, ત્યારે રાજા તરફ આપણને કંઈક ઘૃણા થાય છે. રાજાએ તો શત્રુ તરફ પણ ઔદાર્ય અને સૌજન્યનો વ્યવહાર રાખવો જોઈએ; જ્યારે મયણા તો પોતાની પુત્રી છે. રાજા ગુસ્સાના આવેશમાં મયણાને કુષ્ઠરોગી ઉંબરરાણા સાથે પરણાવવાનું નક્કી કરે છે, તે યોગ્ય અને સહજ નથી લાગતું. લગ્ન જેવી બાબતમાં ઉતાવળ નહીં પણ ધીરજ અને ચોકસાઈ હોવાં જોઈએ. રાજાએ તેને બીજી કોઈ શિક્ષા કરી હોત તો ક્ષમ્ય ગણાત. પણ આવી શિક્ષા સાચે જ અક્ષમ્ય છે. લગ્ન કોઈ બે વ્યકિતઓનો આગવો સંબંધ નથી. લગ્ન

કેવળ વ્યકિતનિષ્ઠ નહીં, પણ સમષ્ટિનિષ્ઠનો ખ્યાલ કરનારું હોવું જોઈએ. મયણાને શિક્ષા કરવા કુષ્ઠરોગી સાથે પરણાવતા પહેલાં સમાજને તેથી કેટલું નુકસાન થશે તેનો રાજાએ ખ્યાલ કરવો જોઈએ.

રાજા પોતાની પુત્રી તરફ આવું ક્રૂર વર્તન રાખે તે તેને શોભતું નથી. પણ ગુસ્સામાં તે પોતાની વિવેકશકિત ગુમાવી બેઠો છે. જ્યારે તેને સાચી પરિસ્થિતિનું ભાન થાય છે, ત્યારે પોતાની પુત્રીની માફી માગવામાં પણ તેને સંકોચ થતો નથી; એટલે કે તે સ્વભાવથી ક્રૂર નથી, પણ આવેશમાં આવી પોતાની પુત્રીને શિક્ષા કરી બેસે છે. પ્રજાપાલનું ચારિત્ર શેક્સપીઅરના King Lear અને મયણા Cordelliaની યાદ આપે છે.

મયણાસુંદરી અને સુરસુંદરી

આ બન્ને રાજકન્યાઓ તરફ રાજા પ્રજાપાલને અથાગ પ્રેમ છે અને તેમને યોગ્ય કેળવણી મળે એ માટે રાજા વ્યવસ્થા કરે છે. બન્ને દરેક પ્રકારની કળાઓમાં નિપુણ બને છે. બન્ને સ્વરૂપવાન તથા બાળપણથી હોશિયાર અને બુદ્ધિશાળી છે. તેમની ગ્રહણ શકિત અદ્ભુત છે. ટૂંક સમયમાં જ તેઓ બધી કળાઓ શીખી જાય છે. સુરસુંદરી શૈવધર્મી છે, જ્યારે મયણાસુંદરી જૈનધર્મી છે. ધર્મની બાબતોમાં તેમની માતાની માફક વિષ અને અમૃત જેટલું તેમનામાં પણ અંતર છે. મયણા આધ્યાત્મિક સુખમાં માને છે; જ્યારે સુરસુંદરી ભૌતિકસુખમાં માને છે. સમસ્યાપદપૂર્તિમાં બન્નેનો સ્વભાવ સ્પષ્ટ જણાય છે. સુરસુંદરીને ધન, યૌવન, રોગરહિત શરીર અને મનવલ્લભ સાથેના મેળાપમાં પુણ્યની પ્રતીતિ થાય છે; જ્યારે મયણાસુંદરી માને છે કે વિનય-વિવેકથી પ્રસન્ન મન, શીલથી નિર્મળ દેહ અને મોક્ષની પ્રાપ્તિ, પુણ્યથી થાય છે સુરસુંદરી નિર્લજ્જ અને અભિમાની છે; જ્યારે મયણાસુંદરીમાં સ્ત્રી-સહજ લજ્જા, વિનય અને કોમળતા જોવામાં આવે છે. પતિની પસંદગીની બાબતમાં સુરસુંદરી નિર્લજ્જપણે રાજાને જવાબ આપે છે;

જ્યારે મયણા તો માતાપિતાની ઈચ્છાને માન આપવામાં જ માને છે. વિનયને એક બાજુએ મૂકી સુરસુંદરી પિતાની હાજરીમાં અરિદમન તરફ કટાક્ષ ફેંકે છે.

મયણાસુંદરી આગળ સુરસુંદરી સાવ ઝાંખી લાગે છે. આર્ય-નારીને મન પતિ મહાન છે. તે પતિમાં જ સમાઈ જાય છે, તેને પતિથી આગવું વ્યક્તિત્વ નથી હોતું. મયણા આવી ભારતીય આર્યનારી છે; જ્યારે સુરસુંદરી આધુનિક નારી લાગે છે. શ્રીપાળ રોગી હોવા છતાં જ્યારે તેના પિતા તેને પરણાવવા તૈયાર થાય છે, ત્યારે હસતે મુખે તેનો સ્વીકાર કરે છે. તે તેના સુખમાં જ પોતાનું સુખ તેમજ દુ:ખમાં પોતાનું દુ:ખ માને છે. રોગી પતિની સેવા કરી વિધિપૂર્વક સિદ્ધચક્રની આરાધનાથી તેને રોગમુક્ત કરે છે. મયણા ગૌરવશીલ અને પતિવ્રતા સ્ત્રીનો સુંદર નમૂનો છે. તે પતિપ્રેમી છે અને પવિત્ર, શુદ્ધ તથા સૌમ્યમૂર્તિ દેખાય છે. તેનામાં પ્રભાવશાળી વ્યક્તિત્વ અને વિવેકબુદ્ધિ છે; જ્યારે સુરસુંદરી અવિવેકી છે.

મયણાસુંદરી નિખાલસ, નિડર અને સ્પષ્ટવક્તા છે. તે નિ:સંકોચ-પણે અને નિડરતાથી પોતાના વિચારો રજૂ કરે છે; જ્યારે સુરસુંદરી પોતાના પિતાની ખુશામદ કરે છે. તર્ક કે દલીલથી નહીં પણ તે પિતા છે માટે જ તેમને અનુસરે છે અને ખુશ કરવા પ્રયત્ન કરે છે, તે પિતાને જ પોતાના સુખનું કારણ માને છે, પણ તે ભૂલી જાય છે કે પૂજ્યની પૂજાનું અતિક્રમણ શ્રેયને રોકે છે. **अनुबध्नाति हि श्रेयः पूज्यपूजा-व्यतिक्रमः।** માતા પિતા પૂજ્ય અને વડીલ છે. તેમની આજ્ઞા શિરોમાન્ય ગણવી જોઈએ, પણ તે સત્યની બાબતમાં જ અને તે પણ બુધ્ધિપૂર્વક. પિતાની કૃપાથી સુખ મળશે એમ માની તે ખુશ થાય એ રીતે સુરસુંદરી વર્તે છે; જ્યારે મયણાસુંદરી તો પોતના કર્મને જ સુખ-દુ:ખ માટે જવાબદાર ગણે છે. સુખદુ:ખનું કારણ માતા પિતા નહીં, પણ પોતાના કર્મો જ છે, એમ સ્પષ્ટપણે તે જણાવે છે. માતા પિતા તો નિમિત્ત જ છે.

આમ, મયણાને મહાન અને આદર્શ બતાવવા કવિએ યત્ન કર્યો છે. આખા કાવ્યમાં સ્નિગ્ધ વ્યકિતત્વની છાયા તો મયણામાં જ છે.

સુરસુંદરી કરતાં મયણાસુંદરી અનેક રીતે જુદી પડે છે. મયણાસુંદરીમાં રૂપ, આત્મપ્રિયતા, માધુર્ય, ઔદાર્ય, વિવેક, વિનય, સ્વાર્થત્યાગ વગેરે ગુણોનો સમુદાય એકત્રિત થયો છે. તેનામાં વર્તન અને વાણીના ઉચ્ચ આદર્શનો સુમેળ સધાયો છે. સુરસુંદરી સ્વરૂપવાન છે, પણ સાથે સાથે સ્વાર્થી, અવિવેકી, અવિનયી અને અસત્યભાષિણી છે. મનવાંછિત પતિ મળવાથી પોતાની જાતને ભાગ્યશાળી માની સંતોષ માને છે; જ્યારે મયણાસુંદરી પોતાના કર્મનું ફળ ભોગવવામાં સંતોષ અને સુખ માને છે. રાજ્યસુખ અને સ્નેહીઓની હુંફનું બલિદાન આપીને પણ, અણનમ રહીને મયણા પોતાના સિદ્ધાન્તનું પાલન કરે છે. તે ભારે પ્રયત્નો દ્વારા પોતાના કોઢિયા પતિને નિરોગી બનાવી નારી જીવનનું એક ગૌરવભર્યું જ્વલન્ત દૃષ્ટાન્ત રજૂ કરે છે. તે ઉચ્ચ ચારિત્ર, ગૌરવ અને સહિષ્ણુતાથી શોભી ઉઠે છે.

ગૌણ પાત્રો

રાણી રૂપસુંદરી પુત્રીવત્સલા માતા છે. જૈન ધર્મના સાચા સ્વરૂપને તે સમજે છે. સમસ્યાપદ–પૂર્તિમાં મયણાનો તેના ચારિત્રને પ્રતિબિંબરૂપ જવાબ સાંભળી સભાજનો અસંતુષ્ટ થાય છે. પણ તેને તથા આચાર્યને સંતોષ થાય છે અને ખુશી ઉપજે છે. પોતાની આવી પુત્રી માટે તે ગર્વ અનુભવે છે. મયણાને કુષ્ઠરોગી શ્રીપાળ સાથે પરણાવવાથી તે ખૂબ દુ:ખી થાય છે. તેનું માતૃહૃદય મયણાનું આ દેખાતું દુ:ખ સાંખી શકતું નથી અને તે રાજાથી રીસાઈને પોતાના ભાઈને ત્યાં ચાલી જાય છે. તેને મન ચારિત્ર એ જીવન કરતાં વધારે કીમતી છે. આ બાબતમાં પોતાની પુત્રી ઉપર તેને સંપૂર્ણ વિશ્વાસ છે.

રાણી કમળપ્રભા પુત્રવત્સલા માતા છે. તે હિંમતવાન છે. ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવાની શક્તિ ધરાવે છે. પોતાના પુત્રની

પાત્રાલેખન

જિંદગી બચાવવા અંધારી રાત્રે તેને ચાલી નીકળવું પડે છે. કુષ્ઠ-રોગીઓને ધર્મના ભાઈ ગણી તેમના સહારાથી તે નિર્ભયતાથી ઉજ્જૈની નગરીમાં પહોંચે છે. તે પુત્રવત્સલ માતા છે અને પુત્રને માટે કોઈ પણ જાતની મુશ્કેલીનો સામનો કરવા તૈયાર રહે છે. કર્મદોષથી શ્રીપાલને કુષ્ઠરોગ લાગુ પડે છે. પુત્રનું દુઃખ તેનું સ્નેહાળ માતૃહૃદય સહન કરી શકતું નથી. તેને સાજો કરવાના ઉપાય માટે દરેકને પૂછી વળે છે. છેવટે સારા વૈદ્યની શોધમાં તે કોસાંબી પણ જાય છે.

પ્રજાપાળ રાજાના મંત્રીમાં દૂરંદેશીપણું અને સમયસૂચકતા છે. સ્વામી તરફની ભક્તિને લીધે રાજા આપત્તિમાં ન આવે માટે કુષ્ઠ-રોગીઓના ટોળાથી તેને બચાવવા પ્રયત્ન કરે છે. રાજા મયણાસુંદરી ઉપર ખૂબ ગુસ્સે થાય છે, ત્યારે સમયસૂચકતાથી તેનું ધ્યાન બીજે દોરે છે અને રાજ્યવાટિકામાં લઈ જાય છે.

સિંહરથ રાજાનો મંત્રી મતિસાર પણ તેના નામ પ્રમાણે હોશિયાર મંત્રી તરીકે અદ્વિતીય છે. એનામાં દૂરંદેશીપણું, ચાતુર્ય, સમય-સૂચકતા અને શૌર્ય છે. સિંહરથ રાજા તરફ જેટલી તેનામાં સ્વામી ભક્તિ છે, તેટલી જ તેનામાં શ્રીપાળ તરફ વફાદારી છે. અજિતસેનથી પોતે શ્રીપાળને બચાવી શકશે નહીં, એમ જયારે તેને લાગે છે, ત્યારે સમયસર કમળપ્રભાને શ્રીપાળ સાથે નાસી જવાની સલાહ આપે છે. સંકટોથી પણ તે નિરાશ થતો નથી.

સમાજથી ઉપેક્ષા પામેલ અને હડધૂત થયેલા કુષ્ઠરોગીઓ તરફ આપણી સહાનુભૂતિ રહે છે. સમાજ તેમનો તિરસ્કાર કરે છે, પણ સમાજ તરફ તેમને ખૂબ લાગણી છે. કમળપ્રભા રાણીને રાજભય સામે પણ તેઓ બચાવી લે છે. કમળપ્રભાના કરુણ આલાપો તેમના હૃદયને સ્પર્શે છે અને ધર્મની બહેન ગણી તેને મદદ કરવાનું વચન આપે છે. તેઓ તેને તેમની સાથે લઈ લે છે અને ઉજ્જૈની નગરીમાં પહોંચી તેને ત્યાં રહેવા દે છે.

તત્કાલીન સમાજ

કોઈપણ કલાકૃતિ પોતાના જમાનાનું ચિત્ર ઉપસાવ્યા વિના રહેતી નથી. તેમાં લેખકના જમાનાનું ચિત્ર કોઈવાર સ્પષ્ટ તો કોઈ-વાર ઝાંખું પણ ઊઠે છે. એ ચિત્રમાંની વિગતો કોઈવાર પૂરેપૂરી સાચી ન હોવા છતાં, તે સમયની પરિસ્થિતિનો આપણને ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. '**सिरिसिरिवालकहा**' એ એક ધર્મકથા છે અને ધર્મકથામાં લેખકના સમકાલીન જીવનનું પૂર્ણ ચિત્ર આપણને મળે એ સંભવિત નથી. ધર્મકથાનું મુખ્ય ધ્યેય કથાદ્વારા ધર્મોપદેશ આપવાનું હોય છે. છતાં કથાકાર પોતાના સમય અને સમાજથી તદ્દન અલિપ્ત રહી શકતો નથી. એની કૃતિમાં સમકાલીન જીવનનું પ્રતિબિંબ જાણે-અજાણે પણ આવી જાય છે. એ રીતે '**सिरिसिरिवालकहा**' માંથી કેવા સમાજનું દર્શન થઈ શકે તે જોઈએ.

સામાજિક સ્થિતિ

લોકોને ચમત્કાર અને વહેમમાં શ્રદ્ધા હતી. શ્રીમંતો તથા રાજા-રાણી કીમતી વસ્ત્રો ધારણ કરતા. માણેક, રત્ન, સોના વગેરેના અલંકાર વાપરતા. સ્ત્રીઓને ઉત્તમ પ્રકારની કેળવણી આપવામાં આવતી. તેઓ જાહેરજીવનમાં ભાગ લઈ શકતી. યોગ્ય ઉંમર થતાં કન્યાનાં લગ્ન થતાં. માતાપિતાની ઈચ્છા પ્રમાણે લગ્ન થતાં હોવા છતાં પુત્રીની સંમતિ અવશ્ય લેવામાં આવતી. મંત્ર–તંત્રમાં લોકોને વિશ્વાસ હતો અને તે માટે ખાસ શિક્ષણ આપવામાં આવતું. ભાગ્ય અથવા દૈવ ઉપર લોકોને ખૂબ વિશ્વાસ હતો. તે સમયની પ્રજાએ લલિતકળામાં પ્રશસ્ત સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. વૈદકશાસ્ત્રનો સારો એવો પ્રચાર હતો. રોગ ચિકિત્સાના ઉલ્લેખ મળે છે. શ્રીપાળની માતા વૈદ્યની શોધમાં કોસાંબી જાય છે. અને દૃઢ વિશ્વાસથી તે ત્યાં તેની આવવાની રાહ જોતી રહે છે. માણસો માયાળુ અને જરૂર પડે એકબીજાને મદદકર્તા થઈ પડે તેવા

હતા. શ્રીપાળને પાડોશીઓની દેખરેખ નીચે મૂકી કમળપ્રભા લાંબા સમય સુધી કોસાંબીમાં રહે છે.

'सिरिसिरिवालकहा' માં આ કુષ્ઠરોગ ચમત્કારથી મટે છે એમ બતાવ્યું છે, પણ તેનું કારણ આપણે જાણીએ છીએ કે કવિનો ઉદ્દેશ્ય તે દ્વારા સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવાનો છે. બધા રોગોમાં રકતપીતનો રોગ ચેપી અને મહાભયંકર છે. કોઈને શાપ આપવો હોય, ગાળ દેવી હોય કે રોષ વ્યકત કરવો હોય તો હજુએ લોકો કહે છે.........'તને કોડ નીકળજો,' 'તને પીત નીકળજો.' **'सिरिसिरिवालकहा'**માંથી તે સમયે આવા દરદીઓની સ્થિતિ, સમાજમાં તેમના સ્થાન અને સમાજની તેમના તરફની ઉપેક્ષાનો સ્પષ્ટ ચિતાર મળે છે. ચમત્કારથી કુષ્ઠરોગ દૂર થયો, એમ જણાવી આ રોગ સાધ્ય છે એમ તો કવિએ બતાવ્યું જ છે. છતાં સમાજ તેની ઉપેક્ષા કરતો. આ રોગમાં આંગળા ખરી પડયાં હોય, હાથ સંકોચાઈ ગયા હોય કે ચામડી જડ બની ગઈ હોય તો તે પાછી આવતી નથી. અંગ સંકોચાય અને શરીર તથા ચહેરો કદરૂપો બની જાય છે. દરદીનો દેખાવ જ જુગુપ્સાપ્રેરક બની જાય છે. શ્રીપાળના સાથીદારોના વર્ણનમાં આ રોગના બધાં જ લક્ષણો આવી જાય છે. "તેનું છત્ર ધારણ કરનારા ચામડી વગરના છે. નાક વગરના તેની ચમરી ધરી રાખે છે અને 'ધીણી ધીણી' અવાજ કરનારા તેની આગળ ચાલે છે. કાન વગરના ઘાંટ પકડે છે, મંડળ નામના રોગથી એટલે, શરીર ઉપર પડી ગયેલાં ગોળ ચાઠાંઓથી, પીડાતા તેના અંગરક્ષકો છે. તેની પાનદાની પકડનાર દર્દુર નામના રોગથી પીડાય છે. મંત્રીનું નામ ગલિઅંગુલિ છે. કેટલાક 'પ્રસુતિકવાત'થી પીડાય છે. કેટલાક કચ્છુ અને દર્ભ રોગને લીધે વિકરાળ લાગે છે." **'सिरिसिरिवालकहा'** માં ૧૮ પ્રકારના કોઢ વર્ણવ્યા છે.

રાજકીય સ્થિતિ

તે સમયે ઉજ્જૈની, કોસાંબી વગેરે રાજાશાહી રાજ્યો હતાં. રાજા

સર્વસત્તાધીશ હતો, છતાં મંત્રીઓ, અમાત્યો વગેરેની સલાહ જરૂરી ગણાતી. આ કાવ્ય ૧૪ મી સદીમાં લખાયેલું છે અને ઈતિહાસ પણ રાજાની એકહત્થુ સત્તાની સાક્ષી પૂરે છે. રાજાના મંત્રીઓ કાર્યકુશળ, વિચક્ષણ અને બુદ્ધિમાન હતા. તેઓ બહુ જ વિશ્વાસુ અને સ્વામીભક્ત હતા. પ્રજાપાલ રાજા ખૂબ ગુસ્સે થઈ જાય છે ત્યારે રાજા અકાર્ય ન કરી બેસે તે માટે મંત્રી તેનું ધ્યાન બીજે દોરે છે. કુષ્ઠ રોગીઓ સામે મળવાથી રાજાને આવતા અનિષ્ટમાંથી બચાવવા તે પ્રયત્ન કરે છે. મતિસાર મંત્રી અજિતસેનથી શ્રીપાળનું રક્ષણ કરવા માટે રાણી કમળપ્રભાને નાસી જવાની સલાહ આપે છે. રાજ્યમાં પુરોહિત, જ્યોતિષી વગેરેનું પણ સ્થાન રહેતું. દુશ્મનોની બાતમી મેળવવા રાજા જાસૂસોની જાળ બિછાવી રાખતો.

રાજાને એક કરતાં વધારે પત્નીઓ કરવાની છૂટ હતી. શ્રેણિક રાજાને નંદા, ચિલ્લણાદેવી વગેરે રાણીઓ હતી. પ્રજાપાળને પણ સૌભાગ્યસુંદરી અને રૂપસુંદરી નામે બે રાણીઓ હતી. લગ્ન માટે જાતિ કે ધર્મનું બંધન ન હતું. પ્રજાપાળ રાજાને એક રાણી શૈવધર્મની અનુયાયી છે જ્યારે બીજી રૂપસુંદરી જૈનમતાનુયાયી છે. રાજકન્યાઓના લગ્ન એ તેમના માતા પિતાના નિર્ણયની વાત હતી છતાં તેમની સંમતિ જરૂરી ગણાતી. રાજા પોતાના પુત્રો, પુત્રીઓને ઊંચી કક્ષાનું શિક્ષણ આપવાનો પ્રબંધ કરતો. રાજકન્યાને સંગીત, ચિત્રકળા, નૃત્યકળા, કાવ્યશાસ્ત્ર, છંદ, લક્ષણ વગેરે કળાઓ શીખવવામાં આવતી. પરન્તુ શીખવનાર સ્ત્રી જ હોય એવો આગ્રહ રાખવામાં આવતો નહીં. રાજાના માણસો અને જાસૂસોમાં પ્રામાણિકતા તથા નીતિનું ધોરણ શિથિલ હતું. રાજાના માણસો તેને ખુશ કરવા 'હાજી હા' કરતા. રાજા દરેક બાબતમાં સર્વસત્તાધીશ ગણાતો. રાજ્યમાં પ્રપંચ, વિશ્વાસઘાત, અમાનુષી અત્યાચારો, સ્વાર્થપરાયણતા અને ધનલાલસા દષ્ટિગોચર થતાં. રાજ્યસત્તાનું પ્રાબલ્ય હોવાથી લોકોમાં જડતા હોવાની સંભાવના હતી. સ્વતંત્ર વિચાર, વાણી અને વર્તન તથા આત્મગૌરવનો અભાવ હતો.

ભાષા - શૈલી

'**सिरिसिरिवालकहा**' એ એક કથાકાવ્ય છે, સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવા આ કથાની રચના કરવામાં આવી છે. આ કથાનું વાંચન વર્ષમાં બે વાર થાય છે. ધાર્મિક ઉદ્દેશ્ય હોવા છતાં અને વારંવાર વાંચવા છતાં આ કાવ્ય નિરસ કે કંટાળાજનક લાગતું નથી. ભાષા સરળ અને સ્વાભાવિક તથા શૈલી પ્રવાહી અને પ્રસાદગુણ યુક્ત છે.

અપભ્રંશમાં લખાયેલ ગાથા ૭૩ અને ૭૬ સિવાય આ કાવ્યમાં વપરાયેલી ભાષા જૈન મહારાષ્ટ્રી છે. જૈન આગમોની ભાષા સાથે તેનું સામ્ય હોવા છતાં તે અર્ધમાગધી તો નથી જ. કવિએ કોઈ સંસ્કૃત શ્લોક પ્રયોજ્યો નથી કે ઉદ્ધૃત કર્યો નથી. ભાષા સરળ અને સ્વભાવિક છે. દરેક ગાથા વાંચતાં જ સમજાઈ જાય છે. શબ્દોનો આડંબર નથી કે વપરાશમાં ન હોય તેવા શબ્દોનો પ્રયોગ નથી. પ્રચલિત હોય તેવા દેશી અને સંસ્કૃત શબ્દોનો કવિએ છૂટથી ઉપયોગ કર્યો છે. આ તેમનું સંસ્કૃત ઉપરનું પ્રભુત્વ સૂચવે છે.

કાવ્યની શૈલી સ્પષ્ટ અને પ્રવાહી છે. દરેક વસ્તુ નૈસર્ગિક અને સહજ રીતે નિર્વહન થતી લાગે છે. તેથી સાહિત્યિક અને ઉપદેશાત્મક કથા તરીકે '**सिरिसिरिवालकहा**'નું પ્રાકૃત કથા સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન છે. '**मंतीहि सव्वत्थ वि रज्जं रक्खिज्जए लोए ।**' તથા '**जारिसओ होइ गुरू तारिसओ होइ सीसगुणजोगो ।**' વગેરે લોકોકિતઓ મૂકવાનું પ્રસંગ આવે કવિ ચૂકતા નથી. ખૂબીથી ઉપદેશ આપવાની એક પણ તક કવિએ જતી કરી નથી. '**पायं पुव्वनिबद्धो संबंधो होइ जीवाणं ।**'

અને

पुव्वकयं सुकयं चिय जीवाणं कारणं होइ ।
दुक्कयं च कयं दुक्खाणं कारणं होइ निब्भंतं ॥

તથા

नो देइ कोवि कस्स वि सुक्खं दुक्खं च निच्छओ एसो।
निअयं चेव समज्जिअमुवभुंजइ जन्तुणा कम्मं ॥

વગેરેમાં દાર્શનિક નિરૂપણ જણાય છે. બંધ, ઉદીરણ મોક્ષ વગેરે જૈન પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. છતાં આદિથી અંત સુધી વાચકનો રસ જળવાઈ રહે છે.

સંવાદોમાં જન જીવનની ઝલક મળે છે. માર્મિક સંવાદોની યોજનામાં કવિ નિપુણ છે.

પ્રકૃતિ—ચિત્રણ માત્ર પ્રદેશ અને નગરોના વર્ણનમાં મળે છે માલવદેશ અને ઉજ્જૈની નગરીનું વર્ણન ભભકાદાર અને અલંકાર યુકત છે. ઉત્પ્રેક્ષા અલંકારથી માલવદેશનું વર્ણન હૃદયંગમ બને છે. **पए पए जत्थ सगुत्तिगुत्ता जोगप्पवेसा.. सुगोउलाणि** ॥ આ વર્ણનો કેટલાં સુંદર છે? તેની ભાષા કેટલી અલંકારિક છે? **'सगुत्तिगुत्ता'**, **'रसाउलाओ'**, **'सवाणियाणि'**, **'सगोरसाणि'** વગેરે **'દ્વિઅર્થી'** શબ્દો વાપરીને કવિએ કેટલા સરસ અલંકારો પ્રયોજ્યા છે? વાચક સીધેસીધો વાંચી જાય તો તેમાં મઝા નથી, પરંતુ શબ્દના બન્ને અર્થની જ્યારે તેને જાણ થાય ત્યારે કાવ્યનો સાચો આનંદ માણી શકે છે. ગામડાઓને યોગી સાથે, પર્વતને મેળા સાથે, નદીઓને ગણિકાઓ સાથે, વનની હારોને ગુણના સમૂહ સાથે, સરોવરોને નગર સાથે અને પંડિતોને સુંદર ગોકુળો સાથે સરખાવીને કવિએ ઉત્પ્રેક્ષા અલંકારની સુંદર યોજના કરી છે.

વળી, ઉજ્જૈની નગરીનું વર્ણન પણ ક્યાં કમ છે? ત્યાં પણ દ્વિઅર્થી શબ્દો વાપરીને કવિએ વિરોધાભાસ ઉત્પન્ન કર્યો છે. અહીં પણ સામાન્ય વાંચન કરતાં આ દ્વિઅર્થીની સૂઝ પછી જ વિરોધાભાસને લીધે ખરેખર ઘણો આનંદ આવે છે. આ જ કવિની સિદ્ધિ છે.

સાતસો નવયુવાન પુરુષોનું વર્ણન પણ આબેહુબ છે. તે વર્ણન જોતાં જ આખા દશ્યનો ચિતાર આપણા મગજમાં રજુ થઇ જાય છે. માત્ર રાજા અને રાજયદરબાર તથા કુંવરીઓની વાતથી કંટાળી ગયેલા વાચકોનો રસ જાળવી રાખવા માટે કવિ ખૂબીથી આ વર્ણન રજુ કરે છે અને તે વર્ણનદ્વારા થોડો હાસ્યરસ પણ કવિ પીરસે છે.

तयदोसी छत्तधारओ, गयनासा चमरधरा વગેરે શબ્દોથી તો વાચકને અચુક હસવું આવે.

વળી, ૧૫૫ પછીની ગાથાઓમાં કવિએ સુરસુંદરીના લગ્નનું વર્ણન પણ આબેહુબ કર્યું છે. તેમાં તેમણે લાંબા સમાસોનો પણ ઉપયોગ કર્યો છે. લગ્નનું વર્ણન એટલું સુંદર છે કે તે વાંચતાં વાંચતાં આપણે આપણી નજર આગળ જ લગ્ન જોઇ રહ્યા હોઈએ તેમ આપણને લાગ્યા વિના ન રહે.

આ ઉપરાંત શબ્દો દ્વારા ભાવાત્મક સ્થળોનું વર્ણન કુશળતાપૂર્વક કર્યું છે.

આમ કવિએ સરળ અને સુબોધ શબ્દોનો પ્રયોગ કર્યો છે. મંગલાચરણ અને વર્ણનોમાં વપરાયેલ સમાસો સિવાય શૈલી પણ સરળ અને સુબોધ બની છે. ઉત્પ્રેક્ષા, વ્યતિરેક, અતિશયોક્તિ, શ્લેષ, અર્થાન્તરન્યાસ, રૂપક, વ્યાજસ્તુતિ આદિ અલંકારોનો કવિએ ઉપયોગ કર્યો છે. છંદમાં પણ બહુ વૈવિધ્ય નથી. લગ્નોત્સવનું વર્ણન, મંગલાચરણ, નગર અને પ્રદેશોનાં વર્ણનો સિવાય સામાન્ય રીતે આર્યા છંદ જ વપરાયો છે.

શ્રીપાળ ચરિત્ર – સાહિત્ય

હોળી આદિ કેટલાક પર્વોની કથાઓ શ્વેતાંબર–દિગંબર બન્નેમાં લગભગ એકજ રીતની પ્રચલિત છે. શ્વેતાંબર સમાજમાં પ્રતિવર્ષ આસો સુદ સાતમથી પૂનમ સુધી નવપદની આરાધના કરવામાં આવે છે. દિગંબર સમાજમાં પણ તેનો ઠીક ઠીક પ્રચાર છે. દિગંબર સમાજમાં આ કથા નંદીશ્વર વ્રતના મહાત્મ્ય પર કહેવાય છે. અને આ વ્રતની આરાધના કાર્તિક, ફાગણ અને અષાઢના છેલ્લા આઠ આઠ દિવસો સુધી ચાલે છે.

શ્રીપાળ કયારે થઈ ગયા એ બાબતનો ઉલ્લેખ મળતો નથી. પણ તેમને ૨૦ મા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીના સમયમાં થયેલા માનવામાં આવે છે. કેટલાક તેમને નેમિનાથના સમયમાં થયેલા માને છે. શ્વેતાંબર પરંપરામાં સૌથી પ્રાચીન શ્રીપાળ ચરિત્ર રત્નશેખરસૂરિકૃત છે. આ પહેલાં કોઈપણ ગ્રંથમાં શ્રીપાળનું નામ જાણવામાં આવ્યું નથી. એથી આ કથાનો વિષય કયાંથી આવ્યો એ પ્રશ્ન થાય છે. દિગંબર પ્રાચીન ગ્રંથોમાં પણ આ બાબતનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

શ્રીપાળનો સંબંધ થાણા શહેર સાથે માનવામાં આવે છે. થાણામાં મુનિસુવ્રત સ્વામીના મંદિરમાં શ્રીપાળ—ચરિત્રની ઘટનાઓનાં સુંદર ભાવપૂર્ણ દશ્યોવાળા શ્રીપાળચરિત મંદિરનું આયોજન થયું છે.

શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયોમાં શ્રીપાળ રાજાની કથા સેંકડો વર્ષોથી વિશેષ રૂપે પ્રચલિત છે. શ્વેતાંબર સમાજમાં આ કથાનો પ્રચાર અને તેનો આદર કેટલો છે તે તે સંબંધી લખાયેલ સાહિત્ય પરથી જોઈ શકાય છે. ખરતરગચ્છ, તપાગચ્છ, અંકગચ્છ, પૂર્ણિમાગચ્છ, નાયલગચ્છ વગેરેના કેટલાયે વિદ્વાન આચાર્યોએ આ કથાની રચના કરી છે. એટલુંજ નહીં, મૂર્તિપૂજામાં ન માનતા લોંકાગચ્છ અને સ્થાનકવાસી વિદ્વાનોએ પણ તેને અપનાવીને વિશિષ્ટ લોકપ્રિયતા

સિદ્ધ કરી છે. શ્રીપાળ કથા વિશેષ રૂપે પ્રચલિત હોઈ આ કથાનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોય તે સ્વાભાવિક છે. શ્રીપાળ કથા જૈન સમાજમાં એટલી લોકપ્રિય બની છે કે શ્વેતાંબર અને દિગંબર બન્ને પરંપરામાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં લગભગ ૪૦ કૃતિઓ મળી આવે છે. આ ઉપરાંત હિંદી, ગુજરાતી અને રાજસ્થાનીમાં લગભગ પચાસ રાસ લખાયા છે. દિગંબર પરંપરામાં કન્નડ તેમજ તામિલ ભાષામાં પણ શ્રીપાળ ચરિત્રની રચના થઈ છે.

શ્રીપાળ ચરિત્ર સંબંધી પ્રાચીન સાહિત્ય વિ. સં. ૧૪૨૮ (રત્નશેખર સૂરિ) નું ગણાય છે. પણ મૈનાસુંદરીનો ઉલ્લેખ ૧૨ મી શતાબ્દીના ખરતર ગચ્છીય વિદ્વાન આચાર્ય જિનવલ્લભ સૂરિએ (અવસાન સંવત ૧૧૬૭) કર્યો છે. દિગંબર પરંપરામાં પણ પંડિત નરસેન કૃત પ્રાકૃતમાં શ્રીપાળ ચરિત્રનો ઉલ્લેખ મળે છે. સંભવત: આ કૃતિ પણ પ્રાચીન છે.

શ્રીપાળ કથાના કેટલાક મુખ્ય ગ્રંથો આ પ્રમાણે છે.

શ્વેતાંબર ગ્રંથ (પ્રાકૃત — સંસ્કૃત)

	નામ	લેખક	સમય (વિ. સં.)
૧	શ્રીપાળ કથા	રત્નશેખર સૂરિ	૧૪૨૮
૨	શ્રીપાળ ચરિત્ર	ગુણસાગર સૂરિના શિષ્ય સત્યરાજગણિ	૧૫૧૪
૩	શ્રીપાળ નાટકગત-રસવતી વર્ણન	ધર્મસુંદર સૂરિ (સિદ્ધસૂરિ)	૧૫૩૧
૪	શ્રીપાળ કથા	લબ્ધિસાગર સૂરિ	૧૫૫૭
૫	શ્રીપાળ ચરિત્ર	જ્ઞાનવિમલ સૂરિ	૧૭૪૫
૬	શ્રીપાળ ચરિત્ર	જયકીર્તિ	૧૮૬૮
૭	શ્રીપાળ ચરિત્ર વ્યાખ્યા	ઉપાધ્યાય ક્ષમાકલ્યાણ	૧૮૬૯
૮	શ્રીપાળ ચરિત્ર	લબ્ધિમુનિ	૧૯૯૦

હિંદી

૧	શ્રીપાળ ચરિત્ર	જિનકૃપાચંદ્ર સૂરિ	૧૯૯૦
૨	શ્રીપાળ ચરિત્ર	વીરપુત્ર આનંદસાગર	૧૯૩૧

ગુજરાતી

૧	સિદ્ધચક્રરાસ (શ્રીપાળ રાસ)	જ્ઞાનસાગર સૂરિ	૧૫૩૧
૨	શ્રીપાળ રાસ	લબ્ધિસાગર	૧૫૫૭
૩	શ્રીપાળાખ્યાન કથા	વાદિચંદ્ર (દિગંબર)	૧૬૫૧
૪	શ્રીપાળ રાસ	માનવિજય	૧૭૦૨
૫	,,	મેરુવિજય	૧૭૨૨
૬	,,	જ્ઞાનસાગર	૧૭૨૬
૭	મયણાસુંદરી રાસ	લક્ષ્મીવિજય	૧૭૨૭
૮	શ્રીપાળ રાસ	ઉદયવિજય	૧૭૨૮
૯	,,	માણિક્યસાગર કે તેમના શિષ્ય જ્ઞાનસાગર	૧૭૩૨
૧૦	,,	વિનયવિજયજી અને યશોવિજયજી	૧૭૩૮
૧૧	શ્રીપાળ ચરિત્ર	હરખચન્દ્ર સાધુ	૧૭૪૦
૧૨	શ્રીપાળ રાસ	જિનહર્ષ	૧૭૪૦
૧૩	શ્રીપાળ રાસ (ટૂંકમાં)	,,	૧૭૪૨
૧૪	શ્રીપાળ ચરિત્ર રાસ	જિનવિજય	૧૭૯૧
૧૫	શ્રીપાળ રાસ	લાલચંદ્ર	૧૮૩૭
૧૬	શ્રીપાળ ચોપાઈ	રુપ મુનિ (લોંકાગચ્છ)	૧૮૫૬
૧૭	શ્રીપાળ રાસ	ઉદયસોમ	૧૮૯૮

દિગંબર

	નામ	લેખક
૧	શ્રીપાળ ચરિત્ર (પ્રાકૃત)	નરદેવ કે નરસેન
૨	,,	નેમિચંદ્ર બ્રહ્મચારી
૩	,,	મલ્લિભૂષણ ભટ્ટારક
૪	,,	રૈઢુ કવિ
૫	,,	વિદ્યાનંદિ
૬	,,	શુભચન્દ્ર
૭	,,	સકલકીર્તિ ભટ્ટારક
૮	,,	દૌલતરામ કાસલીવાલ
૯	શ્રીપાળચરિત્ર (અપભ્રંશ)	સિહસેન ઉર્ફે રૈઢુ
૧૦	શ્રીપાળ મહામુનિ રાસ	બ્રહ્મ જિનદાસના શિષ્ય સકલકીર્તિ
૧૧	,, ચરિત્ર	કવિ પરિમલ
૧૨	,, આખ્યાન કથા (ગુજરાતી)	વાદિચંદ્રના શિષ્ય વીરચંદ્ર
૧૩	,, નાટક	શ્રી દિ. જૈન. ઉપદેશક સોસાયટી
૧૪	મૈનાસુંદરી નાટક	લાલા ન્યામતસિહ
૧૫	શ્રીપાળ ચરિત્ર	દીપચંદ વર્ણી
૧૬	શ્રીપાળ રાસ (હિંદી)	બ્રહ્મચારી રાયમલ (રણથંભોર નિવાસી ભૂલસિહના પુત્ર)

★

શ્વેતાંબર ગ્રંથોમાં રત્નશેખરસૂરિકૃત પ્રાકૃતમાં શ્રીપાળ કથા સૌથી પ્રાચીન છે. દિગંબર પરંપરામાં ત્યાર પછી લગભગ ૧૦૦ વર્ષે લખાયેલ સકલકીર્તિનો શ્રીપાળ મહામુનિ રાસ સૌથી પ્રાચીન છે. દિગંબર કથા સંક્ષિપ્ત છે અને ઘણા પ્રસંગોનો બિલકુલ અભાવ છે; જ્યારે શ્વેતાંબર કથા વિસ્તૃત છે. શ્રીપાળ ચરિત્ર (કથા) સાથે શ્રીપાળ રાસની તુલના કરતાં શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં ઉપલબ્ધ શ્રીપાળની કથાનો ભેદ જણાઈ આવે છે.

ચરિત્ર (કથા)	રાસ
૧ મયણાસુંદરીની માતા અને પ્રજાપાલની બીજી પત્નીનું નામ રૂપસુંદરી છે.	માત્ર સૌભાગ્યસુંદરીનું જ નામ મળે છે.
૨ કન્યાઓના શિક્ષકનાં નામ શિવભૂતિ અને સુબુદ્ધિ છે.	ફક્ત બ્રાહ્મણ અને મુનિ જ કહ્યા છે. નામ આપ્યાં નથી.
૩ સુરસુંદરીનો પતિ અરિદમન શંખપુરીના રાજા દમિતારિનો પુત્ર હોય છે.	અરિદમનને માત્ર રાજપુત્ર કહ્યો છે. પિતા કે રાજ્યનું નામ આપ્યું નથી.
૪ સિંહરથ રાજાના મંત્રીનું નામ મતિસાગર છે.	આનંદપદ છે.
૫ શ્રીપાળના કાકાનું નામ અજિતસેન છે.	વીરદમન છે.
૬ ધવલશેઠ કોસાંબીનો નિવાસી હોય છે.	ભરુઅચ્છનો નિવાસી હોય છે.
૭ વહાણ ન ચાલવાનું કારણ જાણવા ધવલ સિકોતરીને પૂછે છે.	નૈમિત્તિકને પૂછે છે.
૮ ધવલ શેઠ બબ્બર દ્વીપમાં રાજાના સુભટોથી બંદી બને છે.	ધવલશેઠને ચોરો બંદી બનાવે છે.

૯	બબ્બર રાજાનું નામ મહાકાલ છે અને તેની પુત્રી મદનસેનાનાં શ્રીપાળ સાથે લગ્ન થાય છે.	રાજાનું નામ [illegible] જલોમાજ મદનસેનાના લગ્નની વાત છે.
૧૦	રત્નદ્વીપના રાજાનું નામ કનકકેતુ, રાજકન્યાનું નામ મદનમંજુષા અને તેની માતાનું નામ રત્નમાલા તથા નગરનું નામ રત્નસંચયા છે.	રત્નદ્વીપના રાજાનું નામ વિદ્યુત-પ્રભ અને રાણીનું નામ મેઘમાલિની છે.
૧૧	મદનમંજુષાના ભાવિ પતિનું નામ ચક્રેશ્વરીએ બતાવ્યું છે.	જ્ઞાનસાગર મુનિએ બતાવ્યું છે.
૧૨	સમુદ્રમાંથી નીકળી શ્રીપાળ કોંકણદેશના રાજા વસુપાળની પુત્રી મદનમંજરીને પરણે છે.	દલપર્તનના રાજા ધનપાલની પુત્રી ગુણમાલાને પરણે છે.
૧૩	કુંડલપુરના રાજા મકરકેતુની પુત્રી ગુણસુંદરી સાથે શ્રીપાળ લગ્ન કરે છે.	મકરધ્વજની પુત્રી ચિત્રલેખા આદિ ૧૦૦ કન્યાઓ સાથે શ્રીપાળ લગ્ન કરે છે.
૧૪	કંચનપુરના વજ્રસેનની પુત્રી ત્રૈલોક્યસુંદરીના શ્રીપાળ સાથે લગ્નની વાત છે.	વિશાલમતિ આદિ ૯૦૦ કન્યાઓના લગ્નની વાત છે.
૧૫	દલપત્તનના ધારાપાલની રાણી ગુણમાલાની પુત્રી શૃંગાર-સુંદરીના, તેની પાંચ સખીઓ સહિત, સમસ્યાપદની પૂર્તિ કરવા પર શ્રીપાળ સાથે લગ્ન થાય છે.	કુંડલદેશના રાજા વિનયસેનને જસોમાલા નામે રાણી અને ૧૬૦૦ કન્યાઓ છે. તેમાં સૌભાગ્યસુંદરી આદિ આઠ મુખ્ય છે. સમસ્યા પદની પૂર્તિ થવાથી તેમનાં લગ્ન શ્રીપાળ સાથે થાય છે.

૧૬	ત્યારબાદ કુલ્લાગપુરના પુરંદરવિજયની પુત્રીને રાધાવેધ સાધીને શ્રીપાળ પરણે છે.	મલ્લદેશની ૭૦૦ કન્યાઓ અને તિલાંગની ૧૦૦ કન્યાઓને પરણે છે.
૧૭	વસુપાલના રાજ્યમાંથી વિદાય લઈ ઉજ્જૈન જતાં રસ્તામાં સોપારકના રાજા મહાસેનની પુત્રી તિલકસુંદરીને નિર્વિષ કરીને તેને પરણે છે.	૧૨ વર્ષ પૂરા થતાં ઉજ્જૈન તરફ જતાં ગિરનાર યાત્રા, ફાગણ માસમાં અઠ્ઠાઈ મહોત્સવ સિદ્ધક્ષેત્ર યાત્રા અને ૫૦૦ કન્યાઓ સાથેના લગ્નની વાત છે. ઉપરાંત મહારાષ્ટ્રની ૫૦૦ અને ગુજરાતની ૨૯૬ કન્યાઓ સાથે તેના લગ્ન થાય છે. વાગડના ભિલોને તે શિક્ષા કરે છે.
૧૮	ધવલ શ્રીપાળના મહેલ પર ચઢતાં છરીથી મરી જાય છે.	વિષ ખાઈને મરી જાય છે.
૧૯	શ્રીપાળ પૂર્વજન્મમાં હિરણ્યપુરનો રાજા હોય છે.	રત્નસંચય નગરનો રાજા હોય છે.
૨૦	શ્રીપાળને કુલ નવ રાણીઓ, ત્રિભુવનપાલ આદિ નવ પુત્રો, નવહજાર હાથી, નવ હજાર રથ, નવ લાખ ઘોડા, નવ કરોડ પાયદળ હોય છે. ૯૦૦ વર્ષનું આયુષ્ય છે અને નવમા સ્વર્ગમાં નવમા વર્ષે મોક્ષ થશે એમ જણાવ્યું છે.	મહિપાલ આદિ ૧૨૦૦૮ પુત્ર, બાર હજાર હાથી, બાર લાખ ઘોડા, બાર કરોડ પાયદળ હોય છે. સુવ્રત મુનિ પાસે દીક્ષા લે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પામે છે.

‘ सिरिसिरिवालकहा ’ નો ઉદ્દેશ

‘**सिरिसिरिवालकहा**’ શ્રીપાળના પરાક્રમ અને સિદ્ધિઓને આવરી લેતું કથા કાવ્ય છે. પણ કવિનો ઉદ્દેશ શ્રીપાળની કથા દ્વારા માત્ર મનોરંજન પુરું પાડવાનો નથી. શ્રીપાળ કથાનો પ્રત્યેક પ્રસંગ સહેતુક છે. સિદ્ધચક્રનું માહાત્મ્ય બતાવવા ઉપરાંત સામાન્ય માણસોને કર્મવાદનું મહત્ત્વ સમજાવવાનો કવિનો ઉદ્દેશ છે. કર્મગ્રંથનો અભ્યાસ કરવા અસમર્થ સામાન્ય વ્યક્તિ પર હળવા પ્રસંગો દ્વારા કર્મસિદ્ધાન્તની અવિસ્મરણીય છાપ પડે છે. આ ઉપરાંત કેટલીક બાબતો ગૃહસ્થ જીવનને સ્પર્શે છે. નારી શિયળ, સહિષ્ણુતા, દઢ સંકલ્પ અને નિ:સીમ શ્રદ્ધા દ્વારા તેમજ પુરુષ સૌજન્ય, સંયમ, ક્ષમા અને ભકિત દ્વારા માનવતાની સીમા વટાવીને સાધુતાની ભૂમિકા સુધી માણસ કેવી રીતે પહોંચી શકે છે, એ વાત મયણાસુંદરી અને શ્રીપાળે પોતાના સૌમ્ય આચરણથી ‘**सिरिसिरिवालकहा**’ માં પુરવાર કરી છે.

કવિએ આ કાવ્યમાં એ સિદ્ધ કર્યું છે કે જગતની કોઈ વસ્તુ અહેતુક નથી. બે વ્યકિતઓ સરખા પ્રયત્નો કરવા છતાં જુદા જુદા પરિણામ પામે છે, તેની પાછળ કોઈ અદ્રશ્ય બળ કામ કરતું હોય છે. આ બળ એ કર્મોનું પરિણામ છે. છતાં કર્મવાદનો અર્થ એ નથી કે પ્રયત્નની ઉપેક્ષા કરવી. કર્મવાદમાં પ્રયત્નને પૂરતું સ્થાન છે. પ્રયત્ન કરવો એટલે ભૂતકાળમાં થઈ ગયેલા કર્મના પરિણામ વખતે અફસોસ ન કરતાં ભવિષ્ય માટે સજાગ બની આગળ વધવું. આનું નામ કર્મવાદ. આ સિદ્ધાન્ત જીવનની વિષમતાઓમાં જેમ શાન્તિ તરફ દોરી જાય છે, તેમ ભવિષ્યના માર્ગમાં પ્રકાશ પણ પાથરે છે. એ સમજાવે છે કે, ‘What is done cannot be undone; but be careful for the future’-જે થવાનું હતું તે થઈ ગયું છે, જે થયું છે તે મટવાનું નથી, પણ હવે સાવધાન થઈ આગળ વધો.

આ સમજણ આવતાં અણધારી આવેલી વિષમ સ્થિતિમાં મન સ્વસ્થ રહે છે અને આગળના પંથમાં એ સુસજ્જ થઈ પ્રયાણ કરે છે.

મયણાસુંદરી આવા કર્મવાદમાં શ્રદ્ધા ધરાવે છે. પોતાના સુખ — દુઃખ માટે માતા—પિતાને નહીં પણ પોતાના કર્મોને જવાબદાર માને છે. આથી પિતાનો ખોફ પણ વહોરી લેવો પડે છે. લગ્નની બાબતમાં પણ માતા-પિતાને માત્ર નિમિત્ત જ માને છે. " **अम्मा पिउणो वि निमित्तमित्तमेवह ... .संबंधो होइ जीवाणं ॥** " લગ્ન પછી સુખ—દુઃખનો આધાર પણ પૂર્વકર્મો ઉપર જ રહે છે એમ તે સ્વીકારે છે. ' **जा कन्ना ... ... सा दुहिया ॥** " પૂર્વજન્મનાં સુકૃત્યોથી સુખ અને દુષ્કૃત્યોથી દુઃખ મળે છે. કોઈ પણ વ્યકિત શુભ કે અશુભ કર્મના પરિણામને અટકાવી શકતી નથી. મયણાસુંદરી આ રીતે કર્મવાદને માનવા છતાં નિર્માલ્ય બની બેસી રહેતી નથી. પુરુષાર્થથી એ કર્મો કેવી રીતે દૂર કરવાં તેનું માર્ગદર્શન ગુરુ પાસે માગે છે અને જ્ઞાનીએ ચીંધેલી આરાધનામાં શ્રદ્ધા અને દૃઢસંકલ્પપૂર્વક એ લાગી જાય છે. તે પુરવાર કરે છે કે અકર્મણ્ય કે માત્ર તર્કથી નહીં પણ પુરુષાર્થથી — કર્મથી માણસ પોતાના ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

રાજા પ્રજાપાળ અને શ્રીપાળ પણ કર્મ — પરિણામની શકિતનો સ્વીકાર કરે છે. રાજા પ્રજાપાળ ક્રોધને વશ થઈ મયણાસુંદરીના લગ્ન કુષ્ઠરોગી ઉંબર સાથે કરવા તૈયાર થાય છે. પણ તે માટે આશરો તો પૂર્વકર્મનો લે છે. '**जइ सा निअकम्मफलं पावइ ता अम्ह को दोसो ?** ' મયણાના લગ્ન પૂર્વકર્મના પરિણામને લીધેજ ઉંબર સાથે થાય છે અને તેના કર્મને લીધે જ તે રોગમુકત પણ થાય છે. ઉંબર પોતાની વિપત્તિ માટે પોતાનાં કર્મોને જ જવાબદાર ગણે છે. એથી મયણા સાથે લગ્ન કરી, નવું પાપકર્મ કરવા તૈયાર નથી.

'**सिरिसिरिवालकहा**' માં મયણાસુંદરી, રાજા પ્રજાપાળ અને ઉંબર એ ત્રણે કર્મોની સર્વોપરિતા સ્વીકારે છે. જેને કર્મસિદ્ધાન્ત ઉપર

વિશ્વાસ ન હોય તે જાણી જોઈને રોગી સાથે લગ્ન કરી પોતાનું જીવન બરબાદ કરવા કેમ તૈયાર થાય ? કર્મને પરિણામે જે આપત્તિ આવે તે સહન કરવાથી જૂના કર્મોનો ક્ષય થાય છે અને નવાં અશુભ કર્મ બંધાતાં નથી. પરિણામે છેવટે તો સુખનું સામ્રાજ્ય પ્રવર્તે છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે, 'હું ધારું તે કરી શકું' એવો ગર્વ ન કરવો જોઇએ; કારણ કે **'सुरवरकयंपि कज्जं कम्मवसा होइ विवरियं ।'** કર્મનું ફળ તો અવશ્ય મળે જ છે. એટલું જ નહીં પણ કર્મોનું ફળ એક જ જન્મમાં સમાપ્ત થતું નથી, પણ અનેક જન્મો સુધી ચાલે છે. પૂર્વ જન્મોના કર્મફળથી આ જન્મની વ્યવસ્થા થાય છે અને આ જન્મ તેમજ પૂર્વ જન્મના બાકી રહેલા કર્મફળથી આગામી જન્મ નક્કી થાય છે. માટે શાંતિપૂર્વક કર્મ ભોગવી લેવાં જોઈએ. આવેલા વિષમ સંજોગોનો ધૈર્યપૂર્વક સામનો કરવો, સમય પૂરતું મૌન રહી સંયોગના પૂરને પસાર થવા દેવું અને પૂર ઓસરતાં પુનઃ મૂળ સ્થિતિમાં આવી જવું, પણ ચિત્તની સમતા ન ગુમાવવી. આ મૌલિક બાબત મયણાસુંદરીનાં માતા—પિતા રાજ્યત્યાગ અને ગૃહત્યાગનાં કઠોર કર્તવ્યો દ્વારા બહુ જ નમ્ર રીતે શ્રીપાળ ચરિત્રમાં કહી જાય છે. સાથે સાથે એક ગભરુબાળા સિદ્ધાન્ત ખાતર રાજ્યસુખ અને સ્નેહીઓની હૂંફનું બલિદાન આપીને પણ પોતાનો સિદ્ધાન્ત અણનમ રહીને પાળે છે અને ભારે પ્રયત્નો દ્વારા (શ્રીદ્ધચક્રની આરાધના દ્વારા) પોતાના કોઢિયા પતિને નીરોગી બનાવી નારી જીવનનું એક ગૌરવભર્યું જ્વલંત દૃષ્ટાંત રજુ કરે છે.

સતિ શિરોમણી મયણાસુંદરી પતિભકિત, ધર્મધ્યાન અને ત્રિકરણ શુદ્ધિ વડે ઈષ્ટ ઉપાસના કરીને મનવાંચ્છિત ફળ મેળવે છે. તે પોતાના તત્ત્વવિચારને વળગી રહે છે અને અંતે તેની ટેકનો વિજય થાય છે; જ્યારે પ્રજાપાળ ક્રોધને વશ થવાથી પ્રશ્ચાતાપને પાત્ર થાય છે અને થયેલી ભૂલો માટે તેને માફી માગવી પડે છે.

કથાસાહિત્ય

વાર્તાકળા અત્યંત પ્રાચીન કાળથી ચાલતી આવી છે. સભ્યતાના આદિકાળથી આજસુધી કથા-વાર્તાની લોકપ્રિયતા અને ઉપયોગિતા અક્ષુણ્ણ રહી છે. કથાસાહિત્ય તો અતીત અને અનાગતને વર્તમાનમાં ઉપસ્થિત કરવા માટે રોચક અને પ્રભાવશાળી માધ્યમ, કળાના ક્ષેત્રમાં અભિવ્યકિતનું સુંદર અને સરસ સાધન તેમજ જગતના સર્વોત્કૃષ્ટ સાહિત્યની જનની છે. ઉપરાંત તે જ્ઞાનવિનિમયનાં અનેક સાધનોમાં સરળ અને સર્વગમ્ય સાધન પણ છે. ઓછું અથવા નહીં ભણેલાને તથા બાળકોને બોધ આપવા કથા-વાર્તા સર્વોત્કૃષ્ટ સાધન છે. કથા-વાર્તા જ એક એવું સાધન છે કે જે બાળપણથી માંડીને જીવનની છેલ્લી ક્ષણ સુધી જુદી જુદી ઉંમર, સમજણ અને શકિતની પાયરીઓમાં એક સરખી રીતે ઉપયોગી થાય છે અને જ્ઞાન લેનાર તેમજ દેનાર બન્નેને શાંતિ અને સ્વસ્થતાનો અનુભવ કરાવે છે.

કથા—વાર્તા તરફ મનુષ્યનું સહજ અને સ્વાભાવિક આકર્ષણ છે. વેદ, ઉપનિષદ, મહાભારત, જૈન આગમ, બૌદ્ધ ત્રિપિટક, કુરાન અને બાઈબલની હજારો કથાઓ માણસના કથા—વાર્તાઓ માટેના આકર્ષણની સાક્ષી પૂરે છે. માણસ ખૂબ પ્રેમથી અને રસપૂર્વક કથા—વાર્તા કહેતો અને સાંભળતો આવ્યો છે, તેમજ તે દ્વારા ધર્મ, નીતિ, સદાચાર, શૌર્ય, બુદ્ધિ—ચાતુર્ય અને કૌટુમ્બિક તેમજ સામાજિક કાર્યોમાં સુંદર પ્રેરણાઓ લેતો અને આપતો આવ્યો છે.

ભારતીય કથાસાહિત્ય

વિશ્વના કથાસાહિત્યમાં ભારતીય કથાસાહિત્યનું વિશિષ્ટ સ્થાન છે. ઉપનિષદોના તત્ત્વજ્ઞાનની ધારા કથા–વાર્તામાં આબદ્ધ થઈને વહી છે. વ્યાસ અને વાલ્મીકિએ મહાભારત અને રામાયણમાં ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસને કથા-વાર્તામાં પ્રતિષ્ઠિત કરીને અમરતા પ્રાપ્ત

કરી છે. મહાવીર અને બુદ્ધે આધ્યાત્મ અને સદાચારના બોધબીજને કથાવાર્તા દ્વારા જનસમાજમાં પલ્લવિત અને પુષ્પિત કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉત્તરકાલીન હજારો આચાર્યો, વિદ્વાનો અને કવિઓએ જીવનના અસંખ્ય પ્રતિબિંબોને કથા-વાર્તા દ્વારા પ્રસ્તુત કર્યાં છે, કરે છે અને કરતા રહેશે.

ભારતીય કથાસાહિત્ય પૂરતું સંપન્ન છે. ઋગ્વેદ, બ્રાહ્મણ ઉપનિષદ, મહાભારત, રામાયણ આદિ વૈદિક અને પૌરાણિક ગણાતા સાહિત્યમાં બોધપ્રદ અને મનોરંજક અનેક કથાઓ મળી આવે છે. પંચતંત્ર, હિતોપદેશ, કથાસરિત્સાગર, શુક સપ્તતિ, સિંહાસન દ્વાત્રિંશિકા, વૈતાલ પંચવિંશિતિકા આદિ અનેક કથાગ્રંથો છે. બૌદ્ધ જાતક કથાઓ કથાસાહિત્યનો અનુપમ ભંડાર છે. જૈન ધર્મકથાનુયોગ પણ આવા સાહિત્યનો અખૂટ ખજાનો છે.

ભારતીય કથાસાહિત્યના વિભિન્ન ઉદ્દેશ્યોમાં મુખ્ય ઉદ્દેશ્ય તો ઉપદેશ, સદ્બોધ અને પ્રેરણા આપવાનો છે. કથાસાહિત્યમાં અનેક કથાઓ, વાર્તાઓ, આખ્યાનો, દૃષ્ટાન્તો, ઉપમાઓ, ઉદાહરણો વગેરે મળી આવે છે, જે શિક્ષાપ્રદ હોવા ઉપરાંત પ્રેરણાદાયક અને મનોરંજક પણ છે. મનુષ્ય સ્વભાવત: ઉપદેશપ્રિય નથી, પણ અનુકરણપ્રિય છે. અનુકરણ તેની મૂળ વૃત્તિ છે. તે ઉપદેશની અપેક્ષાએ અનુકરણથી વધારે અને જલ્દીથી શીખી જાય છે. એટલા માટે મનુષ્યના મનમાં માનવીય ગુણોની ભાવના અને પ્રેરણા જગાડવા માટે ઉપદેશાત્મક સાહિત્ય કરતાં કોઈ અનુકરણીય ચરિત્રનો આદર્શ વધારે પ્રભાવશાળી બને છે. ચરિત્રાત્મક આદર્શ તેની અનુકરણ વૃત્તિને ખૂબ ઝડપથી ઉત્તેજિત કરે છે અને ગતિશીલ બનાવે છે. આજ મનોવૈજ્ઞાનિક ભૂમિકા પર આદિકાળથી આજ સુધી કથાસાહિત્ય નિરંતર અસંખ્ય રૂપોમાં વ્યકત થતું રહ્યું છે.

જૈન કથાસાહિત્ય

વિશ્વના કથાસાહિત્યમાં ભારતીય કથાસાહિત્યનું વિશિષ્ટ મહત્ત્વ છે. અને એવું જ મહત્ત્વ ભારતીય કથાસાહિત્યમાં જૈન કથાસાહિત્યનું છે. જૈન સાહિત્યનો કથાભાગ બહુ જ સમૃદ્ધ અને વિશાળ છે. અનેક વિષયો પર સેંકડો પ્રકારનાં કથાનકો, જીવનચરિત્રો, પ્રસંગો અને રૂપકો લખાયાં છે. પ્રતિપાદ્ય વિષયને સાધારણ જનતા માટે બોધગમ્ય બનાવવા જૈન આચાર્યોએ વિવિધ કથાઓનું આયોજન કરીને માત્ર જૈનસાહિત્યને જ નહીં, પણ સમગ્ર ભારતીય સાહિત્યને ખૂબ સમૃદ્ધ બનાવ્યું છે. જૈન કથાસાહિત્યમાં માત્ર મનોરંજક કથાઓ અને રૂપકોનું જ બાહુલ્ય નથી, પણ ઐતિહાસિક સ્ત્રી—પુરુષોના જીવનમાં બનેલાં સાહસ, ધૈર્ય, ક્ષમા, વિવેક, ત્યાગ આદિગુણોને વ્યકત કરતી હજારો યથાર્થ ઘટનાઓ પણ રોચક અને આકર્ષક ઢંગે લખાયેલી મળે છે. આ ઘટનાઓથી વાચકને જીવનનિર્માણ માટે મૌલિક પ્રેરણાઓ સાથે બૌદ્ધિક આનંદ પણ મળે છે.

જૈન પ્રવચનના ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ એવા જે ચાર વિભાગ પાડવામાં આવ્યા છે, તેમાં ધર્મકથાનુયોગને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે. સદાચરણના મૂળ-નિયમો અને તેમને આચરણમાં મૂકવાની વિવિધ પ્રક્રિયાઓના સાહિત્યનું નામ ચરણકરણાનુયોગ. એ આચરણો જેમણે આચરી બતાવ્યા હોય તેવાં વીર, ધીર અને ગંભીર સ્ત્રી-પુરુષોના ઐતિહાસિક કથારૂપ જીવનોના સર્જનનું નામ ધર્મકથાનુયોગ છે. આ વિશે શાસ્ત્રકારો તો એમ પણ કહે છે કે, આવા પ્રકારના ધર્મકથાનુયોગ વિના ચરણકરણાનુયોગની સાધના કઠણ બની જાય છે. જનતા તે તરફ વળતી કે આકર્ષાતી નથી. જેમાં ખગોળ, ભૂગોળના વિવિધ ગણિતો આવે તે ગણિતાનુયોગ અને જેમાં આત્મા, કર્મ, જીવનુ સ્વરૂપ વગેરે સૂક્ષ્મ બુદ્ધિગ્રાહ્ય વિષયો ચર્ચવામાં આવ્યા હોય તે દ્રવ્યાનુયોગ. ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ આમ જનતા માટે સમજવા મુશ્કેલ છે. ચરણકરણાનુયોગની સાધના

પણ ધર્મકથાનુયોગ સિવાય મુશ્કેલ બને છે. ફક્ત ધર્મકથાનુયોગ જ એવો છે કે જે આમ જનતા સુધી પહોંચી શકે છે અને તેથી તે સમગ્ર જૈન સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ભોગવે છે. દિગંબર સાહિત્યમાં ધર્મકથાનુયોગને પ્રથમાનુયોગ કહેલ છે.

કથાના પ્રકાર

મૂળ આગમ સાહિત્યમાં કથા–સાહિત્યનુ વર્ગીકરણ અર્થકથા, ધર્મકથા અને કામકથા એમ ત્રણમાં કરવામાં આવ્યું છે. પરવર્તી સાહિત્યમાં વિષય, પાત્ર, શૈલી અને ભાષાની દષ્ટિએ ભેદ—પ્રભેદ કરવામાં આવ્યા છે. આચાર્ય હરિભદ્રે વિષયની દષ્ટિએ અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા એમ ચાર પ્રકાર ગણાવ્યા છે. પાત્રોને આધારે દિવ્ય, માનુષ અને દિવ્ય—માનુષ એમ ત્રણ ભેદ કરવામાં આવ્યા છે. શૈલીની દષ્ટિએ સકળકથા, ખંડકથા, ઉલ્લાપકથા, પરિહાસકથા અને સંકીર્ણકથા એવા પાંચ ભેદ કરવામાં આવ્યા છે. ટૂંકમાં, ભિન્ન ભિન્ન દષ્ટિએ કથાઓના અનેક પ્રકાર ગણાવી શકાય.

આગમો અને વ્યાખ્યા સાહિત્યમાં કથાસાહિત્ય

આગમોમાં કથાસાહિત્યની દષ્ટિએ જ્ઞાતાધર્મકથા, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન સૂત્ર, વિપાક સૂત્ર આદિમાં ઉદાહરણ, દષ્ટાંત, ઉપમા, રૂપક, સંવાદ અને લોકપ્રચલિત વાર્તાઓ દ્વારા સંયમ, તપ અને ત્યાગનું વિવેચન કરવામાં આવ્યું છે.

આગમો ઉપર લખાયેલ વ્યાખ્યાઓમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓનો સમાવેશ થાય છે. આગમ સાહિત્યમાં બીજરૂપે જે કથાઓ મળે છે, તેમનો નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા સાહિત્યમાં પૂર્ણ વિકાસ દષ્ટિગોચર થાય છે. નાની—મોટી હજારો કથાઓ તેમાં આવે છે. આગમકાલીન કથાઓની મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેમાં ઉપમાઓ અને દષ્ટાન્તોનો આધાર લઈ જન—જીવનને ધર્મ સિદ્ધાંતો તરફ અધિકા–

ધિક આકર્ષિત કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. આગમ સાહિત્યમાં ધાર્મિક ભાવનાની પ્રધાનતા છે; જ્યારે વ્યાખ્યા સાહિત્યમાં સાહિત્યિક તત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. એકરૂપતાની જગ્યાએ વિવિધતા અને નવીનતાનો પ્રયોગ થયો છે. માત્ર વિષય, પ્રવૃત્તિ, વાતાવરણ, ઉદ્દેશ્ય આદિ દૃષ્ટિએ આગમિક કથાઓની અપેક્ષાએ વ્યાખ્યા—સાહિત્યની કથાઓમાં વિશેષતા અને નવીનતા આવી છે. આગમકાલીન કથાઓમાં ધાર્મિકતાનો પુટ અધિક આવી જવાથી મનોરંજન અને કુતૂહલનો પ્રાયઃ અભાવ છે. પણ વ્યાખ્યા સાહિત્યની કથાઓની બાબતમાં આમ નથી. પ્રમાણની દૃષ્ટિએ પણ વ્યાખ્યા—સાહિત્ય કથાસાહિત્યનો એક અક્ષય ભંડાર છે.

આગમેતર કથાસાહિત્ય

આગમ સાહિત્યમાં વર્ણવેલ ધાર્મિક અને લૌકિક કથાઓને આધારે ઉત્તરકાલીન પ્રાકૃત કથાસાહિત્ય ઉત્તરોત્તર વિકસિત થઈ વૃદ્ધિ પામતું ગયું છે. ડૉકટર વિન્ટરનિત્જે કહ્યું છે— "જૈન ટીકા સાહિત્યમાં ભારતીય પ્રાચીન કથાસાહિત્યના અનેક ઉજ્જવળ રત્નો વિદ્યમાન છે, જે અન્યત્ર ઉપલબ્ધ નથી."

જૈન કથાસાહિત્યનો ઈતિહાસ જૈન તત્ત્વજ્ઞાન અને જૈન સિદ્ધાંતના ઈતિહાસ જેટલો જ પ્રાચીન છે. આગમો અને તેના વ્યાખ્યા સાહિત્યમાં જે અનેક કથાઓ મળી આવે છે એ કથાઓનો આધાર લઈ પાછળના સમયના આચાર્યોએ સ્વતંત્ર કથાગ્રંથોની રચના કરી છે. અને મૂળ કથાવસ્તુમાં અનેક અવાન્તર કથાઓનું સંયોજન કરીને આ સાહિત્યને ખૂબ વિકસિત અને વિસ્તૃત બનાવ્યું છે. ઉપલબ્ધ કથાગ્રંથોમાં કેટલાક પુરાણોની શૈલી પર લખાયા છે, તો કેટલાક આખ્યાયિકાઓની શૈલી પર. વસુદેવહિંડી પુરાણ પદ્ધતિ પર રચાયેલા ગ્રંથોમાં સૌથી પ્રાચીન છે. ગુણાઢયની બૃહત્કથાની જેમ આમાં સેંકડો અવાંતર કથાઓ યોજવામાં આવી છે. આ કથાઓમાંથી કેટલીક કથાઓ પસંદ કરી તે પછીના

આચાર્યોએ સ્વતંત્ર કથાગ્રંથોની રચના કરી છે અને સંક્ષિપ્ત કથાઓને વધારે પલ્લવિત કરી છે. આ જ અરસામાં પઉમચરિયંની પણ રચના થઈ. ત્યારપછી ૫૪ મહાપુરુષોની કથાઓના સંગ્રહાત્મક નાના-મોટા ચરિત્ર ગ્રંથો રચાયા છે. એ રીતે આદિનાથચરિત, પાર્શ્વનાથ ચરિત, મહાવીરચરિત આદિ અનેક તીર્થંકરોના અનેક પ્રકારે સ્વતંત્ર ચરિત ગ્રંથોની રચના થઈ છે. આ બધા ગ્રંથો પુરાણ શૈલીના છે. પૌરાણિક શૈલીના કથાગ્રંથોથી ભિન્ન એક આખ્યાયિકાની પદ્ધતિ પર લખાયેલ કથાગ્રંથોનો વર્ગ પણ છે. વાસવદત્તા, કાદંબરી, નળચરિત, દશકુમારચરિત આદિ સંસ્કૃત સાહિત્યની લૌકિક કથાઓની જેમ પ્રાકૃતમાં પણ અનેક કથાઓ લખાઈ છે. તેમાં પાદલિપ્તસૂરિની તરંગવતી અથવા તરંગલીલા સૌથી પ્રાચીન છે. આ કથા ઉપલબ્ધ નથી. ૯-૧૦ મી શતાબ્દીમાં લખાયેલ તેનો સંક્ષિપ્ત સાર મળે છે.

કથાસાહિત્યનો સમય લગભગ ઈ. સ. ચોથી શતાબ્દીથી શરૂ કરી સાધારણ રીતે ૧૬—૧૭ મી શતાબ્દી સુધી આવે છે. તેમાં કથા, ઉપકથા, અંતરકથા, આખ્યાન, આખ્યાયિકા, ઉદાહરણ, દૃષ્ટાન્ત, વૃતાન્ત, ચરિત વગેરેના ભેદ પ્રમાણે કથાનાં સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. કથાઓને મનોરંજક બનાવવા તેમાં સંવાદ, બુદ્ધિની પરીક્ષા, પ્રશ્નોત્તર, સમસ્યાપૂર્તિ, સુભાષિત, કહેવત, ગીત, ચર્ચરી આદિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રાકૃત કથાસાહિત્યના અધ્યયન ઉપરથી માલૂમ પડે છે કે ઈ.સ. ૯—૧૦ મી શતાબ્દી પૂર્વે જૈન આચાર્યોએ લખેલા કથાગ્રંથોની સંખ્યા ઘણી ઓછી હતી. આ સમયે ચરિતાત્મક ગ્રંથોમાં પઉમચરિય, સમરાઈચ્ચકહા, તરંતવતી, તરંગલીલા, વસુદેવહિંડી તેમજ ઉપદેશ ગ્રંથોમાં ઉપદેશપદ, ઉપદેશમાલા, ધર્મોપદેશમાલા વગેરે હતા. પરંતુ ૧૧—૧૨ મી શતાબ્દીમાં શ્વેતાંબર જૈન સંપ્રદાયમાં અભૂતપૂર્વ જાગૃતિ આવી. જૈન ધર્મને આ સમય દરમિયાન રાજ્યાશ્રય પણ મળ્યો. સેંકડો ગ્રંથોની રચના આ સમયે થઈ. કથાકોષ પ્રકરણ, કથા રત્નકોશ, આખ્યાનકમણિકોશ,

કુમારપાળપ્રતિબોધ આદિ અનેક ગ્રંથ આ સમયે લખાયા. લોકરુચિને ધ્યાનમાં રાખી જૈન આચાર્યોએ પોતાની ધર્મકથાઓમાં શૃંગારપૂર્ણ પ્રેમાખ્યાનોનો સમાવેશ કરી તેમને લોકોપયોગી બનાવ્યાં. આ કથાગ્રંથો ધર્મકથાને મુખ્ય માની લખાયા. પરંતુ પોતાની રચનાઓને લોકપ્રિય બનાવવાને શૃંગારને પણ તેમણે તેમની રચનાઓમાં સ્થાન આપ્યું.

જૈન કથાસાહિત્યમાં જનતાના વિભિન્ન વર્ગના સામાન્ય જીવનનું ઘણી કુશળતાથી ચિત્રણ કરવામાં આવ્યું છે. આથી ભારતીય સભ્યતાના ઈતિહાસ પર પર્યાપ્ત પ્રકાશ પડે છે. જૈન કથાસાહિત્યના અધ્યેતા ડૉક્ટર જોન હર્ટલના શબ્દોમાં— "જૈન કથાસાહિત્ય કેવળ સંસ્કૃત અને અન્ય ભારતીય ભાષાઓના અધ્યયન માટે જ નહીં, પરંતુ ભારતીય સભ્યતાના ઈતિહાસ પર એથી મહત્વપૂર્ણ પ્રકાશ પડે છે." વાર્તા કહેવાની કળાની વિશિષ્ટના પાકૃત કથાઓમાં જોવા મળે છે. આ વાર્તાઓ ભારતના ભિન્ન ભિન્ન વર્ગના લોકોના રીત રિવાજને પૂર્ણસત્ય સાથે અભિવ્યક્ત કરે છે. આ કથાઓ જન સાધારણના શિક્ષણના ઉદ્દગમ સ્થાન જ નહીં પણ ભારતીય સભ્યતાનો ઈતિહાસ પણ છે,

પ્રાકૃત કથાસાહિત્ય મુખ્યત્વે જૈન આચાર્યોને હાથે સમૃદ્ધ થયું છે. એટલે કે મોટા ભાગના પ્રાકૃત કથાસાહિત્યનું નિમણ જૈનોને હાથે થયું. આથી પ્રાકૃત કથાસાહિત્ય અને જૈન કથાસાહિત્ય વચ્ચે ભેદરેખા આંકી શકાતી નથી.

★

'सिरिसिरिवालकहा' ના કર્તા

'सिरिसिरिवालकहा' ના કર્તૃત્વનો પ્રશ્ન હલ કરવો બહુ અઘરો નથી; કારણ કે તે માટે આપણી પાસે પૂરતી સામગ્રી અને શ્રદ્ધેય ઉલ્લેખો છે. કાવ્યની અંતિમ ગાથા સ્પષ્ટ કરે છે કે આના કર્તા રત્નશેખર-સૂરિ, ગણધર વજ્રસેન અને પટ્ટપ્રભુ હેમતિલકના શિષ્ય હતા. તેમના પોતાના શિષ્ય હેમચંદ્રે વિ. સં. ૧૪૨૮ માં પોતાના ગુરુની આ કૃતિની પ્રતિલિપિ તૈયાર કરી હતી. પણ તે ઉપરથી સ્પષ્ટ થતું નથી કે વજ્રસેન અને હેમતિલક એ બેમાંથી કોણ તેમના ગુરુ હતા. કદાચ એમ હોઈ શકે કે એક તેમના દીક્ષાગુરુ હોય અને બીજા તેમના વિદ્યાગુરુ હોય. અથવા તે વજ્રસેનના શિષ્ય હેમતિલકના શિષ્ય હોય. બીજા મંતવ્યને એમની પોતાની કૃતિ **'गुणस्थानक्रमारोहवृत्ति'** પરથી પણ પુષ્ટિ મળે છે. આ ટીકામાં તેમના પુરોગામીઓ અને તેમના ગચ્છ વિશે જાણવા મળે છે. આજ માહિતી આપણને તેમની **'दिनशुद्धि'** ની ગાથામાંથી પણ મળે છે. વળી અમદાવાદના જૈન યુવક મંડળ તરફથી આચાર્યશ્રી ભ્રાનૃચન્દ્રસૂરિ ગ્રંથમાળા નં. ૧ તરફથી પ્રસિદ્ધ થયેલ શ્રીમન્નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલી પ્રમાણે વજ્રસેન પછી હેમતિલક આચાર્યપદે આવ્યા હતા અને રત્નશેખરસૂરિ હેમતિલકના શિષ્ય હતા.

'गुरुगुणषट्त्रिंशिकावृत्ति' ની પ્રશસ્તિમાં લેખકે દેવસૂરિને પોતાના ગચ્છના (બૃહદ્‌ગચ્છ) મૂળ પુરુષ કહ્યા છે. બૃહદ્‌ગચ્છ એ મૂળ તપાગચ્છની શાખા છે. સિદ્ધરાજ જયસિંહની રાજસભામાં દિગંબર આચાર્ય કુમુદચંદ્રને વાદમાં પરાજિત કરનાર વાદિ દેવસૂરિથી આ ગચ્છની શરૂઆત થઈ છે. વાદિ દેવસૂરિ મૂળ તપાગચ્છની ૪૦ મી પાટે આવેલા મુનિચંદ્રના શિષ્ય હતા. બૃહદ્‌ગચ્છ પાછળથી નાગપુરીય કે નાગોરી ગચ્છના નામે ઓળખાયો છે. આમ રત્નશેખરસૂરિ નાગપુરીય ગચ્છના આઠમા પટ્ટધર (મૂળ તપાગચ્છના ૪૮ મા પટ્ટધર) થઈ ગયા.

વજ્રસેને સિહડ મંત્રીને પ્રબોધ્યો હતો. તેથી અલ્લાઉદ્દીનને શ્રદ્ધા થઈ હતી અને રૂણગામમાં કેટલીક સનદો મળી હતી. તેમના એક શિષ્ય હરિચંદ્રમુનિએ કપૂરપ્રકરણ, નેમિનાથચરિત્ર વગેરે ગ્રંથો રચ્યા છે. તે સંવત ૧૩૮૩ માં સ્વર્ગસ્થ થયા હતા.

હેમતિલક સંવત ૧૩૮૨ માં આચાર્યપદે આવ્યા હતા. તેમણે ભાટી રાજા તેમજ દુલચીરાયને ઉપદેશીને જૈનધર્મમાં રત કર્યા હતા. આ બધા ઉપરથી સિદ્ધ થાય છે કે રત્નશેખરસૂરિ, વજ્રસેનના શિષ્ય હેમતિલકના અનુગામી હતા. (તેમના શિષ્ય હતા)

તેમના જીવન વિષે બહુ જાણવા મળતું નથી. પરન્તુ તેમનો જન્મ વિ. સં. ૧૩૭૨ માં થયો હતો. વિ. સં. ૧૩૮૫ માં તેમણે દીક્ષા લીધી હતી અને વિ. સં. ૧૪૦૦ માં આચાર્યપદે આવ્યા હતા. તેમને **'मिथ्यांधकारनभोमणि'** નું બિરુદ મળ્યું હતું. તેમણે હજારોને જૈન બનાવ્યા હતા. વિ. સં. ૧૪૦૭ માં ફિરોઝશાહ તઘલખને તેમણે બોધ આપ્યો હતો.

તેમણે નીચેના સાત ગ્રંથોની રચના કરી છે.

૧ सिरिसिरिवालकहा

સિદ્ધચક્ર યા નવપદનું માહાત્મ્ય બતાવતી આ કથા આ પ્રકારના સાહિત્યમાં સૌથી પ્રાચીન છે. વિ. સં. ૧૪૨૮ માં આની રચના થઈ છે. રત્નશેખરસૂરિના શિષ્ય હેમચંદ્રે આની પ્રતિલિપિ તૈયાર કરી હતી.

૨ गुणस्थानक्रमारोह

જૈન કર્મસિદ્ધાન્તમાં મોક્ષ માર્ગના ૧૪ સ્થાનોની ચર્ચા છે. ગુણસ્થાનક્રમારોહમાં લેખકે આ ૧૪ સ્થાનોની ચર્ચા કરી છે. લેખકની પોતાની આની ઉપર સંસ્કૃતમાં ટીકા છે.

૩ લઘુક્ષેત્રસમાસ

આમાં ૨૬૨ ગાથાઓમાં અઢી દ્વીપ પ્રમાણ મનુષ્યલોકનું મલયગિરિની ટીકાને આધારે વર્ણન છે. આની ઉપર લેખકની સ્વોપજ્ઞવૃત્તિ છે. મૂળ અને ગુજરાતી ભાષાન્તર પ્રકરણ—રત્નાકરમાં ભીમશી માણેકે પ્રકાશિત કરેલ છે.

૪ संबोहसत्तरी

પૂર્વાચાર્યકૃત નિશીથ ચૂર્ણિ આદિ ગ્રંથોને આધારે રત્નશેખરસૂરિએ **संबोहसत्तरी (संबोधसप्ततिका)** ની રચના કરી છે. આ ગ્રંથમાં સમતાભાવ, સમ્યક્ત્વ, જીવદયા, સદ્‌ગુરુ, સામાયિક, સાધુના ગુણ, જિનાગમનો ઉત્કર્ષ, સંઘ, પૂજા, ગચ્છ, અગિયાર પ્રતિમાઓ આદિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અમરકીર્તિ સૂરિએ આની ઉપર વૃત્તિ લખી છે. આ કૃતિ વિઠલજી હીરાલાલ હંસરાજ દ્વારા ઈ.સ. ૧૯૩૯ માં પ્રકાશિત થઈ છે.

૫ गुरुगुणषट्त्रिंशिका

પ્રાકૃતમાં રચાયેલ આ ગ્રંથમાં ગુરુના ૩૬ ગુણોની ચર્ચા છે. લેખકની પોતાની આની ઉપર ટીકા છે. આ ગ્રંથ જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલ છે.

૬ छंदकोश

આ ગ્રંથમાં ૭૪ ગાથાઓમાં કેટલાક અપભ્રંશ છંદોનું વિવેચન છે. પ્રાકૃત અને અપભ્રંશમાં આ ગ્રંથની રચના થઈ છે. તેમાં ક્રમશ: લઘુ—ગુરુ અક્ષરો અને અક્ષરગુણોનું, આઠ વર્ણવૃત્તોનું, ૩૦ માત્રાવૃત્તોનું અને છેલ્લે ગાથા છંદ અને તેના ભેદ—પ્રભેદોનું વિવેચન છે.

ગાથાઓનું લક્ષણ આદિ પ્રાકૃત પદ્યોમાં છે. અપભ્રંશ છંદનું નિરૂપણ કરતાં પદ્યો અન્યગ્રંથોમાંથી લેવામાં આવ્યાં છે. તેની સામે

તેના કર્તાઓમાં નામ આપવામાં આવ્યાં છે; જેમાં પિંગલ આદિનો સમાવેશ થાય છે. એટલે પ્રાકૃતપિંગલમાંથી છંદકોશના કર્તાએ આ પદ્યો લીધાં છે એવું અનુમાન કરી શકાય. પરન્તુ ડૉ. વેલનકરનું માનવું છે કે સંભવતઃ રત્નશેખરસૂરિ અને પિંગલ બન્નેએ અન્ય ગ્રંથોમાંથી આ પદ્યો લીધાં છે. પણ રત્નશેખરસૂરિએ પ્રામાણિકપણે તેના કર્તાઓનાં નામ આપ્યાં છે; જ્યારે પિંગલે પૂર્વકર્તાઓનાં નામ ખસેડીને પોતાનું નામ જોડી દીધું છે. રત્નશેખરસૂરિએ આ અવતરણો પિંગલમાંથી ન લીધાં હોય એમ માનવા બીજું પણ એક કારણ છે. વર્તમાન પિંગલમાં રત્ન શેખરસૂરિ પછીની ઘટનાઓનો ઉલ્લેખ મળે છે. એટલે એ સિદ્ધ થાય છે કે જે પિંગલનાં પદ્યોનો છંદકોશમાં ઉપયોગ કરવામાં આવ્યો છે, તે વર્તમાન પિંગલની પહેલાંની કોઈ રચના હોવી જોઈએ.

છંદકોશ ઉપર ૧૭ મી 'સદીમાં ચંદ્રકીર્તિ સૂરિએ ટીકા લખી છે.

૭ दिनशुद्धि

૧૪૪ ગાથાઓના આ ગ્રંથમાં અઠવાડીઆના સાતે દિવસોની શુદ્ધિનું વર્ણન કરીને તિથિ, લગ્ન, પ્રહર, દિશા અને નક્ષત્રની શુદ્ધિ બતાવવામાં આવી છે.

છેલ્લે એ યાદ રાખવાનું રહે છે કે આપણા કવિ મૂળ તપાગચ્છ પટ્ટાવલીના પર મા પટ્ટધર રત્નશેખરસૂરિથી તદ્દન જુદા છે. ૧૬ મી સદીમાં થયેલા એ રત્નશેખરસૂરિ મુનિસુંદરસૂરિના શિષ્ય હતા. તેમણે **श्राद्धप्रतिक्रणमवृत्ति, आचारप्रदीप, श्राद्धविधि** જેવી કેટલીક ધાર્મિક કૃતિઓની રચના કરી હતી. આપણા કવિ તેમના કરતાં બે સદી પહેલાં થઈ ગયા.

मूलदेवकहा......

(१) संपयं 'सुविणे' त्ति – अत्थि उज्जेणी नयरी। तीए य असेसकलाकुसलो अणेगविन्नाणनिउणो, उदारचित्तो कयन्नू पडिवन्नसूरो गुणाणुराई पियंवओ दक्खो रूवलावन्नतारुन्नकलिओ मूलदेवो नाम रायपुत्तो पाडलिपुत्ताओ जूयवसणासत्तो जणगावमाणेण पुहविपरिब्भमंतो समागओ। तत्थ गुलियापओगेण परावत्तियवेसो वामणयागारो विम्हावेइ विचित्तकहाहिं गंधव्वाइकलाहिं णाणाकोउगेहिं य णायरजणं। पसिद्धो जाओ।

(२) अत्थि य तत्थ रूवलावन्नविन्नाणगव्विया देवदत्ता नाम पहाणगणिया। सुयं च तेण – न रंजिज्जइ एसा केणइ सामन्नपुरिसेण अत्तगव्विया। तओ कोउगेण तीए खोहणत्थं पच्चूससमए आसन्नत्थेणं आढत्तं सुमहुररवं बहुभंगिघोलिरकंठं अन्नन्नवण्णसंवेहरमणिज्जं गंधव्वं। सुयं च तं देवदत्ताए, चिंतियं य – अहो ! अउव्वा वाणी, ता दिव्वो एस कोइ, न मणुस्समेत्तो। गवेसाविओ चेडीहिं। गविट्ठो, दिट्ठो मूलदेवो वामणरूवो। साहियं जहट्ठियमेईए। पेसिया तीए तस्स वाहरणत्थं माहवीयाभिहाणा खुज्जचेडी। गंतूण विणयपुव्वयं भणिओ तीए — भो महासत्त, अम्ह सामिणी देवदत्ता विन्नवेइ, कुणह पसायं एह अम्ह घरं।

(३) तेण वियड्ढयाए भणियं—न पओयणं मे गणियाजण-संगेणं, निवारिओ विसिट्ठाण वेसासंजोगो । भणियं च –

या विचित्रविटकोटिनिघृष्टा, मद्यमांसनिरताऽतिनिकृष्टा ।
कोमला वचसि चेतसि दुष्टा, तां भजन्ति गणिकां न विशिष्टाः॥१॥

योपतापनपराऽग्निशिखेव, चित्तमोहनकरी मदिरेव ।
देहदारणकरी क्षुरिकेव, गर्हिता हि गणिका सलिकेव ॥२॥

अओ नत्थि मे गमणाभिलासो । तीए वि अणेगाहिं भणिइभंगीहिं आराहिऊण चित्तं महानिब्बंधेण करे घेत्तूण नीओ घरं । वच्चंतेण य सा खुज्जा कलाकोसल्लेण य विज्जापओगेण य अप्फालिऊण कया पउणा । विम्हयखित्त-मणाए पवेसिओ सो भवणे ।

दिट्ठो देवदत्ताए वामणरूवो अउव्वलावन्नाधारी विम्हियाए देवदत्ताए दवावियमासणं । निसन्नो य सो, दिन्नो तंबोलो । दंसियं च माहवीए अत्तणो रूवं, कहिओ य वइयरो । सुट्ठुयरं विम्हिया । पारद्धो आलावो महुराहिं वियड्ढभणिईहिं । आगरिसियं च तेण तीए हिययं । भणियं च—

अणुणयकुसलं परिहासपेसलं लडहवाणिदुल्ललियं ।
आलवणं पि हु छेयाण कम्मणं किं च मूलीहिं ? ॥३॥

(४) एत्थंतरे आगओ तत्थेगो वीणावायगो । वाइया तेण वीणा । रंजिया देवदत्ता, भणियं च—साहु भो वीणा-

वायग ! साहु, सोहणा ते कला। मूलदेवेण भणियं—अहो, अइनिउणो उज्जेणीजणो जाणइ सुंदरासुंदरविसेसं। देवदत्ताए भणियं—भो, किमेत्थ खूणं? तेण भणियं, वंसो चेव असुद्धो, सगब्भा य तंती। तीए भणियं—कहं जाणिज्जइ? दंसेमि अहं। समप्पिया वीणा, कड्ढिओ वंसाओ पाहणगो। तंतीए वालो समारिऊण वाइउं पयत्तो। कया पराहीण-माणसा सपरियणा देवदत्ता।

पच्चासन्ने करेणुया सया रवणसीला आसी। सा वि ठिया घुम्मंती ओलंबियकन्ना। अईव विम्हिया देवदत्ता वीणावायगो य। चिंतियं च-अहो, पच्छन्नवेसो विस्सकम्मा एस। पूइऊण तीए पेसिओ वीणावायगो।

(५) आगया भोयणवेला। भणियं देवदत्ताए-वाहरह अंगमद्दयं जेण दो वि अम्हे मज्जामो। मूलदेवेण भणियं—अणुमन्नह, अहं चेव करेमि तुम्ह अब्भंगणकम्मं। किमेयं पि जाणसि? ण याणामि सम्मं परं ठिओ जाणगाण सयासे। आणियं चंपगतेल्लं, आढत्तो अब्भंगिउं। कया पराहीणमणा। चिन्तियं च णाए। अहो विन्नाणाइसओ, अहो अउव्वो करयल-फासो, ता भवियव्वं केणइ इमिणा सिद्धपुरिसेण पच्छन्नरूवेण, न पयईए एवंरूवस्स इमो पगरिसो त्ति, ता पयडीकरावेमि रूवं। निवडिया चलणेसु भणिओ य-भो महाणुभाव, असरिस-गुणेहिं चेव नाओ उत्तमपुरिसो, पडिवन्नवच्छलो दक्खिन्न-

-पहाणो य तुमं। ता दंसेहि मे अत्ताणयं, बाढं उक्कंठियं तुह दंसणस्स मे हिययं ति ।

(६) मूलदेवेण पुणो पुणो निब्बंधे कए ईसि हसिऊण अवणीया वेसपरावत्तिणी गुलिया । जाओ सहावत्थो । दिट्ठो दिणनाहो व्व दित्तपंततेओ, अणंगो व्व मोहयंतो रूवेणं सयलजणं नवजोव्वणलायन्नसंपुन्नदेहो । हरिसवसुब्भिन्न-रोमंचा पुणो निवडिया चलणेसु । भणियं च — महापसाओ त्ति अब्भंगिओ सहत्थेहिं । मज्जियाइं दो वि, जिमियाइं महाविभूईए, पहिराविओ देवदूसे, ठियाइं विसिट्ठगोट्ठीए । भणियं च तीए — महाभाग, तुमं मोत्तूण न केणइ अणुरंजियं मे अवरपुरिसेण माणसं, ता सच्चमेयं ।

नयणेहिं को न दीसइ ? केण समाणं न होन्ति उल्लावा ?
हिययाणंदं जं पुण जणेइ तं माणुसं विरलं ॥४॥

ता ममाणुरोहेण एत्थ घरे निच्चमेवागन्तव्वं । मूलदेवेण भणियं—गुणराइणि, अन्नदेसिएसु निद्धणेसु य अम्हारिसेसु न रेहए पडिबंधो, न य ठिरीहवइ, पाएण सव्वस्स वि कज्जवसेण चेव नेहो । भणियं च—

वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरं सारसाः,
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टं नृपं सेवकाः,
सर्वः कार्यवशाज्जनोऽभिरमते कः कस्य को वल्लभः ॥५॥

तीए भणियं — सदेसो परदेसो वा अकारणं सप्पुरिसाणं । भणियं च—

जलहिविसंघडिएण वि निवसिज्जइ हरसिरंमि चंदेण ।
जत्थगया तत्थगया गुणिणो सीसेण वुज्झंति ॥६॥

अत्थो वि असारो, न तम्मि वियक्खणाण बहुमाणो, अवि य गुणेसु चेव अणुराओ हवइ त्ति । किं च—

वाया सहस्समइया सिणेहनिज्झाइयं सयसहस्सं ।
सब्भावो सज्जणमाणुसस्स कोडि विसेसेइ ॥७॥

ता सव्वहा पडिवज्ज इमं पत्थणं ति । पडिवन्नं तेण । जाओ तेसिं नेहनिब्भरो संजोगो ।

(७) अन्नया रायपुरओ पणच्चिया देवदत्ता । वाइओ मूलदेवेण पडहो । तुट्ठो तीए राया । दिन्नो वरो । नासीकओ तीए । सो य अईवजूयपसंगी निवसणमेत्तं पि न रेहए । भणिओ य साणुणयं तीए पियवाणीए पिययम, को तुह इमं मयंकस्सेव हरिणपडिबंधं ? तुम्ह सयलगुणालयाण कलंकं चेव जूअवसणं बहुदोसविहाणं च एयं । तहा हि—

कुलकलंकणु सच्चपडिवक्खु गुरुलज्जासोयहरु धम्मविग्घु अत्थह पणासणु, जं दाणभोगेहिं रहिउ पुत्तदारपिइमाइमोसणु ।
जहिं न गणिज्जइ देवगुरु जहिं नवि कज्जु अकज्जु,
तणुसंतावणु कुगइपहु तहिं पिय जूय म रज्जु ॥८॥

ता सव्वहा परिच्चयसु इमं । अइरसेण य न सक्कइ मूलदेवो परिहरिउं ।

(८) अत्थि य देवदत्ताए गाढाणुरत्तो मूलिल्लो मित्तसेणो अयलनामा सत्थवाहपुत्तो । देइ सो जं मग्गियं । संपाडेइ वत्थाभरणाइयं । वहइ य सो मूलदेवोवरि पओसं, मग्गइ य छिड्डाणि । तस्स संकाए न गच्छइ मूलदेवो तीए घरं अवसरमंतरेण ।

भणिया च देवदत्ता जणणीए — पुत्ति, परिच्चय मूलदेवं, न किंचि निद्धणेण पओयणमेएण । सो महाणुभावो दाया अयलो पेसेइ पुणो पुणो बहुयं दव्वजायं, ता तं चेव अंगीकरेसु सव्वप्पणयाए । न एक्कम्मि पडियारे दोन्नि करवालाइ मायंति, न य अलोणियं सिलं को वि चट्टेइ, ता मुंच जुयारियमिमं ति । तीए भणियं — नाहं अम्ब, एगन्तेण धणाणुरागिणी, गुणेसु चेव मे पडिबन्धो । जणणीए भणियं — केरिसा तस्स जूयारगस्स गुणा ? तीए भणियं — अम्ब, केवलगुणमओ खु सो । जओ—

धीरो उदारचरिओ, दक्खिन्नमहोयही कलानिउणो ।
पियभासी य कयन्नू गुणाणुराई विसेसन्नू ॥९॥

अओ न परिच्चयामि एयं । तओ सा अणेगेहिं दिट्ठन्तेहिं आढत्ता पडिबोहिउं - अलत्तए मग्गिए नीरसं पणामेइ, उच्छुखंडे पत्थिए छोइयं पणामेइ, कुसुमेहि नाइएहिं बिंट-

मित्ताइं पणामेइ। चोइया य पडिभणइ — जारिसमेयं तारिसो एस ते पिययमो, तहावि तुमं न परिच्चयसि। देवदत्ताए चिंतियं — मूढा एसा तेणेवंविहे दिट्ठन्ते देइ।

(९) तओ अन्नया भणिया जणणी — अम्मो, मग्गेहि अयलं उच्छुं। कहियं च तीए तस्स। तेण वि सगडं भरेऊणं पेसियं। तीए भणियं — किमहं करेणुया जेण एवंविहं सपत्तडालं उच्छुं पभूयं पेसिज्जइ। तीए भणियं — पुत्ति, उदारो खु सो, तेण एयं पेसियं ति, चिंतियं च णेण 'अन्नाणं पि सा दाहि त्ति।'

अवरदियहे देवदत्ताए भणिया माहवी — हला, भणाहि मूलदेवं जहा उच्छूणमुवरि सद्धा, ता पेसेहि मे। तीए वि गंतूण कहियं। तेण गहियाओ दुन्नि उच्छुलट्ठीओ, निच्छोलिऊण कयाओ दुयंगुलपमाणाओ गंडियाओ, चाउज्जाएण य अवचुन्नियाओ, कप्पूरेण य मणागं वासियाओ, सूलाहि य मणागं भिन्नाओ, गहियाइं अभिणव-मल्लगाइं, भरिऊण ताणि ढक्किऊण य पेसियाणि। ढोइयाणि च गंतूण माहवीए। दंसियाणि तीए वि जणणीए। भणिया य — पेच्छ अम्मो, पुरिसाणमंतरं ति, ता अहं एयस्सि गुणाणमणुरत्ता।

(१०) जणणीए चिंतियं — अच्चंतमोहिया एसा, न परिच्चयइ अत्तणा इमं, ता करेमि किंपि उवायं जेण एस

कामुओ गच्छइ विदेसं, तओ सुत्थं हवइ त्ति चिंतिऊण भणिओ तीए अयलो — कहसु पईए पुरओ अलियगामंतर-गमणं, पच्छा पविट्ठे मूलदेवे माणुससामग्गीए आगच्छेज्जह, विमाणेज्जह य तं, जेण विमाणिओ संतो देसच्चायं करेइ, ता संजुत्ता चिट्ठेज्जह, अहं ते वत्तं दाहामि। पडिवन्नं च तेण।

अन्नम्मि दिणे कयं तहेव तेण। निग्गओ अलिय-गामंतरगमणमिसेण। निब्भएण पविट्ठो य मूलदेवो। जाणाविओ जणणीए अयलो, आगओ महासामग्गीए। दिट्ठो य पविसमाणो देवदत्ताए। भणिओ य मूलदेवो — ईइसो चेव अवसरो, पडिच्छियं च जणणीए एयं पेसियं दव्वं, ता तुमं पल्लंकहेट्ठओ मुहुत्तगं चिट्ठह ताव। ठिओ सो पल्लंकहेट्ठओ, लक्खिओ अयलेणं। निसन्नो य पल्लंके अयलो। भणिया य सा तेण — करेह न्हाणसामग्गिं। देवदत्ताए भणियं — एवं ति। ता उट्ठह नियंसह पोत्तिं जेण अब्भंगिज्जइ। अयलेण भणियं — मए दिट्ठो अज्ज सुमिणओ जहा 'नियत्थिओ चेव अब्भंगियगत्तो एत्थ पल्लंके आरूढो ण्हाओ' त्ति। ता सच्चं सुमिणयं करेसु। देवदत्ताए भणियं — नणु विणासिज्जए महग्घं तूलिगंडुय-माइयं। तेण भणियं — अन्नं ते विसिट्ठतरं दाहामि। जणणीए भणियं — एवं ति।

(११) तओ तत्थट्ठिओ चेव अब्भंगिउव्वट्टिओ उण्ह-खलउदगेहिं य मज्जिओ। भरिओ तेण हेट्ठट्ठिओ मूलदेवो। गहियाउहा पविट्ठा पुरिसा। सन्निओ जणणीए अयलो। गहिओ तेण मूलदेवो वालेहि, भणिओ य — रे, संपयं निरूवेहि जइ कोइ अत्थि ते सरणं। मूलदेवेण निरूवियाइं पासाइं, जाव दिट्ठं निसियासिहत्थेहिं वेढियमत्ताणयं मणूसेहिं। चिंतियं च — नाहमेएसिं उव्वरामि, कायव्वं च मए वइर-निज्जायणं, निराउहो संपयं, ता न पोरसस्सावसरो त्ति चिंतिय भणियं — जं ते रोयइ तं करेहि। अयलेण चिंतियं — उत्तमपुरिसो कोइ एसो आगिईए चेव नज्जइ, सुलभाणि य संसारे महापुरिसाण वसणाइं। भणियं च—

को एत्थ सया सुहिओ, कस्स व लच्छी थिराइं पेम्माइं।
कस्स व न होइ खलियं, भण को वि न खंडिओ विहिणा ॥१०॥

भणिओ मूलदेवो — भो, एवंविहावत्थागओ मुक्को संपयं तुमं, ममं पि विहिवसेण कयाइ वसणपत्तस्स एवं चेव करेज्जह।

(१२) तओ विमणदुम्मणो निग्गओ नयराओ मूलदेवो। 'पेच्छ, कहं एएण छलिओ' त्ति चिन्तयंतो ण्हाओ सरवरे, कया पाणवत्ती, चिंतियं च — गच्छामि विदेसं, तत्थ गंतूण करेमि किंपि इमस्स पडिविप्पिउवायं। पट्ठिओ बेन्नायडस्स सम्मुहं।

गामनगराइमज्झेण वच्चंतो पत्तो दुवालसजोयण-पमाणाए अडवीए मुहं। चिंतियं च तत्थ — जइ कोइ वच्चंतो वायासाहेज्जो वि दुइओ लब्भइ ता सुहं चेव छिज्जइ अडवी। जाव थेववेलाए आगओ विसिट्ठाकार-दंसणीओ संबलथइयासणाहो ढक्कबंभणो, पुच्छिओ य सो — भट्ट, के दूरे गंतव्वं? तेण भणियं — अत्थि अडवीए परओ वीरविढाणो नाम ठामं. तं गमिस्सामि। तुमं पुण कत्थ पत्थिओ? इयरेण भणियं — वेन्नायडं। भट्टेण भणियं — ता एह, गच्छम्ह। तओ पयट्टा दो वि। मज्झण्हसमए वच्चंतेहि दिट्ठं सरोवरं। ढक्केण भणियं — भो, वीसमामो खणमेगं ति। गया उदगसमीवं। धोया हत्थपाया।

(१३) गओ मूलदेवो पालिसंठियरुक्खछायं। ढक्केण छोडिया संबलथइया, गहिया वट्टयम्मि सत्तुया। ते जलेण ओलित्ता लग्गओ खाइउं। मूलदेवेणं चिंतियं — एरिसा चेव बंभणजाई भुक्खापहाणा हवइ. ता पच्छा मे दाही। भट्टो वि भुंजित्ता, बंधिऊण थइयं पयट्टो। मूलदेवो वि 'नूणं अवरण्हे दाहि' त्ति चिंतितो अणुपयट्टो। तत्थ वि तहेव भुत्तं, न दिन्नं तस्स। 'कल्लं दाहि' त्ति आसाए गच्छइ एसो। वच्चंताण य आगया रयणी। तओ वट्टाओ ओसरिऊण वडपायवहेट्ठाओ पसुत्ता। पच्चूसे पुण

पत्थिया, मज्झण्हे तहेव थक्का, तहेव भुत्तं ढक्केण, न दिन्नं एयस्स ।

जाव तइयदियहे चिंतियं मूलदेवेण — नित्थिन्नप्पाया अडवी, ता अज्ज अवस्सं ममं दाही एस। जाव तत्थ वि न दिन्नं । नित्थिन्ना य तेहिं अडवी । जायाओ दोण्ह वि अन्नन्नवट्टाओ । तओ भट्टेण भणियं — भो, तुज्झ एसा वट्टा, ममं पुण एसा, ता वच्च तुमं एयाए । मूलदेवेण भणियं — भो भट्ट, आगओ अहं तुज्झ पभावेण, ता मज्झ नामं मूलदेवो, जइ कयाइ किंपि पओयणं मे सिज्झइ, ता आगच्छेज्ज बेन्नायडे । किंच तुज्झ नामं ? ढक्केण भणियं — सद्धडो, जणकयावडंकेण निग्घिण-सम्मोनाम । तओ पत्थिओ भट्टो सग्गामं । मूलदेवो वि बिन्नायडसम्मुहं ति ।

(१४) अंतराले य दिट्ठं वसिमं । तत्थ पविट्ठो भिक्खानिमित्तं । हिंडियं असेसं गामं । लद्धा कुम्मासा, न किंपि अन्नं । गओ जलासयाभिमुहं । एत्थंतरम्मि य तवसुसियदेहो महाणुभावो महातवस्सी मासोववासपारणय-निमित्तं दिट्ठो पविसमाणो । तं च पेच्छिय हरिसवसु-ब्भिन्नपुलएणं चिंतियं च मूलदेवेणं – अहो, धन्नो कयत्थोऽहं, जस्स इमम्मि काले एस महातवस्सी दंसण-पहमागओ, ता अवस्सं भवियव्वं मम कल्लाणेण ।

अवि य–

मरुत्थलीए जह कप्परुक्खो, दरिद्दगेहे जह हेमवुट्ठी ।
मायंगगेहे जह हत्थिराया, मुणी महप्पा तह एत्थ एसो ॥११॥

किं च —

दंसणणाणविसुद्धं, पंचमहव्वयसमाहियं धीरं ।
खंतीमद्दवअज्जवजुत्तं मुत्तिप्पहाणं च ॥१२॥

सज्झायझाणतवोवहाणनिरयं विसुद्धलेसागं ।
पंचसमियं तिगुत्तं अकिंचणं चत्तगिहिसंगं ॥१३॥

सुपत्तं एस साहू । ता —

परिसपत्तसुखित्तं विसुद्धसद्धाजलेण संसित्तं ।
निहियं तु दव्वसस्सं इहपरलोए अणंतफलं ॥१४॥

(१५) ता एत्थ कालोचिया देमि एयस्स चेव कुम्मासे, जओ अदायगो एस गामो, एसो य महप्पा कइवयघरेसु दरिसावं दाऊणं पडिनियत्तइ । अहं पुण दो तिन्नि वारे हिंडामि तो पुणो लभिस्सं, आसन्नो अवरो बितिओ गामो, ता पयच्छामि सव्वे इमे त्ति ।

पणमिऊण तओ समप्पिया भगवओ कुम्मासा, साहुणा वि तस्स परिणामपयरिसं मुणंतेण दव्वाइसुद्धिं च वियाणिऊण — 'धम्मसील, थोवे देज्जह' त्ति भणिऊणं

घरियं पत्तगं। दिन्ना य तेण पवड्ढमाणाइलएण। भणियं च तेण —

"धन्नाणं खु नराणं, कुम्मासा हुंति साहुपारणए।"

एत्थंतरम्मि गयणंतरगयाए रिसिभत्ताए मूलदेव-भत्तिरंजियाए भणियं देवयाए - पुत्त मूलदेव, सुंदरमणुचिट्ठियं तुमे, ता पयाए गाहाए पच्छद्धेण मग्गह जं रोयए, जेण संपाडेमि सव्वं। मूलदेवेण भणियं —

"गणियं च देवदत्तं, दंतिसहस्सं च रज्जं च" ॥ १५ ॥

(१६) देवयाए भणियं — पुत्त, निच्चिंतो विहरसु, अवस्सं रिसिचलणाणुभावेण अइरेण चेव संपज्जिस्सइ एयं। मूलदेवेण भणियं — भयवइ, एवमेयं ति। तओ वंदिय रिसिं पडिनियत्तो। रिसी वि गओ उज्जाणं। लद्धा अवरा भिक्खा मूलदेवेण। जेमिओ पत्थिओ य बेन्नाय-डसंमुहं। पत्तो य कमेणं तत्थ। पसुत्तो रयणीए बाहिं पहियसालाए। दिट्ठो य चरिमजामे सुमिणओ 'पडि-पुन्नमंडलो निम्मलपहो मयंको उयरं मे पविट्ठो।' अन्नेण वि कप्पडिएण सो चेव दिट्ठो। कहिओ तेण कप्पडियाणं। तत्थेगेण भणियं — लभिहिसि तुमं अज्ज घयगुलसंपुन्नं महंतं रोट्टगं। 'न याणंति एए सुमिणस्स परमत्थं' ति न कहियं मूलदेवेण। लद्धो कप्पडिएण भिक्खागएण घर-

छायणियाए जहोवइट्ठो रोट्टगो । तुट्ठो य एसो, निवेइओ य कप्पडियाणं ।

(१७) मूलदेवो वि गओ एगमारामं । आवज्जिओ तत्थ कुसुमोच्चयसाहिज्जेण मालागारो । दिन्नाइं तेण पुप्फफलाइं । ताइं घेत्तुं सुइभूओ गओ सुविणयसत्थपाढगस्स गेहं, कओ तस्स पणामो । पुच्छिया खेमारोगवत्ता । तेण वि संभासिओ सबहुमाणं पुच्छिओ पओयणं । मूलदेवेणं जोडिऊण करजुयलं कहिओ सुविणगवइयरो । उवज्झाएण वि भणियं सहरिसेणं — कहिस्सामि सुहमुहुत्ते सुविणयफलं, अज्ज ताव अतिही होसु अम्हाणं । पडिवन्नं च मूलदेवेणं। ण्हाओ जिमिओ य विभूईए । भुत्तुत्तरे य भणिओ उवज्झाएण — पुत्त, पत्तवरा मे एसा कन्नगा, ता परिणेसु ममोवरोहेण एयं तुमं ति । मूलदेवेण भणियं — ताय, कहं अन्नाय-कुलसीलं जामाउयं करेसि ? उवज्झाएण भणियं — पुत्त, आयारेण चेव नज्जइ अकहियं पि कुलं । भणियं च —

आचारः कुलमाख्याति देशमाख्याति जल्पितम् ।
संभ्रमः स्नेहमाख्याति वपुराख्याति भोजनम् ॥ १६ ॥

तहा—

को कुवलयाण गन्धं करेइ महुरत्तणं च उच्छूणं ।
वरहत्थीण य लीलं विणयं च कुलप्पसूयाणं ॥ १७ ॥

अहवा—

जइ हुंति गुणा ता किं कुलेण गुणिणो कुलेण न हु कज्जं।
कुलमकलंकं गुणवज्जियाण गुरुयं चिय कलंकं ॥ १८ ॥

एवमाइभणिईहिं पडिवज्जाविय सुहमुहुत्तेण परिणाविओ। कहियं सुविणयफलं — 'सत्तदिणब्भन्तरे राया होहिसि।' तं च सोऊण जाओ पहट्ठमणो. अच्छइ य तत्थ सुहेणं। पंचमे य दिवसे गओ नयरबाहिं, निसन्नो चम्पगच्छायाए।

(१८) इओ य तीए नयरीए अपुत्तो राया कालगओ। तत्थ अहियासियाणि पंचदिव्वाइं। ताणि आहिंडिय नयरमज्झे निग्गयाणि बाहिं, पत्ताणि मूलदेवसयासं। दिट्ठो य सो अपरियत्तमाणच्छायाए हिट्ठओ।

तं पेच्छिय गुलुगुलियं हत्थिणा, हेसियं तुरंगेण, अहिसित्तो भिंगारेण, वीइओ चामरेहिं, ठियमुवरि पुंडरीयं। तओ कओ लोएहिं जयजयारवो। चडाविओ गएण खंधे, पइसारिओ य नयरिं। अहिसित्तो य मंति-सामंतेहिं। भणियं गयणतलगयाए देवयाए — भो भो, एस महाणुभावो असेसकलापारगओ देवयाहिट्ठियसरीरो विक्कमराओनाम राया, ता एयस्स सासणे जो न वट्टइ, तस्स नाहं खमामि त्ति तओ मव्वो सामंतमंतिपुरोहि-

याइओ परियणो आणाविहेओ जाओ। तओ उदारं विसयसुहमणुहवंतो चिट्ठइ। आढतो उज्जेणिसामिणा वियारधवलेण सह संववहारो, जाव जाया परोप्परं निरंतरा पीई।

(१९) इओ य देवदत्ता तारिसं विडम्बणं मूलदेवस्स पेच्छिय विरत्ता अईव अयलोवरिं। ततो निब्भच्छिओ अयलो — भो, अहं वेसा, न उण अहं तुज्झ कुलघरिणी, तहा वि मज्झ गेहेत्थो एवंविहं ववहरसि, ता ममिच्छाए ण पुणो खिज्जियव्वं ति भणिय गया राइणो सयासं। भणिओ य निवडिय चलणेसु राया — सामि, तेण वरेण कीरउ पसाओ।

राइणा भणियं — भण कओ चेव तुज्झ पसाओ। किमवरं भणीयइ? देवदत्ताए भणियं – ता सामि, मूलदेवं वज्जिय न अन्नो पुरिसो मम आणावेयव्वो, एसो अयलो मम घरागमणे निवारेयव्वो। राइणा भणियं — एवं, जहा तुज्झ रोयए, परं कहेह, को पुण एस वुत्तन्तो? तओ कहिओ माहवीए। रुट्ठो राया अयलोवरिं। भणियं च — भो, मम एईए नयरीए एयाइं दोन्नि रयणाइं, ताइं पि खलीकरेइ एसो? तओ हक्कारिय अंबाडिओ भणिओ — रे तुम एत्थ राया, जेण एवंविहं ववहरसि? ता निरूवेहि संपयं सरणं, करेमि तुह पाणविणासं।

देवदत्ताए भणियं—सामि, किमेइणा सुणहपापणं पडिबद्धेणं ति ? ता मुंचह एयं । राइणा भणिओ – रे, एईए महाणुभावाए वयणेणं छुट्टो संपयं, सुद्धी उण तेणेवेह आणियव्वं भविस्सइ । तओ चलणेसु निवडिऊण निग्गओ रायउलाओ । आढत्तो गवेसिउं दिसोदिसिं । तहावि न लद्धो । तओ तीए चेव ऊणिमाए भरिऊण भंडस्स वहणाइं पत्थिओ पारसउलं ।

(२०) इओ मूलदेवेण पेसिओ लेहो कोसलियाइं च देवदत्ताए तस्स य राइणो य । भणिओ य राया — मम पयईए देवदत्ताए उवरि महंतो पडिबंधो, ता जइ एईए अभिरुचियं तुम्ह वा रोयए ता कुणह पसायं, पेसेह एयं । तओ राइणा भणिया रायदोवारिगा — भो, किमेयमेवंविहं लिहियं विक्कमरायपणं ? किं अम्हाणं तस्स य अत्थि कोइ विसेसो ? रज्जं पि सव्वं तस्सेयं किं पुण देवदत्ता ? परं इच्छउ सा ।

तओ हक्कारिया देवदत्ता, कहिओ वुत्तंतो — ता जइ तुम्ह रोयए, ताहे गच्छउ तस्स सगासं । तीए भणियं — महापसाओ, तुम्हाणुन्नायाण मणोरहा एए अम्हं । तओ महाविभवेणं पूइऊण पेसिया गया य । तेण वि महाविभूईए चेव पवेसिया । जायं च परोप्परमेगरज्जं । अच्छए मूलदेवो तीए सह विसयसुहमणुहवंतो जिणभवणबिंबकरणपूयणतप्परो त्ति ।

(२१) इओ य सो अयलो पारसउले विढविय बहुयदव्वं पवरं भंडं भरेऊण आगओ बेन्नायडं, आवासिओ य बाहिं। पुच्छिओ लोगो — किं नामाभिहाणो एत्थ राया ? कहियं च — विक्कमराओ त्ति। तओ हिरण्ण-सुवण्णमोत्तिआणं थालं भरेऊण गओ राइणो पेक्खगो। दवावियं राइणा आसणं, निसन्नो पच्चभिन्नाओ य, अयलेण य न नाओ एसो। रन्ना पुच्छियं — कुओ सेट्ठी, आगओ ? तेण भणियं — पारसउलाओ। रन्ना पूइएण अयलेण भणियं — सामि, पेसेह उवरिमो जो भंडं निरूवेइ। तओ राइणा भणियं — अहं सयमेवागच्छामि।

तओ पंचउलसहिओ गओ राया। दंसियं वहणेसु संखफोफ़फलचंदणागरुमंजिट्ठाइयं भंडं। पुच्छियं पंचउल-समक्खं राइणा — भो सेट्ठि, एत्तियं चेव इमं ? तेण भणियं — देव, एत्तियं चेव। राइणा भणियं — करेह सेट्ठिस्स अद्धदाणं परं मम समक्खं तोलेह चोल्लए। तोलियाइं पंचउलेण। भारेण य पायप्पहारेण य वंस-वेहेण य लक्खियं मंजिट्ठमाइमज्झगयं सारभंडं। राइणा उक्केलावियाइं चोल्लयाइं, निरूवियाइं समंतओ, जाव दिट्ठं कत्थइ सुवण्णं, कत्थइ रुप्पयं कत्थइ मणिमोत्तिय-पवालाइमहग्घं भंडं।

(२२) तं च दट्ठूण रुट्ठेण नियपुरिसाण दिन्नो आएसो — अरे, बंधह पच्चक्खं चोरं इमंति। बद्धो य

थगथगितहियओ तेहिं । दाऊण रक्खवाले जाणेसु गओ राया भवणं । सो वि आणीओ आरक्खिगेण रायसमीवं । गाढं बद्धं च दट्ठूण भणियं राइणा — रे, छोडेह, छोडेह । छोडिओ अन्नेहिं । पुच्छिओ राइणा — परियाणेसि ममं ? तेण भणियं — देव, सयलपुहवीविक्खाए महानरिंदे को न याणइ ?

राइणा भणियं — अलं उवयारभासणेहिं, फुडं साहसु जइ जाणसि । अयलेण भणियं — देव, न याणामि सम्मं । तओ राइणा वाहराविया देवदत्ता । आगया वरच्छर व्व सव्वंगभूसणधरा, विन्नाया अयलेण । लज्जिओ मणम्मि बाढं । भणियं च तीए — भो, एस सो मूलदेवो, जो तुमे भणिओ तम्मि काले, 'ममावि कयावि विहिजोगेण वसणं पत्तस्स उवयारं करेज्जह ।' ता एस सो अवसरो, मुक्को य तुमं अत्थसरीरसंसयमावन्नो वि पणयदीणजणवच्छलेण राइणा संपयं ।

(२३) इमं च सोऊणं विलक्खमाणसो 'महापसाओ' त्ति, भणिऊण निवडिओ राइणो देवदत्ताए य चलणेसु । भणियं च — कयं मए जं तया सयलजणनिव्वुइकरस्स नीसेसकलासोहियस्स देवस्स निम्मलसहावस्स पुण्णिमाचंदस्सेव राहुणा कयत्थणं, ता तं खमउ मम सामी । तुम्ह कयत्थणामरिसेण महाराओ वि न देइ मे उज्जेणीए पवेसं ।

मूलदेवेण भणियं — खमियं चेव मए, जस्स तुह देवीए कओ पसाओ। तओ सो पुणो वि निवडिओ दोण्ह वि चलणेसु। परमायरेण ण्हाविओ जेमाविओ य देवदत्ताए परिहाविओ महग्घवत्थे। राइणा मुक्कं दाणं। पेसिओ उज्जेणिं। मूलदेवराइणो अब्भत्थणाए खमियं वियार-धवलेण।

(२४) निग्घिणसम्मो वि रज्जे निविट्ठं सोऊणं मूलदेवं आगओ बेन्नायडं, दिट्ठो राया। दिन्नो सो चेव अदिट्ठ-सेवाए तस्स गामो रन्ना। पणमिऊण, 'महापसाओ' त्ति भणिऊण य सो गओ गामं।

इओ य तेण कप्पडिएण सुयं — जहा मूलदेवेण वि एरिसो सुमिणो दिट्ठो जारिसो मए, परं सो आएसफलेण राया जाओ। सो चिंतेइ — वच्चामि जत्थ गोरसो, तं पिबित्ता सुयामि जाव तं सुमिणं पुणो पेच्छामि।

अवि सो तं पुण पेच्छेज्ज, न य माणुसाओ विभासा।

અનુવાદ

(૧) હવે સ્વપ્નના દૃષ્ટાંતની વાત —

ઉજ્જેણી નામે નગરી હતી. ત્યાં મૂલદેવ નામનો એક રાજપુત્ર પાટલિપુત્ર નગરથી જુગારના વ્યસનની આસક્તિને લીધે લોકોથી અપમાન પામીને પૃથ્વી ઉપર ભમતો ભમતો આવ્યો. તે મૂલદેવ સકલકલાકુશળ, અનેક વિજ્ઞાનમાં નિપુણ, ઉદાર ચિત્તવાળો, કૃતજ્ઞ (કદરદાન), વચન પાળવામાં શૂરો, ગુણનો અનુરાગી, પ્રિયભાષી, ચતુર, તથા રૂપ, લાવણ્ય અને તારુણ્યથી શોભતો હતો. તે શહેરમાં ગોળીના પ્રયોગથી વેશપરિવર્તન કરીને તથા બટુકનો આકાર ધારણ કરીને તે ચિત્રવિચિત્ર કથાઓથી, ગાંધર્વ આદિ કલાથી તથા વિવિધ પ્રકારના કૌતુકથી નગરજનોને વિસ્મય પમાડતો હતો. આમ તે પ્રસિદ્ધ થઈ ગયો.

(૨) ત્યાં રૂપ, લાવણ્ય તથા વિજ્ઞાનના ગર્વવાળી દેવદત્તા નામની એક મુખ્ય ગણિકા રહેતી હતી. તેના (મૂલદેવના) સાંભળવામાં આવ્યું કે તે ગણિકા પોતાના અભિમાનમાં કોઈ પણ સામાન્ય પુરુષમાં રક્ત થતી નથી. તેથી કૌતુક વશ થઈને તે ગણિકાને ક્ષોભ પમાડવા માટે પ્રભાતમાં તેના ઘરની નજીકમાં જઈને તેણે સુમધુર સ્વરે, અનેક પ્રકારે કંઠમાં ઘૂંટીને, પ્રત્યેક વર્ણના સંયોગથી રમણીય એવું ગાંધર્વ ગીત શરૂ કર્યું. દેવદત્તાએ તે સાંભળ્યું અને વિચાર કર્યો, "અહો, કેવી અપૂર્વ વાણી છે! માટે આ કોઈ દિવ્ય વ્યક્તિ છે, મનુષ્યમાત્ર નથી." દાસી મારફત તેની તપાસ કરાવી. શોધતાં તેણે વામનરૂપધારી મૂલદેવને જોયો. દેવદત્તાને યથાસ્થિત વાત કરી. તેણે તેને બોલાવવા માટે માધવી નામની ખુંધવાળી દાસી મોકલી. તેણે જઈને વિનયપૂર્વક કહ્યું, " હે

મહાસત્વ, અમારી શેઠાણી દેવદત્તા વિનવે છે કે — કૃપા કરો અને અમારે ઘેર પધારો."

(૩) તેણે ચતુરાઈથી કહ્યું, "મારે ગણિકાજનનો સંગ કરવાનું પ્રયોજન નથી. વિશિષ્ટજનો માટે વેશ્યાસંગનો નિષેધ છે. કહ્યું છે કે—

અનેક વિચિત્ર પ્રેમીઓથી ઘસાએલી, મદ્યમાંસમાં આસકત, અત્યંત નિકૃષ્ટ, વચનમાં કોમળ પણ ચિત્તમાં દુષ્ટ એવી ગણિકાને વિશિષ્ટજનો સેવતા નથી—૧.

જે અગ્નિશિખાની જેમ તપાવે છે, મદિરાની જેમ ચિત્તને મોહ પમાડે છે, છરીની જેમ શરીરને ચીરે છે તેવી ગણિકા તીણી સળીની જેમ નિંદાને પાત્ર છે—૨.

માટે ત્યાં જવાની મારી ઈચ્છા નથી." તે દાસીએ પણ અનેક પ્રકારની ભાષાભંગીથી તેના ચિત્તની આરાધના કરી અને ખૂબ આગ્રહપૂર્વક તેનો હાથ પકડીને ઘેર (ગણિકાના) લઈ ગઈ. જતાં જતાં મૂલદેવે તે ખુંધીને પોતાનાં કલાકૌશલ્યથી અને વિદ્યાપ્રયોગથી, થપાટ મારીને સીધી (ખુંધ વિનાની) કરી દીધી. વિસ્મયથી ભરેલા ચિત્તવાળી તેણે તેને ભવનમાં પ્રવેશ કરાવ્યો.

દેવદત્તાએ અપૂર્વ લાવણ્યવાળા પણ વામનરૂપમાં તેને જોયો. વિસ્મય પામેલી દેવદત્તાએ આસન અપાવ્યું. અને તે બેઠો, પાન આપ્યું. માધવીએ પોતાનુ રૂપ બનાવ્યું અને બધી વાત કરી. (આથી) દેવદત્તા વધારે વિસ્મય પામી. (પછી બન્ને વચ્ચે) મધુર અને ચતુર ઉક્તિઓ વાળો આલાપ શરૂ થયો. તેણે (મૂલદેવે) તેના (દેવદત્તાના) હૃદયનું આકર્ષણ કર્યું. કહ્યું છે કે —

ચતુર પુરુષોને ચમત્કારી મૂળીયાં વિગેરે શું કરવાં છે ? તેમનું કામણ તો અનુનય (સમજાવટ) ની કુશળતામાં, ઉપહાસની (હાસ્યની) કોમલતામાં, સુંદર વચનોની આદતમાં (ગુંથણીમાં) અને પરસ્પર આલંબનમાં છે — ૩.

(૪) તેટલામાં ત્યાં એક વીણા વગાડનારો આવ્યો. તેણે વીણા વગાડી. દેવદત્તા ખુશ થઈ અને બોલી, "શાબાશ છે હે વીણાવાદક ! શાબાશ, તમારી કલા સુંદર છે. મૂલદેવ બોલ્યો, "અહો, ઉજ્જેણીના લોકો અતિ નિપુણ હોઈને આવો જ સુંદર અસુંદરનો ભેદ જાણે છે ?" દેવદત્તા બોલી, "આમાં શું ખામી છે ?" તે બોલ્યો, "વાંસ જ અશુદ્ધ છે અને તાંતમાં કાંઈ ભરાએલું છે." તેણે કહ્યું, "કેવી રીતે જણાય ?" દેવદત્તે કહ્યું, "હું બતાવું." તેને વીણા આપી. તેણે વાંસમાંથી કાંકરો (પત્થર) કાઢયો અને તારમાંથી વાળ કાઢી નાખીને (તાંતનો તાર ઠીક કરીને — દુરસ્ત કરીને) વગાડવાનું શરૂ કર્યું. આ સાંભળીને પરિજન સાથે દેવદત્તા પરાધીન ચિત્તવાળી થઈ ગઈ.

નજીકમાં જ એક હાથણી હંમેશા ચીતકાર કર્યા કરતી હતી. તે પણ (વીણાવાદન સાંભળીને) ગોળાકાર ફરતી, કાન નીચા કરીને ઊભી રહી. દેવદત્તા તથા વીણાવાદક ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે વિચાર કર્યો, "અહો છુપા વેશમાં આ વિશ્વકર્મા પોતે જ છે." દેવદત્તાએ વીણાવાદકની પૂજા—સત્કાર કરીને તેને વિદાય કર્યો.

(૫) જમવાનો વખત થયો, ત્યારે દેવદત્તા બોલી, "અંગમર્દન કરનારાને બોલાવો જેથી અમે બન્ને સ્નાન કરીએ". મૂલદેવ બોલ્યો, "તમે અનુમતિ આપો, હું પોતે જ તમારું શરીર ચોળવાનું કામ કરીશ". 'શું તે પણ જાણો છો ?' 'બહુ સારી રીતે નથી જાણતો પણ જાણકાર પાસે રહ્યો છું.' ચંપકનું તેલ મંગાવ્યું અને તેણે ચોળવાનું શરૂ કર્યું. તેને પરાધીન મનવાળી કરી. તેણે વિચાર કર્યો, "અહો આનો

વિજ્ઞાનાતિશય ! અહો હથેળીનો અપૂર્વ સ્પર્શ ! માટે આ જરૂર કોઈ છુપા વેશવાળો સિદ્ધપુરુષ હોવો જોઈએ. આવા દેખાવવાળાનો આવો પ્રકર્ષ સ્વાભાવિક રીતે ન હોય. તો હું તેનું રૂપ પ્રગટ કરાવું." દેવદત્તા તેને પગે પડી અને બોલી, "હે મહાનુભાવ, અસામાન્ય ગુણથી જ તમે ઉત્તમ પુરુષ છો તેમ જણાય છે. તમે પ્રતિપન્નવત્સલ તથા દાક્ષિણ્યવાળા છો. માટે મને તમારૂં ખરું સ્વરૂપ બતાવો. તમારા દર્શન માટે મારું હૃદય ખૂબ ઉત્કંઠિત થયું છે.

(૬) વારંવાર આગ્રહ કરવામાં આવ્યો ત્યારે મૂલદેવે સહેજ હસીને વેશપરાવર્તિની ગોળી દૂર કરી. તેથી તે મૂળ સ્વરૂપવાળો થયો. સૂર્યની જેમ તેજથી દીપતો, કામદેવની જેમ પોતાના રૂપથી સર્વજનોને મોહ પમાડતો તથા નવયૌવન લાવણ્યથી ભરેલા પૂર્ણ દેહવાળો તે દેખાયો. હર્ષથી રોમાંચ અનુભવતી તે ફરીથી તેના ચરણમાં પડી અને બોલી, "તમારા હાથે તમે મને તેલ ચોળ્યું તે મહાકૃપા થઈ." (પછી) બન્નેએ સ્નાન કર્યું તથા ઠાઠમાઠપૂર્વક ભોજન કર્યું. તેને કિંમતી વસ્ત્રો પહેરાવ્યાં અને બન્ને વિશિષ્ટ ગોષ્ઠી કરતાં રહ્યાં. તે બોલી, "મહાભાગ્યશાળી, તમારા સિવાય બીજા કોઈ પુરુષે મારું મન અનુરકત કર્યું નથી. માટે સાચું જ કહ્યું છે કે —

નયનથી કોણ નથી જોવાતું ? કોની સાથે વાતચીત નથી થતી ? પણ હૃદયને આનંદ આપે તેવો મનુષ્ય વિરલ છે — ४.

માટે મારા આગ્રહથી તમારે આ ઘેર રોજ આવવું." મૂલદેવે કહ્યું, "હે ગુણરાગિણી, અમારા જેવા પરદેશી નિર્ધનો માટે તમારે સ્નેહસંબંધ બાંધવો ઠીક નથી અને તે સ્થિર પણ થાય નહિ; (કારણ કે) મોટે ભાગે બધા માણસોનો સ્નેહ કાર્યને અંગે થાય છે. કહ્યું છે કે —

ફળ ક્ષીણ થાય એટલે પક્ષીઓ વૃક્ષને ત્યજી દે છે, સરોવરમાં પાણી સુકાય એટલે સારસો તે છોડી જાય છે. કરમાએલા ફુલને ભમરા

ત્યજે છે, વનના સળગેલા ભાગને મૃગ છોડી જાય છે. દ્રવ્ય વિનાના પુરુષોને ગણિકાઓ છોડી દે છે, સેવકો સત્તાભ્રષ્ટ થએલા રાજાને ત્યજે છે આમ દરેક જણ કાર્યને અંગે જ સ્નેહ કરે છે. ખરેખર તો કોણ કોનું અને કોણ કોનો વલ્લભ ?— ૫.

તે બોલી, "સત્પુરુષો માટે સ્વદેશ કે પરદેશ અકારણ છે. કહ્યું છે કે—

સમુદ્રથી છુટો પડેલો ચંદ્ર પણ શંકરના શિરે વસે છે. ગુણવાન તો જ્યાં જાય ત્યાં માથે મુકાય છે— ૬.

અર્થ પણ અસાર છે, વિચક્ષણ પુરુષો તેનું બહુમાન કરતા નથી. પરંતુ ગુણમાં જ તેમનો અનુરાગ હોય છે. વળી—

સજ્જનની વાણીની કિંમત હજાર તથા સ્નેહપૂર્વક જોવાની કિંમત એક લાખ. પણ તેમના સદ્ભાવની કિંમત તો એક કરોડથી પણ વધી જાય — ૭.

માટે મારી આ પ્રાર્થના તમે સર્વથા સ્વીકારો." તેણે હા કહી. સ્નેહસભર તેમનો સંયોગ થયો.

(૭) એક વખત દેવદત્તાએ રાજા સમક્ષ નૃત્ય કર્યું. મૂલદેવે પડહવાદન કર્યું. રાજા દેવદત્તા ઉપર પ્રસન્ન થયો અને વરદાન આપ્યું. તેણે તે વરદાન થાપણ કરી રાખ્યું. મૂલદેવ જુગારનો એવો વ્યસની હતો કે તે કપડું પણ રહેવા દેતો નહિ. દેવદત્તાએ તેને સ્નેહપૂર્વક મધુર વાણીથી કહ્યું, "પ્રિયતમ, ચંદ્રને હરણની જેમ આ તમારું કેવું લાંછન (કલંક) છે? સકળ ગુણના ભંડાર જેવા તમારું જુગારનું વ્યસન કલંક જ છે અને તે બહુ દોષનું કારણ છે. વળી—

જુગાર કુળને કલંક લગાડે છે; સત્યનો વિરોધ કરે છે; વડીલોની લજ્જા તથા પવિત્રતા હરે છે; ધર્મમાં વિઘ્ન કરે છે; અર્થનો નાશ

કરે છે; દાન-ભોગ રહિત કરે છે; પુત્ર, પત્ની, પિતા, માતા વિગેરેને લુટાવે છે. જુગાર જ્યાં હોય ત્યાં દેવગુરુની ગણના થતી નથી, કાર્ય અકાર્યનો વિચાર રહેતો નથી, શરીરને સંતાપ થાય છે અને કુગતિને રસ્તે લઈ જાય છે. માટે હે પ્રિય, જુગારમાં રક્ત થા મા — ૮.

તો આનો સર્વથા ત્યાગ કર." અત્યંત રસ હોવાથી મૂલદેવ તે છોડી શકયો નહિ.

(૮) હવે દેવદત્તામાં ગાઢ અનુરાગવાળો મૂડીદાર મિત્રસેન અચલ નામનો એક સાર્થવાહ પુત્ર હતો. તે જે માગે તે આપતો હતો. વસ્ત્ર, અલંકાર વિગેરે લાવી આપતો (સંપડાવતો) હતો. તે મૂલદેવ ઉપર દ્વેષ રાખતો હતો અને તેનાં છિદ્ર શોધ્યા કરતો હતો. તેની બીકથી મૂલદેવ દેવદત્તાને ઘેર અવસર વિના જતો નહિ.

દેવદત્તાને તેની માતાએ કહ્યું, "પુત્રી, તું મૂલદેવનો ત્યાગ કર. એવા નિર્ધનનું આપણે કામ નથી. આ મહાનુભાવ અચલ દાતાર છે અને તે વારંવાર પુષ્કળ ધન મોકલે છે. માટે તું તેને જ પૂરા સ્નેહથી સ્વીકાર. એક જ મ્યાનમાં બે તરવાર માતી નથી અને માખણ વિનાની (કોરી) શિલાને કોઈ પણ ચાટતું નથી. માટે આ જુગારીને તું મુકી દે." તેણે કહ્યું, "માતા, હું એકાંતે ધનની લોભી નથી. ગુણ તરફ જ મારો સ્નેહ છે. (મને અત્યાદર છે.)" માતા બોલી, "એ જુગારીને વળી ગુણ કેવા ?" તે બોલી, "માતા, તે તો કેવળ ગુણમય જ છે. કારણ કે —

તે ધીર છે, ઉદાર ચિત્ત છે, દાક્ષિણ્યનો મહાસમુદ્ર છે, કલા-નિપુણ છે, પ્રિયભાષી છે, કૃતજ્ઞ છે, ગુણાનુરાગી છે અને વિશેષજ્ઞ પણ છે.— ૯.

માટે હું આને છોડતી નથી." પછી તેને અનેક દષ્ટાંતોથી સમજાવવા પ્રયત્ન કર્યો. (મૂલદેવ માટે) અળતો માગે ત્યારે સુક્કો રંગ

લાવી આપે, શેરડી માગે તો છોતરાં લાવી આપે, ફૂલ માગે ત્યારે બીંટાંજ લાવે. પૂછવામાં આવતાં કહેવા લાગી કે, 'જેવાં આ (નકામાં) છે તેવો આ તારો પ્રિયતમ (મૂલદેવ) છે. છતાં તું તેને છોડતી નથી.' દેવદત્તાએ વિચાર કર્યો, "માતા તો મૂઢ છે, તેથી આવાં દૃષ્ટાંત આપે છે."

(૯) પછી એક દિવસ દેવદત્તાએ માતાને કહ્યું, "મા, અચલ પાસે શેરડી માગો." તેણે તેને કહ્યું. તેણે (અચલે) પણ ગાડું ભરીને શેરડી મોકલી. દેવદત્તા બોલી, "શું હું હાથણી છું તે આટલી બધી પાંદડા તથા ડાળાવાળી શેરડી મોકલી ?" માતા બોલી, "પુત્રી, એ તો બહુ ઉદાર છે તેથી આટલી બધી મોકલી. તેણે વિચાર્યું હશે કે તારે બીજાને પણ આપવા થશે".

બીજે દિવસે દેવદત્તાએ માધવીને કહ્યું, "અલિ, મૂલદેવને જઈને કહે કે મને શેરડીમાં શ્રદ્ધા (ઈચ્છા) થઈ છે; માટે તે મને મોકલો." માધવીએ પણ ત્યાં જઈને કહ્યું. તેણે (મૂલદેવે) શેરડીના બે સાંઠા લીધા. તેને છોલીને બે આંગળ જેવડા કકડા કર્યા. તેમાં ચાતુર્જાતનું ચૂર્ણ નાખ્યું અને કપૂરનો સહેજ વાસ આપ્યો. દરેક કકડામાં સહેજ સળી ખોસી, નવા કટોરા મંગાવ્યા. તે ભરીને તથા ઢાંકીને (દેવદત્તાને) મોકલ્યા. માધવીએ જઈને તે આપ્યા. તેણે પણ માતાને બતાવ્યા અને કહ્યું, "મા, પુરુષ પુરુષ વચ્ચેનું અંતર તું જો; આ કારણે હું આના ગુણમાં અનુરક્ત છું"

(૧૦) માતાએ વિચાર્યું, "આને અત્યંત મોહ છે; પોતાની જાતે તે આને છોડશે નહિ. માટે એવો કોઈ ઉપાય કરું કે જેથી આ તેનો પ્રેમી (કામુક) વિદેશ જાય. પછી બધું બરાબર થશે; એમ વિચારીને તેણે અચલને કહ્યું, "તું બહારગામ જવાનો છું એમ ખોટેખોટું દેવદત્તા આગળ કહે. પછી મૂલદેવ પ્રવેશ કરે એટલે તું માણસો તથા સાધન લઈને આવજે અને તેનું અપમાન કરજે; જેથી અપમાન

પામેલો તે દેશનો ત્યાગ કરે. માટે તૈયાર થઈને રહો. હું તને યોગ્ય સમયે ખબર આપીશ." તેણે આ વાત સ્વીકારી.

બીજે દિવસે તેણે તેજ પ્રમાણે કર્યું. બહારગામ જવાના બહાને તે નીકળ્યો; એટલે મૂલદેવે નિર્ભય થઈને પ્રવેશ કર્યો. માતાએ અચલને ખબર આપ્યા. તે બધાં સાધન લઈને આવ્યો. દેવદત્તાએ તેને પ્રવેશ કરતો જોયો અને મૂલદેવને કહ્યું, "અત્યારે આવો અવસર છે અને આણે મોકલેલું દ્રવ્ય માતાએ સ્વીકાર્યું છે. માટે તમે થોડીવાર પલંગ નીચે છુપાઈ જાઓ." પછી તે પલંગ નીચે ગયો. અચલ તેને જોઈ ગયો. અચલ પલંગ ઉપર બેઠો અને તેણે દેવદત્તાને કહ્યુ, "સ્નાનની સામગ્રી તૈયાર કરાવ." દેવદત્તાએ કહ્યું, "સારું, તો ઉઠો અને ધોતિયું પહેરો જેથી તેલ ચોળી શકાય.' અચલે કહ્યું, "મેં આજે સ્વપ્ન જોયું કે પહેરેલા કપડેજ મેં શરીરે તેલ વિગેરે ચોળાવ્યાં અને અહીં પલંગ ઉપર બેસીને નાહ્યો. માટે સ્વપ્ન સાચું પાડ." દેવદત્તાએ કહ્યું, "કિંમતી તળાઈ—ઓશીકાં વિગેરે નકામાં જશે. તેણે કહ્યું, "તને બીજાં વધારે કિંમતી અપાવીશ." માતાએ પણ કહ્યું, "એમ જ કરો."

(૧૧) પછી ત્યાં પલંગમાં જ બેસીને તેણે તેલ વિગેરે ચોળાવ્યાં, ચૂર્ણ ઘસાવ્યું અને ઉના ખળખળતા પાણીએ નાહ્યો. પલંગ નીચે રહેલા મૂલદેવ ઉપર તે બધું પડયું. તેટલામાં હથિયાર લઈને માણસો આવ્યા. માતાએ અચલને નિશાની કરી. તેણે મૂલદેવને વાળથી પકડયો અને કહ્યું, "રે, તું જોઈ લે, છે કોઈ તને શરણ આપનારું ? મૂલદેવે બાજુ પર જોયું તો તીક્ષ્ણ તરવાર હાથમાં પકડીને ઉભેલા માણસોથી પોતાને ઘેરાએલો જોયો. તેણે વિચાર કર્યો, "હું આમાં બચું તેમ નથી અને મારે વેરનો બદલો લેવો છે; અત્યારે હું હથિયાર વિનાનો છું. માટે આ પૌરુષનો અવસર નથી. એમ વિચારીને તેણે કહ્યું, "તમને જેમ રુચે તેમ કરો." અચલે વિચાર કર્યો, "આ કોઈ ઉત્તમ પુરુષ

છે એમ તેની આકૃતિ ઉપરથીજ જણાય છે અને આ [illegible]માં મહાપુરુષોને સંકટ સુલભ છે. કહ્યું છે કે —

અહીં કોણ સદા સુખી છે? લક્ષ્મી કોની થઈ છે? કોનો પ્રેમ સ્થિર રહ્યો છે? કોની ભૂલ થતી નથી? કહે — વિધિ કોનું ખંડન કરતી નથી?" — ૧૦.

મૂલદેવને કહ્યું, "અરે, આવી સ્થિતિમાં આવેલા તને હવે મુકત કરું છું. નસીબયોગે હું પણ કદાચ સંકટમાં આવું તો તુ પણ આમ જ કરજે."

(૧૨) પછી દુઃખી અને નિરાશ થઈને મૂલદેવ નગરમાંથી નીકળી ગયો. 'જુઓ, આણે મને કેવી રીતે છેતર્યો?' એમ વિચારતો સરોવરમાં નાહ્યો, ભોજન કર્યું અને વિચાર કર્યો, "પરદેશ જાઉં અને ત્યાં જઈને આનો બદલો લેવાનો (અપ્રિય કરવાનો) કોઈ ઉપાય શોધી કાઢું." બેન્નાતટ તરફ જવા નીકળ્યો.

ગામ નગરમાંથી પસાર થતાં થતાં તે બાર યોજનના વિસ્તારવાળી એક અટવીના મુખ આગળ પહોંચ્યો. ત્યાં તેણે વિચાર્યું, "જો કોઈ બીજો વાતચીત કરનારો પણ સાથી મુસાફર મળી જાય તો આ અટવીનો માર્ગ સહેલાઈથી કપાય. ત્યારે થોડીવારમાં ત્યાં વિશિષ્ટ આકાર તથા દેખાવવાળો ભાથાની પોટલી સાથે એક ભાટ – બ્રાહ્મણ જોવામાં આવ્યો. તેને પૂછ્યું, "હે ભટ્ટ, કેટલે દૂર જવું છે?" તેણે કહ્યું, "આ અટવીને સામે પાર વીરવિહાણ નામનું એક સ્થળ છે, ત્યાં જવું છે. પણ તમે કયાં જવા નીકળ્યા છો?" તેણે કહ્યું, "બેન્નાતટ." ભટ્ટ બોલ્યો, "તો ચાલો, આપણે જઈએ." પછી બન્ને સાથે નીકળ્યા જતાં જતાં બપોરે એક સરોવર દીઠું. ભટ્ટે કહ્યું, "થોડો વીસામો લઈએ." પાણી પાસે ગયા. હાથપગ ધોયા.

(૧૩) મૂલદેવ કિનારે આવેલા વૃક્ષની છાયામાં જઈને બેઠો. ભટ્ટે ભાથાની પોટલી છોડી અને વાટકામાં સાથવો લીધો. તે પાણીમાં ભીંજવીને ખાવા લાગ્યો. મૂલદેવે વિચાર્યું, "બ્રાહ્મણની જાતિ આવી જ ભુખાળવી હોય, માટે પછીથી મને આપશે." ભટ્ટ પણ જમીને પોટલી બાંધીને ઉપડયો. મૂલદેવ પણ 'સાંજના જરૂર આપશે' એમ વિચાર કરતો પાછળ ચાલ્યો. ત્યારે પણ તેજ રીતે બ્રાહ્મણે ખાધું અને તેને કાંઈ આપ્યું નહિ. 'કાલે આપશે' એમ આશા રાખીને મૂલદેવ ચાલ્યો. જતાં જતાં રાત પડી. પછી રસ્તા ઉપરથી બાજુ પર જઈને વડના ઝાડ નીચે સુતા. સવારે ફરી ઉપડયા, બપોરે તેજ રીતે થાકયા, તેજ રીતે ભટ્ટે ખાધું. પણ મૂલદેવને કાંઈ આપ્યું નહિ.

ત્યારે ત્રીજે દિવસે મૂલદેવે વિચાર્યું, "હવે અટવી પૂરી થવા આવી છે; માટે આજે તો આ જરૂર મને આપશે." પણ ત્યારે પણ તેને ન આપ્યું. એમ કરતાં તેમણે અટવી પૂરી કરી. બન્નેના રસ્તા જુદા ફંટાયા. ત્યારે ભટ્ટે કહ્યું, "અરે, આ તમારો રસ્તો અને આ મારો રસ્તો; માટે તમે આ રસ્તે જાઓ". મૂલદેવ બોલ્યો, "હે ભટ્ટ તમારા પ્રભાવથી હું અહીં આવ્યો; માટે મારું નામ મૂલદેવ છે તે યાદ રાખજો. કદી મારી કાંઈ જરૂર પડે તો બેન્નાતટ આવજો. તમારું નામ શું ?" ભટ્ટે કહ્યું, "સદ્ધડ, પણ લોકોએ નામ પાડયું છે નિર્ઘૃણશર્મા". પછી ભટ્ટ પોતાને ગામ ગયો. મૂલદેવ પણ બેન્નાતટ તરફ ગયો.

(૧૪) વચ્ચે વસતિ જોઈ, ત્યાં મૂલદેવે ભિક્ષા માટે પ્રવેશ કર્યો આખું ગામ ફર્યો. છેવટે અડદના બાકળા મળ્યા, બીજું કાંઈ અન્ન મળ્યું નહિ. પછી તે તળાવ તરફ ગયો અને તેટલામાં તપથી સુકાઇ ગએલા શરીરવાળા એક મહાનુભાવ મહાતપસ્વીને મહીનાના ઉપવાસનું પારણું કરવા માટે ગામમાં પ્રવેશ કરતા મૂલદેવે જોયા. તેમને જોઈને હર્ષનો રોમાંચ અનુભવતાં તેણે વિચાર કર્યો, "અહો ! હું ધન્ય છું,

હું કૃતાર્થ છું કે આ સમયે આવા મહાતપસ્વી મારી નજરે પડયા; માટે અવશ્ય મારૂં કલ્યાણ થવાનું છે. વળી —

મરૂસ્થળમાં જેમ કલ્પવૃક્ષ, ગરીબના ઘરમાં જેમ સોનાનો વરસાદ ચંડાળને ઘેર જેમ હસ્તીરાજ તેમ અહીં આ મહાત્મા મુનિ છે — ૧૧.

વળી —

તેઓ દર્શન અને જ્ઞાનથી વિશુદ્ધ છે. તેઓ ધીર છે અને પાંચ મહાવ્રતનું પાલન કરનાર સમાધિવાળા છે. તેઓ ક્ષમા, માર્દવ અને સરળતાથી યુકત છે, અને તેઓ મોક્ષ પ્રધાન છે — ૧૨.

તેઓ સ્વાધ્યાય, ધ્યાન, તપ અને ઉપધાનમાં રત રહેનારા છે. તેઓ વિશુદ્ધ લેશ્યાવાળા છે. તેઓ પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનું પાલન કરનારા છે. તેઓ અકિંચન છે અને તેમણે ઘરવાસ છોડયો છે—૧૩.

આ સાધુ સુપાત્ર છે. તો —

આવા પાત્રરૂપી સારા ક્ષેત્રમાં વિશુદ્ધ શ્રદ્ધારૂપી જળથી સીંચન કરીને દ્રવ્યરૂપી બીજ વાવવામાં આવે તો તે આ લોક તેમજ પરલોકમાં અનંત ફળ આપનારું થાય — ૧૪.

(૧૫) માટે આમને કાળને યોગ્ય એવા બાકળા આપું; કારણ કે આ ગામ આપે તેવું નથી અને આ મહાત્મા કેટલાક ઘરમાં દેખાડો કરીને પાછા ફર્યા છે. હું તો બે ત્રણ દ્વારે ફરીશ તો ફરીથી મેળવીશ. બીજું ગામ નજીક છે; માટે બધા જ બાકળા હું આમને આપી દઉં."

પછી પ્રણામ કરીને તેણે તે સાધુને બાકળા સમર્પણ કર્યા. સાધુ પણ તેના પરિણામ (ભાવ) નો પ્રકર્ષ જાણીને તથા દ્રવ્યાદિ શુદ્ધિ જોઈને બોલ્યા, "હે ધર્મશીલ, થોડા આપો." આમ કહી તેમણે પાત્ર ધર્યું. વધતા જતા પ્રભાવથી (પવિત્ર આશયથી) તેણે આપ્યા અને કહ્યું,

"સાધુના પારણા માટે ધન્ય પુરુષો પાસે બાકળા હાજર હોય છે."

તેટલામાં આ સાધુ (ઋષિ) ની આકાશમાં રહેલી ભકત – દેવીએ મૂલદેવની ભકિતથી પ્રસન્ન થઈને કહ્યું, "પુત્ર મૂલદેવ, તેં સુંદર કામ કર્યું; માટે આ ગાથાના પાછલા અર્ધા ભાગથી જે ગમે તે માગ. હું તે બધું આપીશ." મૂલદેવ બોલ્યો—

"ગણિકા દેવદત્તા, હજાર હાથી તથા રાજ્ય."—૧૫.

(૧૬) દેવીએ કહ્યું, "પુત્ર, નિશ્ચિત થઈને ફર. સાધુના ચરણના પ્રભાવથી થોડા જ વખતમાં આ બધું અવશ્ય મળશે." મૂલદેવે કહ્યું, "હે ભગવતી, એમ જ." પછી સાધુ (ઋષિ) ને વંદન કરીને તે (મૂલદેવ) પાછો ફર્યો. સાધુ (ઋષિ) પણ ઉદ્યાનમાં ગયા. મૂલદેવે બીજી ભિક્ષા મેળવી. તે જમ્યો અને બેન્નાતટ તરફ જવા નીકળ્યો, અનુક્રમે ત્યાં પહોંચ્યો. બહાર મુસાફરખાનામાં રાત્રે સુઈ રહ્યો. ત્યાં છેલ્લા પ્રહરમાં તેણે એક સ્વપ્ન જોયું કે "સંપૂર્ણ મંડળવાળો તથા નિર્મળ પ્રભાવાળો ચન્દ્ર મારા ઉદરમાં પેઠો. બીજા કોઈ એક મુસાફરે (ભિક્ષુકે) પણ તેવું જ સ્વપ્ન દીઠું. તેણે બીજા મુસાફરોને (ભિક્ષુકોને) કહ્યું. તેમાંથી એક બોલ્યો, "તને આજે ઘી ગોળથી ભરેલો એક મોટો રોટલો મળશે." આમને સ્વપ્નના રહસ્યની ખબર નથી, એમ જાણીને મૂલદેવ કાંઈ બોલ્યો નહિ. ભિક્ષામાં ગયેલા તે મુસાફરને (ભિક્ષુકને) છાવણીમાંથી ઉપર કહ્યા પ્રમાણે રોટલો મળ્યો. તે સંતોષ પામ્યો અને બીજા મુસાફરોને વાત કરી.

(૧૭) મૂલદેવ તો એક બાગમાં ગયો. ત્યાં તેણે ફૂલ ચુંટવા વિગેરેમાં મદદ કરીને માળીને પ્રસન્ન કર્યો. માળીએ તેને ફૂલ અને ફળ આપ્યાં. તે લઈને પવિત્ર થઈને મૂલદેવ સ્વપ્નશાસ્ત્રના વિદ્વાનને ઘેર ગયો. તેને પ્રણામ કર્યા. ક્ષેમકુશળ પૂછવામાં આવ્યું. તેણે પણ બહુમાનપૂર્વક વાત કરી અને આવવાનું પ્રયોજન પૂછયું. મૂલદેવે બન્ને હાથ જોડીને સ્વપ્નની વાત કહી. ઉપાધ્યાયે પણ સહર્ષ કહ્યું, "શુભ

મુહૂર્તે સ્વપ્નનું ફળ કહીશ. આજે તો તમે અમારા મહેમાન થાઓ. મૂલદેવે સ્વીકાર્યું. ઠાઠથી નાહ્યો તથા જમ્યો. જમ્યા પછી ઉપાધ્યાય બોલ્યા, "પુત્ર, આ મારી કન્યા વરવા યોગ્ય થઈ છે; માટે મારા આગ્રહથી તું તેને પરણ." મૂલદેવ બોલ્યો, "હે તાત, અજાણ્યા કુળ, શીલવાળાને જમાઈ કેમ કરો છો ?" ઉપાધ્યાયે કહ્યું, "પુત્ર, આચારથી જ વગર કહ્યો કુળ જણાઈ આવે છે. કહ્યું છે કે —

આચાર કુળ કહી આપે છે; ભાષા દેશ કહી આપે છે; સંભ્રમથી સ્નેહ જણાય છે અને શરીર ભોજન કહી આપે છે.—૧૬.

તથા —

કમળની સુગંધ, શેરડીની મીઠાશ, ઉત્તમ હાથીની લીલા, તથા કુળવાનના વિનયને કોણ ઉત્પન્ન કરે છે ?—૧૭.

અથવા —

જો ગુણ હોય તો કુળને શું કરવું છે ? ગુણવાનને કુળની જરૂર નથી. ગુણ રહિતનું કુળ અકલંક હોય તો પણ એ મોટું કલંક જ છે.—૧૮.

આવાં વચનોથી તેની પાસે હા પડાવીને શુભમુહૂર્તે પરણાવ્યો. પછી સ્વપ્નનું ફળ કહ્યું, "સાત દિવસની અંદર રાજા થઈશ." તે સાંભળીને તેને હર્ષ થયો અને તે ત્યાં સુખે રહ્યો. પાંચમે દિવસે નગરની બહાર ગયો અને ચંપાની છાયામાં બેઠો.

(૧૮) હવે તે નગરીમાં પુત્ર વિનાનો રાજા મૃત્યુ પામ્યો. તેથી ત્યાં પાંચ દિવ્યો તૈયાર કરવામાં આવ્યાં. તે નગરમાં ફરીને બહાર નીકળ્યાં અને મૂલદેવ પાસે પહોંચ્યાં. નહિ ફરતી એવી સ્થિર છાયામાં સુતેલા તેને દીઠો.

તેને જોઈને હાથીએ ચીત્કાર કર્યો, અશ્વે હણહણાટ કર્યો, કળશે અભિષેક કર્યો, ચામર વીંઝાયા અને કમળ ઉપર રહ્યું. પછી લોકોએ

જયજયકાર કર્યો. હાથીએ તેને પીઠ ઉપર ચડાવ્યો અને નગરી તરફ લઈ ચાલ્યો. મંત્રીઓ તથા સામંતોએ અભિષેક કર્યો. આકાશમાં રહેલી દેવીએ કહ્યું, "અરે, અરે, આ મહાનુભાવ સકલકલામાં પારંગત છે. તેમના શરીરમાં દેવતાનો વાસ છે અને આ વિક્રમરાજ નામના રાજા છે; માટે આમની આજ્ઞામાં જે નહિ વર્તે તેને હું ક્ષમા કરીશ નહિ. પછી બધા સામંતો, મંત્રીઓ, પુરોહિત વિગેરે પરિજનો આજ્ઞાપાલક થયા. ત્યાં તે ઉત્તમ વિષયસુખ અનુભવતો રહ્યો. પછી તેણે ઉજ્જેણીના રાજા વિચારધવલ સાથે વહેવાર બાંધ્યો અને એમ બન્ને રાજા વચ્ચે નિરંતર પ્રીતિ થઈ.

(૧૯) હવે અહીં દેવદત્તા, મૂલદેવની આવી વિટંબણા જોઈને અચલ ઉપર અત્યંત વિરક્ત થઈ. પછી તેણે અચલને ઠપકો આપ્યો, "અરે, હું વેશ્યા છું, હું કાંઈ તારી કુળવધૂ નથી. તો પણ મારા ઘરમાં રહીને તું આવો વ્યવહાર કરે છે ? માટે તારે ફરીથી મારી અભિલાષા (પ્રેમ) માટે અફસોસ ન કરવો. એમ કહીને તે રાજા પાસે ગઈ. ચરણમાં પડીને તેણે રાજાને કહ્યું, "સ્વામી, તે વરદાન (આપવા) ની કૃપા કરો."

રાજા બોલ્યો, "બોલ, તારા ઉપર કૃપા જ છે; બીજું શું કહેવું છે ?" દેવદત્તા બોલી, "તો હે સ્વામી, મૂલદેવ સિવાય બીજા કોઈ પુરુષ માટે મને આજ્ઞા કરશો નહિ. આ અચલને મારે ઘેર આવતો અટકાવો." રાજાએ કહ્યું, "સારું, જેવી તારી ઈચ્છા. પણ આ શી વાત છે તે કહે. ત્યારે માધવીએ બધી વાત કહી. રાજા અચલ ઉપર રોષે ભરાયો અને બોલ્યો, "અરે મારી નગરીમાં આ બે રત્ન છે. તેને પણ આ હેરાન કરે ? પછી તેને (અચલને) બોલાવીને તથા ઠપકો આપીને કહ્યું, અલ્યા, "તું અહીંનો રાજા છે કે આ પ્રમાણે વર્તે છે ?" માટે હવે તારું શરણું શોધી લે; હું તારા પ્રાણનો નાશ કરીશ. દેવદત્તા બોલી, "સ્વામી આ મરેલા કુતરા જેવાને શું ? માટે એને છોડી દો." રાજા બોલ્યો, "અરે આ મહાનુભાવાના વચનથી અત્યારે છોડું છું. પણ તેને

(મૂલદેવને) અહીં લાવવાથી તારી શુદ્ધિ થશે." પછી ચરણમાં પડીને અચલ રાજકુલમાંથી નીકળી ગયો. ચારે દિશામાં તપાસ કરવા લાગ્યો. છતાં તે ન મળ્યો. પછી તે જ પૂનમે માલનાં વહાણ ભરીને પારસકુલ જવા ઉપડયો.

(૨૦) હવે અહીં મૂલદેવે દેવદત્તા તથા તે રાજાને પત્ર તથા ભેટ મોકલ્યાં. રાજાને લખ્યું કે, "દેવદત્તા તરફ મને સ્વાભાવિક રીતે જ ઘણો સ્નેહ છે; માટે જો તેને રુચ્યું હોય અને તમને રુચે તો કૃપા કરો અને દેવદત્તાને અહીં મોકલો. ત્યારે રાજાએ પ્રતિહારીને કહ્યું, "અરે, વિક્રમરાજે આમ કેમ લખ્યું છે? શું અમારે અને તેમને કોઈ જુદાઈ છે? આ સર્વ રાજ્ય પણ તેમનું જ છે; તો દેવદત્તાની વાત જ કેવી? છતાં દેવદત્તા તેની ઈચ્છા જણાવે."

પછી દેવદત્તાને બોલાવી. બધી વાત કરીને કહ્યું, "તને ગમતું હોય તો તે રાજા પાસે જા." તે બોલી, "મોટી કૃપા થઈ. આપની આજ્ઞાથી મારા પણ એજ મનોરથ છે." પછી ખૂબ વૈભવપૂર્વક તેનું સન્માન કરીને તેને મોકલી અને તે ગઈ. તે રાજાએ પણ ખૂબ ઠાઠથી તેને પ્રવેશ કરાવ્યો; પરસ્પર એક રાજ્ય જેવું થયું. તેની સાથે વિષયસુખ અનુભવતો મૂલદેવ જિનમંદિર અને જિનબિંબ કરાવવામાં તથા તેની પૂજામાં તત્પર રહેવા લાગ્યો.

(૨૧) હવે પેલો અચલ પારસકુલમાં પુષ્કળ દ્રવ્ય કમાઈને, કિંમતી માલ ભરીને (વહાણમાં) બેન્નાતટ આવ્યો અને બહાર પડાવ નાખ્યો. લોકોને તેણે પૂછ્યું, "અહીંના રાજાનું શું નામ છે?" તેમણે કહ્યું, "વિક્રમરાજા." પછી સોનુ—ચાંદી—મોતીનો થાળ ભરીને તે રાજાને મળવા ગયો. રાજાએ આસન અપાવ્યું. તે બેઠો અને રાજાએ તેને ઓળખ્યો. પણ અચલે તેને ઓળખ્યો નહિ. રાજાએ પૂછ્યું, શેઠ, કયાંથી આવો છો? તેણે કહ્યુ, "પારસકુલથી." રાજાથી સત્કાર

પામેલા અચલે કહ્યું, "સ્વામી, અમલદારને મોકલો કે જે માલ તપાસી લે." ત્યારે રાજાએ કહ્યું, "હું જાતે જ આવું છું."

પછી પંચકુલ લઈને રાજા ગયો. તેને વહાણમાં ભરેલો શંખ, ફોફળ, ચંદન, અગરુધૂપ મજીઠ વિગેરે માલ બતાવ્યો. પંચકુલ સમક્ષ રાજાએ પૂછ્યું, "શેઠ, આ આટલું જ છે?" તેણે કહ્યું, "દેવ આટલું જ છે." રાજાએ કહ્યું, "શેઠનું દાણ અર્ધું કરો, પણ માલના થેલા મારી સમક્ષ તોલો." પંચકુલે તોલ કર્યો. વજન ઉપરથી, લાત મારવાથી તથા વાંસથી વિંધવાથી મજીઠ વિગેરેની વચમાં કિંમતી માલ હોવાનું લક્ષમાં આવ્યું. આથી રાજાએ થેલા ખોલાવ્યા અને અંદર બરાબર જોયું તો કોઈ ઠેકાણે સોનું, કોઈ ઠેકાણે રૂપું અને કોઈ ઠેકાણે મણિ, મોતી, પરવાળાં વિગેરે કિંમતી વસ્તુઓ જોઈ.

(૨૨) તે જોઈને રોષે ભરાએલા રાજાએ પોતાના માણસોને આજ્ઞા કરી, "અરે, આ પ્રત્યક્ષ ચોરને બાંધો. થરથરતા હૃદયવાળા તેને બાંધ્યો અને વહાણના રક્ષકોને સોંપીને રાજા પોતાના ભવનમાં ગયો. રક્ષકો તેને રાજાની સમક્ષ લઈ ગયા. તેને સખ્તરીતે બાંધેલો જોઈને રાજાએ કહ્યું, "અરે, છોડો, છોડો." રક્ષકોએ તેને છોડયો. રાજાએ પૂછ્યું, "મને ઓળખો છો?" તેણે કહ્યું, "દેવ, સકળપૃથ્વીમાં વિખ્યાત એવા આપ મહારાજને કોણ ન ઓળખે?"

રાજાએ કહ્યું, "ઉપચારવચનો જવા દો. જો મને ઓળખતા હો તો સ્પષ્ટ કહો." અચલે કહ્યું, "દેવ, બરાબર ઓળખતો નથી." ત્યારે રાજાએ દેવદત્તાને બોલાવી. આખે શરીરે અલંકાર ધારણ કરીને અપ્સરા જેવી તે આવી. અચલે તેને ઓળખી, મનમાં ખૂબ લજ્જા પામ્યો. તે બોલી, "અરે, આ જ તે મૂલદેવ છે જેમને તેં તે સમયે કહ્યું હતું કે 'મને પણ કોઈ વખત નશીબયોગે સંકટ આવી પડે તો મારા ઉપર ઉપકાર કરજો.' માટે આજે તે અવસર છે. અત્યારે તારા અર્થ તથા

શરીરના નાશનો ભય ઉભો થયો છે, ત્યારે પ્રાર્થના કરાયેલ તથા દીનજનો તરફ વત્સલ એવા આ રાજા તને મુકત કરે છે.

(૨૩) આ સાંભળીને મનથી શરમાઈ ગએલા તેણે "મહાકૃપા થઈ" એમ કહીને રાજા તથા દેવદત્તાના ચરણમાં પ્રણામ કર્યા અને બોલ્યો, "સકલજનને સુખ આપનાર તથા સંપૂર્ણ કળાથી શોભતા અને નિર્મળ સ્વભાવવાળા, પૂર્ણિમાના ચન્દ્ર જેવા, આપની રાહુની જેમ મેં કદર્થના કરી, તેની હે સ્વામી મને ક્ષમા આપો. આપની કદર્થના કરવાથી રોષે ભરાએલા મારા દેશના મહારાજ પણ મને ઉજ્જેણીમાં પેસવા દેશે નહિ."

મૂલદેવ બોલ્યો, "દેવીએ જેના ઉપર કૃપા કરી તેવા તને મેં ક્ષમા આપી જ છે. પછી તે ફરીથી બન્નેના ચરણમાં પડયો. તેને પરમ આદરપૂર્વક ન્હવરાવ્યો, જમાડયો અને દેવદત્તાએ તેને કિંમતી વસ્ત્રો પહેરવા આપ્યાં. રાજાએ પણ તેનું દાણ માફ કર્યું. તેને ઉજ્જેણી મોકલ્યો. મૂલદેવ રાજાની વિનંતિથી વિચારધવલ રાજાએ પણ અચલને ક્ષમા આપી.

(૨૪) નિર્ઘૃણશર્મા પણ મૂલદેવ રાજગાદીએ બેઠો છે તેમ સાંભળીને બેન્નાતટ આવ્યો, રાજાને મળ્યો. રાજાએ પણ તેની અદષ્ટ સેવા માટે તેને એક ગામ આપ્યું. પ્રણામ કરીને અને "મહાકૃપા થઈ" એમ બોલીને તે ગામ ગયો.

હવે પેલા મુસાફરે (ભિક્ષુકે) સાંભળ્યું કે મૂલદેવે પણ તેના જેવું જ સ્વપ્ન જોયું હતું; છતાં આદેશફળથી તે રાજા થયો. તેણે વિચાર કર્યો, "જ્યાં ગોરસ હોય ત્યાં હું જાઉં અને તે પીને સુઈ જાઉં. તેમ કરતાં પેલું સ્વપ્ન ફરીથી જોઉં."

કદાચ તે તેવું સ્વપ્ન ફરીથી જોવા પામે. પણ મનુષ્ય ભવ ફરી મળે નહિ.

ટિપ્પણ

(૧)

संपयं सुविणे — હવે સ્વપ્નની વાત

મૂલદેવકથા એ કોઈ સ્વતંત્ર કૃતિ નથી; પરન્તુ ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયન પરની વ્યાખ્યામાં સ્વપ્નના દૃષ્ટાન્ત તરીકે કહેવાયેલી કથા છે.

પાલિ—ત્રિપિટક પર લખાયેલી અઠ્ઠકથાઓની જેમ જૈન આગમ સાહિત્ય પર પણ વિપુલ વ્યાખ્યા—સાહિત્ય રચાયું છે. જૈન આગમ સાહિત્ય પર લખાયેલ વ્યાખ્યા—સાહિત્યમાં મુખ્યત્વે નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકાઓનો સમાવેશ થાય છે. ઉત્તરાધ્યયનની લોકપ્રિયતા અને તેના મહત્ત્વને કારણે તેની ઉપર અપેક્ષાકૃત વધારે વ્યાખ્યા—સાહિત્ય રચાયું છે. ભદ્રબાહુએ આની ઉપર નિર્યુક્તિ અને જિનદાસગણિ મહત્તરે ચૂર્ણિ લખી છે. ટીકાઓમાં સૌથી પ્રાચીન વાદિવેતાલ શાંતિસૂરિકૃત શિષ્યહિતા ટીકા છે. આ ટીકાને આધારે બૃહત્ગચ્છના નેમિચંદ્રસૂરિએ સુખબોધા ટીકા લખી છે. આ ઉપરાંત લક્ષ્મીવલ્લભ, જયકીર્તિ, કમલ-સંયમ, ભાવવિજય, વિનયહંસ આદિ અનેક વિદ્વાનોએ ટીકાઓ લખી છે.

પ્રસ્તુત મૂલદેવકથા સુખબોધા ટીકામાંથી લેવામાં આવી છે. ઉતરાધ્યયન સૂત્રના ચતુરંગીય નામના ત્રીજા અધ્યયનમાં મનુષ્યત્વ, ધર્મશ્રાવણ, ધર્મશ્રાદ્ધા અને સંયમમાં પુરુષાર્થ — આ ચાર અંગોની દુર્લભતા પર ચર્ચા કરવામાં આવી છે. મનુષ્યભવની દુર્લભતા ઉપર ટીકાકારે આ દસ દૃષ્ટાન્તો કહ્યાં છે. (૧) ચોલ્લક, (૨) પાશક, (૩) ધાન્ય, (૪) દ્યૂત, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ અને (૧૦) પરમાણુ. પ્રસ્તુત મૂલદેવની કથા એ છઠ્ઠા દૃષ્ટાન્ત સ્વપ્નની દુર્લભતાનું ઉદાહરણ છે.

असेसकलाकुसलो — બધી કળાઓમાં કુશળ
कयन्नू — કૃતજ્ઞ
पडिवन्नसूरो — વચન પાળવામાં શૂરો
रूवलावन्नतारुन्नकलिओ — રૂપ, લાવણ્ય અને તારુણ્યથી શોભતો
जूयवसणासत्तो — જુગારના વ્યસનની આસકિતવાળો; **वसण**—વ્યસન
जणगावमाणेण — લોકોના અપમાનથી; **अवमाण**—અપમાન
परिब्भमंतो — ભમતો, રખડતો
गुलिया — ગોળી
णाणाकोउगेहिं — વિવિધ કૌતુકથી, **कोउग** — કૌતુક

(૨)

अत्तगव्विया — અભિમાની, આત્મગર્વિતા
खोहणत्थं — ક્ષોભ અર્થે, ક્ષોભ પમાડવા
आढत्तं — શરૂ કર્યું
घोलिरकंठं — કંઠમાં ઘૂંટાતું
अन्नन्नवण्ण — પ્રત્યેક વર્ણ
संवेह — સંયોગ
रमणिज्ज — રમણીય
खुज्जचेडी — કુબડી દાસી, **खुज्ज** — કુબડી

(૩)

वियड्ढया — વિદગ્ધતા, ચતુરાઈ
निवारिओ विसिट्ठाण वेसासंजोगो ।

વિશિષ્ટજનો માટે વેશ્યાસંગનો નિષેધ છે. સજ્જનોએ વેશ્યાસંગનો ત્યાગ કરવો જોઈએ. વેશ્યા માત્ર ધન પ્રાપ્ત કરવા માટેજ હાવભાવ-પૂર્વક પ્રેમનો ડોળ કરી પુરુષને છેતરે છે કુટિલતા, વક્રતા, છેતરપિંડી, અસત્ય આદિ દુર્ગુણોથી પૂર્ણ વેશ્યા રૂપ, ગુણ કે કુળ તરફ નહીં પણ વાંદરીની જેમ જ્યાં ફળ (ધન) હોય તે તરફ ખેંચાય છે. મૂલદેવ

અઠંગ જુગારી હતો. જુગારીઓ વિદગ્ધ અને ચતુર હોય છે. એટલે મૂલદેવ પ્રથમ પ્રસંગે જ વેશ્યા પર ભરોસો ન મૂકે એ સ્વાભાવિક છે. શ્લોક ૧ — ૨ વેશ્યાના સ્વભાવનો પરિચય કરાવે છે.

भणिइभंगीहि — ભાષાભંગીથી
अप्फालिऊण — અફાળીને, થપાટ મારીને
विम्हयखित्तमणा — વિસ્મયથી ભરેલા ચિત્તવાળી
अउव्व — અપૂર્વ
दवावियं — અપાવ્યું. **दा** નું પ્રેરક રૂપ
वइयर — વ્યતિકર, વૃત્તાન્ત
आगरिसियं — આકર્ષિત કરાયું
परिहासपेसलं — હાસ્યની કોમળતા, **पेसल** — મનોજ્ઞ, કોમળ
लडह — સુંદર, રમ્ય

(૪)

अहो, अइनिउणो उज्जेणीजणो जाणइ सुदरासुंदरविसेसं ।

અહો, ઉજ્જેણીના અતિ નિપુણ લોકો આવો જ સુંદરાસુંદરનો ભેદ જાણે છે ?

મૂલદેવને સકળ કળાકુશળ કહ્યો છે તે યોગ્ય જ છે. ગણિકા નૃત્ય—સંગીતમાં પ્રવીણ હોય એ તો સામાન્ય બાબત ગણાય. પણ વીણાવાદનની પરખની બાબતમાં દેવદત્તા કરતાં પણ મૂલદેવ વિશેષ પ્રવીણ છે. વાંસની અશુદ્ધિ અને તેમાં રહેલા કાંકરાનો તેને ખ્યાલ છે; જ્યારે ખુદ વીણાવાદક કે તેના સંગીતથી રીઝતી દેવદત્તાને તેનો ખ્યાલ નથી.

खूणं — ન્યૂનતા, કમી, ખોડ
पाहणग — કાંકરો
समारिऊणं — દુરસ્ત કરીને, તાર મેળવીને
पच्चासन्ने — નજીકમાં

रवणसीला — અવાજ કરનાર
घुम्मंती — ઘૂમતી, ગોળગોળ ફરતી
विस्सकम्मा — વિશ્વકર્મા, શિલ્પીવિશેષ

(૫)

वाहरह अंगमद्दयं जेण दो वि अम्हे मज्जामो ।

અંગમર્દન કરનારાને બોલાવો જેથી અમે બન્ને સ્નાન કરીએ.

પ્રાચીન સમયમાં સ્નાન કરતાં પહેલાં અંગમર્દન—(શરીર પર તેલ માલીશ કરવી) કરવામાં આવતું. વૈભવશાળી લોકો માલીશ માટે વિશિષ્ટ અને પ્રવીણ માણસો પણ રાખતા. સુગંધિત તેલથી માલિશ થતી. મોગલ જમાનામાં ફુવારાઓ અને સ્નાનાગારોના આયોજન ઉપરથી તેમની સ્નાન-પ્રિયતાનો ખ્યાલ આવી શકે છે.

अब्भंगिउं — માલીશ કરવાનું

असरिसगुणेहिं चेव नाओ उत्तमपुरिसो ।

અસામાન્ય ગુણથી જ ઉત્તમ માણસ જણાયા છો.

માણસ પોતાના ગુણથી અન્ય માણસોથી જુદો તરી આવે છે. મૂલદેવ સર્વકળાકુશળ છે. વીણાવાદકનો દોષ બતાવીને વાદ્ય સંગીતમાં પોતાની પ્રવીણતા પૂરવાર કરે છે. ત્યારબાદ અંગમર્દન — માલીશ કરીને દેવદત્તાને ખુશ કરે છે. આ ઉપરથી તે અસામાન્ય માણસ છે એવી દેવદત્તાને ખાત્રી થાય છે અને તેને પોતાનું અસલ સ્વરૂપ જાહેર કરવાની વિનંતિ કરે છે.

અંગમર્દનની એક કળામાં ગણત્રી થતી. પણ સ્ત્રી કોઈ પુરુષ પાસે માલિશ કરાવે તે અજુગતુ લાગે. દેવદત્તા તો ગણિકા હોઈ પરપુરુષના સ્પર્શનો બાધ ન હોય એ સ્વાભાવિક છે.

उक्कंठियं — ઉત્કંઠિત

(૬)

निब्बंध — આગ્રહ
उब्भिन्नरोमंचा — રોમાંચ અનુભવતી
महाविभूईए — ઠાઠમાઠથી, વૈભવપૂર્વક

हिययाणंदं जं पुण जणेइ तं माणुसं विरलं ।

પણ હૃદયને આનંદ આપે તેવો મનુષ્ય વિરલ છે.

સંસારમાં અનેક માણસો એક બીજાના સંપર્કમાં આવે છે. છતાં સ્નેહ—સંબંધ તો અમુક વ્યકિત સાથે બંધાય છે. દેવદત્તા ગણિકા છે. અનેક પુરુષોનું રંજન કરવાના તેને ઘણા પ્રસંગો આવ્યા હોય; પરન્તુ મૂલદેવને જોઈને તેને વિશેષ આનંદ થાય છે અને હૃદયમાં આસક્તિ થાય છે. માટે જ તે કહે છે કે આંખે ઘણાને જોયા હોય, ઘણાની સાથે વાતચીત કરી હોય; પણ સ્નેહની ગાંઠ તો કોઈ વિશિષ્ટ માણસ સાથે જ બંધાય છે.

अन्नदेसिएसु निद्धणेसु य अम्हारिसेसु ... ... पाएण सव्वस्स वि कज्जवसेण चेव नेहो ।

અમારા જેવા પરદેશી નિર્ધનો માટે તમારે સ્નેહ સંબંધ બાંધવો ઠીક નથી અને તે સ્થિર પણ ન થાય; મોટે ભાગે બધા માણસોને કાર્યને અંગે જ સ્નેહ થાય છે.

ગણિકા ધનપ્રેમી હોય છે. નિર્ધન પુરુષો તરફ સ્નેહ બતાવવાનું તેને પાલવે નહીં. એથી મૂલદેવ તેને પોતાના જેવા અલગારી અને નિર્ધન માણસ પર સ્નેહ ન રાખવાની સલાહ આપે છે. આવો સ્નેહ લાંબો સમય ન ચાલે તેનો તેને ખ્યાલ છે. વળી આ સંસારમાં પ્રેમ તો દેખાવમાત્ર છે. એ નર્યો દંભ છે. માણસો સ્વાર્થના સગાં હોય છે. કોઈને કોઈ સ્વાર્થને લક્ષમાં રાખીને જ બધા માણસો પ્રેમ બતાવતા હોય છે. આની પુષ્ટિમાં મૂલદેવે એક શ્લોક પણ ટાંકયો છે. આ અભિપ્રાય તેણે ગણિકાને ધ્યાનમાં રાખીને આપ્યો હોય એમ લાગે છે.

જગતમાં મોટે ભાગે સ્વાર્થને કારણે જ સ્નેહ દેખાય છે એ સત્ય હોવા છતાં એકાંશે એમ ન કહી શકાય કે શુદ્ધ અને સાત્ત્વિક પ્રેમ હોતો જ નથી.

जत्थगया तत्थगया गुणिणो सीसेण वुज्झंति ।

ગુણવાન તો જ્યાં જાય ત્યાં માથે મુકાય છે.

દેવદત્તા ગણિકા હોવા છતાં ગુણાનુરાગીણી છે. તે માત્ર ધનની પૂજારણ નથી. એથી મૂલદેવ નિર્ધન હોવા છતાં તેના કળાકૌશલ્ય અને રૂપ—લાવણ્યથી અંજાય છે અને તેના પ્રેમનો સ્વીકાર કરવાની વિનંતિ કરે છે.

सव्वहा — સર્વથા, પૂર્ણત:

पडिवज्ज — સ્વીકારો

(૭)

नासीकओ (न्यासीकृतः) — થાપણ તરીકે રખાયેલ

को तुह इमं मयंकस्सेव...... ।

મૂલદેવ સર્વગુણસંપન્ન છે. પણ ચંદ્રમાં મૃગના ડાઘની જેમ તેના ગુણોમાં જુગારના વ્યસનનો ડાઘ છે. તેથી દેવદત્તા તેને આ વ્યસન છોડી દેવા વિનંતિ કરે છે. પણ મૂલદેવ તે છોડી શકતો નથી.

(૮)

मूलिल्लो — મૂડીદાર, ધનવાન

पओसं (प्रद्वेष) — દ્વેષ

छिड्डाणि — છિદ્રો

संकाए — ભયથી

पडियार — મ્યાન

न पक्कम्मि पडियारे दोन्नि करवालाइ मायंति ।

એક મ્યાનમાં બે તલવાર ન સમાય. આ એક સામાન્ય કહેવત

છે. એક વ્યકિત બે જણને પોતાના બંધનમાં રાખવા માગે ત્યારે આ કહેવત લાગુ પડે છે. દેવદત્તા સ્નેહને કારણે મૂલદેવની **પૂજા** કરે છે; પણ ધનને લીધે અને માતાના આગ્રહને કારણે અચલની પણ સેવા કરે છે. મૂલદેવ નિર્ધન હોઈ તેના તરફ સ્નેહભાવ ન રાખવાની સલાહ આપતાં દેવદત્તાની માતા કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન સમાય; એટલે કે મૂલદેવ અને અચલ બન્ને તરફ સ્નેહ રાખી શકાય નહીં. માટે નિર્ધન મૂલદેવનો ત્યાગ કરવો હિતાવહ છે.

जारिसमेयं तारिसो एस ते पिययमो ।

જેવાં આ, એવો આ તારો પ્રિયતમ છે.

દેવદત્તાનાં માતા તુચ્છ અને ભળતી જ બિનજરૂરી વસ્તુઓ સાથે મૂલદેવની તુલના કરી તેને ત્યજી દેવાની સલાહ આપે છે.

(૯)

उच्छुलट्ठिओ — શેરડીના સાંઠા **लट्ठी** — લાકડી, સાંઠો
निच्छोलिऊण — છોલીને
चाउज्जाय — ચાતુર જાતનું ચૂર્ણ, ઈલાયચી અને નાગકેસર
मल्लग — કટોરો (શકોરું)
ढक्किऊण — ઢાંકીને

(૧૦)

कामुअ — કામુક, કામી
अलिय — બનાવટી
पोत्ती — પોતડી
तूलियगंडूय — ગાદલું (**तूलिया**) અને ઓશિકું (**गंडुय**)

(૧૧)

उण्हखलउदग — ઉનું ખળખળતું પાણી
निसियासिहत्थ (निसिय + असि + हत्थ) — હાથમાં તલવાર લઈને
वेढियमत्ताणय — પોતાની જાતે ઘેરાયેલ

नाहमेयसि उव्वरामि........... ।

હું આમાં બચુ તેમ નથી અને મારે વેરનો બદલો લેવો છે.

મૂલદેવ અહીં અતિ વિચક્ષણ રાજપુરુષ જેવો દેખાય છે. તે રાજકુમાર છે; એટલે તેનામાં રાજપુરુષના ગુણો હોય એ સ્વાભાવિક છે. પોતે નિરાયુધ છે અને અચલના આયુધવાન માણસોથી તે ઘેરાયેલો છે. એટલે તેમનો સામનો ન કરતાં બચીને વેરનો બદલો લેવાનો નિર્ણય કરે છે.

सुलभाणि य संसारे महापुरिसाण वसणाइं ।

આ જગતમાં મહાપુરુષોને સંકટ સુલભ હોય છે. સામાન્ય માણસ સ્પર્ધા કે ઈર્ષાનું કેન્દ્ર બનતો નથી. તેને કોઈની સાથે સંઘર્ષમાં આવવાનું પણ ભાગ્યે જ બને છે; જ્યારે તેજસ્વી મહાપુરુષોને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો હોય છે.

મૂલદેવ આકૃતિથી ભદ્ર પ્રકૃતિનો દેખાય છે. તે મહાપુરુષ છે; પણ તેને આ રીતે રખડવું પડે છે અને ધનના અભાવને કારણે ગણિકાને ત્યાં અપમાનિત થવું પડે છે. તે પોતાનો બચાવ કરવાની સ્થિતિમાં પણ નથી. આથી જ અચલ કહે છે કે મહાપુરુષોને સંકટ સુલભ હોય છે.

ममं पि विहिवसेण कयाइ वसणपत्तस्स एवं चेव करेज्जह ।

નસીબ યોગે હું પણ કદાચ સંકટમાં આવું તો તું આમ જ કરજે.

આ સંસારમાં સુખ—દુ:ખનું ચક્ર ફરતું રહે છે. આજે સુખી કે શક્તિશાળી માણસની આવતી કાલે શી દશા થશે તેની તેને પણ ખબર હોતી નથી. અચલ પૈસા પાત્ર છે. દેવદત્તાની માતા તેની ઉપર ખુશ છે. પણ ભવિષ્યમાં તેની આજ સ્થિતિ રહેશે કે કેમ તેનો તેને પણ ડર તો છે જ. માટે જ તે મૂલદેવ પાસેથી વચન માગી લે છે કે, ભાગ્યવશાત્ જો તે મુશ્કેલીમાં આવી પડે તો તેની સાથે પણ આવો વ્યવહાર કરવો. બને છે પણ એમ જ. મૂલદેવ રાજા બને છે; જ્યારે

અચલને રાજાનો ખોફ વહોરી લેવો પડે છે. મૂલદેવની કૃપાથી જ તે પોતાનો જીવ બચાવી શકે છે.

(૧૨)

विमणदुम्मणो — દુઃખી અને નિરાશ થયેલો
पाणवत्ती — ભોજન, પ્રાણને નિભાવનાર
पडिविप्पिउपायं — અપકારના બદલાનો ઉપાય
वायासहेज्जो — વાતચીતનો સાથી; **साहेज्ज** (**साहाय्य**)—મદદ
छिज्जइ — કપાય
संबलथइयासणाहो — ભાથાની પોટલીવાળો; **थइआ** — થેલી, પોટલી
ढक्कबंभणो — બ્રહ્મભટ્ટ; **ढक्क** — ભાટ
वीसमामो — થાક ખાઈએ, વિશ્રામ કરીએ

(૧૩)

पालिसंठिय — પાળ પર આવેલા, કિનારે આવેલા
वट्टयम्मि — વાટકામાં
ओलित्ता — ભીંજવીને
अवरण्हे — સાંજના
अणुपयट्टो — પાછળ પાછળ ચાલ્યો
वट्टाओ ओसरिऊण — માર્ગમાંથી ખસીને; **वट्ट** — માર્ગ
थक्का — થાક્યા
नित्थिन्ना (**निस्तीर्णा**) — ઉત્તીર્ણ, પાર કરાઈ
अन्नन्न — જુદા જુદા
पओयणं — પ્રયોજન
जणकयावडंकेण — લોકોએ આપેલી પ્રસિદ્ધિથી; **वडंक**—પ્રસિદ્ધિ, ખ્યાતિ

(૧૪)

अंतराले — વચ્ચે
तवसुसियदेहो — તપથી સુકાયેલા શરીરવાળો

उब्भिन्न — અંકુરિત, ખડાં થયેલાં
दंसणपहं — નજરે
दंसणणाणविशुद्ध — દર્શન અને જ્ઞાનથી વિશુદ્ધ
पंचमहव्वय — પાંચ મહાવ્રત

જૈન પરંપરામાં સાધુએ નીચેનાં પાંચ મહાવ્રતો પાળવાનાં હોય છે.

૧. સર્વ પ્રકારની હિંસાનો ત્યાગ — **सव्वाओ पाणाइवायाओ वेरमणं**
૨. સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ — **सव्वाओ मुसावायाओ वेरमणं**
૩. સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ — **सव्वाओ अदिन्नादाणाओ वेरमणं**
૪. સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ — **सव्वाओ मेहुणाओ वेरमणं**
૫. સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ — **सव्वाओ परिग्गहाओ वेरमणं**

આ પાંચ મહાવ્રતોનું પાલન કરવું એ સાધુ જીવનનું લક્ષણ છે. સૂક્ષ્મપણે પાલન કરવાનાં હોઈ આ વ્રતો સાધુઓ માટે મહા વ્રતો કહેવાય છે. ગૃહસ્થોને આ વ્રતો અમુક અંશે પાળવાનાં હોઈ તે અણુવ્રત તરીકે ઓળખાય છે. પાંચ અણુવ્રતોમાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો ઉમેરતાં ગૃહસ્થના બારવ્રતો થાય છે.

खंतीमद्दवअज्जवजुत्त — ક્ષમા, માર્દવ અને સરળતાથી યુક્ત

દસ પ્રકારના સાધુધર્મમાં ક્ષમા, મૃદુતા (માર્દવ), સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ તથા બ્રહ્મચર્યનો સમાવેશ થાય છે.

सज्झायज्झाण — સ્વાધ્યાય અને ધ્યાન
तव — તપ

તપના મુખ્ય બે પ્રકાર છે — બાહ્ય તપ અને આંતરિક તપ. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, સંલીનતા અને કાયકલેશનો બાહ્ય તપમાં સમાવેશ થાય છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય,

વ્યુત્સર્ગ અને ધ્યાનનો આંતરિક તપમાં સમાવેશ થાય છે. આમ છ બાહ્ય તપ અને છ આંતરિક તપ મળી તપના બાર પ્રકાર થાય છે.

આંતરિક તપ વિના બાહ્ય તપનું મૂલ્ય નથી. બાહ્ય તપ આંતરિક તપને જેટલે અંશે અનુકૂળ થાય અને જેટલે દરજ્જે તે ઉપકારક બને તેટલે દરજ્જે તે સાર્થક છે. વાસનાઓને ક્ષીણ કરવા માટે જોઈતું આધ્યાત્મિક બળ કેળવવા શરીર, ઈન્દ્રિય અને મનને જે તાપણીમાં તપાવાય તે તે બધું તપ છે. એ રીતે બાહ્યતપ આંતરિક તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દષ્ટિએ જ મહત્ત્વનું છે.

विसुद्धलेसागं — વિશુદ્ધ લેશ્યાવાળા

લેશ્યાઓ છ છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજ, પદ્મ અને શુકલ.

માણસનાં સારાં અને નરસાં કાર્યોને છ વિભાગોમાં વહેંચીને શાસ્ત્રોમાં આ છ લેશ્યાઓનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. કૃષ્ણથી શુકલ લેશ્યામાં ઉત્તરોત્તર ચારિત્રનો વિકાસ વ્યક્ત થાય છે. પ્રથમ ત્રણ લેશ્યાઓ અશુભ, અધર્મરૂપ અને અપ્રશસ્ત છે; જ્યારે બાકીની ત્રણ શુભ, ધર્મરૂપ અને પ્રશસ્ત છે.

पंचसमियं — પાંચ સમિતિવાળા, વિવેકપૂર્વક ચાલનાર

સમિતિઓ પાંચ છે.

૧. કોઈપણ જંતુને કલેશ ન થાય તે માટે સાવધાનપૂર્વક ચાલવું તે ઈર્યા સમિતિ.
૨. સત્ય, હિતકારી, પરિમિત અને સંદેહ વિનાનું બોલવું તે ભાષ સમિતિ.
૩. જીવનયાત્રામાં આવશ્યક હોય તેવાં નિર્દોષ સાધનો મેળવવા માટે સાવધાનપણે પ્રવર્તવું તે એષણા સમિતિ.
૪. વસ્તુ માત્રને બરાબર જોઈ તપાસી લેવી કે મૂકવી તે આદાન—નિક્ષેપ સમિતિ.

૫. જ્યાં જંતુઓ ન હોય તેવી જગ્યાએ બરાબર જોઈ અનુપયોગી વસ્તુઓ નાખવી તે ઉત્સર્ગ સમિતિ.

આ બધી સમિતિઓ વિવેકયુક્ત પ્રવૃત્તિરૂપ હોવાથી સંયમનો ઉપાય બને છે.

तिगुत्तं — ત્રણે ગુપ્તિથી યુક્ત

ગુપ્તિ એટલે મનને સંયમમાં સ્થિર રાખવું. ગુપ્તિ ત્રણ છે. મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ. આ ત્રણ ગુપ્તિવાળા એટલે કે મન, વચન અને શરીરને સુયોગ્ય સંયમમાં રાખનાર. મનોગુપ્ત, વચનગુપ્ત અને કાયગુપ્ત થવું એ સાધુ જીવનનું પ્રધાન લક્ષણ છે.

परिसपत्तसुखित्तं विसुद्धसद्धाजलेण............अणंतफलं ।

ફળદ્રુપ જમીનમાં બીજ વાવવામાં આવે અને તેમાં શુદ્ધ અને માફક આવે તેવા પાણીથી સિંચાઇ કરવામાં આવે તો, ફળ સારાં આવે છે; તેમ શ્રદ્ધાપૂર્વક સુપાત્રને કોઈ દ્રવ્યનું દાન કરવામાં આવે તો તે આલોક અને પરલોકમાં અનંત ફળ આપનારું થાય છે.

(૧૫)

कालोचिया — કાળને યોગ્ય
वारे — દ્વારે
परिणामपयरिसं — ભાવની ઉત્કટતા
दव्वाइसुद्धी — દ્રવ્ય આદિની શુદ્ધિ
पवड्ढमाण — વધતા
अइसय — પ્રભાવ, મહિમા

(૧૬)

पहियसाला — પથિકશાળા, ધર્મશાળા
चरिमजाम — છેલ્લો પ્રહર, પ્રભાત
कप्पडिअ (कार्पटिक) — ભિક્ષુક, મુસાફર
घयगुलसंपुन्नं — ઘી-ગોળથી ભરેલો

घरछायणिया — છાવણી, ઘર સમુહ

(૧૭)

आवज्जिओ — ખુશ કરાયો

साहिज्ज (साह्वाय्य) — મદદ

सुविणसत्थपाढग — સ્વપ્નશાસ્ત્રનો જાણકાર; **पाढग**—અભ્યાસી

पुत्त, पत्तवरा मे एसा कन्नया, ता परिणेसु ... ... ।

પુત્ર આ મારી કન્યા વરવા યોગ્ય થઈ છે; માટે મારા આગ્રહથી તું તેને પરણ.

અજાણ્યા માણસને તેનો કૌટુમ્બિક પરિચય જાણ્યા સિવાય એક બ્રાહ્મણ પોતાની પુત્રી લગ્નમાં આપવા તૈયાર થાય એ વિચિત્ર લાગે છે. પણ મૂલદેવ એક રાજકુમાર છે. મુખાકૃતિ અને લલાટનું તેજ જોઈ તેને મહાન વ્યકિત હોવાની ખાત્રી થવાથી જ તે તૈયાર થયો હશે. માણસના વ્યવહાર ઉપરથી, તેની પ્રવૃત્તિ ઉપરથી તેના કુળનો ખ્યાલ આવી જાય છે. રાજપુરુષ છુપો રહી શકે નહીં. વળી એ પોતે તો સ્વપ્નશાસ્ત્રનો જાણકાર એક જોશી છે. એટલે મૂલદેવ રાજા થવાનો છે તેની પણ તેને ખાત્રી થયેલી હોવી જોઈએ. અને તેથી જ પોતાની કન્યા તેને લગ્નમાં આપવામાં જોખમ દેખાતું નથી.

બ્રાહ્મણ કન્યા ક્ષત્રિયને વરે છે એ ઉપરથી જોઈ શકાય છે કે તે સમયે જ્ઞાતિ પ્રથાનાં કડક બંધનો નહીં હોય.

पडिवज्जाविय — સ્વીકારાવીને

(૧૮)

अहियासियाणि — તૈયાર કરવામાં આવ્યાં

पंचदिव्वाइं — પાંચ દિવ્યો

હાથી, અશ્વ, કળશ, ચામર અને કમળ આ રાજ્યાભિષેક માટે પાંચ દિવ્યો છે.

आढत्तो — શરૂ થયો

(૧૯)

निब्भच्छिओ — તિરસ્કૃત કરાયો

भो, अहं वेसा, न उण अहं तुज्झ कुलघरिणी ।

અરે, હું વેશ્યા છું, હું કાંઈ તારી કુળવધૂ નથી.

દેવદત્તા ગણિકા છે. તેનો અસલી સ્વભાવ અહીં પ્રકટ થાય છે. ગણિકા પોતાના સ્વાર્થ ખાતર જ સ્નેહભાવ રાખે છે. દેવદત્તાની માતા ધનની લાલચુ છે અને માતાને ખુશ રાખવા દેવદત્તા પણ તેવો જ વ્યવહાર રાખે છે. કદાચ માતાનું બંધન શિથિલ થવાથી તે પોતાનો મૂળ સ્વભાવ બતાવવા શકિતમાન બને છે.

न खिज्जियव्वं — અફસોસ ન કરવો, દુ:ખી ન થવું

खलीकरेइ — હેરાન કરે છે

हक्कारिय — બોલાવીને

अंबाडिओ — ઠપકો અપાયો

पडिखद्ध — ભરેલા

निवडिऊण — પડીને

दिसोदिसिं — ચારે બાજુએ

ऊणिमा — પૂર્ણિમા

(૨૦)

मम पयईए देवदत्ताए उवरि महंतो पडिबंधो ।

દેવદત્તા ઉપર મને સ્વાભાવિક રીતે જ ઘણો સ્નેહ છે.

મૂલદેવ એક સાચો પ્રેમી છે. રાજા થયા પછી પણ પોતાની પ્રેયસી એક સામાન્ય ગણિકાને તે ભૂલ્યો નથી. રાજકુળની મર્યાદા તોડીને પણ તે કોશલના રાજાને તેના પ્રેમનો એકરાર કરતો અને દેવદત્તા આવવા માગે તો મોકલવાનો પત્ર લખે છે.

मणोरहा — ઈચ્છા

पूइऊण — પૂજા કરીને

(૨૧)

विढविय — કમાઈને

उवरिम — અમલદાર

पंचउल — પાંચ, પાંચ માણસનો સમુહ

चोल्लुअ — કોથળો

પ્રાચીન સમયમાં પણ આજની જેમ લોકો યુકિત—પ્રયુકિતથી કરચોરી કરવા પ્રયત્ન કરતા. દાણ ન આપવું પડે એ માટે અચલે સોનું, રૂપું, મણિ, મોતી વગેરેને શંખ, ચંદન, અગરુ આદિની વચ્ચે છુપાવ્યાં છે. પણ મૂલદેવ આવી યુકિતઓનો જાણકાર દેખાય છે. પગની લાત મારીને અને વાંસ નાખીને અચલની આ યુકિત તે પકડી પાડે છે અને તેને શિક્ષા કરે છે.

(૨૨)

जाणेसु — વહાણમાં

અહીં **जाणेसु** કરતાં **जणे** પાઠ વધારે ઉપયુકત લાગે છે.

रक्खवाले जणे — રક્ષણ કરનાર માણસો

वरच्छर — મુખ્ય રાણી, અપ્સરા

पणयदीणजणवच्छलो — નમેલા દીનજનો તરફ વાત્સલ્યવાળો

(૨૩)

विलक्खमाणसो — મનથી શરમિંદો બનેલો

निव्वुइकर — સુખ આપનાર

नीसेसकलासाहिय — સંપૂર્ણકળાથી શોભતો

कयत्थणा — પરેશાની, પીડા

महग्घवत्थ — કિંમતી વસ્ત્ર

(૨૪)

आपसफल — ફળાદેશ

विभासो — ભવ, જન્મ

★

। ॐ अर्हम् ।

सिरिसिरिवालकहा ।

अरिहाइनवपयाइं झाइत्ता हिअयकमलमज्झंमि ।
सिरिसिद्धचक्कमाहप्पमुत्तमं किंपि जंपेमि ॥ १ ॥

अत्थित्थ जंबुदीवे, दाहिणभरहद्धमज्झिमे खंडे ।
बहुधणधन्नसमिद्धो, मगहादेसो जयपसिद्धो ॥ २ ॥

जत्थुप्पन्नं सिरिवीरनाहतित्थं जयंमि वित्थरियं ।
तं देसं सविसेसं, तित्थं भासंति गीयत्था ॥ ३ ॥

तत्थ य मगहादेसे रायगिहं नाम पुरवरं अत्थि ।
वेभारविउलगिरिवरसमलंकियपरिसरपएसं ॥ ४ ॥

तत्थ य सेणियराया, रज्जं पालेइ तिजयविक्खाओ ।
वीरजिणचलणभत्तो, विहिअज्जियतित्थयरगुत्तो ॥ ५ ॥

जस्सत्थि पढमपत्ती नंदा नामेण जीइ वरपुत्तो ।
अभयकुमारो, बहुगुणसारो चउबुद्धिभंडारो ॥ ६ ॥

चेडयनरिंदधूया बीया जस्सत्थि चिल्लणा देवी ।
जीए असोगचंदो पुत्तो हल्लो विहल्लो अ ॥ ७ ॥

अन्नाउ अणेगाओ धारणीपमुहाउ जस्स देवीओ ।
मेहाइणो अणेगे, पुत्ता पियमाइपयभत्ता ॥ ८ ॥

सो सेणियनरनाहो अभयकुमारेण विहियउच्छाहो ।
तिहुयणपयडपयावो, पालइ रज्जं च धम्मं च ॥ ९ ॥

एयंमि पुणो समए, सुरमहिओ वद्धमाणतित्थयरो ।
विहरंतो संपत्तो, रायगिहासन्ननयरंमि ॥ १० ॥

पेसेइ पढमसीसं जिट्ठं गणहारिणं गुणगरिट्ठं ।
सिरिगोयमं मुणिंदं, रायगिहलोयलाभत्थं ॥ ११ ॥

सो लद्धजिणाएसो, संपत्तो रायगिहपुरोज्जाणे ।
कइवयमुणिपरियरिओ, गोयमसामी समोसरिओ ॥ १२ ॥

तस्सागमणं सोउं, सयलो नरनाहपमुहपुरलोओ ।
नियनियरिद्धिसमेओ, समागओ झत्ति उज्जाणे ॥ १३ ॥

पंचविहं अभिगमणं, काउं तिपयाहिणाउ दाऊणं ।
पणमिय गोयमचलणे, उवविट्ठो उचियभूमिए ॥ १४ ॥

भयवंपि सजलजलहरगंभीरसरेण कहिउमाढत्तो ।
धम्मसरूवं सम्मं, परोवयारिक्कतल्लिच्छो ॥ १५ ॥

भो भो महाणुभागा ! दुलहं लहिऊण माणुसं जम्मं ।
खित्तकुलाइपहाणं, गुरुसामग्गिं च पुण्णवसा ॥ १६ ॥

पंचविहंपि पमायं, गुरुयावायं विवज्जिउं झत्ति ।
सद्धम्मकम्मविसए, समुज्जमो होइ कायव्वो ॥ १७ ॥युग्मम् ॥

सो धम्मो चउभेओ, उवइट्ठो सयलजिणवरिंदेहिं ।
दाणं सीलं च तवो, भावोऽवि अ तस्सिमे भेया ॥ १८ ॥

तत्थवि भावेण विणा, दाणं न हु सिद्धिसाहणं होइ ।
सीलंपि भाववियलं, विहलं चिय होइ लोगंमि ॥ १९ ॥

भावं विणा तवो वि हु, भवोहवित्थारकारणं चेव ।
तम्हा नियभावुच्चिय, सुविसुद्धो होइ कायव्वो ॥ २० ॥

भावो वि मणोविसओ, मणं च अइदुज्जयं निरालंबं ।
तो तस्स नियमणत्थं, कहियं सालंबणं झाणं ॥ २१ ॥

आलंबणाणि जइविहु, बहुप्पयाराणि संति सत्थेसु ।
तह वि हु नवपयझाणं, सुपहाणं बिंति जगगुरुणो ॥ २२ ॥

अरिहंसिद्धायरिया, उज्झाया साहुणो अ सम्मत्तं ।
नाणं चरणं च तवो, इय पयनवगं मुणेयव्वं ॥ २३ ॥

तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए ।
पयडियतत्ते नयसुरराए झाएह निच्चंपि ॥ २४ ॥

पनरसभेयपसिद्धे, सिद्धे घणकम्मबन्धणविमुक्के ।
सिद्धाणंतचउक्के झायह तम्मयमणा सययं ॥ २५ ॥

पंचायारपवित्ते, विसुद्धसिद्धंतदेसणुज्जुत्ते ।
परउवयारिक्कपरे, निच्चं झाएह सूरिवरे ॥ २६ ॥

गणतित्तीसु निउत्ते, सुत्तत्थज्झावणंमि उज्जुत्ते ।
सज्झाए लीणमणे, सम्मं झाएह उज्झाए ॥ २७ ॥

सव्वासु कम्मभूमिसु, विहरंते गुणगणेहिं संजुत्ते ।
गुत्ते मुत्ते झायह, मुणिराए निट्ठियकसाए ॥ २८ ॥

सव्वन्नुपणीयागमपयडियतत्तत्थसद्दहणरूवं ।
दंसणरयणपईवं, निच्चं धारेह मणभवणे ॥ २९ ॥

जीवाजीवाइपयत्थसत्थतत्तावबोहरूवं च ।
नाणं सव्वगुणाणं, मूलं सिक्खेह विणएणं ॥ ३० ॥

असुहकिरियाण चाओ, सुहासु किरियासु जो य अपमाओ ।
तं चारित्तं उत्तमगुणजुत्तं पालह निरुत्तं ॥ ३१ ॥

घणकम्मतमोभरहरणभाणुभूयं दुवालसंगधरं ।
नवरमकसायतावं चरेह सम्मं तवोकम्मं ॥ ३२ ॥

एयाइं नवपयाइं, जिणवरधम्मंमि सारभूयाइं ।
कल्लाणकारणाइं विहिणा आराहियव्वाइं ॥ ३३ ॥

अन्नं च–एएहिं नवपएहिं सिद्धं सिरिसिद्धचक्कमाउत्तो ।
आराहंतो संतो, सिरिसिरिपालुव्व लहइ सुहं ॥ ३४ ॥

तो पुच्छइ मगहेसो, को एसो मुणिवरिंद ! सिरिपालो ? ।
कह तेण सिद्धचक्कं आराहिय पावियं सुक्खं ? ॥ ३५ ॥

तो भणइ मुणी निसुणसु, नरवर ! अक्खाणयं इमं रम्मं ।
सिरिसिद्धचक्कमाहप्पसुन्दरं परमचुज्जकरं ॥ ३६ ॥

तथाहि—

इत्थेव भरहखित्ते दाहिणखंडंमि अत्थि सुपसिद्धो ।
सव्वड्ढिकयपवेसो मालवनामेण वरदेसो ॥ ३७ ॥

सो य केरिसो ?—

एए एए जत्थ सुगुत्तिगुत्ता जोगप्पवेसा इव संनिवेसा ।
एए एए जत्थ अगंजणीया कुडुंबमेला इव तुंगसेला ॥ ३८ ॥

एए एए जत्थ रसाउलाओ पणंगणाओव्व तरंगिणीओ ।
एए एए जत्थ सुहंकराओ गुणावलीओव्व वणावलीओ ॥ ३९ ॥

एए एए जत्थ सवाणियाणि महापुराणीव महासराणि ।
एए एए जत्थ सगोरसाणि सुहीमुहाणीव सुगोउलाणि ॥ ४० ॥

तत्थ य मालवदेसे, अकयपवेसे दुकालडमरेहिं ।
अत्थि पुरी पोराणा उज्जेणी नाम सुपहाणा ॥ ४१ ॥

सा य केरिसा ?—

अणेगसो जत्थ पयावईओ नरुत्तमाणं च न जत्थ संखा ।
महेसरा जत्थ गिहे गिहेसु, सचीवरा जत्थ समग्गलोया ॥ ४२ ॥

घरे घरे जत्थ रमंति गोरी-गणा सिरीओ अ एए एए अ ।
वणे वणे यावि अणेगरंभा, रईअ पीई विय ठाणठाणे ॥ ४३ ॥

तीसे पुरीइ सुरवरपुरीइ अहियाइ वण्णणं काउं ।
जइ निउणबुद्धिकलिओ सक्कगुरू चेव सक्केइ ॥ ४४ ॥

तत्थत्थि पुहविपालो पयपालो नामओ अ गुणओ अ ।
जस्स पयावो सोमो भीमो विय सिट्ठदुट्ठजणे ॥ ४५ ॥

तस्सवरोहे बहुदेहसोहअवहरियगोरिगव्वे वि ।
अच्चंतं मणहरणे निउणाओ दुन्नि देवीओ ॥ ४६ ॥

सोहग्गलद्धदेहा एगा सोहग्गसुंदरीनामा ।
बीया अ रूवसुंदरीनामा रूवेण रइतुल्ला ॥ ४७ ॥

पढमा माहेसरकुलसंभूया तेण मिच्छदिट्ठित्ति ।
बीया सावगधूया तेण सा सम्मदिट्ठित्ति ॥ ४८ ॥

ताओ सरिसवयाओ समसोहग्गाउ सरिसरूवाओ ।
सावत्ते वि हु पाय परुप्परं पीइकलियाओ ॥ ४९ ॥

नवरं ताण मणट्ठियधम्मसरूवं वियारयंताणं ।
दूरेण विसंवाओ विसपीऊसेहिं सारिच्छो ॥ ५० ॥

ताओ अ रमंतीओ नवनवलीलाहिं नरवरेण समं ।
थोवंतरंमि समये दोवि सगब्भाउ जायाओ ॥ ५१ ॥

समयंमि पसूयाओ जायाओ कन्नगाउ दोहिंपि ।
नरनाहो वि सहरिसो वद्धावणयं करावेइ ॥ ५२ ॥

सोहग्गसुंदरीनंदणाइ सुरसुंदरित्ति वरनामं ।
बीयाइ मयणसुंदरि नामं च ठवेइ नरनाहो ॥ ५३ ॥

समये समप्पियाओ ताओ सिवधम्मजिणमयविऊणं ।
अज्झावयाण रन्ना सिवभूतिसुबुद्धिनामाणं ॥ ५४ ॥

सुरसुंदरी अ सिक्खइ लिहियं गणियं च लक्खणं छंदं ।
कव्वमलंकारजुयं तक्कं च पुराणसमिईओ ॥ ५५ ॥

सिक्खेइ भरहसत्थं गीयं नट्टं च जोइसतिगिच्छं ।
विज्जं मंतं तंतं हरमेहलचित्तकम्माइं ॥ ५६ ॥

अन्नाइंपि कुंडलविंटलाइं करलाघवाइकम्माइं ।
सत्थाइं सिक्खियाइं तीइ चमुक्कारजणयाइं ॥ ५७ ॥

सा कावि कला तं किंपि कोसलं तं च नत्थि विन्नाणं ।
जं सिक्खियं न तीए पन्नाअभिओगजोगेणं ॥ ५८ ॥

सविसेसं गीयाइसु निउणा वीणाविणोयलीणा सा ।
सुरसुंदरी वियड्ढा जाया पत्ता य तारुन्नं ॥ ५९ ॥

जारिसओ होइ गुरू, तारिसओ होइ सीसगुणजोगो ।
इत्तुच्चिय सा मिच्छदिट्ठि उक्किट्ठदप्पा अ ॥ ६० ॥

तह मयणसुंदरीवि हु पयाउ कलाओ लीलमित्तेण ।
सिक्खेइ विमलपन्ना धन्ना विणयण संपन्ना ॥ ६१ ॥

जिणमयनिउणेणज्झावएण सा मयणसुंदरीबाला ।
तह सिक्खविया जह जिणमयंमि कुसलत्तणं पत्ता ॥ ६२ ॥

एगा सत्ता दुविहो नओ य कालत्तयं गइचउक्कं ।
पंचेव अत्थिकाया दव्वछक्कं च सत्त नया ॥ ६३ ॥

अट्ठेव य कम्माइं नवतत्ताइं च दसविहो धम्मो ।
एगारस पडिमाओ बारस वयाइं गिहीणं च ॥ ६४ ॥

इच्चाइ वियाराचारसारकुसलत्तणं च संपत्ता ।
अन्ने सुहुमवियारे वि मुणइ सा निययनामं व ॥ ६५ ॥

कम्माणं मूलुत्तरपयडिओ गणइ मुणइ कम्मठिइं ।
जाणइ कम्मविवागं बंधोदयदीरणं संतं ॥ ६६ ॥

जीसे सो उज्झाओ संतो दंतो जिइंदिओ धीरो ।
जिणमयरओ सुबुद्धी सा किं न हु होइ तस्सीला ? ॥ ६७ ॥

सकलकलागमकुसला निम्मलसम्मत्तसीलगुणकलिया ।
लज्जा सज्जा सा मयणसुन्दरी जुव्वणं पत्ता ॥ ६८ ॥

अन्नदिणे अब्भितरसहानिविट्ठेण नरवरिंदेण ।
अज्झावयसहियाओ अणाविआओ कुमारीओ ॥ ६९ ॥

विणओणयाउ ताओ सरूवलावन्नखोहिअसहाओ ।
विणिवेसिआउ रन्ना नेहेणं उभयपासेसु ॥ ७० ॥

हरिसवसेण राया तासिं बुद्धिपरिक्खणनिमित्तं ।
एगं देइ समस्सा-पयं दुन्हिं पि समकालं ॥ ७१ ॥

यथा "पुन्निहि लब्भइ एहु"

तो तक्कालं अइचञ्चलाइ अच्चंतगव्वगहिलाए ।
सुरसुन्दरीइ भणियं हुं हुं पूरेमि निसुणेह ॥ ७२ ॥

यथा—धणजुव्वणसुविअड्डपण रोगरहिअ निअदेहु ।
मणवल्लहमेलावडउ पुन्निहि लब्भइ एहु ॥ ७३ ॥

तं सुणिय निवो तुट्ठो पसंसए साहु साहु उज्झाओ ।
जेणेसा सिक्खविया परिसावि भणेइ सच्चमिणं ॥ ७४ ॥

तो रन्ना आइट्ठा मयणा वि हु पूरए समस्सं तं ।
जिणवयणरया संता दंता ससहावसारिच्छं ॥ ७५ ॥

यथा—विणयविवेयपसन्नमणु सीलसुनिम्मलदेहु ।
परमप्पहमेलावडउ, पुण्णेहि लब्भइ एहु ॥ ७६ ॥

तो तीए उवज्झाओ, मायावि अ हरिसिआ न उण सेसा ।
जेण तत्तोवएसो न कुणइ हरिसं कुदिट्ठीणं ॥ ७७ ॥

इओ अ कुरुजंगलम्मि देसे संखपुरी नाम पुरवरी अत्थि ।
जा पच्छा विक्खाया जाया अहिछत्तनामेणं ॥ ७८ ॥

तत्थत्थि महीपालो कालो इव वेरिआण दमिआरी ।
पइवरिसं सो गच्छइ, उज्जेणिनिवस्स सेवाए ॥ ७९ ॥

अन्नदिणे तप्पुत्तो अरिदमनो नाम तारतारुन्नो ।
संपत्तो पिअठाणे, उज्जेणिं रायसेवाए ॥ ८० ॥

तं च निवपणमणत्थं, समागयं तत्थ दिव्वरूवधरं ।
सुरसुंदरी निरिक्खइ तिक्खकडक्खेहिं ताडंती ॥ ८१ ॥

तत्थेव थिरनिवेसीअदिट्ठी दिट्ठा निवेण सा बाला ।
भणिया य कहसु वच्छे ! तुज्झ वरो केरिसो होउ ? ॥ ८२ ॥

तो तीए हिट्ठाए, धिट्ठाए मुक्कलोअलज्जाए ।
भणियं तायपसाया, जइ लब्भइ मग्गियं कहवि ॥ ८३ ॥

ता सव्वकलाकुसलो तरुणो वररूवपुण्णलायन्नो ।
एरिसओ होउ वरो अहवा ताओ चिय पमाणं ॥ ८४ ॥

जेणं ताय तुमं चिय सेवयजणमणसमीहियत्थाणं ।
पूरणपवणो दीससि पच्चक्खो कप्परुक्खव्व ॥ ८५ ॥

तो तुट्ठो नरनाहो दिट्ठिनिवेसेण नायतीइमणो ।
पभणेइ होउ वच्छे एसऽरिदमणो वरो तुज्झ ॥ ८६ ॥

तो सयलसभालोओ पभणइ नरनाह एस संजोगो ।
अइसोहणोऽहिवल्लीपूगतरूणं व निब्भंतं ॥ ८७ ॥

अह मयणसुन्दरी वि हु रन्ना नेहेण पुच्छिया वच्छे ।
केरिसओ तुज्झ वरो कीरउ ? मह कहसु अविलंबं ॥ ८८ ॥

सा पुण जिणवयणवियारसारसंजणियनिम्मलविवेआ ।
लज्जागुणिक्कसज्जा अहोमुही जा न जंपेइ ॥ ८९ ॥

ताव नरिंदेण पुणो पुट्ठा सा भणइ ईसि हसिऊणं ।
ताय विवेयसमेओ मं पुच्छसि तंसि किमजुत्तं ॥ ९० ॥

जेण कुलबालिआओ न कहंती हवेउ एस मज्झ वरो ।
जो किर पिऊहिं दिन्नो, सो चेव पमाणियव्वुत्ति ॥ ९१ ॥

अम्मापिउणो वि निमित्तमित्तमेवेह वरपयाणंमि ।
पायं पुव्वनिबद्धो, संबंधो होइ जीवाणं ॥ ९२ ॥

जं जेण जया जारिसमुवज्जियं होइ कम्मं सुहमसुहं ।
तं तारिसं तया से, संपज्जइ दोरियनिबद्धं ॥ ९३ ॥

जा कन्ना बहुपुन्ना, दिन्ना कुकुले वि सा हवइ सुहिया ।
जा होइ हीणपुन्ना, सुकुले दिन्ना वि सा दुहिया ॥ ९४ ॥

ता ताय ! नायतत्तस्स, तुज्झ नो जुज्जए इमो गव्वो ।
जं मज्झ कयपसायापसायओ सुहदुहे लोए ॥ ९५ ॥

जो होइ पुन्नबलिओ तस्स तुमं ताय लहु पसीएसि ।
जो पुण पुन्नविहूणो तस्स तुमं नो पसीएसि ॥ ९६ ॥

भवियव्वया सहावो दव्वाइया सहाइणो वावि ।
पायं पुव्वोवज्जियकम्माणुगया फलं दिंति ॥ ९७ ॥

तो दुम्मिओ य राया भणेइ रे तंसि मह पसाएण ।
वत्थालंकाराइं पहिरंती कीसिमं भणसि ॥ ९८ ॥

हसिऊण भणइ मयणा कयसुकयवसेण तुज्झ गेहंमि ।
उप्पन्ना ताय अहं तेणं माणेमि सुक्खाइं ॥ ९९ ॥

पुव्वकयं सुकयं चिअ जीवाणं सुक्खकारणं होइ ।
दुकयं च कयं दुक्खाणं कारणं होइ निब्भंतं ॥ १०० ॥

न सुरासुरेहिं नो नरवरेहिं नो बुद्धिबलसमिद्धेहिं ।
कहवि खलिज्जइ इंतो सुहासुहो कम्मपरिणामो ॥ १०१ ॥

तो रुट्ठो नरनाहो अहो अहो अप्पपुन्निआ एसा ।
मज्झ कयं किंपि गुणं नो मन्नइ दुव्वियड्ढा य ॥ १०२ ॥

पभणेइ सहालोओ सामिय किमियं मुणेइ मुद्धमई ।
तं चेव कप्परुक्खो तुट्ठो रुट्ठो कयंतो य ॥ १०३ ॥

मयणा भणेइ धिद्धी धणलवमित्तत्थिणो इमे सव्वे ।
जाणंता वि हु अलिअं मुहप्पियं चेव जंपंति ॥ १०४ ॥

जइ ताय तुह पसाया सेवयलोआ हवंति सव्वेवि ।
सुहिया ता समसेवानिरया किं दुक्खिया एगे ? ॥ १०५ ॥

तम्हा जो तुम्हाणं रुच्चइ सो ताय मज्झ होउ वरो ।
जइ अत्थि मज्झ पुन्नं ता होही निग्गुणो वि गुणी ॥ १०६ ॥

जइ पुण पुन्नविहीणा ताय अहं, ताव सुन्दरो वि वरो ।
होही असुन्दरुच्चिय, नूणं मह कम्मदोसेणं ॥ १०७ ॥

तो गाढयरं राया रुट्ठो चिंतेइ दुव्वियड्ढाए ।
एयाइ कओ लहुओ अहं तओ वेरिणी एसा ॥ १०८ ॥

रोसेण वियडभिउडीभीसणवयणं पलोइऊण निवं ।
दक्खो भणेइ मंती, सामिय ! रइवाडियासमओ ॥ १०९ ॥

रोसेण धमधमंतो, नरनाहो तुरयरयणमारुढो ।
सामंतमंतिसहिओ विणिग्गओ रायवाडीए ॥ ११० ॥

जाव पुराओ बाहिं, निग्गच्छइ नरवरो सपरिवारो ।
ता पुरओ जणवंदं, पिच्छइ साडंबरमियंतं ॥ १११ ॥

तो विम्हिएण रन्ना पुट्ठो मंती स नायवुत्तंतो ।
विन्नवइ देव निसुणह, कहेमि जणवंदपरमत्थं ॥ ११२ ॥

सामिय सरूवपुरिसा सत्तसया नववया ससोंडीरा ।
दुट्ठकुट्ठभिभूया, सव्वे एगत्थ संमिलिया ॥ ११३ ॥

एगो य ताण बालो मिलिओ उंबरयवाहिगहियंगो ।
सो तेहिं परिगहिओ उंबरराणुत्ति कयनामो ॥ ११४ ॥

वरवेसरिमारूढो, तयदोसी छत्तधारओ तस्स ।
गयनासा चमरधरा, घिणिघिणिसद्दा य अग्गपहा ॥ ११५ ॥

गयकन्ना घंटकरा मंडलवई अंगरक्खगा तस्स ।
दद्दुलथइआअत्तो गलिअंगुलिनामओ मंती ॥ ११६ ॥

केवि पसूइयवाया, कच्छादद्भेहिँ केवि विकराला ।
केवि विउंचियपामासमन्निया सेवया तस्स ॥ ११७ ॥

एवं सो कुट्ठिअपेडएण परिवेढिओ महीवीढे ।
रायकुलेसु भमंतो, पंजिअदाणं पगिण्हेइ ॥ ११८ ॥

सो एसो आगच्छइ नरवर ! आडंबरेण संजुत्तो ।
ता मग्गमिणं मुत्तुं गच्छह अन्नं दिसं तुब्भे ॥ ११९ ॥

तो वलिओ नरनाहो अन्नाइ दिसाइ जाव ताव पुरो ।
तो पेडयंपि तीए दिसाइ वलियं तुरियं तुरियं ॥ १२० ॥

राया भणेइ मंतिं पुरओ गंतूणिमे निवारेसु ।
मुहमग्गियंपि दाउं जेणेसिं दंसणं न सुहं ॥ १२१ ॥

जा तं करेइ मंती गलियंगुलिनामओ दुयं ताव ।
नरवरपुरओ ठाउं एवं भणिउं समाढत्तो ॥ १२२ ॥

सामिय ! अम्हाण पहू उंबरनामेण राणओ एसो ।
सव्वत्थ वि मन्निज्जइ गरुएहिं दाणमाणेहिं ॥ १२३ ॥

तेणऽम्हाणं धणकणयचीरपमुहेहिं कीरइ न किंपि ।
एयस्स पसायेणं अम्हे सव्वेवि अइसुहिणो ॥ १२४ ॥

किंच–एगो नाह ! समत्थि अम्ह मणचिंतिओ विअप्पुत्ति ।
जइ लहइ राणओ राणियं ति ता सुंदरं होइ ॥ १२५ ॥

ता नरनाह ! पसायं, काऊणं देहि कन्नगं एगं ।
अवरेण कणगकप्पडदाणेणं तुम्ह पज्जत्तं ॥ १२६ ॥

तो भणइ रायमंती, अहो अजुत्तं विमग्गिअं तुमए ।
को देइ नियं धूयं कुट्ठकिलिट्ठस्स जाणंतो ॥ १२७ ॥

गलिअंगुलिणा भणियं, अम्हेहिं सुया निवस्सिमा कित्ती ।
जं किल मालवराया, करेइ नो पत्थणाभंगं ॥ १२८ ॥

तो सा निम्मलकित्ती, हारिज्जउ अज्ज नरवरिंदस्स ।
अहवा दिज्जउ कावि हु, धूया कुकुले वि संभूया ॥ १२९ ॥

पभणेइ नरवरिंदो, दाहिस्सइ तुम्ह कन्नगा एगा ।
को किर हारइ कित्तिं इत्तियमित्तेण कज्जेणं ? ॥ १३० ॥

चिंतेइ मणे राया, कोवानलजलियनिम्मलविवेगो ।
नियधूयं अरिभूयं, तं दाहिस्सामि एयस्स ॥ १३१ ॥

सहसा वलिऊण तओ, निअआवासंमि आगओ राया ।
बुल्लावइ तं मयणासुंदरिनामं नियं धूयं ॥ १३२ ॥

हुं अज्जवि जइ मन्नसि, मज्झ पसायस्स संभवं सुक्खं ।
ता उत्तमं वरं ते, परिणाविय देमि भूरि धणं ॥ १३३ ॥

जइ पुण नियकम्मं चिय मन्नसि, ता तुज्झ कम्मणाणीओ ।
एसो कुट्ठिअराणो होउ वरो, किं वियप्पेण ? ॥ १३४ ॥

हसिऊण भणइ बाला, आणीओ मज्झ कम्मणा जो उ ।
सो चेव मह पमाणं, राओ वा रंकजाओ वा ॥ १३५ ॥

कोवंधेणं रन्ना, सो उंबरराणओ समाहूओ ।
भणिओ य तुममिमीए, कम्माणीओ सि होसु वरो ॥ १३६ ॥

तेणुत्तं नो जुत्तं नरवर ! वुत्तुंपि तुज्झ इय वयणं ।
को कणगरयणमालं, बंधइ कागस्स कंठंमि ॥ १३७ ॥

एगमहं पुव्वकयं, कम्मं भुंजेमि परिसमणज्जं ।
अवरं च कहमिमीए, जम्मं बोलेमि जाणंतो ? १३८ ॥

ता भो नरवर ! जइ देसि कावि ता देसु मज्झ अणुरूवा ।
दासिविलासिणिधूयं, नो वा ते होउ कल्लाणं ॥ १३९ ॥

तो भणइ नरवरिंदो, भो भो महनंदणी इमा किंपि ।
नो मज्झकयं मन्नइ, नियकम्मं चेव मन्नेइ ॥ १४० ॥

तेणं चिअ कम्मेणं, आणीओ तंसि चेव जीइ वरो ।
जइ सा निअकम्मफलं, पावइ ता अम्ह को दोसो ? ॥ १४१ ॥

तं सोऊण बाला उट्ठित्ता झत्ति उंबरस्स करं ।
गिण्हइ निययकरेणं, विवाहलग्गं व साहंती ॥ १४२ ॥

सामंतमंतीअंतेउरीउ वारंति तहवि सा बाला ।
सरयससिसरिसवयणा, भणइ सई सुच्चिअ पमाणं ॥ १४३ ॥

एगत्तो माउलओ, एगत्तो रूप्पसुंदरी माया ।
एगत्तो परिवारो, रुयइ अहो केरिसमजुत्तं ? ॥ १४४ ॥

तहवि न नियकोवाओ वलेइ राया अईव कढिणमणो ।
मयणा वि मुणियतत्ता, नियसत्ताओ न पचलेइ ॥ १४५ ॥

तं वेसरिमारोविअ, जा चलिओ उंबरो निअयठाणं ।
ता भणइ नयरलोओ, अहो अजुत्तं अजुत्तंति ॥ १४६ ॥

एगे भणंति धिद्धी, रायाणं जेणिमं कयमजुत्तं ।
अन्ने भणंति धिद्धी, एयं अइदुव्विणीयं ति ॥ १४७ ॥

केवि निंदंति जणणिं, तीए निंदंति केवि उवज्झायं ।
केवि निंदंति दिव्वं, जिणधम्मं केवि निंदंति ॥ १४८ ॥

तहवि हु वियसियवयणा, मयणा तेणुंबरेण सह जंती ।
न कुणइ मणे विसायं सम्मं धम्मं वियाणंती ॥ १४९ ॥

उंबरपरिवारेणं मिलिएणं हरिसनिब्भरंगेणं ।
निअपहुणो भत्तेणं, विवाहकिच्चाइं विहियाइं ॥ १५० ॥

इत्तो - रन्ना सुरसुंदरीइ विवाहणत्थमुज्झाओ ।
पुट्ठो सोहणलग्गं सो पभणइ राय ! निसुणेसु ॥ १५१ ॥

अज्जं चिय दिणसुद्धी, अत्थि परं सोहणं गयं लग्गं ।
तइया जइया मयणाइ तीइ कुट्ठिअकरो गहिओ ॥ १५२ ॥

राया भणेइ हुं हुं, नाओ लग्गस्स तस्स परमत्थो ।
अहुणा वि हु निअधूयं, एयं परिणावइस्सामि ॥ १५३ ॥

रायाएसेण तओ खणमित्तेणावि विहिअसामग्गि ।
मंतीहिं पहिट्ठेहिं, विवाहपव्वं समाढत्तं ॥ १५४ ॥

★

શ્રી શ્રીપાળ કથા

અનુવાદ

(૧) અરિહંત વગેરે નવપદોનું કમળ – હૃદયમાં ધ્યાન ધરીને શ્રી સિદ્ધચક્રના ઉત્તમ મહાત્મ્ય વિષે હું કંઈક કહીશ.

(૨) જંબુદ્વીપમાં ભરતખંડના અર્ધદક્ષિણ ભાગના મધ્યમાં ધન–ધાન્યથી ભરપૂર અને જગવિખ્યાત મગધ નામે દેશ હતો.

(૩) ભગવાન મહાવીરના ચતુર્વિધ ધર્મનો જ્યાંથી ઉદય થયો અને જગતમાં ફેલાયો તે દેશને વિદ્વાનો (ગીતાર્થ) યાત્રાનું ખાસ ધામ ગણે છે.

(૪) તે મગધ દેશમાં વૈભવ અને વિપુલ નામના પર્વતોથી શોભાયમાન સીમાડાવાળી રાજગૃહ નામે ઉત્તમ નગરી હતી.

(૫) તે નગરમાં ત્રણે ભુવનમાં વિખ્યાત, વીરજિનના (ભગવાન મહાવીરના) ચરણનો ભકત અને યોગ્ય વિધિ કરવાથી ભવિષ્યમાં તીર્થંકર થવા સર્જાયેલ શ્રેણિક નામે રાજા રાજ્ય કરતો હતો.

(૬) નંદા નામે તેની મુખ્ય પત્ની હતી જેને સર્વગુણ સંપન્ન અને ચારે પ્રકારની બુદ્ધિના ભંડારવાળો અભયકુમાર નામે પુત્ર હતો.

(૭) ચેટક રાજાની પુત્રી ચીલ્લણા દેવી તેની બીજી પત્ની હતી. તેને અશોકચંદ્ર, હલ્લ અને વિહલ્લ નામે પુત્રો હતા.

(૮) તેને ધારણી જેમાં મુખ્ય છે તેવી બીજી ઘણી પત્નીઓ હતી અને માતાપિતાના ચરણના ભકત એવા મેઘ વગેરે (અથવા મેધાવી) ઘણા પુત્રો હતા.

(૯) અભયકુમારને લીધે જેની ઉત્સાહશકિત વધી છે અને જેનો પ્રભાવ ત્રણે ભુવનમાં પ્રકટ થયો છે તેવો તે શ્રેણિક રાજા રાજ્ય અને ધર્મનું પાલન કરતો હતો.

(૧૦) તે સમય દરમિયાન જૈનધર્મના પ્રણેતા અને દેવોથી પૂજાયેલા ભગવાન મહાવીર વિહાર કરતા કરતા રાજગૃહ નગરની પાસેના ગામમાં આવી પહોંચ્યા.

(૧૧) તેમણે તેમના પટ્ટશિષ્ય, મુખ્ય ગણધર અને ગુણથી મહાન એવા શ્રી ગૌતમ મુનીન્દ્રને રાજગૃહ નગરના લોકોના હિતાર્થે મોકલ્યા.

(૧૨) ભગવાન મહાવીરનો આદેશ મળવાથી ગૌતમસ્વામી રાજગૃહ નગરની બહાર ઉદ્યાનમાં પહોંચ્યા અને કેટલાક મુનિઓ સાથે ત્યાં રોકાયા.

(૧૩) તેમના આગમનના સમાચાર સાંભળીને સર્વ લોક અને રાજા પણ પોતપોતાની રિદ્ધિ સહિત જલ્દીથી ઉદ્યાનમાં પહોંચ્યા.

(૧૪) તેઓ પાંચ પ્રકારનું અભિગમન કરીને (પાસે જતાં પહેલાં પાંચ પ્રકારની વસ્તુઓનો ત્યાગ કરીને), ત્રણ વાર પ્રદક્ષિણા કરીને અને ભગવાનના ચરણને પ્રણામ કરીને પોતપોતાને ઉચિત સ્થાને બેઠા.

(૧૫) પરોપકારને વરેલા શ્રી ગૌતમ સ્વામીએ જલથી ભરપૂર વારિધર (મેઘ) જેવી ગંભીર વાણીથી સદ્ધર્મનું સ્વરૂપ સમજાવવાની શરૂઆત કરી.

(૧૬—૧૭) "હે પુણ્યશાળીઓ! ઉત્તમ દેશ અને કુળ સાથે દુર્લભ એવો આ મનુષ્ય જન્મ અને ગુરુ સામગ્રી મેળવીને તમારે મહાન આપત્તિ લાવનાર પાંચ પ્રમાદો એકદમ ત્યજી દેવા જોઈએ અને સદ્ધર્મના કાર્યમાં રત રહેવું જોઇએ.

(૧૮) સર્વ જિનદેવોએ તે ધર્મને ચાર ભેદ વાળો બતાવ્યો છે. અને દાન, શીલ, તપ અને ભાવ એ તેના ભેદ છે.

(૧૯) તેમાં પણ ભાવ સિવાય દાન સિદ્ધિનું સાધન બની શકે નહીં. ભાવ સિવાય શીલ પણ જગતમાં ખરેખર નિષ્ફળ જાય છે.

(૨૦) ભાવ સિવાય તપ પણ સંસારના વિસ્તારનું કારણ બને છે. તેથી પોતાનો ભાવ સંપૂર્ણ રીતે વિશુદ્ધ બનાવવો જોઈએ.

(૨૧) ભાવ પણ મનનો વિષય છે અને મન આલંબન સિવાય જીતવું મુશ્કેલ છે. તેથી તેના નિયમન માટે આલંબન સાથેનું ધ્યાન ગણાવ્યું છે.

(૨૨) આગમમાં ઘણી જાતના આલંબનો નિરૂપ્યા છે; છતાં તેમાં નવપદનું ધ્યાન સૌથી ઉત્તમ છે, એમ જગત્ ગુરુઓ જણાવે છે.

(૨૩) અરિહંત (આંતરિક અને બાહ્ય દુશ્મનોનો નાશ કરનાર) સિદ્ધ (મુક્ત આત્મા), આચાર્ય (ધર્મગુરુ), ઉપાધ્યાય (શિક્ષક), સાધુ (સમ્યક્) દર્શન, (સમ્યક્) જ્ઞાન, (સમ્યક્) ચરિત્ર, અને તપ આ નવ પદો જાણવા.

(૨૪) તેમાં અઢાર જાતના દોષમાંથી મુક્ત, વિશુદ્ધ જ્ઞાનવાળા, સત્ત્વનું નિરૂપણ કરનાર (તત્ત્વને પ્રકટ કરનાર), અને દેવપતિઓથી પૂજાયેલા અરિહંતોનું હંમેશાં ધ્યાન ધરો.

(૨૫) પંદર ભેદથી પ્રસિદ્ધ, ભારે કર્મબંધમાંથી મુક્ત અને ચારે અનંત (Four infinities) ને સિદ્ધ કરનાર સિદ્ધોનું હંમેશાં દત્તચિત્ત બની ધ્યાન ધરો.

(૨૬) પાંચ આચારોથી પવિત્ર, વિશુદ્ધ સિદ્ધાન્તોનો આદેશ આપવા હંમેશાં તત્પર અને બીજાનો ઉપકાર કરનાર ઉત્તમ આચાર્યોનું હંમેશાં ધ્યાન ધરો.

(૨૭) સાધુગણના દર્શક તરીકે નિયુક્ત થયેલા, અર્થ સાથે શાસ્ત્રો શિખવવામાં ખંતવાળા અને સ્વાધ્યાયમાં લીન એવા ઉપાધ્યાયનું સારી રીતે ધ્યાન ધરો.

(૨૮) સર્વ કર્મભૂમિમાં વિહરતા, ગુણસમુહથી યુકત, સારી રીતે રક્ષાયેલા (ગુપ્તિવાળા) મુક્ત અને જેમણે કષાયોનો ક્ષય કર્યો છે તેવા

મુનિઓનું ધ્યાન ધરો.

(૨૯) સર્વજ્ઞોએ નિરૂપેલા અને શાસ્ત્રોમાં બતાવેલા સિદ્ધાન્તોના અર્થ અને શબ્દરૂપમાં વિશ્વાસ ઉત્પન્ન કરનાર સમ્યક્ દર્શનરૂપી રત્નનો દીપ તમારા મનરૂપી ભવનમાં હંમેશાં જ્વલંત રાખો.

(૩૦) જીવ અને અજીવ આદિ નવ પદાર્થોના સમુહના તત્ત્વ-જ્ઞાનરૂપ અને બધા ગુણોમાં મૂળ એવા જ્ઞાનને વિનયથી પ્રાપ્ત કરો.

(૩૧) અશુભ ક્રિયાઓના ત્યાગ અને શુભ ક્રિયાઓમાં અપ્રમાદ એવા ઉત્તમગુણ યુક્ત ચારિત્રનું હંમેશાં પાલન કરો.

(૩૨) ગાઢ કર્મરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન (સૂર્ય જ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે) અને એકમાત્ર કષાયના તાપમાંથી મુક્ત (સૂર્ય તાપથી યુક્ત છે) એવા બાર પ્રકારના તપનું (સૂર્ય પણ બાર છે) યોગ્ય રીતે આચરણ કરો.

(૩૩) જિનધર્મમાં સારરૂપ અને કલ્યાણના કારણરૂપ આ નવ પદોની વિધિપૂર્વક આરાધના કરવી જોઈએ.

(૩૪) વધારામાં, આ નવ પદોથી બનતા શ્રી સિદ્ધચક્રની જે આરાધના કરે છે તે શ્રી શ્રીપાળની જેમ સુખ પામે છે."

(૩૫) પછી મગધરાજે પૂછ્યું, "હે મુનિવર! શ્રીપાળ કોણ હતો અને તેણે શ્રીસિદ્ધચક્રની આરાધના કરીને કેવી રીતે સુખ મેળવ્યું?"

(૩૬) મુનિએ જવાબ આપ્યો, "હે નરવર! પરમ આશ્ચર્યકારક અને શ્રી સિદ્ધચક્રના મહાત્મ્યને લીધે રસપ્રદ આ સુંદર કથા સાંભળ. તે આ પ્રમાણે છે.

(૩૭) અહીં ભરતક્ષેત્રના દક્ષિણ ભાગમાં સુપ્રસિદ્ધ અને સમૃદ્ધ માળવા નામે ઉત્તમ દેશ હતો.

અને તે કેવો ?

(૩૮—૪૦) ત્યાં ઘણી જગ્યાએ, ગુપ્તિથી રક્ષાયેલ સાધુઓ જેવાં સજ્જનોથી સારી રીતે નિવાસ પામેલાં (રક્ષાયેલાં) ગામડાં હતાં, ઓળંગવા મુશ્કેલ પડે તેવા મેળાઓ (કુટુંબના મિલન-સ્થાનો) જેવા ઊંચા પર્વતો હતા, કામરસથી ભરપુર વેશ્યાઓ જેવાં પાણીથી ભરપુર ઝરણાં હતાં, ગુણાવલીની જેમ સુખ આપતી વનની હારો હતી, વેપારીઓથી સંપન્ન મોટાં શહેરો જેવાં પાણીથી ભરપુર મોટાં સરોવરો હતાં અને જ્યાં ઘણી જગ્યાએ વાણીના ચમત્કારથી પૂર્ણ વિદ્વાન પુરુષોના મુખ જેવાં પુષ્કળ દૂધવાળાં સુંદર ગૌ-સ્થાનો હતાં.

(૪૧) તે માલવદેશમાં દુષ્કાળ કે બીજી કોઈ મુશ્કેલી જેમાં પ્રવેશ ન પામી હોય તેવી ઉજ્જેની નામે ઉત્તમ પુરાણી નગરી હતી.

અને તે કેવી હતી ?

(૪૨) તે નગરીમાં ઘણા પ્રજાપતિઓ (પ્રજાપાલક અથવા કુંભાર) હતા [જ્યારે જગતમાં એક જ પ્રજાપતિ (બ્રહ્મા) છે], ઘણા નરોત્તમ (ઉત્તમ પુરુષો) હતા [જ્યારે જગતમાં એક જ નરોત્તમ (કૃષ્ણ) છે], ઘણા મહેશ્વર (પૈસાદાર પુરુષો) હતા [જ્યારે જગતમાં એક જ મહેશ્વર (શિવ) છે], અને બધા જ માણસો સચીવર (સારાં કપડાંવાળા) હતા [જ્યારે જગતમાં એક જ સચીવર (ઈન્દ્ર, શચીપતિ) હોઈ શકે].

(૪૩) ત્યાં દરેક ઘરમાં ઘણી ગૌરીઓ (કુમારીકાઓ) રમતી જોઈ શકાય [જ્યારે જગતમાં એક જ ગૌરી (પાર્વતી) છે], શહેરમાં દરેક સ્થળે શ્રી (લક્ષ્મી) જોઈ શકાય [જ્યારે જગતમાં એક જ શ્રી (કૃષ્ણપત્ની) છે], તે શહેરમાં દરેક બાગમાં રંભા (કેળ) હતાં [જ્યારે જગતમાં એક જ રંભા (અપ્સરા) છે]. દરેક સ્થળે રતિ અને પ્રીતિ જોઈ શકાય, [જ્યારે જગતમાં એક જ રતિ (કામદેવની પત્ની) અને એક જ પ્રીતિ (અપ્સરા) છે].

(૪૪) દેવનગરી કરતાં ચઢિયાતી તે નગરીનું વર્ણન તીક્ષ્ણ બુદ્ધિકળામાં નિપુણ જો કોઈ કરી શકે તો તે ફક્ત શુક્રગુરુ (બૃહસ્પતિ) જ.

(૪૫) ત્યાં નામ અને ગુણ પ્રમાણે પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. તેનો પ્રતાપ દુષ્ટજનો તરફ કઠોર અને સજ્જનો તરફ મૃદુ હતો.

(૪૬) તેના રાણીવાસમાં પોતાના દેહની શોભાથી (નાજુક દેહથી) પાર્વતીના ગર્વને ઉતારે તેવી અત્યંત સુંદર (મનનું હરણ કરે તેવી) અને નિપુણ બે રાણીઓ હતી.

(૪૭) લાવણ્યને લીધે નાજુક દેહવાળી એક સૌભાગ્યસુંદરી નામે અને રૂપમાં રતિ (કામદેવની પત્ની) સમાન બીજી રૂપસુંદરી નામે.

(૪૮) પહેલી શૈવમતાનુયાયી કુળમાં જન્મેલી હતી તેથી તે પાખંડી હતી. બીજી શ્રાવક પુત્રી હતી તેથી તે સમ્યક્ દષ્ટિવાળી હતી.

(૪૯) બન્ને સરખી ઉમ્મરની, સરખા લાવણ્ય અને સરખા રૂપવાળી હતી. સપત્ની હોવા છતાં પ્રાય: પરસ્પર પ્રીતિથી જોડાયેલી હતી.

(૫૦) પરન્તુ તેમના મનમાં રહેલા ધર્મના સ્વરૂપનો વિચાર કરતી ત્યારે તેમનામાં અમૃત અને ઝેર જેટલો તફાવત રહેતો.

(૫૧) રાજા સાથે જુદી જુદી પ્રેમક્રીડાઓથી રમતી બન્ને થોડા સમયમાં સગર્ભા થઈ.

(૫૨) યોગ્ય સમયે પ્રસૂતિ થઈ અને બન્નેએ પુત્રીઓને જન્મ આપ્યો. રાજાએ આનંદપૂર્વક ઉત્સવ મનાવ્યો.

(૫૩) રાજાએ સૌભાગ્યસુંદરીની પુત્રીનું સુરસુંદરી એવું ઉત્તમ નામ રાખ્યું, જ્યારે બીજી રાણીની પુત્રીનું નામ મયણાસુંદરી રાખ્યું.

(૫૪) યોગ્ય ઉમ્મરે બન્નેને શૈવધર્મ અને જૈનમતના (તત્ત્વ) જાણકાર અનુક્રમે શિવભૂતિ અને સુબુદ્ધિ નામના આચાર્યોને સોંપી.

(૫૫) સુરસુંદરી લેખન, ગણિત, લક્ષણ, છંદ, અલંકારયુક્ત કાવ્ય, તર્ક અને પ્રાચીન સ્મૃતિઓ શીખી.

(૫૬—૫૭) નાટયશાસ્ત્ર, ગીત, નૃત્ય, જ્યોતિષ, ચિકિત્સા વિદ્યા, મંત્ર, તંત્ર, હર અને મેખલ, ચિત્રકામ તેમજ કાર્મણ અને વશીકરણ, હાથચાલાકી (જાદુકામ) અને ચમત્કારપૂર્ણ બીજા ઘણા શાસ્ત્રો તે શીખી.

(૫૮) પોતાની બુદ્ધિના ઉપયોગથી તે ન શીખી હોય તેવી કોઈ કળા ન હતી, કોઈ કૌશલ્ય ન હતું કે કોઈ વિજ્ઞાન ન હતું.

(૫૯) ખાસ કરીને ગાવામાં નિપુણ એવી સુરસુંદરી વીણાવિનોદમાં લીન રહેતી. આમ તે નિપુણ થઈ અને યુવાનીએ પહોંચી.

(૬૦) 'જેવા ગુરુ તેવો શિષ્યના ગુણનો યોગ' એ નિયમ પ્રમાણે તે મિથ્યાદષ્ટિવાળી અને ખૂબ અભિમાની થઈ.

(૬૧) તે પ્રમાણે નિર્મળ જ્ઞાનવાળી, ભાગ્યશાળી અને વિનયથી સંપન્ન મયણાસુંદરી પણ જાણે કે રમતમાં (સ્હેજમાત્રમાં) આ (કળાઓ) શીખી.

(૬૨) જૈનતત્ત્વમાં નિપુણ ઉપાધ્યાયે તે બાળાને એવી રીતે શિક્ષણ આપ્યું કે તે પણ જૈનમતમાં કુશળ બની.

(૬૩) એક સત્તા (અસ્તિત્વ ધર્મ), બે નય (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય અથવા નિશ્ચય અને વ્યવહાર નય), ત્રણ કાળ (ભૂત, ભવિષ્ય અને વર્તમાન), ચાર ગતિ (નારકી, તિર્યંચ, દેવ અને મનુષ્ય), પાંચ અસ્તિકાય (જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ), છ દ્રવ્ય (પાંચ અસ્તિકાય અને કાળ) અને સાત નયો (તત્ત્વજ્ઞાનની વિચારધારાઓ) ના અસ્તિત્વનું જ્ઞાન મળ્યું.

(૬૪) આઠ કર્મો, નવ તત્ત્વ, (સાધુનો) દસ પ્રકારનો ધર્મ, અગિયાર પ્રતિમાઓ અને ગૃહસ્થના બાર વ્રત તે શીખી.

(૬૫) આ પ્રમાણે તે વિચાર અને આચારના તત્ત્વમાં કુશળ બની. પોતાના નામની જેમ તે બીજા ઘણા સૂક્ષ્મ વિચારો સમજવા લાગી.

(૬૬) કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓની તે ગણના કરી શકતી. કર્મની સ્થિતિ સમજવા લાગી અને કર્મના વિપાક, બંધ, ઉદય, ઉદીરણ તેમજ કર્મસંચયનું તેને જ્ઞાન થયું.

(૬૭) જેનો ઉપાધ્યાય સ્વસ્થ (શાંત-ક્રોધરહિત), દંત, જીતેન્દ્રિય, ધીર અને જિનમતમાં રત એવો સુબુદ્ધિ હોય તે તેના જેવી ચારિત્ર-વાળી કેમ ન થાય ?

(૬૮) બધી કળા અને શાસ્ત્રો (આગમ) માં કુશળ, નિર્મળ શ્રદ્ધા અને શીલના (ચારિત્રના) ગુણથી શોભતી તથા લજ્જાયુકત (નમ્રતાવાળી) મયણાસુંદરી યુવાનીએ પહોંચી.

(૬૯) એક દિવસે સભામધ્યે બેઠેલા રાજાએ ઉપાધ્યાય સહિત કુંવરીઓને બોલાવી.

(૭૦) વિનયી (વિનયથી નમેલી) અને જેમના સ્વરૂપના લાવ-ણ્યથી સભાજનોના મન ક્ષુબ્ધ થયાં છે તેવી તે પુત્રીઓને રાજાએ પ્રેમપૂર્વક બન્ને બાજુએ બેસાડી.

(૭૧) તેમની બુદ્ધિપરીક્ષા નિમિત્તે રાજાએ હર્ષપૂર્વક બન્નેને એકી સાથે એક સમસ્યા–પદ આપ્યું.

અને તે આ પ્રમાણે — "આ પુણ્યથી મળે છે."

(૭૨) તેજ સમયે સ્વભાવે અતિ ચંચળ અને ગર્વિષ્ઠ સુરસુંદરી બોલી ઊઠી. "હા ! હું પૂર્ણ કરું છું. સાંભળો."

(૭૩) તે આ પ્રમાણે —

ધન, યૌવન, ડહાપણ, રોગરહિત શરીર અને મનવલ્લભ સાથેનો મેળાપ — આ પુણ્યથી જ મળે છે.

(૭૪) આ સાંભળીને રાજા ખુશ થયો અને વખાણ કરવા લાગ્યો કે જે ઉપાધ્યાયે આને શિક્ષણ આપ્યું છે તેને ધન્ય છે (તે હોંશિયાર છે). સભાએ પણ કહ્યું કે એ સાચું જ છે.

(૭૫) પછી શાંત, વિનમ્ર (દંત) અને જિનવચનમાં રત મયણાએ પણ રાજાની આજ્ઞાથી પોતાના સ્વભાવ પ્રમાણે સમસ્યા પૂર્ણ કરી.

(૭૬) જેમકે —

વિનય અને વિવેકથી પ્રસન્ન મન, ચારિત્રથી સુનિર્મળ દેહ અને પરમાર્થ (મુક્તિમાર્ગ) સાથેનો મેળાપ—આ પુણ્યથી મળે છે.

(૭૭) ત્યારે તેના ઉપાધ્યાય અને માતા જ ખુશ થયાં, બીજાઓ નહીં; કારણ કે પરમાર્થનો ઉપદેશ પાખંડીઓને આનંદ આપતો નથી.

(૭૮) અને તે સમયે, કુરુજંગલ દેશમાં શંખપુરી નામે ઉત્તમ નગરી હતી જે, પાછળથી અહિછત્તના નામથી પ્રખ્યાત થઈ.

(૭૯) ત્યાં શત્રુઓ માટે મૃત્યુ સમાન, દમિતારી નામે રાજા રાજ્ય કરતો હતો. તે પ્રતિવર્ષે ઉજ્જૈનીના રાજાને સલામી આપવા જતો.

(૮૦) તે વર્ષે ઉત્સાહયુક્ત (દેદીપ્યમાન) યૌવનવાળો અરિદમન નામે તેનો પુત્ર પિતાને સ્થાને ઉજ્જૈનીમાં રાજસેવા કાજે ગયો.

(૮૧) રાજાને પ્રણામ કરવા માટે ત્યાં આવેલા તે દિવ્યરૂપધારી તરફ તીક્ષ્ણ કટાક્ષો ફેંકતી સુરસુંદરી, તેનું નિરીક્ષણ કરવા લાગી.

(૮૨) રાજાએ તેના તરફ સ્થિર દષ્ટિવાળી પુત્રીને જોઈને કહ્યું; "હે પુત્રિ! તારો પતિ કેવો હોય? (તને પતિ તરીકે કોણ પસંદ છે?)"

(૮૩–૮૪) ખુશ થયેલી અને ધૃષ્ટતાવાળી તેણે લજ્જાનો ત્યાગ કરીને કહ્યું; "પિતાની મહેરબાનીથી જે જોઈએ તે મળે તો, સર્વકળામાં કુશળ, તરુણ અને ઉત્તમરૂપને લીધે પૂર્ણ લાવણ્યવાળો આના જેવો પતિ મળે; અથવા પિતા જ ખરેખર પ્રમાણ છે. (પિતાની આજ્ઞા શિરોમાન્ય છે.)

(૮૫) કારણ કે, હે પિતા ! આપ ખરેખર સેવકજનોની મન-વાંછિત વસ્તુઓ પૂર્ણ કરનાર સાક્ષાત કલ્પવૃક્ષ દેખાઓ છો. "

(૮૬) પછી રાજા સંતોષ પામ્યો અને દષ્ટિપાતને લીધે તેનું મન જાણીને તેણે કહ્યું, "હે પુત્રિ ! આ અરિદમન તારો પતિ થાઓ."

(૮૭) પછી સકળ સભાજનો બોલી ઊઠયા; "હે નૃપતિ ! આ સંયોગ (અરિદમન અને સુરસુંદરીનો) નાગરવેલના પાન અને સોપા-રીના સંબંધની જેમ ખરેખર અતિ સુંદર છે."

(૮૮) પછી મયણાસુંદરીને પણ રાજાએ સ્નેહપૂર્વક પૂછયું, "હે પુત્રિ ! તારે માટે કેવો પતિ મેળવું તે મને જલ્દીથી કહે."

(૮૯) પરન્તુ જિનવાણી અને વિચારના સારના જ્ઞાનને લીધે શુદ્ધ વિવેકશકિતવાળી અને એક માત્ર લજ્જાના ગુણથી સજ્જ થયેલી તે નીચું મુખ રાખીને કંઇ બોલી નહીં.

(૯૦) ત્યારે રાજાએ તેને ફરીથી પૂછયું. તેણે સ્હેજ હસીને જવાબ આપ્યો, "હે પિતા ! વિવેકબુદ્ધિવાળા આપ મને આવો (અયોગ્ય) પ્રશ્ન પૂછો છો તે યોગ્ય છે ?

(૯૧) કારણ કે, કુળવાન છોકરીઓ એમ કહેતી નથી કે આ મારો પતિ થાઓ. જે પિતાએ નક્કી કર્યો હોય તેજ તેમને સ્વીકાર્ય હોય છે.

(૯૨) વરપ્રદાનની બાબતમાં માતાપિતા પણ નિમિત્ત માત્ર જ છે કારણ કે, સામાન્ય રીતે જીવોનો સંબંધ પહેલેથી બંધાયેલો હોય છે.

(૯૩) શુભ કે અશુભ, જેવું કર્મ જેણે જે પ્રકારે, અને જ્યારે બાંધ્યું હોય તેને તે પ્રકારે, યોગ્ય સમયે જાણે કે દોરીથી બંધાયેલું હોય તેમ ફળ મળે છે.

(૯૪) જે કન્યા બહુ પુણ્યશાળી હોય છે તે હલકા કુળમાં અપાયેલી હોવા છતાં સુખી થાય છે અને જે પુણ્ય વગરની હોય છે

તે સારા કુળમાં અપાયેલી હોવા છતાં દુ:ખી થાય છે.

(૯૫) તો હે પિતાજી! સત્યના જાણકાર એવા તમારે માટે આવો અહંકાર યોગ્ય નથી કે 'જગતમાં સુખ કે દુ:ખ મારી મહેરબાની કે અવકૃપાથી મળે છે.'

(૯૬) હે પિતાજી! જે ખૂબ પુણ્યશાળી હોય છે તેની ઉપર તમે તરત જ ખુશ થાઓ છો અને જે પુણ્યવિહીન હોય છે તેની ઉપર તમે ખુશ થતા નથી.

(૯૭) ભવિતવ્યતા (વિધિ), સ્વભાવ, દ્રવ્યનું અસ્તિત્વ વગેરે પણ સામાન્ય રીતે પહેલાં કરેલાં કર્મો પ્રમાણે ફળ આપવામાં ફક્ત મદદકર્તા છે."

(૯૮) પછી રાજા ગુસ્સે થયો અને બોલ્યો; "અરે! તું મારી મહેરબાનીથી વસ્ત્ર, અલંકાર વગેરે પહેરતી હોવા છતાં આમ કેમ બોલે છે?"

(૯૯) મયણાસુંદરીએ હસીને જવાબ આપ્યો; "હે પિતાજી! હું મારા પહેલાં કરેલાં સત્કાર્યોને લીધે તમારા ત્યાં જન્મી છું અને તેથી હું સુખ ભોગવું છું.

(૧૦૦) પહેલાં કરેલાં સત્કાર્યો જ જીવોના સુખનું કારણ થાય છે, જ્યારે દુષ્કૃત્યો નિ:શંક દુ:ખનું કારણ બને છે.

(૧૦૧) દેવો, અસુરો, રાજાઓ કે બુદ્ધિબળમાં સમૃદ્ધ માણસો પણ સારા કે નરસા કર્મ–પરિણામને આવતું અટકાવી શકતા નથી."

(૧૦૨) ત્યારે રાજા ગુસ્સે થયો અને બોલ્યો; "અરે! અરે! આ છોકરી તો નિર્ગુણી છે. મેં કરેલા કોઈ ગુણને આ ધ્યાનમાં લેતી નથી, તેમજ જક્કી છે."

(૧૦૩) પછી સભાજનોએ કહ્યું; "હે સ્વામિ, આ મુગ્ધ બાલિકા શું સમજે? આપ જ ખુશ થાઓ ત્યારે કલ્પવૃક્ષ અને રુષ્ટ થાઓ ત્યારે યમ સમાન છો."

(૧૦૪) મયણા બોલી; "આ લોકોને ધિક્કાર છે કે જેઓ તે ખોટું છે તેમ જણાતા હોવા છતાં માત્ર સહેજ ધન માટે મધુર શબ્દો બોલે છે.

(૧૦૫) હે પિતાજી ! જો આપની કૃપાથી આપના બધા જ સેવકો સુખી થતા હોત, તો સરખી જ સેવા કરતા હોવા છતાં તેમાંના કેટલાક દુઃખી કેમ છે ?

(૧૦૬) તેથી હે પિતાજી ! તમને જે ગમે તે (તમે નક્કી કરો તે) મારો પતિ થાય; જો મારાં પુણ્ય હશે તો નિર્ગુણી પણ ગુણવાન થશે.

(૧૦૭) અને જો હું પુણ્યવિહીન હોઈશ તો સારો પતિ પણ ખરેખર મારા કર્મદોષને લીધે ખરાબ થઈ જશે."

(૧૦૮) પછી ખૂબ જ ગુસ્સે થયેલા રાજાએ વિચાર કર્યો કે આ મૂર્ખ છોકરીએ મને હલકો પાડયો છે, માટે આ મારી દુશ્મન બની છે.

(૧૦૯) ગુસ્સાથી વિકૃત ભ્રૂકુટિને લીધે ભીષણ થતું રાજાનું મુખ જોઈને વિચક્ષણ મંત્રીએ કહ્યું; "સ્વામિ ! રાજવાટિકામાં જવાનો સમય થયો છે."

(૧૧૦) ગુસ્સાથી ધમધમતો રાજા ઉત્તમ રથ ઉપર આરૂઢ થયો અને સામંતો તથા મંત્રીઓ સાથે રાજવાટિકામાં જવા નીકળ્યો.

(૧૧૧) જ્યારે રાજા પોતાના પરિવાર સાથે શહેરની બહાર નીકળ્યો ત્યારે તેણે ભભકાથી (ઠાઠમાઠથી) તેની સામે આવતું લોકોનું એક ટોળું જોયું.

(૧૧૨) ત્યારે તે બાબતના જાણકાર મંત્રીને રાજાએ વિસ્મયપૂર્વક પુછવામાં આવતાં તેણે જણાવ્યું કે "હે સ્વામિ ! કૃપા કરી સાંભળો, હું તે ટોળાનું રહસ્ય કહું.

(૧૧૩) કુષ્ઠ રોગમાં સપડાયેલા સ્વરૂપવાન, યુવાન અને બહાદુર, આ બધા સાતસો માણસો ભેગા થયા છે.

(૧૧૪) ઉંબરક નામના રોગથી (કુષ્ઠ રોગનો પ્રકાર) પીડાતો એક છોકરો તેમને મળ્યો. તેમણે તેને તેમની સાથે લીધો અને ઉંબર-રાણો એવું નામ આપ્યું.

(૧૧૫) તે ઉત્તમ ખચ્ચર ઉપર આરૂઢ થયો છે, તેના છત્ર ધારણ કરનારાઓની ચામડી કુષ્ઠ રોગને લીધે બગડી ગઈ છે. નાક વગરના માણસો તેને ચામર ધરી રાખે છે અને જેઓ રોગને લીધે 'ધીણી ધીણી' અવાજ કરે છે તે તેની આગળ ચાલે છે.

(૧૧૬) કાન વગરના માણસો ઘંટ ધારણ કરનારા છે. 'મંડલવઈ' નામના રોગથી પીડાતા માણસો તેના અંગરક્ષકો છે. દુર્દુર રોગથી પીડાતા તેની પાનદાની પકડનારા છે અને તેના મંત્રીનું નામ ગલીઅંગુલી છે. (જેની આંગળી ગળી ગઈ છે).

(૧૧૭) કેટલાક 'પ્રસૂતિકવાત' થી પીડાય છે કેટલાક 'કચ્છુ' અને 'દર્ભ' ના રોગને લીધે વિકરાળ લાગે છે અને તેના કેટલાક સેવકો વિચર્ચિકા જેવા પામા નામના ચામડીના રોગથી પીડાય છે.

(૧૧૮) આમ, તે કુષ્ઠરોગી સાથીઓથી વિંટળાયેલો આ ઉંબરરાણો પૃથ્વી પરના રાજકુળોમાં ફરે છે અને તેમની પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવે છે.

(૧૧૯) હે રાજન્! તે અહીં મોટા ભભકાપૂર્વક આવે છે. તેથી આપ એ માર્ગ છોડી દઈને બીજી દિશામાં જાવ."

(૧૨૦) પછી રાજા જેવો બીજી દિશામાં વળ્યો કે તરત જ તે ટોળું પણ જલ્દી જલ્દી તે બાજુએ વળ્યું.

(૧૨૧) રાજાએ મંત્રીને સૂચના આપી, "આગળ જાઓ અને તેમને જે જોઈએ તે આપીને અટકાવો; કારણ કે, તેમનું દર્શન શુભ નથી."

(૧૨૨) જ્યારે મંત્રીએ તેમ કરવા પ્રયત્ન કર્યો ત્યારે ગલીઅંગુલી નામે તેમનો કુષ્ઠરોગી મંત્રી તરત જ આગળ આવ્યો અને રાજાને ઉદ્દેશીને આ પ્રમાણે કહેવા લાગ્યો.

(૧૨૩) "હે સ્વામિ ! ઉંબર નામે અમારો આ રાજા દરેક જગ્યાએ ખૂબ દાન અને માનથી સત્કાર પામ્યો છે.

(૧૨૪) તેથી અમારે ધન, સોનું, કપડાં વગેરે કશાની જરૂર નથી. આની કૃપાથી અમે બધા ખૂબ સુખી છીએ.

(૧૨૫) પણ હે નાથ, અમારા મનની એક ઈચ્છા છે; જો અમારા રાજાને રાણી મળે તો બહુ સારું થાય.

(૧૨૬) તેથી હે નરનાથ ! કૃપા કરીને તેને માટે એક કન્યા આપો. આપના તરફનું સોનું, કપડાં વગેરેનું અન્ય દાન પર્યાપ્ત છે. (વધારે અપેક્ષા નથી.)"

(૧૨૭) પછી રાજ્યમંત્રીએ કહ્યું, "તમે અયોગ્ય માગણી કરી છે. જાણતો હોવા છતાં પોતાની પુત્રી કુષ્ઠરોગીને કોણ આપે ?"

(૧૨૮) ગલીઅંગુલીએ કહ્યું, "અમે માલવ રાજાની એવી કીર્તિ સાંભળી છે કે તે પ્રાર્થનાનો અસ્વીકાર કરતા નથી.

(૧૨૯) તેથી રાજા તે નિર્મળ કીર્તિ આજે ગુમાવે અથવા તો હલકા કુળમાં જન્મેલી પણ એક કન્યા આપવામાં આવે."

(૧૩૦) રાજાએ કહ્યું; "તમને એક કન્યા આપવામાં આવશે. આવા નજીવા કારણ માટે ખરેખર પોતાની કિર્તિ કોણ ગુમાવે ?"

(૧૩૧) ગુસ્સારૂપી અગ્નિને લીધે જેની વિવેકશકિત ભસ્મ થઈ છે તેવા તે રાજાએ તેના મનમાં વિચાર કર્યો; "દુશ્મન બનેલી મારી તે પુત્રી હું આને આપીશ."

(૧૩૨) પછી એકદમ પાછો વળીને રાજા પોતાના મહેલમાં આવ્યો અને પોતાની પુત્રી મયણાસુંદરીને બોલાવી.

(૧૩૩) ઠીક ત્યારે, જો આજે પણ તું સ્વીકારે કે "મારી મહેરબાનીને લીધે સુખ સંભવિત છે તો તને ઉત્તમ વર સાથે પરણાવીને પુષ્કળ ધન આપીશ.

(૧૩૪) પણ જો તું તારા કર્મમાં જ માનતી હોય તો તારા કર્મથી લવાયેલ આ કુષ્ઠરોગી રાણો તારો પતિ થાય. વિકલ્પ શા માટે?"

(૧૩૫) હસીને બાળાએ જવાબ આપ્યો; "રાજા કે રંક જે મારા કર્મથી આવેલ છે તેજ મારે પ્રમાણ (સ્વીકાર્ય) છે."

(૧૩૬) ક્રોધથી અંધ બનેલ રાજાએ ઉંબરરાણાને બોલાવ્યો અને તેને કહ્યું; "તું આના કર્મથી અહીં લવાયેલ છે. (માટે) તેનો પતિ થા."

(૧૩૭) તેણે જવાબ આપ્યો; "હે રાજા! આવું વચન ઉચ્ચારવું તમારા માટે યોગ્ય નથી, સુવર્ણ અને રત્નની માળા કાગડાની કોટે કોણ બાંધે ?

(૧૩૮) એક તો હું પૂર્વે કરેલા કર્મનું આવું ખરાબ ફળ ભોગવું છું. તો વધારામાં જાણીબુઝીને મારે તેનું જીવન શા માટે બગાડવું?

(૧૩૯) તેથી હે રાજન્! જો તમે મને કોઈ કન્યા આપો તો મને અનુરૂપ દાસી અથવા વેશ્યાપુત્રી આપો, નહીં તો તમારું કલ્યાણ થાઓ."

(૧૪૦) પછી રાજાએ કહ્યું; "અરે! મારી આ પુત્રી તો મારું કરેલું કંઈ માનતી જ નથી. પોતાના કર્મને જ માને છે.

(૧૪૧) તેના જ કર્મથી તું પતિ તરીકે અહીં લવાયેલ છે. જો તેને પોતાના જ કર્મનું ફળ મળે તો તેમાં મારો શો દોષ ?"

(૧૪૨) તે સાંભળીને તે બાળા એકદમ ઉભી થઇ અને લગ્નવિધિ કરતી હોય (લગ્ન સિદ્ધ કરતી હોય) તેમ બતાવતી તેણે ઉંબરનો હાથ પોતાના હાથમાં પકડયો.

(૧૪૩) સામંત, મંત્રી અને અંત:પુરની સ્ત્રીઓએ તેને અટકાવી; છતાં શરદચંદ્ર પૂર્ણિમાના સમાન મુખવાળી બાળાએ કહ્યું, "મને એ જ સ્વીકાર્ય છે."

(૧૪૪) એક તરફ મામા, એક તરફ રૂપસુંદરી માતા અને બીજી બાજુ નોકર વર્ગ રડવા લાગ્યાં, "અહો ! કેવું અયુકત !"

(૧૪૫) તો પણ અતિ કઠિન મનવાળો રાજા ક્રોધમાંથી પાછો ન વળ્યો. તત્ત્વના સાચા સ્વરૂપને જાણનાર મયણા પણ પોતાના નિર્ણયમાંથી (સદ્‌ભાવમાંથી) ચલિત ન થઈ.

(૧૪૬) તેને ખચ્ચર ઉપર બેસાડીને ઉંબર રાણો જ્યારે પોતાના સ્થાન તરફ ચાલ્યો ત્યારે નગરજનો બોલ્યા, "અહો ! કેવું અયુકત !"

(૧૪૭) કેટલાકે કહ્યું; "આ રાજાને ધિક્કાર છે કે જેણે આવું અયોગ્ય કાર્ય કર્યું." કેટલાકે કહ્યું; "આ છોકરીને ધિક્કાર છે કે જે બહુ અવિનયી છે."

(૧૪૮) કેટલાક તેની માતાને નિંદવા લાગ્યા. કેટલાક ઉપાધ્યાયને, કેટલાક દૈવને અને કેટલાક જૈનધર્મને નિંદવા લાગ્યા.

(૧૪૯) તો પણ પ્રફુલ્લિત મુખવાળી અને ધર્મના સાચા સ્વરૂપને સારી રીતે જાણનાર મયણા ઉંબર રાણા સાથે જતા મનમાં વિષાદ કરતી નથી.

(૧૫૦) પછી પોતાના સ્વામી (નેતા) પ્રત્યે ભકિતભાવવાળા અને હર્ષોન્મત્ત બનેલા ઉંબરના સાથીદારોએ ભેગા મળીને (તેમના રાણાના) વિધિપૂર્વક લગ્ન કર્યા.

(૧૫૧—૧૫૨) આ બાજુ રાજાએ સુરસુંદરીના લગ્ન માટે શુભ પળ વિષે ઉપાધ્યાયને પૂછયું અને તેણે કહ્યું; "હે રાજા ! સાંભળો. આજે દિવસ–શુદ્ધિ છે. પણ શુભ ઘડી જ્યારે મયણાએ તે કુષ્ઠરોગીનો હાથ પકડયો ત્યારે પુરી થઈ છે.

(૧૫૩) રાજાએ કહ્યું; "ઠીક, ઠીક, તે શુભ ઘડીનું રહસ્ય જાણ્યું! તો પણ અત્યારે જ હું મારી આ પુત્રીને પરણાવીશ."

(૧૫૪) પછી રાજાના હુકમથી જેની જલ્દીથી તૈયારીઓ થઈ છે તેવા વિવાહોત્સવની આનંદિત થયેલા મંત્રીઓએ શરૂઆત કરી.

ટિપ્પણ

(૧)

अरिहाइनवपयाइं — અરિહંત વગેરે નવ પદ

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમયક્ ચારિત્ર અને તપ, આ નવપદ, મોક્ષનાં હેતુ છે. દેવ, ગુરુ અને ધર્મ એ રાગ, દ્વેષ રહિત પરમાત્માની નજીક લઈ જાય છે અને સમગ્ર દુ:ખોનો નાશ કરે છે. નવપદની આરાધનાથી જીવ આત્મકલ્યાણ સાધી શકે છે. (વધુ માટે જુઓ પ્રસ્તાવના)

झाइत्ता — ધ્યાન ધરીને

मज्झंमि — માં

सिद्धचक्क — નવપદોથી બનતું સિદ્ધચક્ર

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આ નવ પદ છે. સિદ્ધ અને અરિહંત એ દેવનાં પ્રતીક છે; ઉપાધ્યાય, સાધુ અને આચાર્ય એ ગુરુના પ્રતીક છે; જ્ઞાન દર્શન, ચારિત્ર અને તપ એ ધર્મના પ્રતીક છે. દેવ જીવના ચિત્તનું શુદ્ધિકરણ કરાવી મોહાવરણ હઠાવે છે, ગુરુ આત્મકલ્યાણનો સાચો માર્ગ બતાવે છે અને ધર્મ જીવને સન્માર્ગ પર ચલાવે છે. આમ સિદ્ધચક્રની આરાધનાથી જીવ આત્મકલ્યાણ સાધી શકે છે; અને '**सिरिसिरिवालकहा**' નો મુખ્ય વિષય આ સિદ્ધચકનું મહાત્મ્ય બતાવવાનો છે.

जंपेमि—કહું છું.

(૨)

जंबुदीव—જંબુદ્વીપ

જૈન દર્શન પ્રમાણે લોકના અધો, મધ્યમ અને ઊર્ધ્વ એવા ત્રણ ભાગ છે. મધ્ય લોકમાં અસંખ્યાત દ્વીપ — સમુદ્રો છે. બધા દ્વીપ—સમુદ્રોની વચમાં અને સૌ પ્રથમ દ્વીપ એ જંબુદ્વીપ છે. આ દ્વીપમાં સાત ક્ષેત્રો છે. તેમાં પહેલું ભરત છે અને તે દક્ષિણ તરફ છે.

मज्झिमे-મધ્યભાગમાં

बहुधणधन्नसमिद्धो — પુષ્કળ ધન-ધાન્યથી ભરપુર

मगहादेसो—મગધ દેશ

હાલના બિહારનો પ્રદેશ. તેની રાજધાની રાજગૃહ (પાછળથી પાટલીપુત્ર) હતું. સંભવત: તેની ઉત્તરે ગંગા નદી, પૂર્વે ચંપા નદી, દક્ષિણે વિંધ્યાચળ પર્વત આવેલાં હતાં. ત્યાં બિમ્બિસાર અને પછી તેનો પુત્ર અજાતશત્રુ (જૈન ગ્રંથો પ્રમાણે અનુક્રમે શ્રેણિક અને કુણિક) રાજ્ય કરતો હતો. આ બન્નેને જૈન આગમોમાં જૈન-ધર્માનુયાયી લેખવામાં આવ્યા છે.

શ્રેણિક વૈશાલીના રાજા ચેટકની ચેલ્લણા નામની પુત્રીને ગાંધર્વ વિવાહથી પરણ્યો હતો અને તેનાથી તેને કુણિક, હલ્લ અને વિહલ્લ નામે ત્રણ પુત્રો હતા. કુણિકનું બીજું નામ અશોકચંદ્ર હતું. બૌદ્ધ ગ્રંથોમાં તેને અજાતશત્રુ કહ્યો છે. શ્રેણિક નંદા નામે શ્રેષ્ઠી કન્યાને પરણ્યો હતો. તેનાથી તેને અભયકુમાર નામે ઔત્પત્તિકી બુદ્ધિમાં કુશળ પુત્ર થયો હતો. તે શ્રેણિક રાજાનો પ્રધાન મંત્રી બન્યો હતો.

શ્રેણિકે દીક્ષા લેવાનો વિચાર કરી કુણિકને રાજ્ય અને તેના ભાઈઓ, હલ્લ અને વિહલ્લને અઢાર ચક્રનો હાર અને સેચનક હાથી આપ્યાં; કુણિકની પત્નીના કહેવાથી કુણિકે આ હાર અને સેચનક હાથી પાછાં માગ્યાં ત્યારે તેઓ માતામહ ચેટકને આશરે ગયા. પરિણામે કુણિકે મોટા સૈન્ય સહિત વૈશાલી પર આક્રમણ કર્યું.

जयपसिद्धो—જગતમાં પ્રસિદ્ધ

(૩)

उप्पन्नं—ઉત્પન થયું.

तित्थं—તીર્થ, ચતુર્વિધ સંઘ

તીર્થ શબ્દનો અર્થ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ છે. ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે. તીર્થંકરો જન્મથી વિશિષ્ઠ જ્ઞાનવાળા અને લોકોત્તર સૌભાગ્ય સંપન્ન હોય છે. તેઓ જ્યારે ગૃહવાસનો ત્યાગ કરી ચારિત્ર માર્ગ સ્વીકારે છે અને યોગ્ય સાધનાની પૂર્ણતાએ પહોંચતાં સમગ્ર કર્માવરણનો ક્ષય થવાથી એમને જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે; ત્યારે તેઓ તીર્થની સ્થાપના કરે છે. સંઘની સ્થાપના કરનાર તીર્થંકર કહેવાય છે.

वित्थरियं — ફેલાયું

भासंति — કહે છે

गीयत्था — વિદ્વાનો, જૈન સિદ્ધાન્તના જ્ઞાતાઓ

(૪)

रायगिह — રાજગૃહ, મગધનું પાટનગર

રાજગૃહ યાને હાલનું રાજગિર બિંબિસાર રાજાએ બંધાવ્યું હતું. બૌદ્ધગ્રંથો પ્રમાણે ત્યાર પછી શિશુનાગ રાજાએ ત્યાંથી રાજધાની ફેરવી વૈશાલિ કરી હતી અને તેના પુત્ર કાલાશોકે વૈશાલિથી ફેરવી પાટલીપુત્રમાં (હાલના પટના પાસે) રાજધાની કરી હતી.

वेभारविउल — વૈભાર અને વિપુલ નામે મગધના સીમાડાના પ્રદેશમાં આવેલા બે પર્વતો.

જૈન શ્વેતાંબર અને દિગંબર ગ્રંથોમાં રાજગૃહ પાસે વૈભાર, વિપુલ આદિ પાંચ પર્વતોનો ઉલ્લેખ મળે છે. કેટલાકને મતે રાજગૃહ પાસેના પર્વતો વૈભાર, વિપુલ, ઉદય, રત્ન અને શ્રવણગિરિ છે; તો કેટલાકને મતે છેલ્લા ત્રણની જગ્યાએ ચંદ્ર, પાન્ડુ અને ઋષિગિરિ છે.

મહાભારતમાં પણ વૈહાર, બરાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક એ પાંચ પર્વતોનો ઉલ્લેખ છે. આમ જુદે જુદે સ્થળે આ પર્વતોના નામમાં ફેરફાર જોવા મળે છે.

समलंकिय — વિભૂષિત, શોભાયમાન

परिसरपएस — સીમાડાનો પ્રદેશ

(૫)

पालेइ — પાલન કરે છે

तिजयविक्खाओ — ત્રણે જગતમાં પ્રખ્યાત

विहिअज्जियतित्थयरगुत्तो — વિધિપૂર્વક જેમણે તીર્થંકર ગોત્ર ઉપાર્જન કર્યું છે તે.

(૬)

पढमपत्ती — મુખ્ય સ્ત્રી

अभयकुमार — શ્રેણિકનો પુત્ર

શ્રેણિકે નંદા નામે શ્રેષ્ઠી કન્યા સાથે લગ્ન કર્યું હતું. તેનાથી તેને અભયકુમાર નામે પુત્ર થયો હતો, શ્રેણીકના પાંચસો મંત્રીઓમાં તે પ્રધાનમંત્રી હતો.

चउबुद्धि — ચાર બુદ્ધિ

લોક વ્યવહારનો સમગ્ર આધાર જ્ઞાન ઉપર છે. જૈન પરંપરામાં જ્ઞાનના મતિ વગેરે પાંચ પ્રકાર છે. (**मतिश्रुतावधिमनःपर्याय-केवलानि ज्ञानम्**-મતિ, શ્રુત, અવધિ, મન:પર્યાય, કેવલ–તત્વાર્થ. ૧-૯) પહેલું જ્ઞાન એ મતિ જ્ઞાન છે. શાસ્ત્રમાં મતિજ્ઞાનના પેટા વિભાગમાં ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા, અને પારિણામિકી એમ ચાર પ્રકારની બુદ્ધિ જણાવી છે. કોઈ વિકટ સમસ્યાને ઉકેલવા ઉત્પન્ન થઈ આવતી સહજ બુદ્ધિ તે ઔત્પત્તિકી, વિનયથી અર્થાત કેળવણીથી કેળવાયેલી

મતિ તે વૈનયિકી, સંસ્કાર અને શ્રમથી સિદ્ધ કરેલી કર્મજા અને લાંબા વખતના અનુભવથી ઘડાયેલી અર્થાત્ વય વિગેરેથી પરિપકવતાને પામેલી મતિ તે પરિણામિકી બુદ્ધિ.

(૭)

चेडयनरिंदधूया–ચેટક રાજાની પુત્રી.

ભગવાન મહાવીરના સમયમાં વૈશાલી નગરીનો રાજા ચેટક હતો. બૌદ્ધ ગ્રંથોમાં આ નગરીના લોકોને લિચ્છવી કહ્યા છે.

ચેટકને પ્રભાવતિ, પદ્માવતિ. મૃગાવતિ, શિવા, જ્યેષ્ટા, સુજ્યેષ્ટા અને ચેલ્લણા એમ સાત પુત્રીઓ હતી. સુજ્યેષ્ટાની સુંદરતા જાણી શ્રેણિક તેને હરી લઈ જવા આવ્યો હતો. તે તેને બદલે ચેલ્લણાને લઈ ગયો અને ગાંધર્વ વિવાહથી તેની સાથે લગ્ન કર્યું. તેનાથી તેને અશોકચંદ્ર (કુણિક), હલ્લ અને વિહલ્લ નામે ત્રણ પુત્રો થયા હતા.

(૮ – ૯)

मेहाइणो–મેઘ વગેરે

મેઘકુમારે યુવાવસ્થામાં પ્રવજ્યા સ્વીકારી હતી.

उच्छाहो (उत्साहः) — ઉત્સાહ, ઉત્સાહ શકિત

રાજાની ત્રણ શકિત મનાય છે. મંત્ર શકિત, પ્રભાવ શકિત અને ઉત્સાહ શકિત. મંત્ર શકિતથી રાજા રાજ્યકારભાર ચલાવે છે, પ્રભાવ શકિતથી યુદ્ધ કરે છે અને ઉત્સાહ શકિતથી પ્રેરણા મેળવે છે

પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્રમાં રાજમંડળની કલ્પના હતી. મંત્ર એ રાજ્ય શાસ્ત્રનું મૂળ છે; પ્રભાવ તેનું થડ છે. દ્રવ્યબળ અને મનુષ્યબળ એમ બે પ્રકારનો પ્રભાવ છે. ઉત્સાહ શકિત તે વૃક્ષની શાખાઓ છે. તે ચાર પ્રકારની—સામ, દામ, દંડ અને ભેદ—છે. બોંતેર પ્રકારની પ્રકૃતિ તેનાં પાંદડાં છે. અને છ ઉપાયો તેની કુંપળ છે. ત્રણ શકિત

અને ત્રણ સિદ્ધિ તેના ફૂલ અને ફળો છે. આ નયવૃક્ષની કલ્પના હતી.

पयडपयावो — જેનો પ્રભાવ પ્રકટ થયો છે તે

(૧૦)

महिओ — પૂજાયેલ

वद्धमाण — વર્ધમાન

ભગવાન મહાવીરનાં વર્દ્ધમાન, મહાવીર, વીર, ચરમતીર્થકૃત, દેવાર્ય, જ્ઞાતનંદન આદિ નામોમાં વર્દ્ધમાન અને મહાવીર એ પ્રસિદ્ધ છે.

विहरंतो — વિહાર કરતા

संपत्तो — આવી પહોંચ્યા

रायगिह — રાજગૃહ નામે પ્રાચીન ઐતિહાસિક નગરી. જૈન સાહિત્યમાં આ નગરીના વારંવાર ઉલ્લેખો આવે છે.

રાજગૃહ નગર જૈનોની જેમ બૌદ્ધોનું પણ પવિત્ર તીર્થ છે. ત્યાં મહાવીર અને બુધ્ધે અનેક ચાતુર્માસ કરેલા. તેથી તેનો ઉલ્લેખ બન્નેના ધર્મગ્રંથોમાં વારંવાર આવે છે. જરાસંધના વખતમાં રાજગૃહ મગધની રાજધાની હતી એનો ઉલ્લેખ મહાભારતના સભાપર્વમાંથી મળે છે. તેનું બીજું નામ ગિરિવ્રજ પણ તેમાં નોંધેલું છે. વૈભાર આદિ પાંચ પહાડોને કારણે જ તેનું બીજું નામ ગિરિવ્રજ પડયું હોય.

(૧૧)

गणहारिणं-ગણધર

ગણ એ પારિભાષિક શબ્દ છે. એક આચાર્યની નિશ્રામાં રહેતા સાધુઓનો સમુહ. એટલે સામાન્ય આચાર્ય નહીં પણ મહાવીર ભગવાનના શિષ્ય. ઈન્દ્રભૂતિ ગૌતમ મહાવીર ભગવાનના શિષ્ય હતા.

જે જીવે પૂર્વજન્મમાં શુભ કર્મ કરી ગણધર થવાનું પુણ્ય ઉપાર્જન કર્યું હોય તે જીવ મનુષ્ય જન્મ લઈ તીર્થંકર સાથે દીક્ષા

લે છે અથવા તીર્થંકર અર્હતને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે તેની પાસે દીક્ષા લે છે અને વડા શિષ્ય થાય છે. ભગવાન મહાવીરના ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યકત, સુધર્મા, મંડિક, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ–આ અગિયાર ગણધરો હતા. ભગવાનનો ઉપદેશ ગ્રહણ કરીને ગણધરોએ જે આગમોની રચના કરી તેમાં શબ્દભેદને લીધે નવ વાચનાઓ હતી. આર્ય અકંપિત અને આર્ય પ્રભાસની એક જ વાચના હતી. ઈન્દ્રભૂતિ અને સુધર્મા સિવા-યના નવ ગણધરો ભગવાનની હયાતીમાં નિર્વાણ પામ્યા હતા. અત્યારે જે શ્રમણસંઘ છે તે આર્ય સુધર્માની પરંપરાનો છે. આ બધા જ ગણધરો દ્વાદશાંગી અને ચતુર્દશ પૂર્વના ધારક હતા.

આ ગણધરો ભગવાન મહાવીરના શિષ્યો કેવી રીતે થયા અને ભગવાને તેમના મનની શંકાઓનું સમાધાન કર્યું તેની ચર્ચા આવશ્યક સૂત્રના સામાયિક નામના અધ્યયનમાં આવે છે. આચાર્ય જિનભદ્રે આની ઉપર અતિવિસ્તૃત વ્યાખ્યા પ્રાકૃત પદ્યમાં કરી છે જે વિશેષા-વશ્યકભાષ્ય નામે પ્રસિદ્ધ છે અને આમાં ગણધરવાદનો પ્રસંગ આવે છે.

(૧૨)

ગોયમસામી-ગૌતમ સ્વામી

ઈંદ્રભૂતિ ગૌતમ અને ભગવાન મહાવીરનો સંબંધ બહુ મીઠો હતો અને તેમના આ સ્નેહને લીધે જ ભગવાનની હયાતીમાં તેમને કેવળજ્ઞાન થયું ન હતું. ગૌતમ ભગવાન મહાવીરના સંદેશવાહકનું કાર્ય બજાવતા અને ભગવાનનો ઉપદેશ લોકોને સમજાવતા. આગમોમાં આવા ઘણા પ્રસંગો છે. અહીં પણ ગૌતમ ભગવાન મહાવીરની અનુજ્ઞાથી રાજગૃહના લોકોના હિતાર્થે ઉપદેશ આપવા આવે છે અને શ્રેણિક રાજાના પ્રશ્નના જવાબ રુપે **'સિરિસિરિવાલકહા'** કહે છે. ગૌતમના મુખમાં આ કથા મૂકવાનો મુખ્ય ઉદ્દેશ તો તેને આધારભૂતતા અને પ્રામાણ્યતા સાંપડે તે જ હોઈ શકે.

कइवयमुणिपरियरिओ — કેટલાક મુનિઓ સાથે

समोसरिओ — આવી પહોંચ્યા. જૈન પારિભાષિક શબ્દ છે.

(૧૩ – ૧૪)

सोउं — સાંભળીને

नियनियरिद्धिसमेओ — પોતપોતાની (**नियनिय**) રિદ્ધિ સમેત

झत्ति — જલદીથી. સરખાવો ગુજરાતી શબ્દ 'ઝટ'

पंचविहं अभिगमणं — ધર્માત્મા પાસે જતાં પાળવાના જરૂરી પાંચ નિયમો

જ્ઞાતાધર્મકથામાં પ્રથમશ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં મેઘકુમાર ભગવાન મહાવીર પાસે જાય છે ત્યારે પાંચ પ્રકારના અભિગમન જાળવે છે. તે આ પ્રમાણે છે.

૧ **सचित्ताणं दव्वाणं विउसरणयाए** — પુષ્પ તાંબુલ વગેરે સચિત્ત દ્રવ્યનો ત્યાગ

૨ **अचित्ताणं दव्वाणं अविउसरणयाए** — વસ્ત્ર, આભરણ વગેરે અચિત્ત દ્રવ્યનો અત્યાગ

૩ **पगसाडियउत्तरासंगकरणेणं** — એક શાટિકા (ખેસનું) ઉત્તરાસણ

૪ **चक्खुफासे अंजलिपग्गहेणं** — ભગવાનને ચક્ષુ વડે જુએ ત્યારે બે હાથ જોડવા

૫ **मणसो पगत्तीकरणेणं** — ચિત્તની એકાગ્રતા કરવી

આ પાંચ અભિગમન છે. રાજાએ તે ઉપરાંત તલવાર, છત્ર, તાજ, જૂતાં અને ચામર—આ પાંચ વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ. મહાન અને પવિત્ર વ્યકિત તરફ આદર સુચવતા આ પાંચ નિયમો છે.

काउं — કરીને

तिपयाहिणाउ — ત્રણ પ્રદક્ષિણા

दाऊणं — આપીને

पणमिय — પ્રણામ કરીને

उ, ऊणं, इय વગેરે સંબંધક ભૂત કૃદંતના જુદા જુદા પ્રત્યયોનો એકજ ગાથામાં ઉપયોગ છે.

उवविट्ठो — બેઠો

उचियभूमीए — યોગ્ય જગ્યાએ

(૧૫)

जलहरगंभीरसरेण — વાદળ જેવી ગંભીર વાણીથી

आढत्त — શરૂ કર્યું. સરખાવો 'આરંભ.'

ગાથા ૧૬ થી ૩૪માં શ્રી ગૌતમનો ઉપદેશ છે. પહેલાં તે મનુષ્ય-જન્મની અગત્યતા સમજાવે છે અને પ્રમાદો તરફ ચેતવણી આપે છે. પ્રમાદને લીધે જ માણસ ધર્મમાં રત રહી શકતો નથી. માણસે સદ્ધર્મનું આચરણ કરવું જોઈએ. દાન, શીલ, તપ અને ભાવ–આ ચતુર્વિધ ધર્મ છે. આ બધામાં ભાવ જ સૌથી વધારે જરૂરી છે; કારણ કે, ભાવ સિવાય દાન સિદ્ધિનું સાધન ન બની શકે, શીલ પણ નિષ્ફળ જાય છે અને તપ પણ ભવના વિસ્તારનું કારણ બને છે. ભાવ મનનો વિષય હોઈ મનનું નિયમન કેળવવું જોઈએ. મનના નિયમન માટે ધ્યાનની જરૂર છે. ધ્યાન માટે સિદ્ધચક્રની આરાધના એ એક આલંબન છે; માટે સિદ્ધચક્ર કે નવ પદની આરાધના કરવી જોઈએ. નવ પદની આરાધનાથી ઈન્દ્રિયો ઉપર કાબુ આવે છે અને મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે.

तल्लिच्छ — તત્પર

(૧૬ - ૧૭)

खित्तकुलाइपहाणं जम्मं — ક્ષેત્ર અને કુળની પ્રધાનતાવાળો જન્મ

ટિપ્પણ

મનુષ્ય જન્મ, ધર્મનું શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ – આ ચારે અંગો જીવને અતિ દુર્લભ છે. સંસારમાં અનેક યોનિઓમાં ભટકયા પછી મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે અને ત્યાં પણ અનેક અનાર્યક્ષેત્ર અને ચાંડાળ આદિ કુળોમાં ભટકવું પડે છે. ક્ષેત્ર અને કુળની પ્રધાનતાવાળો મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે અને અનુક્રમે ધર્મશ્રાવણ, શ્રદ્ધા, તેમજ પુરુષાર્થમાં સંયમ તો તેથી પણ દુર્લભ છે. માટે મનુષ્યભવ સાર્થક કરવો જોઈએ.

गुरुसामग्गि – ગુરુસામગ્રી

पंचविहं पमायं – પાંચ પ્રમાદ

પ્રમાદ એટલે બેદરકારી—કર્તવ્ય કાર્યમાં અપ્રવૃત્તિ અને અકર્તવ્યમાં પ્રવૃત્તિરૂપ અસાવધાનતા. પ્રમાદ પાંચ છે. " **मज्जं विसय कसाया निद्दा विकहा पंचमी भणिया । एए 'पञ्च पमाया' जीवं पाडेंति संसारे ॥** " મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા – આ પાંચ પ્રમાદોને લીધે મનુષ્ય સંસારમાં અટવાય છે. આ આત્મસિદ્ધિના બાધક હોઈ તેમનો ત્યાગ કરવો જોઈએ.

गुरुयावाय – મહાન આપત્તિ લાવનાર

(૧૮ – ૨૦)

सो धम्मो चउमेओ .... ।

દાન, શીલ, તપ અને ભાવના–આ ચાર ધર્મના આધારસ્તંભ છે. તેમાં દાન સૌથી આસાન છે. શીલ અને તપ કઠીન છે. અને ભાવના તો તેનાથી પણ કઠીન છે. દાનના પાંચ પ્રકાર છે. સદાચાર યા સંયમ એ શીલ છે. તપના બાર પ્રકાર છે. ભાવના મનનો વિષય છે. જુદે જુદે સમયે ઉત્પન્ન થતી અનેક માનસિક સ્થિતિઓ હોય છે. તેનાથી સંસ્કારો દઢ થાય છે.

દાન, શીલ, તપ અને ભાવનાથી માણસ મન, વચન અને કાર્યમાં ધાર્મિક વૃત્તિવાળો બને છે. આમાં ભાવ એ મનનો વિષય છે. તેથી મનનું નિયમન કેળવવું જોઈએ; કારણ કે, મન જ બંધ મોક્ષનું કારણ છે—**"मनः एव मनुष्याणां कारणं बंध-मोक्षयोः ।"**

उवइट्ठो — નિરૂપાયેલ

सिद्धिसाहणं — સિદ્ધિનું સાધન

भाववियलं — ભાવ સિવાય

विहलं — નિષ્ફળ

सुविसुद्ध — નિર્મળ

(૨૧—૨૫)

अइदुज्जयं — અતિદુર્જય, જીતવું મુશ્કેલ

आलंबयाणि — આલંબનો, આધાર

सत्थेसु — શાસ્ત્રોમાં

सुपहाणं — મુખ્ય

बिंति — કહે છે

समत्त — સમ્યક્ દર્શન

સમ્યગ્દર્શન એટલે સાચી શ્રદ્ધા. તેની સાથે સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર હોય એટલે એ મોક્ષમાર્ગ બને છે. — **सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः**

દેવ—ગુરુ—ધર્મને સાચા અર્થમાં ઓળખવા એ સમકિત છે. પણ એ વ્યવહાર સમકિત છે. આત્માને સાચા અર્થમાં જાણવો—શુદ્ધ આત્મપરિણામ એ નિશ્ચય સમકિત છે.

अट्ठारसदोसविमुक्के — અઢાર પ્રકારના દોષમાંથી મુક્ત

પ્રવચન સારોદ્ધારમાં નેમિચંદ્રસૂરિએ ગાથા ૪૫૭ — ૪૫૮ માં અઢાર દોષ આ પ્રમાણે ગણાવ્યા છે.

अन्नाण कोह मय माण लोह माया रई य अरईय ।
निद्दा सोय अलियवयण चोरिया मच्छर भया य ॥
पाणिवह पेम कीलापसंग हासा य जस्स इय दोसा ।
अट्ठारस वि पणट्ठा नमामि देवाविदेवं तं ॥

આ દોષ, માણસના આત્મકલ્યાણમાં વિઘ્નરૂપ છે; માટે તેમાંથી મુક્ત થવું જરૂરી છે.

पयडियतत्ते — તત્ત્વને પ્રગટ કરનાર, પરમાર્થનું નિરૂપણ કરનાર

જૈન ધર્મમાં મુખ્ય નવ તત્ત્વો છે. તે આ પ્રમાણે છે — જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ.

जीवाऽजीवा पुण्णं पावाऽऽसवा संवरो य निज्जरणा ।
बन्धो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा ॥
(નવતત્ત્વ પ્રકરણ ૧)

पनरसभेये सिद्धे — પંદર પ્રકારના **सिद्ध**. નવતત્ત્વ પ્રકરણમાં જિન, અજિન, તીર્થ, અતીર્થ આદિ 'સિદ્ધ'ના ૧૫ ભેદ બતાવવામાં આવ્યા છે.

घणकम्म — ભારે કર્મ. જીવ સાથે કર્મ પુદ્‌ગલો લાગે તે કર્મ. ભીના કપડા ઉપર ધુળના રજકણો ચોંટી જાય છે તેમ પ્રેમ, તિરસ્કાર વગેરેને લીધે કર્મ જીવને લાગે છે.

सिद्धाणंतचउक्के — સિદ્ધ એટલે નિષ્પન્ન. ચારે અનન્તને પ્રાપ્ત કરેલ (નિષ્પન્ન કરેલ) અનન્ત દર્શન, અનન્ત ચારિત્ર અને અનન્ત વીર્ય, આ ચાર અનંતો છે.

(२६-२७)

पंचायार — પાંચ આચાર. આચાર્ય ૩૬ ગુણોથી યુક્ત હોવા

જોઈએ. તેમાંના પાંચ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યને લગતા છે. આ પાંચ આચાર ગણાય છે. ચારિત્રાચારમાં પાંચ સમિતિ-ઈરિયાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભંડનિક્ષેપસમિતિ અને પરિષ્ઠામનિકાસસમિતિ; અને ત્રણ ગુપ્તિ-મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિનો સમાવેશ થાય છે. તે અષ્ટપ્રવચન માતા મનાય છે. તપ અભ્યંતર અને બાહ્ય છે. અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, દેહોત્સર્ગ અને વીર્યાચારનો સમાવેશ થાય છે. બાહ્યતપમાં અનશન, ઊનોદરતા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતાનો સમાવેશ થાય છે.

परउवयारिक्कपरे — પરોપકાર માત્રમાં પરાયણ

गणतित्तीसु — ગણને (સાધુ—સમુહને) દોરવણી આપવામાં

सुत्तत्थज्झावणंमि — અર્થ સાથે શાસ્ત્રો શિખવવામાં

उज्जुत्ते — ઉદ્યત, ખંતવાળા

(૨૮-૩૦)

कम्मभूमि — કર્મભૂમિ. મનુષ્ય ત્રણ પ્રકારના મનાય છે.

૧ કર્મભૂમિમાં જન્મેલા, ૨ અકર્મભૂમિમાં જન્મેલા અને ૩ અન્તરદ્વીપમાં જન્મેલા. જેમાં મોક્ષમાર્ગ જાણનારા અને તેનો ઉપદેશ કરનારા તીર્થંકર પેદા થઈ શકે છે, તેજ કર્મભૂમિ. કર્મભૂમિમાં યુદ્ધ (**असि**), વ્યાપાર (**मसि**) અને ખેતી (**कसि**) થઈ શકે છે અને ત્યાં ધર્મોપદેશ તથા ધર્મગ્રહણ શકય છે. જૈન દર્શનમાં જણાવ્યા પ્રમાણે ૧૫ કર્મભૂમિઓ છે — ૫ ભરત દેશ, ૫ ઐરાવત દેશ અને ૫ મહાવિદેહ દેશ. અકર્મભૂમિમાં ધર્મનું આચરણ થઈ શકતું નથી અને તેથી સાધુઓ કર્મભૂમિમાં વિહાર કરે છે.

गुणगण — ગુણનો સમુહ. સાધુને હિંસા, જૂઠ, મૈથુન, રાત્રિભોજન આદિનો ત્યાગ વગેરે ૨૭ ગુણો હોવા જરૂરી છે.

गुत्त — ગુપ્ત, ત્રણ ગુપ્તિથી યુકત.

ગુપ્તિ એટલે મનને સંયમમાં સ્થિર રાખવું. ગુપ્તિ ત્રણ છે—મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. મનોગુપ્ત, વચનગુપ્ત અને કાયગુપ્ત થવું એ સાધુજીવનનું પ્રધાન લક્ષણ છે. ત્રણ ગુપ્તિવાળો એટલે મન, વચન અને શરીરને સુયોગ્ય સંયમમાં રાખનાર.

मुत्त — સર્વ પ્રકારની આસક્તિમાંથી મુકત (**सर्वसंगवर्जितः**)

निद्दियकसाय — કષાયમાંથી મુકત. કષાય એ જૈન પારિભાષિક શબ્દ છે. કષાયો જ કર્મ બંધનું કારણ છે. તેને લીધે જીવની સમભાવની મર્યાદા તૂટે છે અને સંસારમાં પરિભ્રમણ કરે છે. કષાયો ચાર છે—ક્રોધ, માન, માયા અને લોભ. આત્મશુદ્ધિ માટે કષાયોનો ક્ષય કરવો જરૂરી છે.

भवन्नुपणीय — સર્વજ્ઞોએ નિરૂપેલા

आगमपयडिय — શાસ્ત્રોમાં પ્રકટ કરેલા

तत्त — તત્ત્વ, પરમાર્થ

अत्थसद्दहण — અર્થમાં શ્રદ્ધા

दंसणरयणपईव — દર્શનરૂપી રત્નના પ્રદીપ (દીવો)

धारेह — ધારણ કરો

मणभवणे — મનરૂપી ભવનમાં

जीवाजीवाइपयत्थ — જીવ, અજીવ, આદિ નવ પદાર્થ

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ — આ નવ તત્ત્વો જૈન શાસ્ત્રોનો પ્રતિપાદ્ય વિષય છે.

सत्थ — શાસ્ત્ર

तत्तावबोहरूव — તત્ત્વ (પરમાર્થ) ના જ્ઞાનરૂપ

(૩૧ — ૩૫)

चाओ — ત્યાગ

अपमाओ — અપ્રમાદ, સંયમ

પ્રમાદ એટલે આત્મવિસ્મરણ અર્થાત્ કુશળ કાર્યોમાં આદર ન રાખવો; કર્તવ્ય, અકર્તવ્યની સ્મૃતિ માટે સાવધાન ન રહેવું.

મિથ્યાત્વ, અવિરતિ પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના હેતુઓ છે.

चारित्त — આત્મિક શુદ્ધ દશામાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો તે 'ચારિત્ર.'

दुवालसंगधरं — બાર પ્રકારનો

બાર પ્રકારના સૂર્ય છે તેમ, તપના પણ બાર પ્રકાર છે — છ અભ્યંતર તપ અને છ બાહ્ય તપ.

नवरं — માત્ર. દેશી શબ્દ છે.

अकसायतावं — કષાયરૂપી તાપમાંથી મુક્ત

આ વ્યતિરેક અલંકારનું સરસ દૃષ્ટાંત છે.

विहिणा — વિધિપૂર્વક

सारभूयाइं — સાર તરીકે સ્વીકારાયેલ, સારભૂત

अन्नं च — વધારામાં

सिद्धं — બનેલું

आउत्त — ઉપયોગવાળું

सिरिसिरिवालुव्व — શ્રી શ્રીપાળની જેમ

लहइ — પામે છે, મેળવે છે.

(૩૬-૪૦)

माहप्प — મહાત્મ્ય.

चुज्जकरं — આશ્ચર્યકારક. **चुज्ज** દેશી શબ્દ છે.

सव्वड्ढिढ — સર્વ પ્રકારની ઋદ્ધિવાળો. **सव्व** સાથે **इड्ढि** જોડાતાં **इ** નો લોપ થયો છે.

पए पए (पदे पदे)—દરેક જગ્યાએ, ડગલે ને પગલે.

सुगुत्तिगुत्ता — ૧. સત્ પુરુષોથી નિવાસ પામેલા. ૨. ત્રણ ગુપ્તિથી રક્ષાએલા.

संनिवेस — રહેઠાણ, ગામ
अंगजणीया — ઓળંગવા મુશ્કેલ
तुंगसेला — ઊંચા પર્વતો
कुडुंबमेला — મેળા (કુટુંબોનો મેળો)

रसाउलाओ — રસથી ભરપુર. અહીં '**रस**' ઉપર શ્લેષ છે. **पणंगणाओ** સાથે લેતાં, **रस** એટલે શૃંગાર રસ અને **तरंगणीओ** સાથે લેતાં, **रस** એટલે પાણી

पणंगणाओ — વેશ્યાઓ
तरंगणीओ — ઝરણાં
सुहंकराओ — આનંદ આપનાર.

सवाणियाणि — '**वाणिय**' શબ્દ ઉપર શ્લેષ છે. **वाणि** એટલે પાણી તથા વેપારી, જે અનુક્રમે **महासराणि** અને **महापुराणि**ને લાગુ પડે છે.

सुहीमुहाणि સાથે લેતાં, **सगोरसाणि** એટલે વાણીના રસથી (મધુરતાથી) પૂર્ણ અને **सुगोउलाणि** સાથે લેતાં, ગાયના દુધથી પૂર્ણ.

सुहीमुहाणि — વિદ્વાન પુરુષોનાં મુખ

सुगोउलाणि — સુગોકુલ, સુંદર ગૌ–સ્થાનો

(૪૧ — ૪૫)

अकयपवेस — પ્રવેશ ન પામી હોય તેવી
डमर — આફત

सुपहाणा — પ્રખ્યાત, ઉત્તમ

૪૧—૪૪ ગાથાઓમાં ઉજ્જેની નગરીનું વર્ણન છે. કવિના કહેવા પ્રમાણે આ નગરી અવર્ણનીય હતી.

૪૨—૪૩ ગાથાઓમાં અતિશયોકિત અલંકાર છે.

पयावई, नरुत्तम, महेसर અને **सचोवर** દ્વીઅર્થી શબ્દો છે.

पयावई — ૧. પ્રજાપાલક, પિતા (અથવા કુંભાર); ૨. બ્રહ્મા

नरुत्तम — ૧. ઉત્તમ પુરુષ; ૨. કૃષ્ણ

महेसर — ૧. ઐશ્વર્યવાન, પૈસાપાત્ર; ૨. મહેશ્વર, શંકર

सचोवर— ૧. સારાં વસ્ત્રવાળો; ૨ શચીપતિ, ઈન્દ્ર

गोरी, सिरी, रंभा, रई અને **पीई** શબ્દો પર શ્લેષ છે.

गोरी — ૧. કુમારિકા; ૨. ગૌરી, પાર્વતી

सिरी — ૧. લક્ષ્મી, શોભા; ૨. કૃષ્ણપત્ની

रंभा — ૧. કેળ; ૨. રંભા નામની અપ્સરા

रई — ૧. ક્રીડા; ૨. કામદેવની પત્ની

पीई — ૧. પ્રીતિ, પ્રેમ; ૨. પ્રીતિ નામની અપ્સરા

अहियाइ — ચઢિયાતી

सक्कगुरु — બૃહસ્પતિ

सक्केइ — શકિતમાન થાય

पयपालो — ૧ પ્રજાપાળ નામે રાજા; ૨ પ્રજાનું પાલન કરનાર

नामओ अ गुणओ अ — નામથી અને ગુણથી, નામ પ્રમાણે ગુણવાળો

पयावो — પ્રતાપ

सोमो — સૌમ્ય, મૃદુ

भीमो — કઠોર

सिट्ठ — શિષ્ટ, સજ્જન

दुट्ठजण — દુષ્ટ જન

(૪૬ — ૫૦)

अवरोहे — અંતઃપુરમાં

देहसोह — શરીરની શોભા

अवहरिय — અવહૃત, દૂર કર્યું છે

गोरिगव्वे — ગૌરી (પાર્વતી) નો ગર્વ

सोहग्ग — સુભગતા, લાવણ્ય

लडहदेहा — નાજુક દેહવાળી

रइतुल्ला — રતિ તુલ્ય

माहेसर — માહેશ્વર, શૈવ

मिच्छदिट्ठी — પાખંડી, મિથ્યા દષ્ટિવાળી.

જે કુદેવ, કુગુરુ અને કુધર્મમાં માને છે તે પાખંડી કહેવાય છે.

सम्मदिट्ठी — સમ્યગ્દષ્ટિવાળી, શ્રદ્ધા રાખનાર

सावत्त — સપત્નીપણું

नवरं — પરન્તુ

दूरेण — ખૂબ

विसंवाओ — વિસંવાદ, અંતર

रमंतीओ — રમતી

(૫૧ — ૫૫)

थोव — થોડું

कन्नगाउ — કન્યકાઓ, છોકરીઓ

वद्धावणयं — ઉત્સવ, વધામણી

नंदणा — પુત્રી

समप्पिया — સમર્પિતા, અપાઈ

सिक्खइ — શીખે છે

लिहियं — લેખન

गणियं — ગણિત

लक्खणं — લક્ષણશાસ્ત્ર.

એક જાતની કળા છે. નિશાનીઓ જોઈને માણસના ગુણ પારખવાની કળા એ લક્ષણ કળા કહેવાય છે.

कव्वमलंकारजुयं — અલંકાર યુકત કાવ્ય.

કાવ્યમાં અલંકાર હોય તો તે કાવ્ય ઊંચી કક્ષાનું ગણાય છે. સંસ્કૃત અલંકારિકો કાવ્યમાં અલંકારને એક યા બીજી રીતે સ્થાન આપે છે. મમ્મટ કાવ્યની વ્યાખ્યા આપતાં જણાવે છે કે કાવ્યમાં સ્ફુટ અલંકાર ન હોય તો ચાલે. પણ સામાન્ય રીતે અસ્ફુટ અલંકાર તો હોવો જોઈએ. (**तद् अदोषौ शब्दार्थौ सगुणौ अनलंकृती पुनः क्वापि ।**) આપણા આચાર્યને કાવ્યમાં અલંકારનું મહત્ત્વ જણાય છે અને તેથી જ '**कव्वमलंकारजुयं**' જણાવે છે. હેમચંદ્ર તો કાવ્યમાં અલંકાર હોવો જ જોઈએ એમ માને છે. એ તેમની કાવ્યની વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ જણાય છે. '**अदोषौ सगुणौ सालंकारौ च शब्दार्थौ काव्यम् ।**'

समिईओ — સ્મૃતિઓ.

(૫૬ – ૬૦)

भरहसत्थं — ભરતશાસ્ત્ર, નાટયશાસ્ત્ર

નાટય શાસ્ત્રના આદ્યલેખક ભરતમુનિ હોઈ નાટયશાસ્ત્રને ભરતશાસ્ત્ર પણ કહેવામાં આવે છે. ભરતમુનિએ નાટકના પૂર્વરંગ, ભાષા, વૃત્તિ,

અલંકાર, રસ, પાત્રનિરૂપણ વગેરે ઉપર નિયમો બતાવેલા છે. તે પછી પણ નાટયશાસ્ત્ર ઉપર ઘણા ગ્રંથો લખાયા છે. પણ ભરત એ નાટય-શાસ્ત્રના પ્રણેતા હતા.

जोइस — જ્યોતિષ

तिगिच्छ — ચિકિત્સા, ઔષધશાસ્ત્ર

हरमेहल — હર અને મેખલ એ કળાઓ છે

મેખલ એટલે મેખ (મૂઠ) મારવી. જેની ઉપર મેખ મારવામાં આવે તે રીબાઇ રીબાઈને મૃત્યુ પામે છે. મેખ પાછી ખેંચવાની પણ વિદ્યા હોય છે.

चित्तकम्म — ચિત્રકામ

कुंडलविंटलाइं — જેમાં કુંડાળાં કરીને જાદુ અને વશીકરણ કરવાનું સાહિત્ય હોય તે. **विंटल** એટલે ગોળ વીંટીને થતું વશીકરણ હોઈ શકે. તેમાં ગોળ કુંડાળું કરીને અંદર મંત્રેલી વસ્તુઓ મૂકવામાં આવે છે. અત્યારે પણ આવા પ્રયોગો ઘણી જગ્યાએ નજરે પડે છે.

करलाघवकम्माइं — હાથચાલાકીનાં કામ

चमुक्कार — ચમત્કાર

कोसलं — કૌશલ્ય

वियड्ढा — વિદગ્ધા, કુશળ

जारिसओ होइ.........सीसगुणजोगो । 'બાપ તેવા બેટા' એ કહેવત બહુ સામાન્ય છે. પુત્ર પિતાના સહવાસમાં તેના સંસ્કાર મેળવે છે. તેથી જેવા પિતાના સંસ્કાર હોય તેવા પુત્ર ઉપર પડે અને મોટો થતાં તેવા જ સંસ્કાર પોષાય છે.

વિદ્યાર્થી પોતાના ગુરુ પાસે શિક્ષણ લેવા જાય ત્યારે ગુરુની શકિત અને જ્ઞાન હોય તેવું તે શિષ્યને આપી શકે છે. તેથી જ પ્રાચીન કાળમાં ગુરુની લાયકાત ઉપર ખાસ ભાર મૂકવામાં આવતો. નાલંદા,

તક્ષશિલા વગેરે પ્રાચીન વિદ્યાપીઠોમાં સાદા, આદર્શવાદી, વિદ્વાન અને કાર્યકુશળ વ્યકિત જ કુલપતિ બની શકતા. આજે જેમ વિદ્યાપીઠના કુલપતિની ચૂંટણી થાય છે તેમ તે સમયે પણ કુલપતિની ચૂંટણી થતી. શિક્ષણ ક્ષેત્રમાં ગમે તેવી વ્યકિતને નિભાવી ન શકાય. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય ચારિત્રનું નિર્માણ કરવાનો, વ્યકિતનો વિકાસ સાધવાનો અને ખરો તેમજ અગત્યનો ઉદ્દેશ્ય વ્યકિતને નાગરિક તેમજ સામાજીક કર્તવ્યોનું પાલન કરાવવાનો હોવો જોઈએ. આ ઉદ્દેશ્ય પાર પાડવા માટે શિક્ષણ આપનાર—ગુરુ—ની લાયકાતને મહત્ત્વ આપવું જોઈએ; કારણ કે, જેવા ગુરુ તેવા જ તેના શિષ્ય. અર્થાત્ ગુરુમાં જે જાતની શકિત, સંસ્કાર અને જ્ઞાન હશે તે જ પ્રમાણમાં વિદ્યાર્થીને આપી શકશે.

આ અર્થાન્તરન્યાસ અલંકારનું ઉદાહરણ છે. અંગ્રેજીમાં પણ આ ભાવ દર્શાવતી ઘણી કહેવતો છે. જેમકે—

1. What is in the pot will come out in the plate.
2. As is the tree, so is the fruit.

(૬૧-૬૫)

लीलमित्तेण — રમત માત્રમાં

ગાથા ૬૩—૬૪માં વપરાયેલા જૈન પારિભાષિક શબ્દો જૈન તત્ત્વને ટૂંકમાં સમજાવે છે.

सत्ता — સદ્ભાવ, વસ્તુનું અસ્તિત્વ

સત્તા એક જ હોઈ શકે. દ્રવ્ય, ગુણ અને કર્મ અથવા જૈન ધર્મ પ્રમાણે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જે ધર્મને લીધે અસ્તિત્વ છે તે જ સત્તા. તે હંમેશાં સંસારની બધી વસ્તુઓમાં એક અને એક પ્રકારની છે. **सतो भावःसत्ताऽस्तित्वमित्यर्थः, सा सर्वेषु अपि पदार्थेषु वर्तते।** જેમ પ્રકૃતિ, સ્થિતિ અનુભાગ અને પ્રદેશ—એ કર્મના ચારે વિભાગોમાં કર્મ એક જ છે; તેમ દરેક વસ્તુના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં સત્તા એક જ છે.

दुविहा नओ—બે નય. જેમકે - ૧ દ્રવ્યાર્થિક અને ૨ પર્યાયાર્થિક; ૧ અર્થ નય અને ૨ શબ્દ નય; ૧ વ્યવહાર નય અને ૨ નિશ્ચય નય. એક જ વસ્તુ પરત્વે જુદી જુદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જુદા જુદા વિચારોને 'નય' કહેવામાં આવે છે. 'નય' પ્રમાણભૂત જ્ઞાનનું અંશભૂત જ્ઞાન છે. 'નય'ના મુખ્ય બે પ્રકાર છે. જૈન પરંપરામાં નૈગમ સંગ્રહ, વ્યવહાર આદિ સાત નય સ્વીકારવામાં આવ્યા છે.

(જુઓ **सत्तनया**)

कालत्तया—કાલ ત્રણ છે; ભૂત, વર્તમાન અને ભવિષ્ય અથવા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. કાળના ઘણા વિભાગો નવતત્ત્વ પ્રકરણની ૧૨ મી ગાથામાં જણાવ્યા છે. (**समयावली मुहुत्ता दीहा पक्खा य मास वरिसा य । भणिओ पलिया सागर उस्सप्पिणि-सप्पिणि कालो ॥**) અર્થાત્ સમય, આવલી, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ, વર્ષ, પલીઓપમ, સાગરોપમ, ઉત્સર્પિણી અને અપત્સર્પિણી–એ બધા કાળના ભેદો છે. દરેક વસ્તુને પ્રાચીન તથા નવીન બનાવવાનો કાળનો ગુણ છે.

કાળનું નાનામાં નાનું પરિમાણ સમય કહેવાય છે. પરમાણું જે સૂક્ષ્મ સમયમાં ખસે તે 'સમય' કહેવાય છે. અસંખ્યાત સમય મળીને એક નિમિષ બને છે. આંખની પલક ખુલે તેટલા વખતને નિમિષ કહેવાય છે. પંદર નિમિષનો એક કાષ્ટા, વીસ કાષ્ટાનો એક નાલી યા ઘડી યા ઘટિકા, બે ઘડીનું એક મુહૂર્ત અને ત્રીસ મુહૂર્ત વીતે ત્યારે દિવસ—રાત બને છે. એ રીતે દિવસ, માસ, ઋતુ, અયન, વર્ષ આદિની ગણના થાય છે.

गइचउक्कं — ચાર ગતિ. નારકી, તિર્યંચ, દેવ અને મનુષ્ય.

पंचेव अत्थिकाया — પાંચ અસ્તિકાય

જીવ, ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને કાળ એ છ દ્રવ્યો છે. તેમાંથી પહેલાં પાંચ અસ્તિકાય કહેવાય છે. 'અસ્તિ' એટલે પ્રદેશ

અને 'કાય' એટલે સમૂહ અર્થાત્ પ્રદેશસમૂહાત્મક એવો થાય છે. જીવ, ધર્મ અને અધર્મના અસંખ્યાત પ્રદેશો છે. આકાશના બે વિભાગ છે. લોક અને અલોક. લોકાકાશના અસંખ્યાત અને અલોકાકાશના અનંત પ્રદેશો છે. આવી રીતે પ્રદેશસમૂહાત્મક હોવાથી, એ પાંચ અસ્તિકાય કહેવાય છે. ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ દ્રવ્યો સાથે અસ્તિકાય શબ્દ જોડીને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય એ પ્રમાણે પાંચ દ્રવ્યોનો નામનિર્દેશ થાય છે. છઠ્ઠું દ્રવ્ય, કાળ એક ક્ષણ માત્ર હોઈ તેને અસ્તિકાય શબ્દ લાગુ પડી શકે નહીં.

ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં મદદ કરે છે. જેમ માછલીને ચાલવાની શક્તિ હોવા છતાં પાણી સિવાય ચાલી ન શકે, તેમ જીવ અને પુદ્ગલમાં પણ ગતિ કરવાની શક્તિ રહેલી છે. પણ તે ધર્માસ્તિકાયની મદદ સિવાય ગતિ કરી શકે નહીં. (**चलणसहावो धम्मो**)

જેમ ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં મદદ કરે છે, તેમ અધર્માસ્તિકાય તેમને સ્થિર રહેવામાં મદદ કરે છે. ગતિ કરવામાં સહાયક જેમ 'ધર્મ' પદાર્થ માનવો પડે, તેમ સ્થિર થવામાં સહાયક તરીકે 'અધર્મ' પદાર્થ માનવો પડે. (**थिर सहावो अहम्मो**)

લોકસંબંધી આકાશને લોકાકાશ અને અલોકસંબંધી આકાશને અલોકાકાશ કહેવામાં આવે છે. જ્યાં 'ધર્મ' અને 'અધર્મ' પદાર્થો સ્થિત છે તે લોકાકાશ અને જ્યાં આ બે પદાર્થો નથી તે અલોકાકાશ. ધર્મ અને અધર્મ હોય તો જ જીવ અને પુદ્ગલ ગતિ કરી શકે. તેથી અલોકાકાશમાં કોઈ અણુ કે જીવ જઈ શકતો નથી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય અરૂપી છે અને દેશ, પ્રદેશવાળા સ્કંધોના બનેલા છે. પણ તેમને જુદા પાડી શકાય નહીં; જ્યારે પુદ્ગલસ્તિકાય એ રૂપી છે અને તેમનો

દેશ, પ્રદેશ અને પરમાણુમાં વિભાગ થઈ શકે છે. પુદ્ગલાસ્તિકાય મૂર્ત છે અને તેથી શબ્દ, સ્પર્શ, રસ, ગન્ધ અને વર્ણના સમુદાયરૂપ પરિણામવાળા છે. અમૂર્ત દ્રવ્યોમાં વર્ણ, રસ, ગન્ધ અને સ્પર્શ ગુણોનો અભાવ હોવાથી તે અરૂપી કહેવાય છે.

સામાન્ય રીતે જીવોના બે પ્રકાર છે—સંસારી જીવો અને મુક્ત જીવો. સંસારી જીવોના અનેક રીતે ભેદો પડી શકે છે. પણ મુખ્યત્વે બે ભેદ છે—સ્થાવર અને ત્રસ. સુખ મેળવવાની અને દુ:ખ દૂર કરવાની પ્રવૃત્તિવાળા તથા ગતિવાળા જીવ ત્રસ છે અને એવી પ્રવૃત્તિ વગરના જીવો સ્થાવર કહેવાય છે. પૃથ્વીકાય, જળકાય, તેજકાય, વાયુકાય અને વનસ્પતિકાય, આ પાંચનો સ્થાવરમાં સમાવેશ થાય છે. આ બધા એકેન્દ્રિય કહેવાય છે. તેમના બે વિભાગ છે—સૂક્ષ્મ અને બાદર.

દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનો ત્રસ જીવોમાં સમાવેશ છે. પંચેન્દ્રિયના ચાર ભેદો છે—મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવ.

दव्वछक्कं (द्रव्यषट्कं)—છ દ્રવ્યો. જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય, એ પાંચ અસ્તિકાયો અને કાળ એ જૈન પરંપરા પ્રમાણે છ દ્રવ્યો છે. કાળને અલગ દ્રવ્ય ગણવામાં ન આવે તો પાંચ દ્રવ્યો ગણાય. (વધુ માટે જુઓ **पंचेव अत्थिकाया**.

सत्तनया—નય સાત માનવામાં આવે છે; જો કે, નયના ભેદોની સંખ્યા વિશે એક જ પરંપરા નથી આગમો અને દિગંબરીય ગ્રંથો નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત—આ સાત ભેદો વર્ણવે છે. સિદ્ધસેન દિવાકર નૈગમને છોડીને છ ભેદો સ્વીકારે છે. ભાષ્યો અને સૂત્રો મૂળ પાંચ ભેદો જ સ્વીકારી પાંચમાના ઉપભેદો સ્વીકારે છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર—આ

ચારને અર્થનય કહેવામાં આવે છે; કેમકે, તે વસ્તુને સ્પર્શનારા છે. શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત આ ત્રણ શબ્દ નયો છે.

નય એ અંશભૂતજ્ઞાન છે. તે પ્રમાણજ્ઞાન જેવું જ છે. ફરક માત્ર એટલો જ છે કે, પ્રમાણજ્ઞાન અખંડ વસ્તુને સ્પર્શે છે; જ્યારે નયજ્ઞાન વસ્તુના અંશને સ્પર્શે છે. એક જ વસ્તુ પરત્વે જુદી જુદી દૃષ્ટિએ ઉત્પન્ન થતા જુદા જુદા વિચારો નય કહેવાય છે. નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ. નયવાદ એટલે વિચારોની મીમાંસા. વસ્તુમાં એક કરતાં વધારે ગુણ હોય છે અને જે તે ધર્મ પ્રમાણે વિચાર કરતાં વસ્તુના જુદા જુદા અભિપ્રાય આપી શકાય. એક જ માણસ જુદી જુદી અપેક્ષાએ કાકો—ભત્રીજો, મામો—ભાણેજ, પિતા—પુત્ર, સસરો—જમાઈ વગેરે જે માનવામાં આવે છે, તે ઉપરથી ‘નય’નો ખ્યાલ આવી શકે છે.

अट्ठव कम्माइं — આઠ કર્મ.

જૈન દર્શનમાં કર્મના મુખ્ય આઠ પ્રકારો બતાવ્યા છે — જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અન્તરાય. જ્ઞાનાવરણીય કર્મ આત્માની જ્ઞાન શકિતને દબાવનાર છે. દર્શનાવરણીય કર્મ દર્શન શકિતને દબાવનાર છે. વેદનીય કર્મનું કાર્ય ઇન્દ્રિયો દ્વારા સુખદુ:ખનો અનુભવ કરાવવાનું છે. સુખનો અનુભવ કરાવનારને સાતવેદનીય અને દુ:ખનો અનુભવ કરાવનારને અસાતવેદનીય કહેવામાં આવે છે. મોહનીય કર્મ મોહ ઉત્પન્ન કરનાર છે. તત્ત્વદૃષ્ટિને રુંધનાર દર્શન મોહનીય અને ચારિત્રને રુંધનાર ચારિત્ર મોહનીય. આયુષ્યના ચાર ભેદ છે — દેવતાનું, મનુષ્યનું, તિર્યંચનું અને નારકનું. ગોત્રકર્મના બે ભેદ છે — ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. અન્તરાય કર્મનું કામ વિઘ્ન નાખવાનું છે.

આ આઠ કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય — આ ચાર ઘાતી કર્મો છે; કારણ કે, તેનાથી આત્માના ચાર

મૂળ ગુણો (જ્ઞાન, દર્શન સુખ, અને વીર્ય) નો ઘાત થાય છે. બાકીના ચાર અઘાતી કર્મો કહેવાય છે; કારણ કે, તેનાથી આત્માના કોઈ મૂળ ગુણનો ઘાત થતો નથી.

કર્મના વિવિધ સ્વભાવોને સંક્ષેપમાં આ આઠ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યા છે, જે કર્મની મૂળ પ્રકૃતિઓ તરીકે પણ ઓળખાય છે. આઠ કર્મોના વિસ્તૃતપણે ૯૭ પ્રકારો વર્ણવામાં આવ્યા છે; જે કર્મની ઉત્તર પ્રકૃતિઓ કહેવાય છે.

કર્મરૂપી મળથી આત્મા કલુષિત થઈને સંસારમાં બંધાઈ રહે છે. તે મળ દૂર થાય એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રકાશે છે. (કર્મ વિષે વધુ માટે જુઓ પ્રસ્તાવના).

नवतत्ताइं — નવ તત્ત્વો

જૈન દર્શન, જગતમાં જડ અને ચેતન અથવા જીવ અને અજીવ એવા બે તત્ત્વોનો સ્વીકાર કરે છે. આ બે તત્ત્વો ઉપર આધ્યાત્મિક દષ્ટિએ વિશેષ પ્રકાશ નાખવા ખાતર જૈન શાસ્ત્રોમાં પુણ્યથી મોક્ષ સુધીના બીજા તત્ત્વો જુદા પાડી, સમજાવવામાં આવ્યા છે. નવ તત્ત્વો જૈનશાસ્ત્રોનો પ્રતિપાદ્ય વિષય છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ — આ નવ તત્ત્વો છે.

શુભ કર્મો એ પુણ્ય અને અશુભ કર્મો એ પાપ છે.

કર્મોના આવરણને કારણે જીવનો મૂળ સ્વભાવ ઢંકાઈ જાય છે અને સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય — આ ચાર જીવના મૂળ ગુણો છે. ચેતના અને ઉપયોગ એ બે તેનાં લક્ષણ છે.

અજીવમાં પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળનો સમાવેશ થાય છે.

જીવની પ્રવૃત્તિથી કર્મનાં પુદ્ગલો આત્મામાં ખેંચાઈ આવે તે પ્રવૃત્તિઓ આસ્રવ કહેવાય છે. મન, વચન અને શરીરના શુભ-અશુભ વ્યાપારો તે આસ્રવ છે.

મનોયોગ, વચનયોગ, અને શરીરયોગરૂપ આસ્રવથી ખેંચાઈ બંધાતાં કર્મોને અટકાવનાર આત્માના નિર્મળ પરિણામને સંવર કહેવામાં આવે છે. સંવર એટલે અટકાવવું. આત્માની સ્થિતિ જેમ જેમ ઉન્નત થતી જાય તેમ તેમ તે કર્મબંધમાંથી મુકત થતો જાય છે.

આત્મા સાથે કર્મોનો સંબંધ થાય તે બંધ. સંસારમાં સર્વત્ર કર્મપુદ્ગલ દ્રવ્યો ઠાંસી ઠાંસીને ભર્યાં છે. આ દ્રવ્યો રાગદ્વેષમોહરૂપ ચિકાસને લીધે આત્માને વળગે છે અને 'બંધ' થાય છે.

આત્મા પોતાના વિકાસની સાધનાના બળથી પોતાનાં બંધાયેલાં કર્મોને ખંખેરી નાખે અથવા કર્મ પોતાના પરિપાકના વખતે ભોગવાઈ જઈ ખરી પડે તે નિર્જરા કહેવાય છે. પહેલી સકામ નિર્જરા અને બીજી અકામ નિર્જરા. સંવર તથા નિર્જરા પૂર્ણ ઉત્કર્ષ પર આવતાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

મોક્ષ એટલે કર્મોનો ક્ષય; આત્માનું શુદ્ધ સ્વરૂપ. મોક્ષ એ આત્માનો સ્વભાવ છે. પણ શુભ અને અશુભ કર્મવ્યાપારોને લીધે પોતાનું શુદ્ધત્વ ત્યજી દઈને તે સંસાર અટવીમાં ભમ્યા કરે છે.

दसविहो धम्मो—દસ પ્રકારનો સાધુ—ધર્મ અથવા દસ ધાર્મિક ફરજો.

ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મની વ્યવસ્થા દરેક ધર્મમાં હોય છે. સાધુનાં વ્રત કડક હોય છે અને તે જ વ્રત ગૃહસ્થોએ અમુક છૂટછાટ સાથે પાળવાનાં હોય છે. તત્ત્વાર્થસૂત્રમાં '**अगार्यनगारश्च**' એમ કહીને વ્રત પાળનારના બે વિભાગ કર્યા છે. ગૃહસ્થ માટે બાર વ્રતો છે અને સાધુ અથવા મુનિ માટે સામાન્ય રીતે દસ પ્રકારનો ધર્મ કહ્યો છે. ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચતત્વ તથા બ્રહ્મચર્ય—આ દસ પ્રકારનો સાધુ—ધર્મ છે.

एगारस पडिमाओ (एकादश प्रतिमा)—અગિયાર પ્રતિમા અથવા શ્રાવક અને સાધુ—જીવન વચ્ચેની ભૂમિકા. સાતમા અંગગ્રંથ ઉપાસકદશા સૂત્રમાં આ ૧૧ પ્રતિમાઓની ચર્ચા છે.

૧. **दर्शनप्रतिमा**:— સમ્યક્ત્વનું બરાબર પાલન કરવું, તથા દ્યૂત, માંસ, સુરા, વેશ્યા, પાપર્ધિ, ચોરી, પરદારગમન — આ સાત વ્યસનોનો ત્યાગ કરવો.

૨. **व्रतप्रतिमा** .— કોઈપણ જાતના અતિચાર સિવાય બારે ગૃહસ્થ—વ્રતોનું પાલન કરવું.

૩. **सामायिक** :— ઓછામાં ઓછું દિવસમાં ત્રણ વખત, દરરોજ સામાયિક કરવું.

૪. **पौषधोपवासप्रतिमा** :— મહિનામાં છ વખત પૌષધનું પાલન કરવું. (૨ પાંચમ, ૨ આઠમ અને ૨ ચૌદશ)

૫. **कायोत्सर्गप्रतिमा** :— પૌષધ કરતી વખતે સ્થિરપણે જિનનું ધ્યાન ધરવું ('કાઉસગ્ગ' કરવું). સૂર્યાસ્ત અને સૂર્યોદયની વચ્ચેના સમય દરમિયાન ન ખાવું. મહેમાન આવે તો પણ ગૃહસ્થે તેને રાત્રે ભોજન ન આપવું; ભલે સુવાની વ્યવસ્થા કરી આપવી પડે.

૬. **ब्रह्मचर्यप्रतिमा** :— સાધુ જીવનની નજીક આવવું. આ પ્રતિમામાં ગૃહસ્થ પોતાની પત્નીના સંગનો ત્યાગ કરે છે અને તેને આકર્ષણ ન થાય તે માટે શૃંગારનો ત્યાગ કરે છે.

૭. **सचित्तपरिहार** :— રાંધેલા કે કાચા શાકભાજીનો ઉપયોગ ન કરવો. પરિપકવ થયા સિવાયની શાકભાજી ન વાપરવી.

૮. **आरम्भत्यागप्रतिमा** :— કશી સપાપ પ્રવૃત્તિ જાતે ન કરવી.

૯. **प्रेषणपरित्यागप्रतिमा** :— નોકરચાકર દ્વારા પણ કોઈ જાતની સપાપ પ્રવૃત્તિ ન કરાવવી.

૧૦. **उद्दिष्टत्यागप्रतिमा** — આ પ્રતિમા સાધુ જીવનની વધુ નજીક લઈ જાય છે. પોતાને માટે બનાવેલો ખોરાક ન લેવો. પણ બીજાના જમતાં જે વધે તે લેવું અથવા ન વધે તો ઉપવાસ કરવો. સંસારી (વ્યવહારની) બાબતોમાં કાંઈપણ જાતની સલાહ ન આપવી.

૧૧. **श्रमणप्रतिमा** :— આ સ્થિતિએ શ્રાવક સંપૂર્ણ રીતે સાધુ બને છે. તે સાધુનો પોશાક પહેરવાનું નક્કી કરે છે અને પૌષધશાળામાં જઈને રહે છે; તેમજ તે સાધુ માટે નિરૂપેલા યમનિયમો આચરે છે.

પહેલી પ્રતિમા એક મહિના માટે, બીજી બે મહિના માટે, ત્રીજી ત્રણ મહિના માટે અને એ રીતે વધતા ક્રમ પ્રમાણે છેલ્લી અગિયાર મહિના માટે પાળવાની હોય છે. આ રીતે અગિયાર પ્રતિમાઓ પાળવા ૬૬ મહિના અથવા સાડા પાંચ વર્ષ લાગે. ગુણસ્થાનોની માફક પ્રતિમાઓ આધ્યાત્મિક વિકાસનાં સોપાન છે. આ અગિયારે પ્રતિમાઓ પાળ્યા પછી કેટલાક સાધકો, ગૃહસ્થ—જીવનમાં આવે, કેટલાક પ્રવજ્યા સ્વીકારે અને કેટલાક અનશન સ્વીકારે.

बारसवयाइं गिहीणं — ગૃહસ્થનાં બાર વ્રત

જૈન શાસ્ત્રમાં ગૃહસ્થ ધર્મનું બીજું નામ શ્રાવક ધર્મ છે. ગૃહસ્થ ધર્મ પાળનાર પુરુષ શ્રાવક અને સ્ત્રી શ્રાવિકા કહેવાય છે. ગૃહસ્થ ધર્મમાં બાર વ્રતો પાળવાનાં હોય છે. સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ, સ્થૂલ મૃષાવાદવિરમણ, સ્થૂલ અદત્તાદાનવિરમણ, સ્વદારા સંતોષ, પરિગ્રહ-પરિમાણ, દિગ્વ્રત, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડવિરતિ, સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ.

૧. સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ :— પ્રાણીનાં હિંસાથી અટકી જવું; એટલે હિંસા ન કરવી. જૈન ધર્મમાં અહિંસા વિષે ખૂબ જ સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. મન, વચન કે કાયાથી કોઈ જીવની હિંસા ન થાય તે માટે આ વ્રત લેનારે ખૂબ જ સાવધાનીપૂર્વક રહેવું જોઈએ.

૨. સ્થૂલ મૃષાવાદવિરમણ :— વિરમણ એટલે અટકવું અને મૃષાવાદ એટલે જુઠું બોલવું. જુઠું બોલવામાંથી અટકવું; એટલે કે સત્ય બોલવું.

૩. સ્થૂલ અદત્તાદાનવિરમણ :— અદત્તા એટલે નહીં આપેલું. નહીં આપેલું દાન લેવાથી અટકવું; એટલે કે ચોરી ન કરવી.

૪. સ્વદારા સંતોષ :— પરસ્રીનો ત્યાગ કરવો અને પોતાની સ્રીથી સંતોષ માનવો. સ્વદારાની પણ મર્યાદિત જ સંગતિ હોવી જોઈએ.

૫. પરિગ્રહપરિમાણ :— સંગ્રહ ન કરવો. ઈચ્છા અપરિમિત છે. તેને નિયમમાં રાખવાનો આ વ્રતમાં પ્રયત્ન છે. પરિગ્રહને લીધે મોહ પેદા થાય છે જેથી આત્માની અધોગતિ થાય છે.

૬. દિગ્વ્રત :— દરેક દિશામાં અમુક હદથી વધારે ન જવાનું વ્રત.

૭. ભોગોપભોગપરિમાણ:— ભોગ (એકવાર ભોગવવામાં આવનાર) અને ઉપભોગ (વારંવાર ઉપભોગમાં આવનાર) પદાર્થોની મર્યાદા કરનારું વ્રત.

૮. અનર્થદંડવિરમણ:— વિશિષ્ટ પ્રયોજન સિવાય (અનર્થ–નિરર્થક) દંડ (પાપ) નો ત્યાગ.

૯. સામાયિક :— અમુક સમય સુધી બધા વ્યાપાર કે પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને સમભાવ કેળવવો.

૧૦. દેશાવકાશિક — દેશ એટલે ભાગ અને અવકાશ એટલે અવસ્થા. કોઈપણ વ્રતમાં રાખેલી છુટનો સંક્ષેપ કરવો.

૧૧. પૌષધવ્રત :— ધર્મનું પોષણ કરનાર વ્રત. આઠમ, ચૌદશ વગેરે તિથિઓમાં ઉપવાસ કે એકાશન કરી ચાર કે આઠ પહોર સુધી અથવા એથી વધુ સમય સુધી સાધુ જીવનની પેઠે ધર્મક્રિયાપરાયણ થવું એ પૌષધ વ્રત છે.

૧૨. અતિથિ સંવિભાગ:— અતિથિઓ સાથે સંવિભાગ—સરખી વહેંચણી. સાધુ, સન્ત, મુનિઓની જરૂરિયાતો પૂરી પાડવી—તેમને પોતાનામાંથી આપવું.

આમાંના પહેલા પાંચ અણુવ્રત અને પછીના ત્રણ ગુણવ્રત કહેવાય છે. કારણ કે, એ ત્રણ વ્રતો અણુવ્રતોનો ગુણ એટલે ઉપકાર કરનારાં છે. છેલ્લા ચાર શિક્ષાવ્રતો કહેવાય છે. શિક્ષાવ્રત એટલે અભ્યાસ કરવાના વ્રત. આ બારે વ્રત ગ્રહણ કરવાનું સામર્થ્ય ન હોય તો શકય હોય તેટલાં વ્રત ગૃહસ્થ લઈ શકે છે.

अन्ने सुहुमवियारे — બીજા સૂક્ષ્મ વિચાર. બીજા એટલે 'કર્મ' વિષે.

कम्माणं मूलुत्तरपयडीओ — કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ.

કર્મના મૂળ આઠ પ્રકાર છે. તે મૂળ પ્રકૃતિઓ કહેવાય છે. આ આઠના બીજા ૯૭ અથવા ૧૫૮ ઉત્તર વિભાગો પડે છે. તે ઉત્તર-પ્રકૃત્તિઓ કહેવાય છે.

(૬૬ — ૭૦)

कम्मठिइं — પ્રકૃતિની માફક સ્થિતિ પણ બન્ધત્વના મુખ્ય ચાર વિભાગોનો એક વિભાગ છે. જીવ જે કર્મ સંચિત કરે છે તે કર્મનો આત્મા સાથેના બંધનો સમય પણ નક્કી થાય છે અને આ, સ્થિતિ કહેવાય છે.

कम्मविवागं — જીવને સુખી કે દુ:ખી કરનાર શુભ કે અશુભ કર્મનું પરિણામ. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગને લીધે જીવને કર્મ લાગે છે. આ ઉપરાંત જીવને શુભ કે અશુભ કર્મો લાવનાર બીજાં ઘણાં બાહ્ય કારણો પણ હોય છે. જીવને સુખ કે દુ:ખ લાવવું તેનું નામ જ કર્મવિપાક.

बंध — કર્મનો આત્માની સાથે સંબંધ થવો એનું નામ બંધ. કર્મપુદ્ગલો લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલાં છે. આ દ્રવ્યો રાગદ્વેષ મોહ-

રૂપ ચિકાશને લીધે આત્માને વળગે છે અને આત્માનો બંધ થાય છે. આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ — આ ચાર બંધના હેતુઓ છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એ ચાર બંધના પ્રકારો છે.

उदय — કર્મ નિયત કાળે ફળ આપવા તત્પર થાય એ ઉદય.

उदीरण — કર્મ નિયત કાળની પહેલાં ફળ આપવા તત્પર થાય એ ઉદીરણ કહેવાય છે.

संतं — સત્તા. કર્મ બંધાયા પછી તરત જ ફળ ન આપતાં કેટલોક વખત સત્તારૂપમાં રહે છે. આને સત્તા કહે છે. જેટલો વખત સત્તારૂપમાં રહે તેને આબાધા કાળ કહેવામાં આવે છે.

आगमकुसला — આગમમાં કુશળ. આગમ એટલે આપ્તપુરુષનું વચન. જૈનશાસ્ત્રો આગમો તરીકે ઓળખાય છે.

निम्मलसम्मत्त — શુદ્ધ સમ્યક્ત્વ

लज्जासज्जा — લજ્જાથી યુક્ત

अब्भितरसहानिविट्ठ — સભાની અંદર બેઠેલા

आणविआओ — આજ્ઞા અપાઈ, બોલાવાઈ

सरूवलावन्नखोहिअ — રૂપ અને લાવણ્યથી ક્ષુબ્ધ

विणओणयाउ — વિનયથી નમેલી, વિનયી

(૭૧–૭૫)

समस्सापय — સમસ્યાપદ, કોયડો

दुविन्हं — બન્નેને

पुन्निहि लब्भइ एहु । — આ પુણ્યથી મળે છે. રાજાએ પોતાની પુત્રીઓની બુદ્ધિપરીક્ષા નિમિત્તે આ સમસ્યા—પદ આપીને તે પૂર્ણ કરવાનું કહ્યું. સુરસુંદરી અને મયણાસુંદરી પોતપોતાના સ્વભાવ પ્રમાણે આ સમસ્યા—પદ પૂર્ણ કરે છે. તે ઉપરથી બન્નેના ચારિત્રનો ખ્યાલ

આવે છે. માણસનું ચારિત્ર જાણવા માટે તેના વિચારો જાણવા પુરતા છે. 'અન્ન તેવા ઓડકાર' એ ન્યાયે માણસની કીંમત તેના બોલવા ઉપરથી જ થઈ જાય છે અને તેથી તો વિદ્વાનો વાણી ઉપર સંયમ રાખવાનો આદેશ આપે છે.

मणवल्लभमेलावडउ — મનવલ્લભ સાથેનો મેળાપ
ससहावसारिच्छं — પોતાના સ્વભાવને અનુરૂપ

મયણા શાંત અને આધ્યાત્મિક દષ્ટિવાળી છે. એથી પરમાર્થ અથવા મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં તેને તૃપ્તિ દેખાય છે; સુરસુંદરીની જેમ ભૌતિક સુખોની પ્રાપ્તિમાં નહીં.

(૭૬-૮૦)

૭૩ ની જેમ ૭૬ મી ગાથા પણ અપભ્રંશમાં છે.

परमप्पह — પરમપથ, મોક્ષ

जेणतत्तोवएसो ... ... कुदिट्ठीणं । અહીં સ્વધર્મ તરફનો કવિનો પક્ષપાત જોવા મળે છે. ઉપાધ્યાય અને માતા મયણાસુંદરીના જવાબથી પ્રસન્ન થાય છે; અન્ય લોકો નહીં. કવિએ આ માટે કોઈ તર્કસંગત કારણ આપ્યું નથી. જૈનમતાનુયાયી હોવાથી આચાર્ય અને માતા ખુશ થાય; પણ અન્યમતાનુયાયી કોઈ પણ ખુશ ન થાય એમ માની લેવાનું કોઈ કારણ નથી.

આ અર્થાન્તરન્યાસ અલંકારનું દ્રષ્ટાન્ત છે.

तार — નિર્મળ, દેદીપ્યમાન

(૮૧—૮૫)

तिक्खकडक्ख — તીક્ષ્ણ કટાક્ષ
ताडंती — ફેંકતી
मुक्कलोअलज्जा — લોકલાજ મૂકીને
वररूवपुण्णलायन्नो — ઉત્તમ રૂપને લીધે પૂર્ણ લાવણ્યવાળો

परिसओ होउ वरो अहवा ताओ च्चिय पमाणं ।

જીવનસાથીની પસંદગીની બાબતમાં કન્યા પિતાની સાથે દલીલ કરે તેમાં કંઈ ખોટું નથી. પરન્તુ પ્રાચીન સમયમાં આટલી સ્વતંત્રતા સ્ત્રીઓને ન હતી. સુરસુંદરી તરુણ અને ઉત્તમ લાવણ્યથી પૂર્ણ પતિ મેળવવા ઝંખે છે; છતાં છેવટે તો પિતા ઉપર જ આ બાબત છોડી દે છે.

मणसमीहिय — મનવાંછિત
पूरणपवणो — પૂર્ણ કરવા ઉદ્યત
कप्परुक्खव्व — કલ્પવૃક્ષ જેવા

(૮૬—૯૦)

अइसोहणो — અતિ સુંદર
अहिवल्ली — નાગરવેલ

અમુક વેલ, ઝાડ કે છોડનો આશરો લે છે. અને કાવ્યમાં તેમને પતિ—પત્નીની ઉપમા આપવાની કવિ પરંપરા છે. નાગરવેલના પાન અને સોપારીનો સંયોગ શુભ મનાય છે અને તેથી આદર્શ યુગલ માટે તેની સરખામણી કરવામાં આવે છે. શુભ પ્રસંગોએ પાન અને સોપારીનો ઉપયોગ સર્વસામાન્ય છે, એ તેની પવિત્રતા સૂચવે છે.

पूग — સોપારી
निम्मलविवेआ — નિર્મળ વિવેકવાળી, સારાસારનો ભેદ સમજી જાણનાર
ईसि — સહેજ

(૯૧—૯૫)

૯૧—૯૨, આ ગાથાઓમાં કવિ વિનમ્ર કન્યાઓએ કેવું વર્તન રાખવું જોઈએ તેની ચર્ચા કરે છે. ઉમદા કુળમાં જન્મેલી વિનયી છોકરીઓએ તેમના માતા—પિતાએ પસંદ કરેલા પતિને સ્વીકારવો જોઈએ; કારણ કે, પતિની પસંદગીની બાબતમાં શુભ ચિંતક માતાપિતા તો નિમિત્ત માત્ર જ છે. તેમની ઈચ્છા પોતાની પુત્રીને સુખ

આપવાની જ હોય છે; છતાં તેના કર્મને લીધે તેને સુખ યા દુ:ખ મળે છે.

ગાથા ૯૨ નો ઉત્તરાર્ધ '**लिखितमपि ललाटे प्रोज्झितुं को समथः ।**' એ કહેવતની યાદ અપાવે છે.

લગ્નસુખનો આધાર લગ્નની રીત કે પ્રકાર ઉપર નથી, પણ પોતાના કર્મ ઉપર નિર્ધારિત છે. પોતાના કર્મો અશુભ હોય તો પસંદગીથી કરેલું લગ્ન પણ દુ:ખમાં પરિણમે છે, જ્યારે શુભ કર્મ હોય તો પસંદગીનું કે માતાપિતાએ નક્કી કરેલું પણ સુખમાં પરિણમે છેં. આમ લગ્નસુખનો આધાર પોતાના કર્મો ઉપર જ છે. પોતાના કર્મને લીધે અમુક જ વ્યકિતનો પતિ-પત્ની તરીકેનો સંબંધ નક્કી થયેલો હોય છે. એટલા માટે આચાર્ય માતાપિતાએ નક્કી કરેલા લગ્નને યોગ્ય ગણે છે; કારણ, કે, તેમાં વિનય અને નમ્રતા છે; જ્યારે પસંદગીના લગ્નમાં અવિનય અને અભિમાનના દુર્ગુણો છે. અહીં આચાર્ય એ પ્રતિપાદન કરવા માગે છે કે ગમે તેવું લગ્ન હોય, પણ સુખ કે દુ:ખનો આધાર તેની રીત ઉપર નહીં; પણ તે વ્યકિતઓના કર્મો ઉપર છે. મયણાસુંદરી કુષ્ઠરોગી સાથે લગ્ન કર્યા હોવા છતાં પોતાના શુભ કર્મોને લીધે, અંતે સુખી થાય છે; જ્યારે સુરસુંદરી સૌભાગ્યસંપન્ન રાજકુમાર સાથે લગ્ન કર્યા હોવા છતાં પોતાના અશુભ કર્મોને લીધે, અંતે દુ:ખી થાય છે.

(૯૬–૧૦૦)

पसीपसि — ખુશ થાઓ છો

लहु — જલ્દીથી

भवियव्वया — વિધિ, નસીબ

दव्वाइया — દ્રવ્યાદિ; એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

सहाइणो — સહાયક

पायं पुव्वोवज्जिय कम्माणुगया फलं दिंति । નસીબ ઉપર આધાર રાખીને બેસી રહેનાર લોકો પણ આ જગતમાં જોવા મળે છે. હકીકતમાં નસીબ પણ પૂર્વકર્મોનું પરિણામ હોય છે. એટલે કર્મ જ માણસનું ભાવિ ઘડે છે. પોતાના સુખ કે દુ:ખ માટે કર્મો સિવાય બીજુ કંઈ જવાબદાર નથી. વ્યવહારમાં કેટલીકવાર આપણને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવ સુખ:દુખ માટે જવાબદાર દેખાય પણ; તે તો નિમિત્ત કારણ યા સહાયક માત્ર હોય છે. દુ:ખનું મૂળ કારણ તો પોતાનાં કર્મો જ હોય છે.

આજ જાતનો ભાવ **कुम्मापुत्तचरियं** ની ૮૧ મી ગાથામાં જોવા મળે છે. "**जेणप्पंति सुरा विअ घणाणि कम्माणुसीरेण ।**"

कीस — શા માટે

माणेमि — ભોગવું છું.

૧૦૦. આ ગાથા **सिरिसिरिवालकहा** માં વપરાયેલા સુભાષિતોમાંનું ઉત્તમ સુભાષિત છે; જે કર્મસિદ્ધાન્તને વ્યકત કરે છે. પૂર્વે કરેલા સુકૃત્યોજ સુખનું કારણ છે, જ્યારે દુષ્કૃત્યો દુ:ખનું કારણ છે.

(१०१ — १०५)

खलिज्जइ — ખાળી શકાય. **खल** નું કર્મણિરૂપ

इंतो — ઉદયમાં આવતો

अप्पपुन्निया — પુણ્ય વગરની

दुव्वियड्ढा — દુર્વિદગ્ધા, અભિમાની

तं चेव कप्परुक्खो तुट्ठो रुट्ठो कयंतो य ।

રાજ્ય દરબારમાં હાજી હા કરનારા અને ચુગલીખોરોનું વર્ચસ્વ જામેલું હોય છે. રાજાને તે સાચી વસ્તુ સમજાવી શકતા નથી અને રાજાને ખુશ કરવા તેના મનોભાવને અનુરૂપ વાણી અને વર્તન દાખવે છે. આવા માણસો પ્રજાપાળ રાજાને સાક્ષાત્ કલ્પવૃક્ષ માને છે.

अलिअं — જુઠું
सेवयलोआ — સેવકજનો

(૧૦૬–૧૧૦)

जइ अत्थि मज्झ............। મયણાને પોતાના કર્મો પર વિશ્વાસ છે. પોતાના કર્મોનું પરિણામ ભોગવવા તેને અનુરૂપ પતિ મળશે એવો તેને વિશ્વાસ છે. જો પોતાના સત્કાર્યો હશે તો તેનો પતિ પણ સદ્‌ગુણી જ હશે અને જો દુષ્ટકર્મોનું પરિણામ ભોગવવાનું હશે તો, સદ્‌ગુણી પતિ પણ દુર્ગુણી બની જશે.
लहुओ कओ — હલકો પડાયો

दक्खो भणेइ............। રાજાને અશુભ માર્ગે જતો અટકાવી શકે તેજ સાચો મંત્રી કહેવાય. પ્રજાપાળ રાજાને ગુસ્સે થયેલો જાણી ચતુર મંત્રી તેનું ધ્યાન બીજે વાળવા રાજવાટિકામાં જવાનું સૂચન કરે છે. એ રીતે તત્ક્ષણ મયણાને બચાવી લે છે.

(૧૧૧-૧૧૫)

साडंबरं — ભભકાપુર્વક
इयंतं — આવતું
परमत्थं — ભાવાર્થ, સાચી વાત
मसोंडीरा — પરાક્રમી

ગાથા ૧૧૫ અને ૧૧૬ વ્યાજસ્તુતિ અલંકારનાં દષ્ટાંત છે
वेसरी — ખચ્ચર
उंबरयवाहि — ઉંબરક, અઢાર જાતના કુષ્ઠરોગોમાંનો એક રોગ.

(૧૧૬ – ૧૨૦)

मंडलवई — કુષ્ઠ રોગનો પ્રકાર. જેમાં ગોળ લાલ ચાઠાં પડે છે.
दद्दुल — ઉંબરક અને મંડલવઈ જેવો કુષ્ઠરોગનો એક પ્રકાર
थइआइत्तो — પાનદાની પકડનાર

थइआ (स्थगिका) — પાનદાની
पसूइयवाया — પ્રસૂતિકવાત નામના રોગવાળા
कच्छा — ખુજલી જેવો રોગ
दब्भ — દર્ભ. એક જાતનો રોગ, કદાચ તેમાં દર્ભ વાગવા જેટલું દર્દ થતું હશે.
विउंचियपामासमन्निया — વિચર્ચિકા (એક જાતનો કુષ્ઠ રોગ) જેવા પામા નામના રોગવાળા
पेडअ (पेटक - पिटक) — સમુહ
पंजिअ — દાન

(૧૨૧—૧૨૫)

विअप्पु (विकल्प) — ઈચ્છા

કુષ્ઠરોગીઓને પોતાના રાજા (નેતા) માટે ખૂબ આદર અને ભકિતભાવ છે. તેના ઉપર તેમને ખૂબ પ્રેમ છે અને તેથી તેઓ તેને માટે એક પત્ની મેળવવા પ્રયત્ન કરે છે. કુષ્ઠરોગીને કોઈ પોતાની પુત્રી ન આપે તેનો તેમને ખ્યાલ છે; છતાં બીજાં દાન જતાં કરીને પણ કન્યા મેળવવા માગે છે. તેથીજ રાજાને વિનંતિ કરે છે. "અમને બીજું દાન તો ઘણું મળ્યું છે. પણ અમારા મનની એક ઈચ્છા છે. જો અમારા રાણાને રાણી મળે તો બહુ આનંદ થાય. માટે તેને અનુરૂપ કોઈ પણ કન્યા આપો" રાજા પોતાની દુશ્મન માનેલી પુત્રીને આપવા તૈયાર થાય છે.

(૧૨૬— ૪૦)

कप्पडं — કાપડ
पत्थणाभंगं — યાચનાનો અસ્વીકાર
कम्मणाणीओ — કર્મથી લવાયેલ

को कणगरयण ... ... कंठंमि—આ સુભાષિતમાં ઉંબરરાણો કુષ્ઠરોગી હોઈ રાજકુંવરીને પત્ની તરીકે મેળવવા અધિકારી નથી એમ સ્વીકારે છે.

તે પોતાની જાતને કાગડો માને છે. મયણાસુંદરી તો કનક અને રત્નની માળા છે. આવી રત્નમાળા તો કોઈ ઉત્તમ રાજકુમારના કંઠમાંજ શોભે; તેને કાગડાની કોટે કોણ બાંધે ?

अणज्जं — અયોગ્ય, અન્યાયી

बोलेमि — બોળું, બગાડું

अवरं च कहमिमीए जम्मं बोलेमि जाणंतो ? અહીં ઉંબરરાણાના ઉમદા ચરિત્રની ઝાંખી થાય છે. પોતાનામાં ઉણપ હોય કે લગ્ન માટેની યોગ્યતા ન હોય છતાં લગ્ન માટે મળેલી તક કોણ જતી કરે ? અને તે પણ એક રાજકુમારી તેને લગ્નમાં મળતી હોય તો શા માટે ન સ્વીકારે ? પણ ઉંબરરાણો પોતે કર્મફળમાં માને છે. પાપવૃત્તિથી ડરે છે. પોતાના સ્વાર્થ ખાતર અન્યનું જીવન બરબાદ કરવા તે તૈયાર નથી. તે જાણે છે કે પોતાના પૂર્વકર્મને પરિણામે આવી અવસ્થા પામ્યો છે. તો મયણાનો ભવ બગાડી કર્મબંધનમાં શા માટે પડવું ? આ જન્મમાં મયણા દુ:ખી થાય તો કર્મફળને લીધે બીજા ભવમાં પોતે દુ:ખી થવાનો છે. આ લગ્નથી બન્નેમાંથી કોઈને લાભ થવાનો અવકાશ નથી.

(૧૪૧–૧૫૪)

जइ सा निअकम्मफलं दोसो ? રાજા પ્રજાપાળ મયણા તરફની વેરવૃત્તિથી તેને ઉંબરરાણા સાથે પરણાવવાનો નિર્ણય કરે છે. તે માટે મયણાએ કરેલી કર્મફળ અંગેની દલીલોનો આશરો લે છે. ખરેખર તો આ તેનો દંભ જ છે.

साहंती — બતાવતી

सुच्चिअ (स एव) — એજ

सत्ताओ — સત્વ, દઢ શકિત

दुव्विणीया — અવિનયી

पहिट्ठ — હૃષ્ટ, આનંદત

*

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ [illegible]
मूलदेवकहा			
१	३	**पडिवन्नसूरो**	**पडिवन्नसूरो**
२	१२	**अउज्वलावन्नाधारी**	**अउज्ज्वलावन्नधारी**
५	છેલ્લી	**जुथं**	**जूथं**
१०	१६	**बभणजाई**	**बंभणजाई**
१३	१	**घरियं**	**घरियं**
૨૧	૪	લોકોથી અપમાન પામીને	પિતાથી અપમાન પામીને
૨૧,૨૨		ખુંધ	ખૂંધ
૨૩,૨૬,૨૮,૩૨,		વિગેરે	વગેરે
૨૩	૪	પરસ્પર આલંબનમાં	પરસ્પર વાતચિતમાં
૨૩	૬	શાબાશ	સાબાશ
૨૩	૧૧	દેવદત્તે	મૂળદેવે
૨૩	૧૫	ચીતકાર	ચીત્કાર
૨૪	૧૩	અને બોલી, "તમારા હાથે તમે મને તેલ ચોળ્યું તે મહાકૃપા થઈ."	અને તે બોલી, "મહાકૃપા થઈ," એમ કહી પોતાને હાથે તેને તેલ ચોળ્યું.
૨૪,૨૮,૩૫,૩૬,		કિંમતી	કીમતી
૨૫	૧૯	સ્નેહપૂર્વક	વિનંતિપૂર્વક
૨૫	૨૧	(કલંક)	(આસક્તિ)
૨૬	૨૦	ઉદાર ચિત્ત	ઉદારચિત્ત
૨૮	૨૦	"રે, તું જોઇ લે,	"રે, અત્યારે તું જોઈલે,
૨૯	૨૩	વીસામો	વિસામો
૩૦,૩૩		સુતા	સૂતા
૩૦	૧૦	તેજ	તે જ
૩૧	૨	મારૂં	મારું

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૧	૧૩	સીંચન	સિંચન
૩૨	૧૧	સુઇ	સૂઈ
૩૨	૧૯	અને બીજા મુસાફરોને	અને તેણે બીજા મુસાફરોને
૩૩	૧૫	શુભમુહૂર્તે પરણાવ્યો	તેને શુભમુહૂર્તે પરણાવ્યો
૩૪	૨૫	કુતરા	કૂતરા
૩૬	૨૫	નશીબયોગે	નસીબયોગે
૩૭	૧	ઉભો	ઊભો
૩૯	૬	લોકોના અપમાનથી	પિતાના અપમાનથી
૪૧	૭, ૧૬	માલીશ	માલિશ
૪૧,	૧૮,૨૦	ખાત્રી ગણત્રી	ખાતરી ગણતરી
૪૪	૨૨	ઉનુ	ઊનુ
૪૫	૨૨	પૈસા પાત્ર	પૈસાપાત્ર
૪૮	૧૨	સમજાવાવામાં	સમજાવવામાં
૫૧	૨૨	માગે તો મોકલવાનો	માગે તો તેને મોકલવાનો
૫૨	૩	સમુહ	સમૂહ

सिरि सिरिवालकहा

१	९	रज्ज	रज्जं
१	१२	बहगुणसारो	बहुगुणसारो
९	११	वाला	बाला
१०	१०	कहंती	कहंति
૧૮	૧-૨	જૈન ધર્મના પ્રણેતા અને દેવોથી પૂજાયેલા	દેવોથી પૂજાયેલા તિર્થંકર
૧૮	૧૩	ભગવાનના	ગૌતમ ભગવાનના
૧૯	૧૯	ગુરુ સામગ્રી	પુણ્યવશાત્ ગુરુ સામગ્રી
૧૮	૨૧	રત	ઉદ્યમી
૧૯	૧૬	હંમેશાં દત્તચિત્ત બની ધ્યાન ધરો	દત્તચિત્ત બની સતત ધ્યાન ધરો

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦	૧૦	જ્ઞાનરૂપી અંધકારને	અજ્ઞાનરૂપી અંધકારને
૨૦	૧૯–૨૦	લીધે રસપ્રદ આ સુંદર કથા સાંભળ. તે આ પ્રમાણે છે	લીધે સુંદર અને રમ્ય કથા સાંભળ
૨૧,૩૫,૪૯		ભરપુર	ભરપૂર
૨૧	૧૬	ઘણા મહેશ્વર	ઘેર ઘેર ઘણા મહેશ્વર
૨૧,૫૦		શચીપતિ	સચીપતિ
૨૨	૬	દેહની શોભાથી	દેહની ખૂબ શોભાથી
૨૩,૨૬	—	સ્હેજ	સહેજ
૨૩	૧૫	તે બાળાને	તે મયણાસુંદરી બાળાને
૨૪,૩૧,૪૭		તેજ	તે જ
૨૫	૩	હોંશિયાર	હોશિયાર
૨૫	૨૧	લજ્જાનો ત્યાગ કરીને	લોકલાજનો ત્યાગ કરીને
૨૭	૯	ફળ આપવામાં ફક્ત મદદ કર્તા છે.	ફળ આપે છે.
૨૭	૨૧	નિર્ગુણી	પુણ્ય વગરની (નિર્ગુણી)
૨૮	૨૧	રાજાએ	રાજાથી
૨૯	૧૫	સાથીઓથી	ટોળાથી (સાથીઓથી)
૩૨	૨	શરદચંદ્ર પૂર્ણિમાના સમાન મુખવાળી	શરદ પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખવાળી
૩૨	છેલ્લી	પુરી	પૂરી
૩૬	૪	વિવાહોત્સવની	વિવાહોત્સવથી
૩૫	૬	**बहुधणघन्नसमिद्धो**	**बहुधणधन्नसमिद्धो**
૩૬	૮	કેવળક્ષાન	કેવળજ્ઞાન
૩૭	છેલ્લી	અર્થાત	અર્થાત્
૩૮	૭	પ્રભાવતિ, પદ્માવતિ મૃગાવતિ	પ્રભાવતી, પદ્માવતી મૃગાવતી
૩૯	૧૩	જરાસંધ	જરાસંધ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૯,૪૬		સમુહ	સમૂહ
૪૦	૧૭	ઈંદ્રભુતિ	ઈંદ્રભૂતિ
૪૦	૧૮	સ્નૈહ	સ્નેહ
૪૦	છેલ્લી	સા!પડે	સાંપડે
૪૧	૨૧	સુચવતા	સૂચવતા
૪૧	૧૦	અગત્યતા	અગત્ય
૪૨	૧૯	કાબુ	કાબૂ
૪૩	૧૯	કઠીન	કઠિન
૪૪	છેલ્લી	अट्ठारसदासविमुक्के	अट्ठारसदोसविमुक्के
૪૫	૧૮	ધુળના	ધૂળનાં
૪૫	૨૧	પ્રાપ્ત કરેલ અનન્તદર્શન	પ્રાપ્ત કરેલ અનન્તજ્ઞાન, અનન્તદર્શન
૪૬	૩	પરિષ્ઠામનિકાસસમિતિ	ઉચ્ચારસમિતિ
૪૬	૬	વૈયાવચ્ચ	વૈયાવૃત્ત્ય
૪૬	૭	દહોત્સર્ગ અને વીર્યાચાર	અને વ્યુત્સર્ગ
૪૬	૮	ઊનોદરતા	ઊણોદરી
૪૮	૨૧	મહાત્મ્ય	માહાત્મ્ય
૪૯	૨૦	દુધથી	દૂધથી
૫૨	૧૨	અલંકારિકો	આલંકારિકો
૫૪	૬	સામાજીક	સામાજિક
૫૪	૭	ઉદ્દશ્ય	ઉદ્દેશ્ય
૫૫	૧૬	પરમાણું	પરમાણુ
૫૫	૧૮	ખુલે	ખૂલે
૬૦	છેલ્લી	અકિંચનત્વ	આકિંચન્ય
૬૩	૧૬	ંડ	દંડ
૬૮	૪	को समथः	को समर्थः